Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા-ગ્રન્થાંક ૧ ક

योगनिष्ठ जैनाचार्य श्रीमद् बुद्धिसागरजी
सूरीश्वरजीकृत

# भजनपद संग्रह.

## भाग १ लो.

પ્રગટ કર્ત્તા,

श्री अध्यात्म ज्ञानप्रसारक मंडळ.

હ. લલ્લુભાઈ કરમચંદ દલાલ.

( चंपागली मुंबइ. )

આવૃત્તિ ત્રીજી. પ્રત ૧૦૦૦.

આ ડીબાચો ધર્મ વિજય પ્રીન્ટિંગ પ્રેસમાં હીરાલાલ વસંતદાસે છાપ્યો
૪૬૩ રીચીરોડ, અમદાવાદ.

વીર સંવત્ ૨૪૪૧. વિક્રમ સંવત્ ૧૯૭૨. સને ૧૯૧૬.

મૂલ્ય ૦-૮-૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા-ગ્રન્થાંક ૧ ક

योगनिष्ठ जैनाचार्य श्रीमद् बुद्धिसागरजी
सूरीश्वरजीकृत

# भजनपद संग्रह.

## भाग १ लो.

પ્રગટ કર્ત્તા,
श्री अध्यात्म ज्ञानप्रसारक मंडळ.
હ. લલ્લુભાઈ કરમચંદ દલાલ.
( चंपागली मुबई. )

આવૃત્તિ ત્રીજી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ
ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

વીર સંવત્ ૨૪૪૧. વિક્રમ સંવત્ ૧૯૭૨. સને ૧૯૧૬.

મૂલ્ય ૦-૮-૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ ત્રીજી આવૃત્તિ.

સર્વે જનોને આત્મિક આનંદ આપતો અને સદ્બોધ વડે સદ્ગુણોને પ્રગટાવતો આ ભજનપદસંગ્રહ નામે ગ્રન્થ, કે જે ગુજરાતીમાં મર્હુમ શેઠ લલ્લુભાઇ રાયજીએ સને ૧૯૦૭ માં પ્રગટ કર્યો હતો ત્યાર બાદ તેની બીજી આવૃત્તિ બાળબોધ લીપીમાં સાણંદના જૈન મંડળે પ્રગટ કરી હતી તેની ચાલુ માગણી રહેવાથી તેજ ગ્રન્થને ગુજરાતી લીપીમાં ત્રીજી આવૃત્તિ રૂપે પ્રગટ કરી જનસમાજ આગળ મુકવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે

ભજનપદ સંગ્રહ ભાગ ૧ લા તથા બીજા પૈકી આધ્યાત્મિક પદોને એક જુદા પુસ્તક રૂપે ૨૦૦૦ પ્રત પ્રગટ કરી તેને અધ્યાત્મ ભજન સંગ્રહ નામ આપવામાં આવ્યું હતું. તે સાથે ૪૦૦૦ નકલ આ પ્રથમ ભાગની સર્વ પ્રજાએ હોંશથી ઉપયોગમાં લીધી છે. આ રીતે મંડળે પ્રગટ કરેલા સાતે ભાગની બીજી અનેક આવૃત્તિઓ પ્રગટ થાય અને તેનો યોગ્ય લાભ લેવાય તેવી ઇચ્છા રખાય છે.

જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજીના સ્વરચિત અનેક ગ્રન્થોમાં ભજનપદ સંગ્રહનો હિસ્સો મોટો છે, અર્થાત્ સાત ભાગ પ્રગટ થઇ ગયા છે અને તે દરેક એક એકથી ચડીયાતા છે.

જીવોની રૂચિ કંઇ એક સરખી હોતી નથી, તેમ દરેક ગ્રન્થો માટે અધિકારી પણ જુદા હોય છે. પણ આ પ્રથમ ભાગ તો જૈન અને જૈનેતર પ્રજાને–બાળ અને વૃદ્ધ–સામાન્ય જ્ઞાન અને વિશેષ જ્ઞાનવાળા–દરેકે દરેકને એકરૂપેજ પ્રિય થઇ પડયો છે.

આ ત્રીજી વખતની આવૃત્તિમાં સુધારો વધારો શ્રીજૈનાચાર્ય બુદ્ધિસાગરજી ગુરૂ મહારાજે પોતાના હાથે જ્યાં કરવો ઘટે ત્યાં કર્યો છે. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનાદિ તરફ ધ્યાન ખેંચી વાચક જનોને આવા ગ્રન્થો પૈકી ઘણાં પદો કંઠસ્થ કરી, પોતે આત્મિક લાભ લેવા અને અન્યને આપવાને ભલામણ કરી વિરમીશું.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વર સિવાય આ. ચ, વિ. આદિ જે મહાપુરૂષોનાં પદો આ ભાગમાં લીધેલ છે તે આ સાંકળીયામાં સ્પષ્ટ સમજાય તે માટે તેનાં નામ આપેલાં છે.

૮૦ મું તથા ૮૪ મું પદ નજર ચુકે ફરીથી ૨૩૭ તથા ૨૩૯ મું લેવાયું છે. તથા ૨૨૪ ની સંખ્યા બે પદ ઉપર થઈ ગઇ છે અને ૩૩–૩૪–૩૫–૩૬ એ ચાર પદ રહી ગયાં છે તે વચમાં લીધેલ છે.

મુંબાઈ
પોશ સુદ ૧ સં. ૧૯૭૨.

લી.
અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

જગતમાં મનુષ્યોને આનંદની પ્રાપ્તિ પ્રાપ્તવ્ય છે. બાહ્યવસ્તુમાં આનંદ નથી એમ શ્રી વીરપ્રભુએ કેવલજ્ઞાનથી કહ્યું છે તેથી બીજા પ્રમાણની જરૂર નથી. आप्तोक्तं वाक्यं प्रमाणं એ નિયમને અનુસરી आगमप्रमाण પણ આનંદની સિદ્ધિમાં મળે છે. અનુમાનથી જોતાં પણ બાહ્યવસ્તુમાં આનંદ સિદ્ધ થતો નથી. આત્મામાં આનંદ છે એમ કેવલજ્ઞાની કહે છે અને તે અનુમાનથી પણ સિદ્ધ થાય છે. સત્ય આત્મિક આનંદનો અનુભવ આત્મિક જ્ઞાન વિના પ્રાપ્ત થતો નથી. આત્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે અધ્યાત્મ ગ્રંથો અને દ્રવ્યાનુયોગના ગ્રન્થોનું મનન આવશ્યક છે. અધ્યાત્મ શાસ્ત્ર વાંચવાથી અને મનન કરવાથી અનુભવ જ્ઞાન પ્રગટે છે અને તેથી સત્યાનંદની ખુમારી ઝળકી ઉઠે છે. અધ્યાત્મ જ્ઞાનના ઉપયોગથી આત્માનેજ સેવ્ય ઉપાસ્ય ગણી શ્રી આનંદઘનજી તથા શ્રી ચિદાનંદજી વગેરેએ પદદ્વારા આત્મપ્રભુનું ગાન કર્યું છે. એમ શિષ્ટપુરૂષોએ સંસ્કૃત ગ્રન્થોમાં પણ આત્મપ્રભુને ઉપાસ્ય સેવ્ય સમજી શ્લોકદ્વારા ગાન કર્યું છે. શ્રી હેમચંદ્ર આચાર્યે વીતરાગ સ્તોત્રમાં यःपरमात्मा परंज्योतिः ઇત્યાદિ શ્લોકદ્વારા આત્માની સ્તુતિ–ભક્તિ કરી છે. ગમે તે ભાષામાં, ગમે તે રાગમાં, ગમે તે છંદમાં આત્મપ્રભુની પદદ્વારા ભક્તિ રૂપ સ્તુતિ કરવાથી અનંતભવ સંચિત કર્મમલનો અપગમ થાય છે, અન્તર્માં કોઈ પણ વસ્તુનું જ્ઞાન થાય તો તેનું વર્ણન શ્લોક પદ વગેરેથી થઇ શકે છે, અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન થાય છે તો, તે સંબંધી પદ વા શ્લોકદ્વારા જ્ઞાનની તરતમતાએ વર્ણન થઇ શકે છે. અધ્યાત્મશાસ્ત્ર પ્રતિ પદરચયિતાની વિશેષ રૂચિ હોવાથી કિંચિત્ અનુભવ જ્ઞાનરસની ખુમારીના સમયમાં લેખકે પદોદ્વારા અધ્યાત્મ સ્વરૂપનું યથાશક્તિ વર્ણન કર્યું છે. અધ્યાત્મશાસ્ત્ર વિશેષતઃ નિશ્ચય નયને અનુસરે છે તેથી રચેલ પદો નિશ્ચય નયની સાપેક્ષ બુદ્ધિએ પ્રાધાન્યતા ભજે છે એમ વાચકોએ કથન લક્ષ્યમાં ઉતારવું યોગ્ય છે. " જે પરણે તેનાં ગીત ગવાય " તેમ અત્રે પણ અધ્યાત્મમયપદો વિષે સમજી લેવું. અધ્યાત્મજ્ઞાનનાં પદો વાંચીને સમજવાં, વિચારવાં અને વ્યવહારમાં વર્તન ઉચ્ચ રાખવું. આ પદોને કેટલાક અંધ શ્રદ્ધાળુ જૈનો ભજન કહી પોતાના ભક્તોને ભરમાવી પદોનો સ્વાદ લેવા દેતા નથી તે અફસોસની વાત છે. પદોમાં ભજન એવા શબ્દો આવવાથી કંઇ જૈન સિદ્ધાંતને હાનિ નથી. કોઇ ચોખા કહે, કોઇ ચાવલ કહે અને કોઇ ભાત કહે અને કોઇ તંદુલ કહે પણ તે શબ્દના ભેદથી અર્થનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદ થતો નથી. વસ્તુનું સ્વરૂપ સમજવું જોઇએ. ભજન અને પદ એવા એકાંત શબ્દભેદને આગ્રહથી પકડતાં અનેકાંત તત્ત્વની શ્રદ્ધા થતી નથી. અમારાં બનાવેલાં પદોને કોઇ અન્યમતાવલંબીઓ ભજન પણ કહે છે. અને જૈનો આપણે પદ કહીએ છીએ. પણ તેથી વસ્તુનો ફેરફાર નથી. કોઇ કહેશે કે તમારા બનાવેલા પદોમાં "ભજન કરલે" વગેરે શબ્દો આવે છે તે આપણી મર્યાદા નથી, જૈન અધ્યાત્મજ્ઞાનિયોએ ભજન વગેરે શબ્દ મૂકયા નથી અને તમે તો મૂકયા છે તેથી તે ઠીક ગણાય નહિ; એમ બોલનારને પ્રત્યુત્તરમાં કહેવાનું કે શ્રી આનંદઘનજી પોતાના પદોમાં ભજન એવા શબ્દ લાવેલા છે. જુઓ તે આ પ્રમાણે–प्रभु भजले मेरा दील राजी, आठ पहोरकी चोसठ घडीयां दो घडीयां अब छाजी. प्रभु० જુઓ ત્યાં भजले એવા શબ્દથી વ્યવહાર કર્યો છે. भज धातु सेवामां વર્તે છે. શબ્દનો સમુદ્ર અમુક દર્શનનો છે એમ નિશ્ચય નથી. શ્રી यशोविजयजी પણ ભજન એવા શબ્દથી પદ બનાવી કહે છે કે–भजन बिनुं जीवित जेंसे प्रेत मलिन, मंदमति डोलत घर घर उदर भरनके हेत. છેલ્લી ટુંકમાં ઉપાધ્યાયજી કહે છે કે–कथे नहि गुनगीत सुजस प्रभु, साधन देव अनन्त; रसना रस विगारो कांहांलो, बूडत कुंटुंब समेत; ઇત્યાદિથી પણ પૂર્વના આચાર્યો भजन શબ્દ લાવ્યા છે એમ સિદ્ધ થાય છે. આ પદોમાં ભજનના રાગો મૂકેલા છે તે શ્રી રૂપવિજયજી મહારાજ તથા શ્રી વીરવિજયજી મહારાજ જે જે રાગ સાંભળતા હતા તે તે રાગ ઉપર પૂજા, સ્તવન, અને સઝાય વગેરે બનાવતા હતા, તેમ અમોએ પણ ભજનના રાગ લીધા છે. અમુકજ દર્શનના રાગ છે એવો કંઇ નિયમ નથી. તેથી મૂર્ખના ભરમાવ્યાથી આત્માર્થી પુરૂષો ભડકી જશે નહિ. અધ્યાત્મનાં પદોથી લેખકનો આશય વ્યવહારનયને નિષેધવાનો નથી. માટે પદ વાંચી કોઈ પણ જીવે વ્યવહારમાર્ગથી ભ્રષ્ટ થવું નહિ. કોઇ સ્થાને વ્યવહાર સંબંધી આક્ષેપ સમજાય તો તે અશુદ્ધ વ્યવહાર સંબંધી સમજવું. વ્યવહાર નયતો જીનશાસનનો આધાર છે માટે વ્યવહારથી વિરૂદ્ધ શ્રદ્ધા કોઇએ સ્વપ્નમાં પણ ધારવી નહિ. ઉચ્ચ–શુદ્ધ–ગંભીર આત્મ પદોમાં અવશ્ય ગુરૂગમ લેવી જોઇએ. સાત નયોની સાપેક્ષ બુદ્ધિપૂર્વક અધ્યાત્મ પદોમાં અવળી વાણી છે તે પણ સમજવી. કેટલાંક એવાં પદો છે કે પૂર્ણ અધ્યાત્મશાસ્ત્રનો જ્ઞાતા હોય તથા દ્રવ્યાનુયોગનો જ્ઞાતા હોય તેનાવડેજ કૃષ્ણ વગેરે પદોમાં તથા અવળી વાણીમાં સાપેક્ષ બુદ્ધિથી રહેલી ગંભીરનય રહસ્યતા સમજી શકાય છે. પંડિત અધ્યાત્મ જ્ઞાતાઓનેજ યોગ્ય કેટલાંક પદ છે. પદોના ત્રણ વિભાગ સમજવા, ज्ञानमार्ग, अध्यात्मयोगमार्ग, અને वैराग्यमार्ग. એ ત્રણ વિભાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પદસંગ્રહમાં છે. નીતિ શિક્ષણનાં પદ પણ બનાવ્યાં છે, તે પણ ધર્મમાં પ્રવેશ કરતાં બહુ ઉપયોગી થઇ પડશે. છદ્મસ્થજ્ઞાનદ્રષ્ટિથી જીનાજ્ઞા વિરૂદ્ધ કોઇ ઠેકાણે લખાયું હોય તેની ક્ષમા યાચું છું. જે જે ગામમાં જેવી જેવી આત્મપરિણતિનાં પદો બનાવ્યાં છે તે વાચકને સમજવા માટે જ્યાં પદ બનાવ્યાં છે તે સ્થળ પણ નોંધવામાં આવ્યાં છે. અમદાવાદના પ્રખ્યાત ઝવેરી, દાતાર ગુણમાં કર્ણસમ શેઠ લલ્લુભાઇ રાયજીની પદોમાં વિશેષ રૂચિ હોવાથી અને તે પદોથી તેમના આત્માને બહુ આનંદ મળે છે માટે આ પદસંગ્રહનું पारितोषिक પ્રેમભાવે તેમને અર્પણ કરૂં છું. श्रीसकलसंघ વગેરે ભવ્યજનો આ પદસંગ્રહરૂપ ગંગા નદીમાં ઝીલી નિર્મળ થાઓ એજ शुभाशा ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

લી०

मुनि बुद्धिसागर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समालोचना.

संसाराग्निमें कथित पुरुषोंको सुख कैसे मिले, इस उपायमें बहुत मनुष्य तो यह समजते हैं कि, द्रव्योपार्जन करना, बहुत कुटुम्ब भेगा करना, राज्यमें अधिकार प्राप्त करना, लक्षों मनुष्योंसे पुजवाना इत्यादि परम सुखका साधन है. इसी वास्ते धर्म कर्म नित्य नैमित्तिक अनुष्ठान कुल मर्यादा आदिभी शिथिल करके पूर्वोक्त उपायमें लगतें है. परंतु ये सब उपाय तो दुःखके है. उनसें परम सुख प्राप्ति कबी नहि होती. जो धनमें सुख मिलता, तो चक्रवर्ती राज्यको ठोकरमें ठुकराकर एकान्त सेवन क्यों करते.

न सुखं देवराजस्य, न सुखं चक्रवर्तिनः ।
यत् सुखं वीतरागस्य, मुने रेकान्तवासिनः ॥

जो सुख एकान्तवासी मुनिको है, वो इन्द्र तथा चक्रवर्तीको नहि है. तथा जितना मनुष्य जादे संबंधी होगा, उतनाही दुःख जादे नीकलेगा. किसीको ज्वर आता है, किसीका मस्तक दुःखता है, कोई मुमूर्षु है, सबके दुःखसे दुखी होना पडता है. राज्याधिकारकी तो औरभी दुर्दशा है. उसकी इच्छा करनी तो सबसें खराब है. आज कल राज्याधिकार ये है कि, अमुक महाशयको ५००) जुलमाना करनेका अधिकार मिला. अमुक महाशयको छ मास कैद करनेका अधिकार मिला. परंतु सभ्यगण! एसाभी अधिकार आपने सुना है ? कि अमुक शेठजीको फांसी माफ करनेका अधिकार मिला, अथवा अमुक शेठजीको कैद माफ करनेका अधिकार मिला. मित्रगण! जिससें जीवदया पलेवोही तो अधिकार कहा जाता हे! और जो क्रूर परिणाम करनेवाले अधिकार हैं वोतो राजाके विना किसीको शोभित नहीं होते.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इत्यादि वात शोचकर प्राचीन ऋषि महात्मा लोकोने बडे २ अध्यात्म शास्त्र रचकर सांसारिक जनोपर वो कृपा करी है, कि जिसका वखान सरस्वती देवी भी नहीं करसकती जैसा—

आसुप्तेरामृतेःकालं, नयेदध्यात्मचिन्तया।
ईषन्नावसरंदद्यात्, कामादीनाम्मनागपि॥

जब तक निद्रावस्था नहो, तथा मृत्यु न आवे तब तक अध्यात्म चिन्तासेही कालको वितावे, काम, क्रोध, लोभ, मोहको थोडा-साभी मोका न दे जिससे आकर सतावें. वो आध्यात्म चिन्ता कितनी कठिन है. इस वातको सबही बुद्धिमान् जानते है, उस अध्यात्म शास्त्रकी रचना कितनी प्रकारकी भाषामें कितनेही संज्ञा शब्दोमें यद्यपि रचित है परंतु कितनेक तो विचारे मंदबुद्धियोंके समजमें नहीं आती. कितनेक बुद्धिमान्भी है तोभी अन्य भाषा होनेसे पूरा तत्व नहीं मिलता. अथवा कितनेक छंद प्रबंध के तथा गान विद्याके रसिक हैं. उनको गद्यभाषा नहीं रुचती इसलिये योग मार्ग क्रिया परायण श्री जैन श्वेताम्बर मुनिराजश्री बुद्धिसागरजीने बहुत आन्दमे आकर मनोहर २ भजन छंदमें बनाकर तैयार किये हैं. जिनका स्वाद विशिष्ट साधारण सब लोकोंको मिले. इन सबका सार यह हैकी मनुष्योंकी अध्यात्ममे रुचि हो और काम क्रोधादि अन्तःशत्रुओंका नाश हो और अध्यात्म पुष्टिके लिये वैराग्यका तथा भक्तिरसकाभी सार पूर्ण रीतिसे दिखाया है. कारणकि विना वैराग्यके वर्णन संसारा ऽऽसक्ति दूर नहीं होती. और भक्तिके विना चित्तके आवरण विक्षेप दूर नहीं होते. इसलिये वैराग्य तथा इष्टदेवमें अनुराग अध्यात्म चिन्ताका परमोपाय है. ये सम्पूर्ण भजन आद्यंतसे मेने प्राय सब सुन है. इनमे जैन शास्त्रकी रीति प्रमाण कहीं दोष नहीं है. कहीं द्रव्यार्थिक नयकी मुख्यता, कहीं पर्य्यायार्थिक नयकी मुख्यता, कहीं नैगमादि नय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रमाण बहुत उत्तम रीतिसे बर्णन कियाहै. जो मनुष्य जैन शास्त्र तथा अभिधा लक्षणा व्यंजनातात्पर्य्यावृत्तिके मर्मज्ञ हैं उन लोकोंको मुनिराजश्री बुद्धिसागरजी रचित शास्त्र सिद्धान्तमे वो आस्वाद मिलेगा, की जिसका फल एक एक पदकी भावनासे अनेक कर्मकी निर्जरा है. मित्रगण ! ज्यादे क्या लिखे. अमारा मन तो इन पद रत्नको सुनकर सुखाब्धिमें मग्न होता है. तथा और लोक वैदिक धर्मावलंबी सुनते है तो चित्रकेसे लिखे होकर तथा कूद २ कर सुनते हैं. आहा ! सत्यही शास्त्रोमे जंगम तीर्थ साधुओंको कहा है.

## श्लोक.

साधूनां दर्शनंपुण्यं तीर्थभूताहि साधवः ।
तीर्थं फलति कालेन सद्यः साधुसमागमः ॥ १ ॥

ह. न्याय व्याकरण साहित्याऽऽचार्य
पं. श्यामसुन्दराचार्य वैश्य, के. बी. एस. एम.
K. B. S. M.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અનુક્રમણિકા.


| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | શ્રી કેશરીઆજીનું સ્તવન. ( કેશરીયાતીર્થ. ) ... ... | | ૧ |
| ૨ | ચરમજીનેશ્વર સ્તવન. ( ચ૦ જી૦ અતિઅલવેશ્વર. ) ... | | ૨ |
| ૩ | શ્રી વીર જીન સ્તવન. ( વીરજીનેશ્વર વચન સુધારસ. ) ... | | ૨ |
| ૪ | ૧બોધપત્ર–દુહા. ( નિર્મલક્ષાયિક ચેતના. ) ... ... | | ૩ |
| ૫ | ૨બોધપત્ર. ( બગડે તે સુધરે નહિ. ) ... ... ... | | ૪ |
| ૬ | શ્રી શાન્તિજીન સ્તવન. (શ્રી શાન્તિજીન અલખ અગોચર.) ... | | ૫ |
| ૭ | જરા જુઓ અન્તર્માં તપાસીરે. ... ... | પદ. | ૫ |
| ૮ | અનુભવ આતમનો જો કરે. ... ... ... | ,, | ૬ |
| ૯ | જીવડા ઘાટ નવા શીદ ઘડે. ... ... ... | ,, | ૬ |
| ૧૦ | મુરખ મારૂં મારૂં શીદ કરે. ... ... ... | ,, | ૭ |
| ૧૧ | નિર્ભય દેશનારેવાસી આતમ. ... ... ... | ,, | ૭ |
| ૧૨ | નિર્ભય બ્રહ્મરૂપી તું સદા છે. ... ... ... | ,, | ૮ |
| ૧૩ | સાધુભાઇ સમરસ અમૃત પીવો. ... ... | ,, | ૮ |
| ૧૪ | અનુભવ આતમાની વાત કરતાં. ... ... | ,, | ૯ |
| ૧૫ | અલખ દેશમેં વાસ હમારા. ... ... ... | ,, | ૯ |
| ૧૬ | અનુભવ આતમ વાતો કરીએ. ... ... | ,, | ૧૦ |
| ૧૭ | નગુરાનો સંગ ન કીજેરે. ... ... ... | ,, | ૧૦ |
| ૧૮ | સુગુરાની સંગત કીજેરે. ... ... ... | ,, | ૧૧ |
| ૧૯ | પરઘર ભટકત સુખ ન સ્વામી. ... ... | ,, | ૧૧ |
| ૨૦ | અવધૂત અનુભવ પદ કોઇ રાગી. ... ... | ,, | ૧૨ |
| ૨૧ | સુખ દુખ ભોગવવાં જીવ પડે. ... ... | ,, | ૧૨ |
| ૨૨ | નહિ અલખ લખ્યા કદિ જાવેરે. ... ... | ,, | ૧૩ |
| ૨૩ | સાધુભાઇ અલખ નિરંજન સોહં. ... ... | ,, | ૧૩ |
| ૨૪ | સાધુભાઇ ધ્યાન સમાધિ વરીજે. ... ... | ,, | ૧૪ |
| ૨૫ | સાધુભાઇ સમય સુધારસ પીજે. ... ... | ,, | ૧૪ |
| ૨૬ | એણીપેરે ધ્યાન ધરીજે ઘટ અન્તર્. ... ... | ,, | ૧૫ |
| ૨૭ | એનીપેરે પ્રભુ સમરીજે ઘટ અન્તર્. ... ... | ,, | ૧૫ |
| ૨૮ | ગુરૂ વીના કોઇ તત્ત્વ ન પાવેરે. ... ... | ,, | ૧૬ |
| ૨૯ | દુનિયા છે દિવાનીરે. ... ... ... | ,, | ૧૬ |
| ૩૦ | અનુભવી આવોરે. ... ... ... ... | ,, | ૧૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| વિષય. | | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૩૧ અજ્ઞાની અથડાણારે. | ... | પદ. | ૧૮ |
| ૩૨ જ્ઞાનીની સંગ સારીરે. | ... | ,, | ૧૮ |
| ૩૩ શ્રી વીરજીન સ્તવન. ( વીર જીનેશ્વર ) | આવો ધન. | ,, | ૧૭૨ |
| ૩૪ પાર્શ્વ જીન સ્તવન. (પ્રણમું) | ,, | ,, | ૧૭૨ |
| ૩૫ ક્યારે મુને મળશે મારો સંત સનેહી. | ,, | ,, | ૧૭૩ |
| ૩૬ દેખોભાઇ મહા વિકલ સંસારી. | ૫૦ વિ૦ | ,, | ૧૭૩ |
| ૩૭ પત્થરના નાવે બેશીરે. | ... | ,, | ૧૯ |
| ૩૮ તત્ત્વ સ્વરૂપી અલખ બ્રહ્મનું. | ... | ,, | ૨૦ |
| ૩૯ પ્રભુજી તુમ દર્શન સુખકારી. | ... | ,, | ૨૦ |
| ૪૦ સ્વમા જેવી દુનીઆદારી. | ... | ,, | ૨૧ |
| ૪૧ અલખ અગોચર નિર્ભય દેશી. | ... | ,, | ૨૧ |
| ૪૨ એવું સ્વરૂપ વિચારો હંસા. | ... | ,, | ૨૨ |
| ૪૩ પરમ પદ પરખે તો સુખ મળે. | ... | ,, | ૨૨ |
| ૪૪ વીર પ્રભુ વ્હાલારે મારા. | ... | ,, | ૨૨ |
| ૪૫ માયા ન મુરખ તારીરે. | ... | ,, | ૨૩ |
| ૪૬ પરખીને લેજો નાણુંરે. | ... | ,, | ૨૪ |
| ૪૭ જાગો જોગી અલખ સ્વરૂપી. | ... | ,, | ૨૫ |
| ૪૮ અરે જીવ પામર પ્રાણીરે. | ... | ,, | ૨૬ |
| ૪૯ પરમ પ્રભુ ઘટ અન્તરૂમાં ભાવો. | ... | ,, | ૨૬ |
| ૫૦ ગુરૂગમથી ભાઇ જ્ઞાન ગ્રહો તુમ. | ... | ,, | ૨૭ |
| ૫૧ તારો આતમરાય. | ... | ,, | ૨૭ |
| ૫૨ મુરખ જીવડા કાંઇ ન સમજ્યો. | ... | ,, | ૨૮ |
| ૫૩ જોઇ જોઇને જોઇ મેં લીધું. | ... | ,, | ૨૮ |
| ૫૪ સુગુણ સ્નેહી સ્વામિ મહેલે પધારો. | ... | ,, | ૨૯ |
| ૫૫ ચેતન અનુભવ રંગ રમીજે. | ... | ,, | ૩૨ |
| ૫૬ ચેતન આપ સ્વભાવ વિચારો. | ... | ,, | ૩૩ |
| ૫૭ જ્ઞાની વીરલા કોઇ જગતમાં. | ... | ,, | ૩૪ |
| ૫૮ શાન્તિ સદા સુખકાર જગતમાં. | ... | ,, | ૩૪ |
| ૫૯ કોઇ ન કરશો પ્રીત ચતુર નર. | ... | ,, | ૩૫ |
| ૬૦ આનન્દ ક્યાં વેચાય ચતુર નર. | ... | ,, | ૩૫ |
| ૬૧ અમર પદ પરખી લેજોરે. | ... | ,, | ૩૬ |
| ૬૨ સદા સુખકારી પ્યારીરે. | ... | ,, | ૩૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૬૩ | ઉઠો ચેતન આળસ છંડી. ... ... ... | પ્રભાતીયું. | ૩૭ |
| ૬૪ | અભિનન્દન જીન વંદીએ. ... ... ... | ,, | ૩૮ |
| ૬૫ | શ્રી વિર સ્તુતિ. ( વીર જીનેશ્વર વંદીએ ) ... | ,, | ૩૯ |
| ૬૬ | શ્રી સદ્‌ગુરૂ સ્તુતિ. ( નમો નમો શ્રી સદ્‌ગુરૂ ) ... | ,, | ૪૦ |
| ૬૭ | હમારો દેશ છે ન્યારો. ... ... ... | પદ. | ૪૨ |
| ૬૮ | ચેતાવું ચેતી લેજેરે.... ... ... ... | ,, | ૪૩ |
| ૬૯ | ફુલ્યો શું ફરે છે ફુલીરે મૂરખ પ્રાણી. ... ... | ,, | ૪૪ |
| ૭૦ | કોઇક વિરલા પાવે હો જગમાં. ... ... | ,, | ૪૪ |
| ૭૧ | આ જગ સ્વપ્ના કેરી બાજી. ... ... ... | ,, | ૪૫ |
| ૭૨ | અલખ નિરંજન આતમ જ્યોતિ. ... ... | ,, | ૪૫ |
| ૭૩ | જ્ઞાન કહો કેમ થાય મૂર્ખને. ... ... ... | ,, | ૪૬ |
| ૭૪ | અન્તરના અજ્ઞાનેરે. ... ... ... ... | ,, | ૪૭ |
| ૭૫ | નેવાનું પાણી મોભેરે. ... ... ... | ,, | ૪૮ |
| ૭૬ | આતમ ધ્યાનથીરે સન્તો સદા સ્વરૂપે રહેવું. ... | ,, | ૪૮ |
| ૭૭ | પાપ કર્મ બહુ ભારીરે નિન્દા.... ... ... | ,, | ૪૯ |
| ૭૮ | જીવડા ફૂલી ફરે શું ફોક. ... ... ... | ,, | ૫૦ |
| ૭૯ | ચેતન ચેતો ચતુર સુજાણ વખત વહી જાય છે. ... | ,, | ૫૧ |
| ૮૦ | તારૂં નામ ન રૂપ લખાય. ... ... ... | ,, | ૫૨ |
| ૮૧ | જુઓ આ કાચી કાયારે. ... ... ... | ,, | ૫૨ |
| ૮૨ | ચેતાવું ચેતન મારારે. ... ... ... | ,, | ૫૩ |
| ૮૩ | અરે આ જગમાં મોટીરે. ... ... ... | ,, | ૫૩ |
| ૮૪ | શ્રી વીર પ્રભુ ચરમ જીનેશ્વર. ... ... ... | ,, | ૫૪ |
| ૮૫ | અહો દૈવની ગતિ ન્યારી. ... ... ... | પદ | ૫૫ |
| ૮૬ | ચેતન અનુભવ રટના લાગી. ... ... ... | ,, | ૫૬ |
| ૮૭ | માયામાં મનડું મોહ્યુંરે. ... ... ... | ,, | ૫૬ |
| ૮૮ | જોતાં જોતાં ચાલ્યા ગયારે. ... ... ... | ,, | ૫૭ |
| ૮૯ | પ્રભુ મનાવા પ્રભુ મનાવા. ... ... ... | ,, | ૫૮ |
| ૯૦ | સુવિધિ જીનેશ્વર સાહિબ સેવો ... ... | સ્તવન. | ૫૮ |
| ૯૧ | સહજ સ્વરૂપી મારો અન્તરયામી. ... ... | પદ. | ૫૯ |
| ૯૨ | યાદ કરી લે સિદ્ધ સનાતન. ... ... ... | ,, | ૫૯ |
| ૯૩ | જીવડા જાગીનેરે જોગી સંગે.... ... ... | ,, | ૬૦ |
| ૯૪ | જીવડા જગમગે છે જ્યોતિ તારી. ... ... | ,, | ૬૦ |
| ૯૫ | જીવડા તું જાગીને જોજે ધર્મનેરે. ... ... | ,, | ૬૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૯૬ | પ્રભુ ભજી તું પ્રભુ ભજી તું સફલ કર નર દેહરે. ... | પદ. | ૬૨ |
| ૯૭ | ભજન કર મન ભજન કર મન. ... ... | ,, | ૬૨ |
| ૯૮ | ભજન કરી લે ભજન કરી લે. ... ... | ,, | ૬૩ |
| ૯૯ | જુવો ઝપાટો જુવો ઝપાટો. ... ... ... | ,, | ૬૩ |
| ૧૦૦ | પ્રીતમ મુજ શુદ્ધ બુદ્ધ અવિનાશી. ... ... | ,, | ૬૪ |
| ૧૦૧ | ચેતન તારી ગતિ ન્યારી. ... ... ... | ,, | ૬૪ |
| ૧૦૨ | પ્રીતમ મુજ કબહુ ન નિજ ઘર આવે. ... ... | ,, | ૬૫ |
| ૧૦૩ | પ્રિયા મમ છટકી ભટકી અટકી. ... ... | ,, | ૬૫ |
| ૧૦૪ | ભલા મુજ અનુભવ અમૃત ભાવે. ... ... | ,, | ૬૫ |
| ૧૦૫ | આતમ અપનો સ્વરૂપ નિહારો. ... ... | ,, | ૬૬ |
| ૧૦૬ | મનવા એસી રમે કયું બાજી. ... ... ... | ,, | ૬૬ |
| ૧૦૭ | ચેતન ચિદ્દ્ઘન સંગી રંગી. ... ... ... | ,, | ૬૭ |
| ૧૦૮ | હંસા સોહં ચિન્મય ધ્યાવે ... ... ... | ,, | ૬૭ |
| ૧૦૯ | ચિદ્દ્ઘન સંગી ગુણગણુ રંગી. ... ... | ,, | ૬૮ |
| ૧૧૦ | આતમ અનુભવ કોઇક પાવે. ... ... ... | ,, | ૬૮ |
| ૧૧૧ | સમજી લે શાણા મન મેરા ... ... ... | ,, | ૬૮ |
| ૧૧૨ | અબહમ અજરામર અવિનાશી. ... ... | ,, | ૬૯ |
| ૧૧૩ | જટ જાય જુવાની જીવ જોતો જરા. ... ... | ,, | ૬૯ |
| ૧૧૪ | મહાવીર પ્રભુ સુખકારી સદા. ... ... ... | સ્તવન. | ૭૦ |
| ૧૧૫ | અરે આ જીંદગાની મનુભવની એળે જાય છેરે ... | પદ. | ૭૧ |
| ૧૧૬ | અરે ફૂલી ફોગટ ફરનારારે. ... ... ... | ,, | ૭૧ |
| ૧૧૭ | પ્યારા નેમ પ્રભુ મુજ મન મન્દિરિયે પધારજોરે. ... | સ્તવન. | ૭૨ |
| ૧૧૮ | ભોંયણી મલ્લિજીન સ્તવન ... ... ... | ,, | ૭૨ |
| ૧૧૯ | એવોરે દિવસ તે મારો કયારે આવશે. ... ... | પદ. | ૭૩ |
| ૧૨૦ | ત્રિધા આત્માની સઝાય. ... ... ... | ,, | ૭૪ |
| ૧૨૧ | વીરપ્રભુ સ્તવન ( નમોવીર વિશ્વે ) ... ... | ,, | ૭૫ |
| ૧૨૨ | ભ્રમણાએ શું ભરમાયરે તું તો ભ્રમણા ત્યાગી ... | ,, | ૭૫ |
| ૧૨૩ | ચેતન ચતુરાઇથી શિવપુર મારગ ચાલજોરે. ... | ,, | ૭૬ |
| ૧૨૪ | શાન્તિજીન સ્તવન. ( જય જય શાન્તિ જીન ) ... | ,, | ૭૬ |
| ૧૨૫ | પરમપદ પ્રેમી કોઇક પાવે. ... ... ... | પદ | ૭૭ |
| ૧૨૬ | સહુજન ધર્મ ધર્મ મુખ બોલે.... ... ... | ,, | ૭૭ |
| ૧૨૭ | સોહં સોહં સોહં સોહં. ... ... ... | ,, | ૭૮ |
| ૧૨૮ | શૂરાની ગતિ શૂરા જાણેરે. ... ... ... | ,, | ૭૯ |
| ૧૨૯ | બહુ લાગે ગુણિજન પ્યારૂં. ... ... ... | ,, | ૭૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧૩૦ | ધ્યાન સદા સુખકાર.... | પદ. | ૮૦ |
| ૧૩૧ | કક્કાવલિ, ૧ | ,, | ૮૧ |
| ૧૩૨ | હંસા કોઇરે જણાવે જોગીડોજી. | ,, | ૮૫ |
| ૧૩૩ | પ્રેમીડો બતલાવેરે કોઇ મારો.... | ,, | ૮૫ |
| ૧૩૪ | આ પ્રભુ ભજનનું ટાણું. | ,, | ૮૫ |
| ૧૩૫ | હંસા હરદમ તત્ત્વ વિચારો. | ,, | ૮૬ |
| ૧૩૬ | સૌથી વીર પ્રભુ મુજ વ્હાલા.... | સ્તવન. | ૮૬ |
| ૧૩૭ | જીવડા ભૂલી સત્ય સ્વરૂપ | પદ. | ૮૭ |
| ૧૩૮ | ચેતન સ્વારથિયો સંસાર | ,, | ૮૭ |
| ૧૩૯ | કર તું શ્વાસોચ્છ્વાસે જાપ | ,, | ૮૮ |
| ૧૪૦ | આતમ નિજ ઘરમાં તું આવ.... | ,, | ૮૯ |
| ૧૪૧ | જીવડા હજી અવસર છે બેસ.... | ,, | ૯૦ |
| ૧૪૨ | જીવડા હજી જરા તો ચેત. | ,, | ૯૦ |
| ૧૪૩ | મનડા આતમમાં લયલાવ. | ,, | ૯૧ |
| ૧૪૪ | કર ચેતન શિવપુર તૈયારી. | ,, | ૯૨ |
| ૧૪૫ | મોહ માયામાં જે જકડાણા. | ,, | ૯૨ |
| ૧૪૬ | અદ્દ્ભુત તમાસા નયને દીઠા. | ,, | ૯૩ |
| ૧૪૭ | સુણો સત્યોપાય શિવ પન્થનોરે. | ,, | ૯૩ |
| ૧૪૮ | ચેતન ચેતો હવે પ્યારા. | ,, | ૯૪ |
| ૧૪૯ | દેખો અન્તર્માં આતમારે. | ,, | ૯૫ |
| ૧૫૦ | અન્ધારે અથડાણોરે માયામાં ભૂલી. | ,, | ૯૫ |
| ૧૫૧ | સાચો અન્તર્ સ્વામી આતમ દિલમાં ધ્યાવજેરે.... | ,, | ૯૬ |
| ૧૫૨ | દુનીઆમાં ફોગટ ફૂલ્યોરે. | ,, | ૯૬ |
| ૧૫૩ | અનુભવ બત્રિશી. | દુહા. | ૯૭ |
| ૧૫૪ | ચાર દિવસનું ચાંદરણું સંસારનું. | પદ. | ૧૦૦ |
| ૧૫૫ | ચેતી લે તું પ્રાણિયા. | ,, | ૧૦૧ |
| ૧૫૬ | શ્રી મહાવીર સ્તવન ( વીર જીનેશ્વર વંદના ) | ,, | ૧૦૧ |
| ૧૫૭ | શ્રી વીર સ્તવન. ( પરમ કૃપાળુ ) | ,, | ૧૦૨ |
| ૧૫૮ | કક્કાવલિ. ૨ | ,, | ૧૦૩ |
| ૧૫૯ | સદ્દગુરૂ સ્તુતિ. ( સદ્દગુરૂની શિક્ષા ) | ,, | ૧૦૮ |
| ૧૬૦ | સમાધિ પદ. ( અન્તર્ના અલબેલા ) | ,, | ૧૦૯ |
| ૧૬૧ | સહુ શક્તિના સ્વામી આતમ મહારા. | ,, | ૧૧૦ |
| ૧૬૨ | જ્ઞાનાનન્દી તત્ત્વ સ્વરૂપી આતમા. | ,, | ૧૧૧ |
| ૧૬૩ | ચિદ્દાનન્દ ચેતનજી વહેલો જાગજે. | ,, | ૧૧૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧૬૪ | સ્વામીને સેવક તું પ્યારા આતમા. | પદ. | ૧૧૩ |
| ૧૬૫ | જીવ આવ્યો અવસર આ જાય છેરે. | ,, | ૧૧૪ |
| ૧૬૬ | જગત્‌ના ખેલ છે ખોટા. | ,, | ૧૧૫ |
| ૧૬૭ | શાને તું કરે છે માયારે. | ,, | ૧૧૬ |
| ૧૬૮ | જીવડા પ્રભુ ભજીલેરે. | ,, | ૧૧૬ |
| ૧૬૯ | ગાફલ ગર્વ કરીનેરે. | ,, | ૧૧૭ |
| ૧૭૦ | સુખ દુઃખ આવે સહુના શીરે. | ,, | ૧૧૭ |
| ૧૭૧ | અમોને તમો સમા જાતિ. | ,, | ૧૧૮ |
| ૧૭૨ | વેપારી ઉપર ( વ્યાપારી વેપારે મનડું ) | ,, | ૧૧૯ |
| ૧૭૩ | જીવલડા જરૂર જાવુંરે. | ,, | ૧૨૦ |
| ૧૭૪ | મહાવીર સ્તવન. ( ત્રિશલાના જાયારે ) | ,, | ૧૨૦ |
| ૧૭૫ | ભૂલી ભવ ભ્રમણા જંઝાલે. | ,, | ૧૨૧ |
| ૧૭૬ | મારૂં મારૂં તમે શું કરોરે. | ,, | ૧૨૨ |
| ૧૭૭ | ભક્તિ કરો ભગવન્તનીરે. | ,, | ૧૨૩ |
| ૧૭૮ | પરમપદ પરમાતમ ગુણ ગાવું. | ,, | ૧૨૩ |
| ૧૭૯ | જાગીને જો તું જીવડા. | ,, | ૧૨૪ |
| ૧૮૦ | પામર પ્રાણી ન પારખે. | ,, | ૧૨૫ |
| ૧૮૧ | સેવો સદ્‌ગુરૂ પ્રાણિયા. | ,, | ૧૨૬ |
| ૧૮૨ | સન્ત ઉપર. ( સન્ત સમાગમ દોહીલો. ) | ,, | ૧૨૬ |
| ૧૮૩ | જાય છે જાય છે જાય છે રે | ,, | ૧૨૭ |
| ૧૮૪ | નમિજીન સ્તવન ( નમિજીન બાળ૦ ). | ,, | ,, |
| ૧૮૫ | સિદ્ધાચલ સ્તવન ( શ્રી સિ૦ નયણે૦ ). | ,, | ૧૨૮ |
| ૧૮૬ | ગુંહલી ( પજૂસણની ). | ,, | ૧૨૯ |
| ૧૮૭ | દેખો દેહ દેરાસરમાંહિ પરમદેવ આતમા | ,, | ૧૩૦ |
| ૧૮૮ | ભયા અનુભવ રંગમજીઠારે. | ,, | ૧૩૧ |
| ૧૮૯ | શૂરાની ગતિ શૂરા જાણેરે. | ,, | ૧૩૧ |
| ૧૯૦ | ભિક્ષુક હોકર કરી ભવાઇરે. | ,, | ૧૩૨ |
| ૧૯૧ | ઘટ ખોજ્યા બિન પાર ન આવેરે. | ,, | ૧૩૨ |
| ૧૯૨ | સુણ નિજ દેશી બચન હમારારે. | ,, | ૧૩૩ |
| ૧૯૩ | ગુરૂ મહિમા ( ગુરૂ વીના કોઇ જ્ઞાન ન પાવેરે ). | ,, | ૧૩૩ |
| ૧૯૪ | શુષ્ક જ્ઞાન શું કરી શકેરે. | ,, | ૧૩૪ |
| ૧૯૫ | કોઇ નિજ ગુરૂ ઘટમાં બુજે. | ,, | ૧૩૪ |
| ૧૯૬ | આતમ તત્ત્વ અનાદિરે. | ,, | ૧૩૫ |
| ૧૯૭ | શ્રી વીર સ્તવન ( અનન્ત અનુપમ૦ ) | ,, | ૧૩૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧૯૮ | અવળી વાણી ( પીપળાના ઝાડપર૦ ) ... ... | ,, | ૧૩૬ |
| ૧૯૯ | લુંટાતો ઘોળે દહાડેરે ... ... ... | ,, | ૧૩૭ |
| ૨૦૦ | અજપા જાપે સુરતારે ચાલી. ... ... ... | ,, | ૧૩૭ |
| ૨૦૧ | આતમારે મન પ્યારા લાગીરે તારી પ્રીતડી વૈરાગી. | ,, | ૧૩૮ |
| ૨૦૨ | આતમ દૃષ્ટિ નિજ ગુણ સૃષ્ટિ.... ... ... | ,, | ૧૩૮ |
| ૨૦૩ | સિદ્ધાચળ સ્તવન. ... ... ... ... | સ્તવન | ૧૩૯ |
| ૨૦૪ | શ્રી શાન્તિ જીનેશ્વર વંદના સ્તવન. ... ... | ,, | ૧૪૦ |
| ૨૦૫ | ભલા જગ કોઇક સુજકું ધ્યાવે. ... | આત્મપદ. | ૧૪૦ |
| ૨૦૬ | કોઇ એક યોગીયો વિચારેરે આતમ અમર છે રે જી. | યોગપદ. | ૧૪૧ |
| ૨૦૭ | અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર તારૂં. ... ... | અધ્યાત્મ ક્ષેત્રનું પદ. | ૧૪૨ |
| ૨૦૮ | અલખ લહેરો લાગીરે. ... ... ... | યોગપદ. | ૧૪૨ |
| ૨૦૯ | અવઘટ ઘાટ ઓળંગી હમને... ... ... | ,, | ૧૪૩ |
| ૨૧૦ | ગગન તખ્તપર ઝગમગ જાગી... ... ... | ,, | ૧૪૪ |
| ૨૧૧ | શ્રી સીમન્ધર સ્તવન. ... ... ... | ,, | ૧૪૪ |
| ૨૧૨ | શ્રી વીર સ્તવન ( ચરમ જીનેશ્વર ). ... ... | ,, | ૧૪૬ |
| ૨૧૩ | અવધૂત પક્ષપાત કેમ કીજે. ... ... ... | પદ. | ૧૪૬ |
| ૨૧૪ | હમતો દુનિયાસેં ન ડરેંગે. ... ... ... | ,, | ૧૪૭ |
| ૨૧૫ | હિત શિક્ષા. ... ... ... | પદ ગુંહલી | ૧૪૮ |
| ૨૧૬ | પતિવ્રતા પ્રમદાના ધર્મો સાંભળો. ... ... | ,, | ૧૪૯ |
| ૨૧૭ | સટ્ટાવિષે હિત શિક્ષા ( સટ્ટામાં બટો છે. ) ... | ,, | ૧૫૧ |
| ૨૧૮ | પતિવ્રતા સ્ત્રી વિષે હિત શિક્ષા. (સાચી શિક્ષા સમજુ સ્ત્રીને સાનમાં) | | ૧૫૨ |
| ૨૧૯ | સ્ત્રી ધર્મ વિષે હિત શિક્ષા. (શાણી સ્ત્રીને શિખામણ છે સહજમાં) | | ૧૫૩ |
| ૨૨૦ | પુત્રીને માની શિખામણ. ( શિક્ષા બાલીકાને માતા આપતી ) | | ૧૫૪ |
| ૨૨૧ | પુત્રને પિતાની શિખામણ (પિતા કહે છે પ્રેમ પાત્ર નિજ પુત્રને). | | ૧૫૫ |
| ૨૨૨ | શિષ્યને સદ્‌ગુરૂની શિક્ષા. ... ... ... | ,, | ૧૫૬ |
| ૨૨૩ | પુરૂષના ધર્મ વિષે ( સમજુ નરને શિ૦ ). ... | ,, | ૧૫૭ |
| ૨૨૪ | લક્ષાધિપતિયોને હિતશિક્ષા (હે લક્ષાધિપતિઓ જગમાં શું રહ્યા). | | ૧૫૯ |
| ૨૨૪ | શ્રાવકનું વર્તન ( શ્રધાળુ ગંભીર શ્રાવક ). ... | ,, | ૧૬૧ |
| ૨૨૫ | વ્યવહાર ધર્મારાધન વિષે ( સાચી શિક્ષા ). ... | ,, | ૧૬૨ |
| ૨૨૬ | મૂર્ખ વિષે ( મૂર્ખની સંગત )... ... ... | ,, | ૧૬૩ |
| ૨૨૭ | અવળો શું ચાલે ચેતન ચાલ નિજ વાટે.... ... | પદ | ૧૬૪ |
| ૨૨૮ | મુસાફર જીવડા કાયાનો મહેલ નથી તારો. ... | ,, | ૧૬૪ |
| ૨૨૯ | શૂરવીર સાધુ વ્રત પાળે છે તે ઉપર. ( મુક્તિના પંથે. ) | ,, | ૧૬૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પદ. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૨૩૦ | પરખ્યાથી પ્રેમી સુરતામાં લય મને લાગી. | આત્મપદ. | ૧૬૬ |
| ૨૩૧ | ચેતનજી ચેતો જુઠી આ દુનિઆની બાજી. ... | પદ | ૧૬૬ |
| ૨૩૨ | જોઇને જોયું સગપણ દુનિયાનું કાચું. ... ... | ,, | ૧૬૭ |
| ૨૩૩ | આત્મસ્વરૂપ કૃષ્ણનું ગાન. ( રમજો રંગે કૃષ્ણજી ) | ,, | ૧૬૭ |
| ૨૩૪ | ચેતનજી ચેતો કોઇ ન દુનિયામાં તારૂં. ... ... | ,, | ૧૬૮ |
| ૨૩૫ | હવે હું સમજ્યો જીનવર નામ એક સાચું. ... | ,, | ૧૬૯ |
| ૨૩૬ | પ્રાતઃ મંગલમ્ ( શ્રી સંખેશ્વર પાર્શ્વજી ) ... | ,, | ૧૬૯ |
| ૨૩૭ | તારૂં નામ ન રૂપ લખાય. ... ... ... | પદ | ૧૭૦ |
| ૨૩૮ | શ્રી વીરસ્તવનમ્ ( શ્રી વીર પ્રભુ ચરમ ). ... | સ્તવન | ૧૭૧ |
| ૨૩૯ | આશા ઓરનકી ક્યા કીજે. ... ... | આનન્દઘન પદ. | ૧૭૪ |
| ૨૪૦ | અબ મેં સાચો સાહિબ પાયો. ... | ...યશો વિ૦ | ૧૭૪ |
| ૨૪૧ | ચેતન અબ મોહે દર્શન દીજે.... ... ... | ,, | ૧૭૫ |
| ૨૪૨ | અબધુ પિયો અનુભવ રસ પ્યાલા. ... | ... ચિદાનંદ. | ૧૭૫ |
| ૨૪૩ | ચેતન મમતા છાંડ પરીરી. ... ... | ... યશો વિ૦ | ૧૭૬ |
| ૨૪૪ | અકલકલા જગજીવન તોરી. ... ... | ... ચિદાનંદ. | ૧૭૬ |
| ૨૪૫ | સાધુભાઇ સોહે જૈનકા રાગી. ... ... | વિનય વિ૦ | ૧૭૭ |
| ૨૪૬ | જોં લોં અનુભવ જ્ઞાનરે. ... ... | ... ચિદાનંદ૦ | ૧૭૭ |
| ૨૪૭ | અલખ લખ્યા કિમ જાવે હો. ... ... | ,, | ૧૭૮ |
| ૨૪૮ | અબધૂ નિરપક્ષ વિરલા કોઇ. ... ... ... | ,, | ૧૭૮ |
| ૨૪૯ | સોહં સોહં સોહં સોહં ... ... ... | ,, | ૧૭૯ |
| ૨૫૦ | સંતો અચરિજ રૂપ તમાસા. ... ... ... | ,, | ૧૭૯ |
| ૨૫૧ | નિશાની કહા બતાવુંરે. ... ... ... | આ૦ | ૧૭૯ |
| ૨૫૨ | ચેતન શુદ્ધાતમકું ધ્યાવો. ... ... ... | ,, | ૧૮૦ |
| ૨૫૩ | અબધૂ સો જોગી ગુરૂ મેરા. ... ... ... | ,, | ૧૮૦ |
| ૨૫૪ | અબધૂ રામ રામ જગ કહાવે. ... ... | ,, | ૧૮૧ |
| ૨૫૫ | બેહેર બેહેર નહી આવે અવસર. ... ... | ,, | ૧૮૧ |
| ૨૫૬ | સમજપરી મોહે સમજપરી. ... ... | ચિદાનંદ૦ | ૧૮૨ |
| ૨૫૭ | અબધૂ એસો જ્ઞાન બિચારી. ... ... ... | આ૦ | ૧૮૨ |
| ૨૫૮ | જીવ જાને મોરી સફલ ઘરીરી. ... ... | ,, | ૧૮૩ |
| ૨૫૯ | કિન ગુન ભયોરે ઉદાસી. ... ... ... | ,, | ૧૮૩ |
| ૨૬૦ | જોગ જુગતિ જાણ્યા વિના. ... ... | ચિદાનંદ૦ | ૧૮૩ |
| ૨૬૧ | સાધુ ભાઇ અપના રૂપ જબ દેખા. ... ... | આ૦ | ૧૮૪ |
| ૨૬૨ | અબધૂ વૈરાગ્ય બેટા જાયા. ... ... ... | ,, | ૧૮૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## मुनिमहाराज श्री बुद्धिसागरसूरीश्वरजी कृत.

# भजन पद संग्रह.

## भाग १ लो.

### श्री केशरीयाजीनुं स्तवन.

(१)

કેશરીયા તીર્થ ખડા ભારી, ભવિક તુમ પૂજો નરનારી;
શરણુ એક રૂષભ પ્રભુ ધારી, કપટ ઓર નિંદાકુ વારી. કે૦
સંવત્ ઓગણીશ આસઠેમેં, વિજાપુરનો સંઘ,
દર્શન કરવા નીકળ્યોરે, આણી હર્ષ ઉમંગ;
શોક સહુ ચિન્તાને વારી, ગણી સબ મિથ્યા જગયારી. કે૦ ૧
કૃષ્ણ પક્ષ છઠ મંગલેરે, માસ રૂડો હે પોષ,
પ્રથમ જીનેશ્વર ભેટીયારે, પાયા મન સંતોષ;
ધર્મ હે ઉપયોગે ધારી, જિનાજ્ઞા જાણી સુખકારી. કે૦ ૨
હરિ હર બ્રહ્મા તું ખરોરે, શિવશંકર મહાદેવ,
દોષ અઢારે ક્ષય કર્યારે, સુરનર કરતા સેવ;
ખુદા તુમ અકલગતિ ન્યારી, નિરંજન બ્રહ્મ દશા તારી. કે૦ ૩
અલવેશ્વર અરિહંતજીરે, ચાર અતિશયવન્ત,
અજરામર નિર્મલ પ્રભુરે, સેવે સજ્જન સન્ત;
અચલ તુજ જગમાં બલિહારી, જિનેશ્વર જાણો જયકારી. કે૦ ૪
તુંહિ તુંહિ તું હું સ્મરૂરે, વ્યક્તિથી હે ભેદ,
પિંડમાં પરગટ પેખતાંરે, વર્તે ભેદાભેદ;
લગી ઘટ રટનાકી તારી, જ્યોતકી હોવે ઉજિયારી. કે૦ ૫
અલખ અરૂપી તું પ્રભુરે, 'બુદ્ધિસાગર' ધાર,
કર્મ શત્રુકુ જીતીએરે, કરી કેશરીયાં સાર;
ધરી ઘટ ધ્યાન દશા ન્યારી લહો ઝટ મુક્તિ વધૂ પ્યારી. કે૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ चरम जिनेश्वर स्तवन. ॥

(૨)

ચરમ જિનેશ્વર અતિ અલવેસર, સખી હું નિશદિન ધારૂંરે,
પરિપૂર્ણ સ્યાદ્વાદ સ્વરૂપી, સપ્તનયોથી વિચારૂંરે. ચરમ૦ ૧
ગુણ અનંતા અજ અવિનાશી, કાર્ય ફલે ભિન્ન ગ્રહીએરે,
તેમ પર્યાય અનન્તા આતમ, સમયે સમયે વહીએરે. ચરમ૦ ૨
અસ્તિતા પર દ્રવ્યાદિકની, સમયે સમયે અનન્તિરે,
ચેતન દ્રવ્યે નાસ્તિતા તસ, સત્યપણે તે વહન્તિરે. ચરમ૦ ૩
યદિ નાસ્તિતા વર્તે નહીં તો, પરપરિણામિ હોયરે,
આત્મ અસ્તિતા પરમાં વર્તે, નાસ્તિરૂપે અવલોયરે. ચરમ૦ ૪
અસ્તિ નાસ્તિતા સમયે સમયે, આતમદ્રવ્યે ધરીએરે,
કર્મ વર્ગણા ભિન્ન વિચારી, નિજગુણતા અનુસરીએરે. ચરમ૦ ૫
ગુણ પર્યાય અનન્તા તેથી, ભિન્ન ન આતમ કયારેરે,
ભિન્નાભિન્ન સ્વરૂપે વર્તે, નિર્મલ નિશ્ચય ધારેરે. ચરમ૦ ૬
પૂર્ણકર પરમાતમ પ્રેમે, મન મંદિરમાં સ્મરીએરે,
'બુદ્ધિસાગર' અવસર પામી, ભવજલ સાગર તરીએરે. ચરમ૦ ૭

## ॥ श्री वीरजिन स्तवन. ॥

(૩)

વીર જિનેશ્વર વચન સુધારસ, પીતાં અવિહડ પ્રીતજગીરી,
મિથ્યા પરિણુતિ ભ્રમણા ભાગી, સુરતા વીરપદ જાય લગીરી. વી૦ ૧
અજ અવિનાશી અટલ અનાદિ, આત્માસંખ્યપ્રદેશપણેરી,
નિર્મળ શુદ્ધ સનાતન શાશ્વત, પ્રતિપ્રદેશે શક્તિ ઘણેરી. વીર૦ ૨
આતમ વીર્ય અનંતુ ધારક, આવિર્ભાવપણે જે ગ્રહેરી,
વીરનામ જિનવરનું જાણો, ઘટ ઘટ શક્તિ નિત્ય લહેરી. વીર૦ ૩
તિરોભાવ નિજ શક્તિ પ્રગટે, અસ્તિનાસ્તિસ્યાદ્વાદમયીરી,
અલખ અગોચર અજરામરવર, વીર વીરતા પ્રગટ ભઈરી. વીર૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયે સમયે નિજઋદ્ધિ અનન્તિ, રત્નત્રયી થઈ શુદ્ધ છતીરી,
ચેતના પરગટ હો ઉપયોગે, વર્ગ રહિત અપવર્ગ ગતિરી. વીર૦ ૫
પ્રતિપ્રદેશે કર્મ વર્ગણા, લાગી અનન્તિ દૂર ગઈરી,
ષટ્ કારક શુદ્ધાં ઘટ પ્રગટયાં, સ્થિતિ સાદિ અનન્ત થઇરી. વીર૦ ૬
તેહિજ વીરપણું તુજમાંહી, ભ્રાન્તિ ભ્રમણા દૂર કરીરી,
'બુદ્ધિસાગર' ધ્યાતાં પ્રગટે, સત્તા વીર સમાન ખરીરી. વીર૦ ૭

## ૧ बोधपत्र,–दुहा.

(૪)

નિર્મલ ક્ષાયિક ચેતના, ચિદાનન્દ ગુણધામ,
આતમ સો પરમાતમા, અનન્ત ગુણ વિશ્રામ. ૧
સમય સમય નિજ રૂપમાં, શક્તિ અનન્ત સહાય,
વિણશે નહિ કો કાળમાં, ચિદ્‌ઘન ચેતન રાય. ૨
જ્ઞેય ત્રિકાલિક વસ્તુનું, ભાસન નિજમાં થાય,
ઉત્પત્તિસ્થિતિવ્યયતણી, સત્તા નિજ વર્તાય. ૩
શોધક શોધે અન્ય ક્યાં, અસત્ ન ઉપજે ભાઈ,
ઉપાદાન ષટ્કારકો, ઘટ ઘટમાં વર્તાઈ. ૪
ચિત્ત સ્થિર ઉપયોગતા, લાગે નિજપદમાંહ્ય,
અવર કોય ભાસે નહિ, નિશ્ચય ચરણ તે ત્યાંય. ૫
જ્ઞેયરૂપ ભાસે સહુ, જ્ઞાન ગુણનું કાજ,
દર્પણમાં અવભાસતા, ઉદાસીનતા રાજ. ૬
ખાવે પીવે સહુ કરે, પણ તદ્‌રૂપ ન થાય,
ઔદયિક ભાવે ભોગ પણ, ભિન્નપણું વર્તાય, ૭
વિઘટે શ્રેણિ વિકલ્પની, અથવા જો વર્તાય,
તોપણ તેથી ભિન્ન તે, ભેદ જ્ઞાન ત્યાં પાય. ૮
કરો કલ્પના કોટી પણ, અગમ્ય નહિ કલ્પાય,
સોઽહ સોઽહં ધ્યાનથી, ભેદ ભાવ મિટ જાય. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રો પણ શાક્ષી ભરે, જ્યાંથી પ્રગટ્યાં એહ,
સિદ્ધાચલ સમરો સદા, નિશ્ચય ગુણ ગણગેહ. ૧૦
અસંખ્ય પ્રદેશી આતમા, ધ્યાવો ગાવો ભાઇ,
અનુભવિએ એ ભોગવ્યું, એ પદ સ્થિરતા લાઇ. ૧૧
ક્ષણ ક્ષણમાંહિ સમરીએ, આત્મ સદા સુખદાય,
આતમરામે મન રમે, ઋદ્ધિ સબ પ્રગટાય. ૧૨
સદ્ગુરૂ સંગત હીનતા, બાહ્યાચાર પ્રધાન,
અન્તર દૃષ્ટિ શૂન્યતા, બહિરાતમ પદ સ્થાન. ૧૩
જેને જેવી યોગ્યતા, જાણે તેવું જીવ,
સમજી સત્ય સ્વરૂપમાં, રમજો ભવ્ય સદીવ. ૧૪

## ૨ बोधपत्र.

(૫)

બગડે તે સુધરે નહીં, સુધરે નહિ તે બગડે;
આપોઆપ સ્વભાવમાં, મૂરખ મન તો ઝઘડે. ૧
શુદ્ધ સ્વરૂપી ચેતના, નિશ્ચય ભાવે ભળે,
આપોઆપ સ્વભાવમાં, પરમાતમ પદ મળે. ૨
જેનું હશે તે ભોગવે, સ્થિરતા એહવી જડે,
આપોઆપ સ્વભાવમાં, પરપરિણતિ ત્યાં રડે. ૩
શુદ્ધબુદ્ધ અવિનાશિની, શ્રદ્ધા શુદ્ધિ ઠરે,
બોલે ચાલે સહુ કરે, પણ નહિ મૂલથી ફરે. ૪
અમૃત આસ્વાદ્યા પછી, કોણ છાશ આભડે,
અનુભવ વાતો અટપટી તે, પાત્રતામાં પડે. ૫
અસ્તિ નાસ્તિ સત્તામયી ધ્રુવ, આતમ તે તું સ્મરે,
ભિન્ન નથી તેથી કદા, ફોગટ કયાં તું ફરે. ૬
ધ્રુવની તારી તેથી યારી, અનેકાન્તથી કરે,
ક્ષાયિક શુદ્ધ સ્વરૂપ પામી, અજરામર થઈ ઠરે. ૭
વસ્તુ તારી પાસ છે પણ, શોધતાં તે મળે,
સદ્ગુરૂના સંગ યોગે, મહેનત લેખે વળે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री शान्तिजिन स्तवन.

(૬)

(મરાઠી સાખીનો રાગ.)

શ્રીશાન્તિ જિન અલખ અગોચર, દીનાનાથ દયાળુ,
દિનમણિ દીનોદ્ધારક દીનપર, કરૂણા કરજો કૃપાળુ,
મોરા સ્વામીરે, ભવ પાથોધિ તારો. ૧
ક્રોધ કપટથી મનડું મેલું, આડું અવળું ભટકે,
તુજગુણ ધ્યાન કરંતાં સાહિબ, સટક દઈને સટકે. મોરા૦ ૨
મોહ પ્રમાદે આયુષ્ય ગાળું, લીધાં વ્રત નવી પાળું,
ડહાપણના દરિયામાં ડૂલી, દીધું સમ્વર તાળું. મોરા૦ ૩
દુનિયાદારી દૂર ન કીધી, પાપે કાયા પોષી
દગા પ્રપન્ચો નિશદિન કરતાં, બનીયો ભારે દોષી. મોરા૦ ૪
સાચો સાહિબ નિરખી નયણે, શરણ ગ્રહ્યું સુખકારી,
દોષને ટાળી પાપ પખાળી, થાશું નિજગુણ ધારી. મોરા૦ ૫
સેવા ભક્તિ નિશદિન કરશું, તુજ આણા શિર ધરશું
'બુદ્ધિસાગર' અવસર પામી, અજરામર થઈ ઠરશું. મોરા૦ ૬

(અ. દ. ભ.)

# " जरा जुओ अन्तर्मां तपासीरे "—पद.

(૭)

(માન માયાના કરનારારે—એ રાગ.)

જરા જુઓ અન્તર્માં તપાસીરે, જ્યાં શોભે છે આત્મ પ્રકાશી;
જ્ઞાન રાજાને ક્રિયા છે દાસીરે, એક અવિનાશીને એક છે વિનાશી.
જ્ઞાન યોદ્ધાને ક્રિયા છે કટારી, જ્ઞાન શાશ્વત પદવાસી;
જ્ઞાન દિવાકર ક્રિયા પતંગિયું, દૃષ્ટાન્ત વિશ્વવિલાસીરે. જરા૦ ૧
વિના આતમજ્ઞાન ક્રિયાએ ઘહેલો, દેખી આવત મન હાંસી,
સમજણ વણ શું કરશે બિચારા, ગળે દે છે પોતાને તે ફાંસીરે. જ.
જ્ઞાની ગીતારથ શાસન ધોરી, જ્ઞાને સકળ સુખરાશિ,
'બુદ્ધિસાગર'પદ જ્ઞાનીનાં સેવો, હું તો જ્ઞાનીને દઉછું શાબાશીરે જ.

( પેથાપુર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " अनुभव आतमनो जो करे "–पद.

(૮)

(અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ.)

અનુભવ આતમનો જો કરે, તદા તું અજરામર થઈ ઠરે;
દેહ દેવળમાં ઉંઘ્યા દેવને, ઘડી નહિ સુખ અરે;
સુરતા ઘંટે ઉંઘ ભાગે, જાગે દેવ દુઃખ હરે. તદા તું૦ ૧
ત્યાગે ન જલ જેમ માછલું ભાઈ, તેમ ગુણ નિજ વરે;
અલખ અવિહડ આતમાની, દશા કદિ નહિ ફરે. તદા તું૦ ૨
પાર્શ્વમણિ સમ ધ્યાન તારૂ, સિદ્ધ બુદ્ધતા વરે;
પરમબ્રહ્મ સ્વરૂપ પામી, નામ રૂપ નહિ ધરે. તદા તું૦ ૩
ગાડીમાંહિ બેશીને ઝટ, ચાલજે નિજ ઘરે;
સારથી મનડું અશ્વ ઈન્દ્રિય, સાચવે સુખ સરે. તદા તું૦ ૪
છેલ્લી બાજી જીતી લે ભાઈ, માયાથી શીદ મરે;
'બુદ્ધિસાગર' ચેત ઝટપટ, ચેતના કરગરે. તદા તું૦ ૫

( વિદ્યાપુર )

## " जीवडा घाट नवा शीद घडे "–पद.

(૯)

(અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ.)

જીવડા ઘાટ નવા શીદ ઘડે, પલકની ખબર તને નહિ પડે;
માયાથી મસ્તાન થઈ અરે, દુર્ગતિ રડવડે,
સદ્ગુરૂનો સંગ કરે ભાઈ, મારગ સાચો જડે. પલક૦ ૧
જે ઘરે ઘડીયાલ વાજે, નોબત ગડગડગડે;
તેહ ઘરે જો કાગ ઉડે, ગીધયૂથ અડવડે. પલક૦ ૨
મોહ મદિરા પીને મર્કટ, કૂદી છાપરે ચડે;
મનડું મર્કટ થાય વશતો, મુક્તિપુરી જઈ અડે. પલક૦ ૩
કર પ્રીતિ પરમાત્મા સાથે, ફોગટ કયાં આથડે.
'બુદ્ધિસાગર' આત્મધ્યાને, તુજને નહિ કોઈ નડે. પલક૦ ૪

( વિજાપુર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " मुरख मारु मारु शीद करे "–पद.

(૧૦)

(રાગ ઉપરનો.)

મુરખ મન મારૂં મારૂં શીદ કરે, ફોગટ ભવભ્રમણા કરતો ફરે,
તારૂ ધાર્યું થાતું હોય તો, ઇચ્છાવિણ કેમ મરે;
પાપની પોઠો ભરીને પાપી, મરી નરક અવતરે. ફોગટ૦ ૧
મરણુ કાળ જબ આવે પાસ તબ, હાય હાય ઉચ્ચરે;
હાથ ઘસંતાં જાત પરભવ, ઠામ કદી નહિ ઠરે. ફોગટ૦ ૨
માંહ્યની રૂદ્ધિ તારી પાસ જાણી, ભ્રમણા ભાઈ પરિહરે;
'બુદ્ધિસાગર' આત્મધ્યાને, વાઞ્ચ્છત કારજ સરે. ફોગટ૦ ૩

( વિજાપુર )

# " निर्भय देशनारे वासी आतम "–पद.

(૧૧)

(મનસા માનલિનીએ જીવો ગોરખ–એ રાગ.)

નિર્ભય દેશનારે વાસી આતમ, પડે શું માયા જાળમાં,
અસંખ્ય પ્રદેશી દેશ ત્હારો, નિરાકાર ગુણવાનજી;
જરા મરણુ નહીં દેશમાં તે, નિશ્ચલ સુખનું ઠાણુ. નિર્ભય૦ ૧
રોગ શોગ વિયોગ નહિ જ્યાં, મમતાને અભિમાનજી;
પ્રતિ પ્રદેશે સુખ અનંતુ, સમતા અમૃત પાન. નિર્ભય૦ ૨
જ્ઞાન ગુણુથી દેશમાં નિજ, ભાસે સર્વ પદાર્થજી;
નિત્ય અવિચલ દેશ તારો, શુદ્ધ એ પરમાર્થ. નિર્ભય૦ ૩
જ્યોતિમાંહિ જ્યોત પ્રગટે, કરતાં દેશનું ધ્યાનજી;
અનુભવવાશી ઓળખ્યો તો, આવ્યું નિજપદભાન. નિર્ભય૦ ૪
ભમો શું માયાદેશમાં ભાઇ, નહિ જ્યાં સુખનો લેશજી;
'બુદ્ધિસાગર' ચેતી લ્યો ભાઈ, પામી અવસર બેશ. નિર્ભય૦ ૫

( વિજાપુર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " निर्भय ब्रह्मरुपी तुं सदा छे "–पद.

(૧૨)

(રાગ ઉપરનો)

નિર્ભય બ્રહ્મરૂપી તું સદા છે, શોધતો ક્યાં અન્યમાં;
ઉપાદાન કારણથકી નહીં, ભિન્ન તું કો કાલમાં,
શુદ્ધ મારગ ઓળખીને, ઉલટ મારગ મા ચાલ. નિર્ભય૦ ૬
ઝાંઝવાના પાણી જેવી, જુઠી માયા જાલજી,
ભ્રમણામાં ભુલી વાલ્હમ, ધૂલી શિર મા ડાલ. નિર્ભય૦ ૭
સુરજ વાદલ વીંટીયો પણ, કદી નહીં બદલાયજી
ધ્યાનવાયુ યોગે તારૂં, શુદ્ધ રૂપ પ્રગટાય. નિર્ભય૦ ૮
આપો આપ વિચાર હંસા, સોઽહં સોઽહં ધ્યાનજી;
'બુદ્ધિસાગર' આતમા સો, શુદ્ધ બુદ્ધ ભગવાન્. નિર્ભય૦ ૯

( વિદ્યાપુર. )

# " साधुभाई समरस अमृत पीवो "–पद.

(૧૩)

સાધુભાઈ સમરસ અમૃત પીવો. જન્મ જરા મરણાદિક વારી,
આદિ અનન્ત સ્થિતિ જીવો. સાધુ૦ ૧
અસ્તિ નાસ્તિ સ્યાદ્વાદ સ્વરૂપી, અનેકાન્ત મત સમજો,
ગુણપર્યાય સ્વરૂપ વિચારી, આતમ દ્રવ્યે રમજો, સાધુ૦ ૨
પંચદ્રવ્યથી ભિન્ન વિચારી, પર ઉપયોગ ન દીજે;
પક્ષાષ્ટક સોઽહં પદ સમરો, અનહદ આનંદ લીજે. સાધુ૦ ૩
ચાર નિક્ષેપે ચરણ વિચારી, નિજપદ સ્થિરતા કીજે;
ભય ચંચલતા પર ગ્રાહકતા, તેથી દૂર રહીજે. સાધુ૦ ૪
પંકજ જલથી રહે જેમ ન્યારૂ, તેમ પર પુદ્ગલ ન્યારો;
અન્તર્ દૃષ્ટિ સદા સ્થિરતામાં, સો પરમાતમ પ્યારો; સાધુ૦ ૫
નિર્મલ નિશ્ચય નિત્ય નિયામક, સાતનયે જેહ જાણે;
'બુદ્ધિસાગર' આતમરાયા, સો ચઢતે ગુણઠાણે. સાધુ૦ ૬

( વિજાપર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " अनुभव आतमानी वात करतां "–पद.

(૧૪)

અનુભવ આતમાની વાત કરતાં, લહેરી સુખની આવશે;
રોગી નહીં તું ભોગી નહીં તું, જાડો નહીં તલભારજી;
દેહમાં વસીયો માયા રસીયો, અનુપયોગે ધાર, અનુભવ૦ ૧
તુજથી સહુ શોધાય વ્હાલા, આદિ નહીં તુજ અંતજી;
માયામાં મસ્તાન થઈ તું, લાખચોરાશિ ભમંત. અનુભવ૦ ૨
પરસ્વભાવે ભાન ભૂલી, ઠર્યો નહીં એક ઠામજી;
પાદ હેઠળ રૂદ્ધિ પરગટ, દેખે નહીં દુઃખ ધામ. અનુભવ૦ ૩
દેવ સાહિબ રીઝીને તને, આપી નરની દેહજી:
સાધ્ય સિદ્ધિ સાધીલે તું, માગ્યા વરશ્યા મેહ. અનુભવ૦ ૪
સોઽહં સોઽહં ધ્યાન લાગે, જાગે આતમ જ્યોતજી;
બુદ્ધિસાગર ભાનુ પ્રગટે, થાય ભુવન ઉદ્યોત. અનુભવ૦ ૫

( વિજાપુર. )

# " अलख देशमें वास हमारा. "–पद.

(૧૫)

અલખ દેશમેં વાસ હમારા, માયાસે હમહે ન્યારા;
નિર્મલ જ્યોતિ નિરાકાર હમ, હરદમ હમ ધ્રુવકા તારા. અ૦ ૧
સુરતા સંગે ક્ષણુ ક્ષણુ રહેણા, દુનિયાદારી દૂર કરણી;
સોહંજાપકા ધ્યાન લગાના, મોક્ષ મહાલકી નિસ્સરણી. અ૦ ૨
પઢના ગણુના સબહી જુઠા, જબ નહીં આતમ પિછાના;
વરવિના કયા જાન તમાસા, લુણબિન ભોજનકું ખાના. અ૦ ૩
આતમજ્ઞાન વિના જન જાણો, જગમાં સઘળે અંધિયારા;
સદ્ગુરૂસંગે આતમધ્યાને, ઘટભિંતરમે ઉજીયારા. અલખ૦ ૪
સબસે ન્યારા સબ હમમાંહિ, જ્ઞાતાજ્ઞેયપણા ધારે;
બુદ્ધિસાગર ધન ધન જગમે, આપ તરે પરકું તારે. અલખ૦ ૫

( વિજાપુર. )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " अनुभव आतम वातो करीए. "–पद.

(૧૬)

(હેઓભાઇ મહાવિકલ સંસારી–એ રાગ.)

અનુભવ આતમ વાતો કરીએ, સદ્ગુરૂ સંગે જ્ઞાન વિચારી;
પરપરિણુતિ પરિહરીએ અનુભવ૦ ૧
મારૂં તારૂં પરમાં માની, ભવજલધિ કેમ તરીએ;
પ્રતિ પ્રદેશે કર્મ વર્ગણા; વાર અનંતિ વરીએ. અનુભવ૦ ૨
આચ્છાદિત આતમની રૂદ્ધિ, ભૂલ્યો ભવજલ દરીએ;
ઉત્પત્તિ સ્થિતિ વ્યયને વિચારી, અંતર દૃષ્ટિ ધરીએ. અનુભવ૦ ૩
નયનિક્ષેપે આતમ જાણી, કઠિન કર્મ નિર્જરીએ;
બુદ્ધિસાગર અચળ મહોદય, શાશ્વત શિવપદ વરીએ. અનુભવ૦ ૪
(વિજાપુર.)

# " नगुरानो सङ्ग न कीजेरे. "–पद.

(૧૭)

ધન્યાશ્રી.

નગુરાનો સંગ ન કીજેરે, સંગતથી ગુણ જાય. નગુરા.
કોળાની સંગતથકીરે, વાસ કણીકનો જાય;
ગંગાજલ જલધિ મળ્યુંરે, તુરત ગુણ પલટાય, નગુરાનો૦ ૧
સડેલ પાનના સંગથીરે, શુભ પાન વિણશાય;
કાગ સંગથી હંસલોરે, મૃત્યુ અવસ્થા પાય. નગુરાનો૦ ૨
સંગત જેવી પ્રાણીનેરે, તેવો તે થઇ જાય,
વેશ્યાની સંગતથકીરે, વિષયે મન લલચાય. નગુરાનો૦ ૩
સત્ય તત્ત્વ સમજે નહીં રે, સત્ય માર્ગ અજ્ઞાન;
આપમતિએ ચાલતારે, બુદ્ધિહીન નાદાન. નગુરાનો૦ ૪
સંગત તેની વારીએરે, કરીએ સદ્ગુરૂ સંગ,
શાસ્ત્રોથી પણ સંગનોરે, ચોલ મજીઠ સમરંગ. નગુરાનો૦ ૫
પ્રેમે સંગતિ પારખીરે, કરીએ મન વિશ્વાસ;
બુદ્ધિસાગર ટેકથીરે, રહીએ સદ્ગુરૂપાસ. નગુરાનો૦ ૬
(વિજાપુર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " सुगुरानी सङ्गत कीजेरे "–पद.

(૧૮)

રાગ ધનાશ્રી.

સુગુરાની સંગત કીજેરે, સંગતથી ગુણુ થાય.–સુગુરા૦
પાર્શ્વમણિના સંગથીરે, લોહ તે સોનું થાય.
ઇયિળ ભમરી સંગથીરે, ભમરીનું પદ થાય. સુગુરા૦ ૧
સુસંગતથી ગુણુ વધેરે, દોષો દૂરે જાય;
ભ્રાન્તિ ભ્રમણા સહુ ટળેરે, સત્યરૂપ પ્રગટાય. સુગુરા૦ ૨
ભ્રમણામાં દુનિયા ફરેરે, માને દુઃખમાં સુખ;
સ્વપ્ન સુખલડી ભક્ષતાંરે, ક્યાંથી ? ભાગે ભુખ. સુગુરા૦ ૩
યથામતિ રૂચિથકીરે, જેવી સંગત થાય;
તન્મયવૃત્તિ ફેરથીરે, શુદ્ધજ્ઞાન ન ગ્રહાય. સુગુરા૦ ૪
દુર્લભ દેવારાધનારે, દુર્લભ સદ્ગુરૂ સેવ,
સદ્ગુરૂ સેવન ભક્તિથીરે, પામો અમૃત મેવ. સુગુરા૦ ૫
જેની જેવી યોગ્યતારે, તેવો આપે બોધ;
બુદ્ધિસાગર સેવીએરે, સદ્ગુરૂની કરી શોધ. સુગુરા૦ ૬

( વિજાપુર )

# " परघर भटकत सुख न स्वामी "–पद.

(૧૯)

( સોવે સોવે સારી રેનગુમાઈ–એ રાગ.)

પરઘર ભટકત સુખ ન સ્વામી, વિનતિ ધાર મુજ અંતર્યામી,
પરઘર—
કાલ અનાદિ ભટકયો વ્હાલમ, સ્વપ્નામાં પણ સુખ ન દીઠું,
અશુદ્ધપરિણુતિ કારજ એ સહુ, ભ્રાન્તિથી મનમાને મીઠું. પ૦
ઢાળ અનાદિ પડયો નહીં છુટે, નિર્મલ નિજધન ચોરો લુંટે,
આત્મિક સહજ સ્વભાવે પાવે, ચેતન શક્તિ સહજ વિખુટે. પ૦
ક્ષાયિક પઞ્ચક લબ્ધિ ભોગી, યોગી પણ જે સહજ અયોગી,
સ્થિતિ સાદિ અનન્ત વિલાસી, આવિર્ભાવે શુદ્ધ પ્રકાશી. પ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાતાં નિર્મલ ધ્યાન પ્રભાવે, નિજઘર સાહિબ ક્ષણુમાં આવે;
બુદ્ધિસાગર અવસર પામી, ધ્યાનાનન્દી પદ નિજગાવે. ૫૦
( વિજાપુર )

## " अवधूत अनुभव पद कोइ रोगी. "–पद.

(૨૦)

અવધૂત અનુભવ પદ કોઈ રોગી, દૃષ્ટિ અન્તર્ જસ જાગી. અ.
જલ પંકજવત્ અન્તર્ ન્યારા, નિદ્રા સમ સંસારા;
હંસ ચગ્-ચુવત્ જડચેતનકું, ભિન્ન ભિન્ન કર ધાર્યા. અવ૦ ૧
પુદ્ગલ સુખમેં કબહુ ન રાચે, ઔદયિક ભાવે ભોગી;
ઉદાસીનતા પરિણામે તે, ભોગી નિજધન યોગી અવ૦ ૨
ક્ષાયોપશમિક ભાવ મતિશ્રુત, જ્ઞાને ધ્યાન લગાવે;
આપહિ કર્ત્તા આપ અકર્ત્તા, સ્થિરતાએ સુખ પાવે. અવ૦ ૩
કારક ષટ્ ઘટ અન્તર્ શોધે, પરરિણુતિકું રોધે;
બુદ્ધિસાગર ચિન્મય ચેતન, પરમાતમ પદ બોધે. અવ૦ ૪
( વિજાપુર )

## " सुख दुःख भोगववां जीव पडे. "–पद.

(૨૧)

( અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ. )

સુખ દુઃખ ભોગવવાં જીવ પડે, કર્યું દૈવ ક્ષણુમાં આવીને અડે,
થનાર હોય તે થાય એણિપરે જેમ, ગજેન્દ્ર કાંઠુ ગળે,
કર્મનો ધાર્યો મનસુબો ભાઈ, બ્રહ્માથી નહીં ફરે. કર્યું૦ ૧
કનક કોટિ પ્રાપ્ત કરવા, કોઈક દ્વીપ સગ્-ચરે
વહાણુમાંહિ બેશી જાતાં, અર્ધ પન્થમાં મરે. કર્યું૦ ૨
એક પિતાના પુત્ર બેને, જનની સાથે જણે,
એક નિરક્ષર મૂર્ખ રહેવે, જ્ઞાની જગ એક ભણે. કર્યું૦ ૩
આમ્ર કેરી લુંબ લેવા, કોઇક ઝાડે ચડે;
આયુષ્ય અવધિ આવી હોય તો, પલકમાંહિ પડે. કર્યું૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થનાર હોય તે થાય જીવડા, શિદને કલ્પના કરે;
બુદ્ધિસાગર આત્મધ્યાને, વાઞ્છિત કારજ સરે. કર્યું૦ ૫
(વિજાપુર.)

## " नहि अलख लख्या कदि जावेरे. "–पद.

(૨૨)

નહિ અલખ લખ્યા કદિ જાવેરે, કોઇ અનુભવી મનમેં ભાવે;
મન વાણી કાયાસેં ન્યારા, નિરાકાર નિર્ધારા;
જાતિ લિંગ વચન નહિ જામે, સોહિ સાહિબ દિલપ્યારારે. કો. ૧
સ્યાદ્વાદ સત્તાએ પૂરા, કોઈ ન વાતે અધૂરા;
કાયરસેં તે રહેવે દૂરા, પામે ચિદ્ઘન જન જે શૂરારે. કોઇ૦ ૨
ભેદ જ્ઞાન રવિ અન્તર્ પ્રગટે, મોહ તિમિર સહુ વિઘટે;
આતમ તે પરમાતમ રૂપે, ઇયળ ભૃંગ જયું ચટકેરે. કોઇ૦ ૩
સદ્ગુરૂ સંગે અમૃત પામી, રોગ શોગ સહુ વામી;
બુદ્ધિસાગર નિર્ભય ખેલે, ધ્યાને સદા નિર્નામીરે. કોઇ૦ ૪
(વિજાપુર.)

## " साधु भाइ अलख निरञ्जन सोऽहं "–पद.

(૨૩)

સાધુ ભાઇ અલખ નિરઞ્જન સોઽહં;
પઞ્ચભૂતસેં ન્યારા વર્તે, પૂછો અન્તર્ કોઽહં. સાધુ૦ ૧
રૂપાતીત સ્વરૂપી પરગટ, રૂપારૂપ પ્રકાશી;
સહજ સ્વભાવે સમતા સારી, અત્યાનંદ વિલાસી. સાધુ૦ ૨
સબ રૂદ્ધિ ઘટ અંતર્ તેરા, ખોજત મિટત અન્ધેરા;
અગમપંથકા વાસી હંસા, ક્યા માને જગ મેરા. સાધુ૦ ૩
અનેકકું એકમાંહિ સમાવી, સ્થિર દૃષ્ટિથી ધ્યાવે;
નિર્મલ નિર્ભય નિશ્ચય નિરખી, આપોઆપ સુહાવે. સાધુ૦ ૪
એક મિલ્યા તબ સબકું છાંડયા, દુર્ઘટ ઘાટ ઓળંઘી;
બુદ્ધિસાગર નિર્ભય ખેલે, સમતાનંદ તરંગી. સાધુ૦ ૫
(વિજાપુર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "साधुभाइ ध्यान समाधि वरीजे"–पद.

(૨૪)

સાધુભાઈ ધ્યાન સમાધિ વરીજે, આત્મ સમાધિ પાકર પ્રેમે, ભવ
જલધિકું તરીજે. સાધુ૦ ૧
અસંખ્ય પ્રદેશી આપોઆપે, સ્થિર ઉપયોગે ભાસે;
સ્વપ્નદશાસમ સંસારે તબ, મનડું કબહુ ન વાસે. સાધુ૦ ૨
બાહિર્ વાસકું ત્યાગી અન્તર્, શુદ્ધ વાસમાં વસીએ;
અખેદ પ્રવૃત્તિ નિર્ભયરૂપે, કરતાં લેશ ન ખસીએ. સાધુ૦ ૩
અનુભવ દર્શન દૃષ્ટા પામી, વીર્યોલ્લાસ વિકાસે;
સહજ સ્વરૂપ રૂપારૂપી, જ્ઞાતાજ્ઞેય પ્રકાશે. સાધુ૦ ૪
જ્યાં લોં અંતર્ તત્ત્વ ન ધ્યાવે, ત્યાં લોં સુખ નહિ પાવે;
અંતર્ શોધી બોધી પદ નિજ, સત્યાનન્દ કહાવે. સાધુ૦ ૫
નામ યોગથી કાજ ન સીજે, યું સાહિબ કયું રીઝે;
સદ્ગુરૂસંગે રહીએ નિશદિન, અનુભવ પ્યાલા પીજે. સાધુ૦ ૬
ષડ્ દર્શનકા ઝઘડા ભેદી, થાવે ચિદ્ઘન વેદી;
છેદી કર્માષ્ટકકા ઝઘડા, કબહુ ન હોવત ખેદી. સાધુ૦ ૭
બૂઝો પૂજો આતમ પદકું, ભોગી પણ તે અભોગી;
બુદ્ધિસાગર શિવપદ સાધે, તો નિશ્ચયથી યોગી. સાધુ૦ ૮
(ઇડર.)

---

## "साधुभाइ समय सुधारस पीजे"–पद.

(૨૫)

સાધુભાઈ સમય સુધારસ પીજે, અન્તર્ આતમ હીરો
પરખી, સુખકર તેહ ગ્રહીજે સાધુ૦ ૧
શુદ્ધ સ્વરૂપી રૂપારૂપી, નિત્યાનિત્ય વિલાસી;
પર પુદ્ગલથી ન્યારો વર્તે, લોકાલોક પ્રકાશી સાધુ૦ ૨
અન્તર્ અખય ખજાનો ભારી, વર્તે છે સુખકારી
લક્ષ્ય લગાવી લેવો ભાઈ, સમજો નરને નારી. સાધુ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદક આતમ પણ નહિ વક્તા, અનુભવ અન્તર્ ધારો,
ખેલે આતમ આપ સ્વભાવે, તો હોવે ભવપારો. સાધુ૦ ૪
જો સમજે તો સમજી લેને, મળિયું ઉત્તમ ટાણું,
જેવું ઉત્તમ ષડ્રસ ખાણું, તેવું શિવ વહુ આણું, સાધુ૦ ૫
નિજ પદવાસી તું વિશ્વાસી, છે તું ગુણગણ રાશિ;
બુદ્ધિસાગર આતમ ધ્યાને; ઝગમગ જ્યોતિ વિલાસી સાધુ૦ ૬
( ઈડર )

## " एणीपेरे ध्यान धरीजे घट अन्तर् "–पद.

(૨૬)

એણીપરે ગોઠકી જે નર માંહિલા એણીપરે એ રાગ

એણીપેરે ધ્યાન ધરીજે ઘટ અન્તર્, એણીપેરે ધ્યાન
ધરીજેરે–હેજી.
મનકર વશમે ને તનકર કબજે, આતમરૂપ સમરીજેરે હેજી;
આસન મારી આશા મારી, સમતાભાવ વરીજે. ઘટ૦ ૧
સ્થિર ઉપયોગ કરી ધ્યાવો નરમાંહિલા, ચિત્ત પરમાં નવી દીજેરે હેજી.
અસંખ્યપ્રદેશી પરમાતમ સો, પોતાનાપર રીજે. ઘટ૦ ૩
જિન કેમ દીન થાય ગ્રહ્યું નિજ પદ તબ, ઝગમગજ્યોતિજગાવેરેહેજી.
બુદ્ધિસાગર નિર્ભય દેશી, સમજે તે નર પાવે. ઘટ૦ ૩
( ઈડર )

## " एणीपेरे प्रभु समरीजे घट अन्तर् "–पद.

(૨૭)

( રાગ–ઉપરનો. )

એણીપેરે પ્રભુ સમરીજે ઘટ અન્તર્, એણીપેરે પ્રભુ
સમરીજેરે હેજી;
ક્રોધ કપટ કજીયાથી અળગા, રાગ દ્વેષ દૂર કીજેરે, હેજી;
વાળી ચિત્ત પરમાંથી પ્રેમે, અન્તર્ સુરતા દીજે. ઘટ૦ ૧
અલખ અરૂપી અજરામર હરદમ, સ્મરતાં દિલ ઉજીયારીરે, હેજી;
ધ્યાન કરંતાં ત્રિભુવન સાહિબ, આપે શિવસુખ ભારી, ઘટ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે યોગાભ્યાસ કરીને, જીવ શિવરૂપતા પાવેરે, હેજી;
બુદ્ધિસાગર સમજે તેને, ભવ ભ્રમણા દૂર જાવે. ઘટ૦ ૩
( ઈડર )

## " गुरु विना कोइ तत्त्व न पावेरे."–पद.

(૨૮)

ગુરૂ વિના કોઈ તત્ત્વ ન પાવેરે, ભટકત ભટકત દેશોદેશે;
જ્યાં ત્યાં ગુરૂની બુદ્ધિ ધારી, વન્દન કરવા દોડે;
નીચ કુગુરૂનો સંગ કરીને, ફોગટ માથું ફોડે. ગુરૂ૦ ૧
ધોળું તેટલું દૂધ ગણીને, નિજબુદ્ધિથી ચાલે
આક ગોદુધ ભેદ ન જાણે, ચાલે ડાક ડમાલે. ગુરૂ૦ ૨
અન્તર્ તત્ત્વ વિના જગ મૂઢા, ગુરૂનું નામ ધરાવે;
ભોળાજન ભરમાવી પોતે, દોડી દુર્ગતિ જાવે. ગુરૂ૦ ૩
સદ્ગુરૂ શ્રદ્ધાવણુ આ જગમાં, કદિ ન આવે પારો;
જ્યાં ત્યાં જાવે ત્યાં તે તેવો, એ મૂરખનો ધારો. ગુરૂ૦ ૪
આતમજ્ઞાની સદ્ગુરૂજીના, ધરો મનમાં વિશ્વાસા;
બુદ્ધિસાગર આપસ્વભાવે, થાવે સદ્ગુરૂ દાસા. ગુરૂ૦ ૫
( વિજાપુર )

## " दुनिआ छे दिवानीरे."–पद.

(૨૯)

(રાગ ધીરાનો)

દુનિયા છે દીવાનીરે, તેમાં શું તું ચિત્ત ધરે,
જોને જરા જાગીરે, માયામાં મુંઝી શાને મરે; દુનિયા૦
દુનિયાદારી દુઃખ કરનારી, દૃષ્ટિ ફેરે ફેર.
જેવી દૃષ્ટિ તેવો તું છે, સમજે નહિ તો અન્ધેર;
માયાના બાંધ્યા જીવોરે, કારજ કાજે કરગરે. દુનિયા૦ ૧
દુનિયા જીતી નહિ જીતાશે, તેમાં રાખે ચિત્ત,
જશ અપજશમાં મનજો વર્તે, તો નહિ થાય પવિત્ત;
જગતભાન ભૂલેરે, કારજ સહુ સહેજે સરે. દુનિયા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘડીમાં સારો ઘડીમાં ખોટો, દુનિયા બોલે બોલ,
ખોટાને સારો કોઇ કહેવે, કોણ કરે તસ તોલ;
સમજીને સૌ સહેવુંરે, કરશે જેવું તેવું ભરે. દુનિયા૦ ૩
સ્વપ્ના જેવી દુનિયાદારી, દર્પણમાં મુખ છાય,
આત્મવિના પુદ્દગલમાં ખેલે, સુખ કદાપિ ન થાય;
સમજો સમજુ શાણારે, ચિદ્દઘનઅર્થી શાન્તિ વરે. દુનિયા૦૪
સૌથી ન્યારો ચિ ઘન પ્યારો, અન્તર્ આતમ લેખ,
પરમાતમ પરગટ પોતે તું, શુકલ ધ્યાને દેખ;
બુદ્ધિસાગર સમજીરે, વળજો ચિદાનન્દ ઘરે. દુનિયા૦ ૫
(પેથાપુર.)

---

## “अनुभवी आवोरे.”–पद.

(૩૦)

(રાગ ધીરાનો)

અનુભવી આવોરે, અનુભવ વાત કરો,
માયાની ભૂલ ભાગીરે, દેખાડો શિવમાર્ગ ખરો;
ચરમ નયણથી મારગ જોતાં, મારગ નાવે હાથ;
બાહિર્ નયણે મારગ જોતાં, ભૂલ્યો ત્રિભુવન નાથ.
માયાની મોજ મારીરે, તેને હવે અપહરો. અનુભવી૦ ૧
ભૂલ્યો ઝૂલ્યો ભવમાં ભારે, ખરે દિવસ અન્ધાર,
અન્ધારે અથડાણો જ્યાં ત્યાં, લાખ ચોરાશિ મઝાર;
આડો અવળો દોડયોરે, વિનતડી દિલ ધરો. અનુભવી૦ ૨
ખાવું પીવું મન નવી ભાવે, સમજું તોપણ મૂઢ,
મુજ મન કોઇ ન તુમ વિણ જાણે, એ અન્તર્નું ગૂઢ;
ગપ્પા હાંકી ગાયોરે, કારજ મુજ કો ન સર્યો. અનુભવી૦ ૩
જ્યાં ત્યાં જાઈ પૂછું તુજને, વિરલા જાણે તુજ;
તુજ વિણ મન્દિર શૂનું લાગે, પાડે ન કોઈજન સુજ;
કુગુરૂએ ઘેર્યોરે, અજ્ઞાને હું લડથડયો. અનુભવી૦ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવીએ અનુભવ આપ્યો, અન્તર્નયણે દેખ,
બુદ્ધિસાગર અગમ પન્થમાં, સરખા આતમ લેખ;
સદ્ગુરૂના સઙ્ગેરે, મુક્તિ સુખ સહેજે વરો. અનુભવી૦ ૫
(પેથાપુર)

## "अज्ञानी अथडाणारे."—पद.

(૩૧)

અજ્ઞાની અથડાણારે, સત્ય નવી સમજી શકે;
પોતની હઠ પકડીરે, મનમાને તેવું બકે; અજ્ઞાની૦
સત્ય ન શોધ્યું અન્તર્ નયણે, જડમાં માને ધર્મ;
ધર્મ મર્મનો ખ્યાલ કરે નહિ, બાંધે ઉલટાં કર્મ;
અન્ધારૂં અજવાળેરે, કહો કેમ ટકી શકે. અજ્ઞાની૦ ૧
જાનડીયા જેમ વર વિન તેમ, જ્ઞાની વિના ગ્રન્થ;
નાક વિના જેમ મુખ ન શોભે, અનુભવી વિણ તેમ પન્થ;
છીપ રૂપા જેવીરે, આઘેથી જોતાં ચકચકે. અજ્ઞાની૦ ૨
આપમતિ ત્યાં યુક્તિ ખેંચી, મતની તાણાતાણ,
કરતા કર્મ વધારે લોકો, સાતનયોના અજાણ;
જ્ઞાનીની આગળ આવીરે, કહો કેમ કરી ટકે. અજ્ઞાની૦ ૩
ભૂલ્યો કહેતાં ભૂલ ન ભાગે, પ્રગટે જો ઘટજ્ઞાન,
ત્યારે ભ્રમણા ભ્રાન્તિ ભાગે, આવે આતમ જ્ઞાન;
બુદ્ધિસાગર બોધેરે, અન્તર્ સૂર ઝગમગે. અજ્ઞાની૦ ૪
(પેથાપુર.)

## "ज्ञानीनी सङ्ग सारीरे."—पद.

(૩૨)

રાગ ઉપરનો.

જ્ઞાનીની સઙ્ગ સારીરે, સમજજો નરનારી,
જંગમ કલ્પ વલ્લિરે, જ્ઞાનની સઙ્ગ નિર્ધારી,
પત્થર પત્થર રત્ન ન હોવે, યુગે યુગે નહિ દેવ;
ઠામ ઠામ નહિ કલ્પવૃક્ષ ભાઇ, તેમ જ્ઞાની ગુરૂ મેવ,
પાપ પલમાં કાપેરે, દેખાડે શિવપુર બારી. જ્ઞાની૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘટમાં પરમાતમ દેખાડે, શાશ્વત સુખ ભણ્ડાર,
અનુભવ જ્ઞાને સ્થિરતા આપે, ભય ચગ-ચલતા વાર;
વાસનાવિષ વારીરે, આપે પદ અનહારી. જ્ઞાની૦ ૨
પાર્શ્વમણિથી પણ ચઢિયાતા, જ્ઞાની સદ્ગુરૂ સન્ત,
અર્પે આતમરૂપ બરોબર, કરી મિથ્યાત્વનો અન્ત;
મિથ્યા ટેવ વારીરે, શુદ્ધ પદે ચિત્ત ઠારી. જ્ઞાની૦ ૩
મહાતીર્થ મહાદેવ મહેશ્વર, કરો જ્ઞાનિની સઙ્ગ;
આપોઆપ સ્વરૂપે વર્તો, પામી અનુભવ રઙ્ગ;
બુદ્ધિસાગર બોધેરે, અન્તર્ ઘટ ઉજિયારી. જ્ઞાની૦ ૪

(પેથાપુર.)

---

## "पत्थरना नावे बेशीरे."—पद.

(૩૭)

રાગ ઉપરનો.

પત્થરના નાવે બેશીરે, તરનાર કેણીપેરે તરે,
તેલ આશા રેતીરે, પીલે કહો કેમ સરે;
જલ વલોવો માખણ અર્થે, તેતો નિષ્ફલ જાય,
અજ્ઞાનિકુગુરૂની સઙ્ગ, તત્ત્વ કશું ન જણાય;
અન્ધાને દોર્યો અન્ધેરે, ઠામ કેણીપેરે ઠરે. પત્થર૦ ૧
બાવળીયાને બાથ ભરો પણ, સરે ન કાર્ય લગાર,
ઠુંઠાંની કદિ પાન ન બનશે, ખર લીંડે પાપડસાર;
જોઇને તમે જોજોરે, કુગુરૂઓ ઘરોઘરે. પત્થર૦ ૨
ખારા જલથી તૃષા ન ભાગે, કુચકા ભક્ષે ભુખ,
જુઓ વિચારી મનમાં સમજુ, ઉલટું થાવે દુઃખ;
સડેલ શઠની સઙ્ગરે, કહો કોઇ કેમ સુધરે. પત્થર૦ ૩
આતમ કર્મ સ્વરૂપ ન જાણે, કારણ કાર્ય સ્વરૂપ,
ગુણ પર્યાય દ્રવ્ય નહિ જાણે, તે શું ટાળે ભવ ધૂપ;
તાડ વૃક્ષ છાયારે, તાપ કેવી રીતે હરે. પત્થર૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભિક્ષુક ઘરમાં હસ્તિ બાંધ્યો, ખાવે શું ખોરાક,
બુદ્ધિસાગર એણીપેરે બોલે, કુગુરૂ છે નાપાક;
સુગુરૂને સેવેરે, પંચમીગતિ પ્રાણીવરે. પત્થર૦ ૫
(પેથાપુર.)

## "तत्त्व स्वरुपी अलख ब्रह्म तुं."–पद.

(૩૮)

તત્ત્વ સ્વરૂપી અલખ બ્રહ્મ તું, પરમાતમ પરગટ પોતે;
ઘટમાં વશીયો માયાવશથી, જડમાં નિજને શું ગોતે. તત્ત્વ૦ ૧
અજરામર અવિનાશી અરૂપી, આંખ મિંચકર અવધારો;
રટના અવિહડ પદની લાગે, તો હોવે ઘટ ઉજિયારો. તત્ત્વ૦ ૨
અવિચલ અસંખ્ય પ્રદેશી આતમ, ચિદ્‌ઘન ચેતન તું પ્યારો;
નિત્યાનિત્ય સ્વરૂપી જ્ઞાતા, અનેકાન્તમત નિર્ધારો. તત્ત્વ૦ ૩
પરમેષ્ઠિમય પરગટ પોતે, સમજ સમજ આતમદેવા;
બુદ્ધિસાગર પ્રેમ ભાવથી, કરવી તેની દિલ સેવા. તત્ત્વ૦ ૪
(ઈડરગુફા.)

## "प्रभुजी तुम दर्शन सुखकारी."–पद.

(૩૯)

પ્રભુજી તવ દર્શન સુખકારી, તવ દર્શથી આનન્દ પ્રગટે,
જગજન મઙ્ગલકારી. પ્રભુજી૦ ૧
તપ જપ કિરિયા સંયમ સર્વે, તવ દર્શનનેમાટે;
દાન ક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજઘર વાટે. પ્રભુજી. ૨
અનુભવ વિણુ કથની સહુ ફીકી, દર્શન અનુભવ યોગે;
ક્ષાયિકભાવે શુદ્ધ સ્વભાવે, વર્તે નિજગુણ ભોગે. પ્રભુજી૦ ૩
દેશ વિદેશે ઘરમાં વનમાં, દર્શન નહિ પામીજે;
દર્શન દીઠે દૂર ન મુક્તિ, નિશ્ચયથી સમજીજે. પ્રભુજી૦ ૪
ચેતન દર્શન સ્પર્શન યોગે, આનન્દ અમૃતમેવા;
બુદ્ધિસાગર સાચો સાહિબ, કીજે ભાવે સેવા. પ્રભુજી૦ ૫
(અમદાવાદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "स्वप्ना जेवी दुनियादारी."–पद.

(૪૦)

અજપાજાપે સુરતા ચાલી—એ રાગ.

સ્વપ્ના જેવી દુનિયાદારી, કદિ ન તારી થાનારી;
દૃષ્ટિ ખોલીને દેખો હંસા, મિથ્યા સહુ જગની યારી. સ્વપ્ના. ૧
દર્પણમાં પ્રતિબિમ્બ નિહાળી, શ્વાન ભ્રાન્તિથી બહુ ભસ્યો;
જૂઠીમાયા જૂઠી કાયા, ચેતન તેમાં બહુ ધસ્યો. સ્વપ્ના. ૨
નિજ છાયા કૂપજલમાં દેખી, કૂદી કૂપે સિંહ પડયો;
પર પોતાનું માની ચેતન, ચાર ગતિમાં રડવડયો. સ્વપ્ના. ૩
છીપોમાં રૂપાની બુદ્ધિ, માની મૂરખ પસ્તાયો;
જડમાં સુખની બુદ્ધિ ધારી, જ્યાં ત્યાં ચેતન બહુ ધાયો. સ્વપ્ના. ૪
કુટુમ્બ કબીલો મારો માની, કીધાં કર્મો બહુભારી;
અન્તે તારૂ થશે ન કોઇ, સમજ સમજ મન સંસારી. સ્વપ્ના. ૫
જન્મ્યા તેતો જરૂર જાશે, અહીંથી અન્તે પરવારી;
સમજ સમજ મન ચેતન મેરા, બુદ્ધિસાગર નિર્ધારી. સ્વપ્ના. ૬

(અમદાવાદ.)

# "अलख अगोचर निर्भय देशी."–पद.

(૪૧)

રાગ પૂર્વનો.

અલખ અગોચર નિર્ભય દેશી, સિદ્ધ સમોવડ તું ભારી;
અનુભવ અમૃત ભોગી હંસા, અકલગતિ ધ્રુવતા તારી. અલખ. ૧
અસંખ્ય પ્રદેશે દૃષ્ટિ દેઈ, શ્વાસોશ્વાસે ઘટ જાગો;
સ્થિરતા સમતા લીનતા પામી, દૂરે પરપરિણતિ ત્યાગો. અલખ. ૨
ભેદજ્ઞાનથી ભાવો ભવિકા, આતમ રત્નત્રયી સ્વામી;
અભેદ દૃષ્ટિ અન્તર્ લક્ષી, થાવો શિવપદ સુખરામી. અલખ. ૩
ભાગ્યદશા પૂરણ જસ હોવે, આતમ ધ્યાને મન લાગે;
બુદ્ધિસાગર ધન્ય નરા જગ, પ્રણમો સન્તો દિલરાગે. અલખ. ૪

(અમદાવાદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "एवुं स्वरुप विचारो हंसा."–पद.

(૪૨)

રાગ પ્રભાતિચાલ,

એવું સ્વરૂપ વિચારો હંસા, ગુરૂતમ શૈલી ધારીરે. એવું.
પુદ્ગલ રૂપાદિકથી ન્યારો, નિર્મલ સ્ફટિક સમાનોરે;
નિજ સત્તા ત્રણ કાલે અખણ્ડિત, કબહુ રહે નહિ છાનોરે. એવું. ૧
ભેદજ્ઞાન સૂર ઉદયે જાગી, આતમ ધંધે લાગોરે;
સ્થિર દૃષ્ટિ સત્તા નિજ ધ્યાયી, પર પરિણમતા ત્યાગોરે. એવું. ૨
કર્મ બન્ધ રાગાદિક વારી, શક્તિ શુદ્ધ સમારીરે;
ઝીલો સમતા ગંગા જલમાં, પામી ધ્રુવની તારીરે. એવું. ૩
નિજગુણરમતો રામ થયો જબ, આત્મારામ કહાયોરે;
બુદ્ધિસાગર શોધો ઘટમાં, નિજમાં નિજ પરખાયોરે. એવું. ૪

(અમદાવાદ.)

## "परमपद परखेतो सुख मळे."–पद.

(૪૩)

પરમપદ પરખેતો સુખ મળે, અનાદિ દુઃખની ભ્રાન્તિ ટળે;
શુદ્ધ રૂપે ભળે ચેતના, નિજધન નિજમાં મળે,
સાધ્યલક્ષી આતમા થઈ, અકલપણે નિજ કળે. પરમ ૧
ત્યાગી થઈને ત્યાગી લે તું, અવસર આવ્યો ફળે,
બુદ્ધિસાગર જાગતાં ઘટ, કર્મનું શું વળે. પરમ ૨

(વિજાપુર.)

## "वीर प्रभु व्हालारे मारा."–स्तवन.

(૪૪)

વીર પ્રભુ વ્હાલારે મારા, લાગે મનમાં અતિશય પ્યારા. વીર.
ત્રિશલા નન્દનરે જ્ઞાની, પાંત્રીશ ગુણથી શોભે વાણી. વીર. ૧
દુનિયાદારીરે ત્યાગી, આતમ ગુણથી પ્રીતિ લાગી. વીર.
ત્રીશે વર્ષેરે દીક્ષા, લીધી જગજન કરવા શિક્ષા. વીર. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવલ કમલારે પામ્યા, જન્મ જરાદિક દુઃખડાં વામ્યા. વીર.
બુદ્ધિસાગરરે સેવા, ભાવે કરતાં શિવ સુખ મેવા. વીર. ૩
(અ. દ. ભ.)

## "माया न मूरख तारीरे."–पद.

(૪૫)

માયા ન મૂરખ તારીરે, શું માને મારી મારી;
મારી મારી કરતાં તારી, ઉમર સહુ પરવારીરે.
માયા ન તારી. માયા.
રાવણ સરખા રાજા ચાલ્યા, ચાલ્યા રંકું ભીખારીરે;
માયા ન તારી. માયા.
જેની હાકે ધરણી ધ્રૂજે, તે પણ ચાલ્યા હારીરે.
માયા ન તારી. માયા. ૧
ડહાપણના દરિયામાં ડૂલી, શિરપર ધૂલી ડારીરે;
માયા ન તારી. માયા.
કપટ કળામાં કાળો થઇને, મારી પેટ કટારીરે.
માયા ન તારી. માયા. ૨
નિર્દય નફટ નાગો થઇને, કીધી ચોરી જારીરે;
માયા ન તારી. માયા.
દગા પ્રપઞ્ચો પાખણ્ડ માંડી, દોડયો નરકની બારીરે.
માયા ન તારી. માયા. ૩
અભિમાનના તોરે ફૂલી, વાત કરી તકરારીરે;
માયા ન તારી. માયા.
વાત વાતમાં લડી પડયો તું, ધર્મ ન હૃદયે ધારીરે.
માયા ન તારી. માયા. ૪
નિન્દામાં નિશદિન શૂરો થઈ, દોષ કર્યા તેં ભારીરે;
માયા ન તારી. માયા.
સન્તની સઙ્ગત કદી ન કીધી, પાપીથી પ્રીતિ પ્યારીરે.
માયા ન તારી. માયા. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલચુ લમ્પટ લુચ્ચો બની તેં, કરી કુસઙ્ગી યારીરે;
માયા ન તારી. માયા.
ભજન પ્રભુનું ભૂલી તેંતો, ધર્મિસંગ નિવારીરે.
માયા ન તારી. માયા. ૬
જ્ઞાનની વાત ન મનમાં ગમતી, પ્યારી ઘેબર ધારીરે;
માયા ન તારી. માયા.
ફોગટ મમતામાં ફુલીને, ઉમર આખી હારીરે.
માયા ન તારી. માયા. ૭
ચેતો ચેતો ચિત્તમાં ચટપટ, સમજો નરને નારીરે;
માયા ન તારી. માયા.
આંખ મિંચાએ કશું ન હાથે, જાવું સૌ વિસારીરે.
માયા ન તારી. માયા. ૮
કરજો પરમારથથી પ્રીતિ, ગુરૂ સેવા ઉપગારીરે;
માયા ન તારી. માયા.
બુદ્ધિસાગર ધર્મીજનની, હું જાઉ બલિહારીરે.
માયા ન તારી. માયા. ૯
(અમદાવાદ)

## "परखीने लेजो नाणुंरे."—पद.

(૪૬)

પરખીને લેજો નાણુંરે, આ આવ્યું ઉત્તમ ટાણું;
ટેં ટેં કરતાં તુરત વારમાં, આવે જમનું આણુંરે. પરખીને. ૧
હેં હેં કરીને હસતાં આવ્યું, પરભવનું પસ્તાનુંરે, પરખીને.
ફૂલણ ફાંફાં મારે શું તું, પડતું રહેશે ભાણુંરે. પરખીને. ૨
શું મસ્તાનો થઇને મ્હાલે, ચાલ્યા લાખ નવાણુંરે. પરખીને.
મોહમાયાના વશમાં થાતાં, પડયું ઝાઝમાં કાણુંરે. પરખીને. ૩
માથે કાલ ઝપાટો વાગે, ઉંઘણ શું ઉંઘાણુંરે. પરખીને.
થાતાં એદી આળસનો તું, નર્કનું પામે લ્હાણુંરે. પરખીને. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુને પ્રેમે કદિ ન ભજતાં, દુઃખ વાદળ પથરાણુંરે. પરખીને.
જન્મ જરાનાં દુઃખડાં ટાળે, તો તને જોગી જાણું રે, પરખીને. ૫
હાહા કરતાં વર્ષોગાળે, આત્મિકધન ભૂલાણુંરે, પરખીને.
બુદ્ધિસાગર ચેતો ચેતન, અન્તર્ ગાવો ગાણુંરે. પરખીને. ૬

( અમદાવાદ. )

## “जागो जोगी अलख स्वरुपी.”–पद.

(૪૭)

રાગ મરાઠી સાખી.

જાગો જોગી અલખ સ્વરૂપી, પૂર્ણાનન્દ વિલાસી;
નિજપદમાંહિ વાસ તમારા, જ્ઞાતા જ્ઞેય પ્રકાશી,
ખેલો આતમરે અવસર આવ્યો સારો,
જુગો જુગ તુંહિ મન પ્યારો–ખેલો૦ ૧
ચિદ્ઘન શુદ્ધ સ્વરૂપે સોહે, મુનિજનનાં મન મોહે;
દિનમણિ ત્રણ ભુવનમાં તું છે, પોતે પોતાને ઓહે. ખેલો૦ ૨
અન્તર્ ધન પરખીલે તારૂં, સારામાં જે સારૂં;
તન્મય વિશ્વાસી થા તેનો, પ્યારામાં જે પ્યારૂં. ખેલો૦ ૩
ભૂલી દુનિયાના ડહાપણને, વળજે સવળી વાટે;
ઉંઘીશ નહિ તું અગમપન્થમાં, માલ છે માથા સાટે. ખેલો૦ ૪
હાથે નહિ તે સાથે કરવું, અદ્ભુત એહ તમાસા;
પામ્યા અનન્તા પામે તેને, તે પદના તું પ્યાસા. ખેલો૦ ૫
ચિન્તામણિ નિર્ધનના હાથે, તે તો કબહુ ન ચડશે;
માનો મનમાં જે તે આવ્યું, પરભવ માલુમ પડશે. ખેલો૦ ૬
ચઉટામાં મીસરી વેરાણી, કીડી કળાથી ખાવે;
કુંજર તેને ગ્રહી શકે નહિ, યોગ્યતાએ સહુ પાવે. ખેલો૦ ૭
જેના માથે સદ્ગુરૂ નહિ છે, નગુરા ભટકે ભારે;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, સદ્ગુરૂ તરે ને તારે. ખેલો૦ ૮

( પેથાપુર. )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "अरे जीव पामर प्राणी रे."—पद.

( ૪૮ )

અરે જીવ પામર પ્રાણીરે, તારૂં કદિ ન કોઈ થાશે;
સ્વારથનું સગપણ જગમાં સૌ, જ્ઞાની એમ પ્રકાશે. અરે૦ ૧
સાંજસમે જેમ પંખી ટોળું, ભેગું બેઠું ભાવે;
વ્હાણું વાતાં નિજનિજ પંથે, એકલડાં સહુ જાવે. અરે૦ ૨
સંધ્યાની વાદળીઓ જેવું, જૂઠું માયા જાળું;
તેમાં રખડી મરતાં નાહક, સાર કશો નહિ ભાળું. અરે૦ ૩
ખોટું મોટું કરીને માન્યું, રહે ન અન્તે છાનું;
અલખ ખલકમાં સાચો સમજી, ઝાલો તેહનું બાનું. અરે૦ ૪
નરભવ દુર્લભ પ્રાણી પ્રેમે, કર પરમાતમ પ્રીતિ;
સાચો સાહિબ સત્ય સુજાડે, ટાળે ભવ ભવ ભીતિ. અરે૦ ૫
ખટપટ લટપટ ઝટપટ ત્યાગી, પરમાતમને ધ્યાવો;
બુદ્ધિસાગર શાશ્વત સુખડાં, સહેજે સન્તો પાવો. અરે૦ ૬

(અમદાવાદ.)

# "परम प्रभु घट अन्तर्मां भावो."—पद.

( ૪૯ )

પરમ પ્રભુ ઘટ અન્તર્માં ભાવો, ગાવો ધ્યાવો વધાવો. પરમ૦
પિણ્ડે પરમાતમ વસિયા તસ, પૂજા શુદ્ધ રચાવો;
સમતા જલથી પ્રક્ષાલો વિભુ, તન્મય ત્યાં થઈ જાવો. પરમ૦ ૧
ભાવ દયા ચંદનથી અર્ચો, સદ્ગુણ પુષ્પ ચઢાવો;
ક્ષાયિક સમકિત ધૂપ કરો વળી, જ્ઞાન દીપક પ્રગટાવો. પરમ૦ ૨
ક્ષાયિક ચરણનો સ્વસ્તિક કરીએ, અનુભવ નૈવેદ્ય ધરીએ;
આવિર્ભાવે આત્મિક ગુણફળ, ધરતાં મઙ્ગલ વરીએ. પરમ૦ ૩
સામગ્રી પૂજનની પામી, પૂજો અન્તર્યામી;
પૂજક પૂજ્યપણું પ્રગટાવી, હોવે ચિદ્ઘન સ્વામી. પરમ૦ ૪
ગુણસ્થાનક ચોથું પામીને, લ્યો પૂજનનો લ્હાવો;
બુદ્ધિસાગર પૂજન અર્થે, ન મળે અવસર આવો. પરમ૦ ૫

( અમદાવાદ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "गुरुगमथी भाई ज्ञान ग्रहो तुम."–पद.

(૫૦)

ગુરૂપદ.

ગુરૂ ગમથી ભાઈ જ્ઞાન ગ્રહો તુમ, ગુરૂ દેવતા ગુરૂ દીવો;
ગુરૂ આંખોને ગુરૂ છે પાંખો, ગુરૂ ગીતારથ જગ દીવો. ગુરૂ૦ ૧
ગુરૂ કૃપાથી જ્ઞાનજ પ્રગટે, વિઘટે મિથ્યા મલ ભારી;
ચિરંજીવજો ગુરૂ ગીતારથ, બૂડંતાં બેડલી તારી. ગુરૂ૦ ૨
દેવ ગુરૂ બે પાસે દેખી, વન્દો કોને પહેલા ભાઈ;
ઉપકારી ગુરૂ વન્દન પહેલું, સન્તજનોએ દિયું બતાઈ. ગુરૂ૦ ૩
ગુરૂને દેખી વન્દન કરવું, નમ્ર વચનને ઉચ્ચરવું;
હાથ જોડીને સુણો દેશના, ગુરૂ વિનયે મનડું ધરવું. ગુરૂ૦ ૪
સમકિત દાયક સદ્‌ગુરૂ દર્શન, વિધિયે કરજો નરનારી;
પ્રાણાન્તે પણ ગુરૂની આણા, લોપો નહિ હિમ્મત ધારી. ગુરૂ૦ ૫
જેના માથે સદ્‌ગુરૂ નહિ તે, નગુરા દુઃખ લહેશે ભારી;
સેવો ગુરૂને જ્ઞાનજ અર્થે, સમજ સમજ મન સંસારી. ગુરૂ૦ ૬
ગુરૂની ભક્તિ કરજો પ્રેમે, શ્રદ્ધા મન લાવી સારી;
બુદ્ધિસાગર વંદો સદ્‌ગુરૂ, હું જાવું તસ બલિહારી. ગુરૂ૦ ૭

(અમદાવાદ.)

# "तारो आतमराय."–पद.

(૫૧)

તારો આતમરાય, મહાશય તારો આતમરાય;
કાદવમાં મણિ ખરડાયો છે, સ્વચ્છ કરો ચિત્તલાય; મહા૦
આતમ હીરો ઝળકે જ્યોતે, જો જો ઘટની માંય. મહા૦ ૧
સત્ય સનાતન સુખનો દાતા, આપોઆપ કહાય; મહા૦
જેની શક્તિ પાર વિનાની, સાધનથી તે સધાય. મહા૦ ૨
જગદીશ્વર જગનાથ યુગોયુગ, જ્ઞાનથકી પરખાય; મહા૦
જેની સેવા અમૃત મેવા, જન્મ જરા દૂર જાય. મહા૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ પર્યાયનો ધારક ભાજન, સમયે સમયે થાય; મહા૦
પરમાતમ તે નિશ્ચયનયથી, ધ્યાવે તો સુખ પાય. મહા૦ ૪
વ્યવહારે શુદ્ધ વર્તે તદર્થે, ક્ષણ ક્ષણમાંહિ સદાય; મહા૦
કારણે કાર્ય મહોદય સિદ્ધિ, બુદ્ધિસાગર ગુણ ગાય. મહા૦ ૫
( પેથાપુર. )

## " मूरख जीवडा कांइ न समज्यो. "–पद.

(૫૨)

રાગ મરાઠી સાખી.

મૂરખ જીવડા કાંઈ ન સમજ્યો, પાપ કીધાં કૈ ભારી,
તપ જપ દાન ક્રિયાદિક છોડી, કીધી ત્હેં ચોરી જારી;
હવે ચેતોરે ચિત્તમાં ચતુરવિચારી, છોડી આ દુનિયાદારી. હવે. ૧
કોઇ કોઇની સાથ ન આવે, તન ધન જૂઠ કહાવે;
નાહક મમતા તેમાં રાખી, નરક નિગોદે જાવે. હવે. ૨
કીધાં વાર અનન્તિ સગપણ, લાખચોરાશી ભટકી;
તારૂં તેમાં વળ્યું શું ચેતન, લાલચમાંહિ લટકી. હવે. ૩
માયાનાં વિષ વૃક્ષો વાવે, આવે ફળતો નઠારાં;
પ્યાર કરંતાં જગમાં પરગટ, થયા જનો દુઃખિયારા. હવે. ૪
આતમ તે પરમાતમ દેહે, છે પ્રીતિ તસ સાચી;
આત્મ સમોવડ કોઇ નથી જગ, રહેજો તેહમાં રાચી. હવે. ૫
અલખ પન્થમાં અજબ તમાસા, કોઇ ન કોઇના દાસા;
બુદ્ધિસાગર અવસર પામી, ધર આતમ વિશ્વાસા. હવે. ૬
( પેથાપુર. )

## " जोई जोईने जोई में लीधूं. "–पद.

(૫૩)

રાગ મરાઠી સાખી.

જોઇ જોઈને જોઇ મેં લીધું, મનડું નિશ્ચય કીધું;
દુનિયામાં સ્વારથનું સગપણ, કારજ કાંઇ ન સિધ્યું;
મારા આતમરે સત્ય તંહિ એકીલો. તંહિ ગુરૂ તંહિ ચેલો. મા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારે જડમાં રાચી, વિષયારસમાં માચી;
ભૂલ્યો ભટકયો અટકયો લટકયો, ગણી માયાને સાચી. મા૦ ૨
શોધી શોધીને સારજ કાઢયો, સૂત્ર સિદ્ધાન્ત વિચારી;
સત્ય સ્વરૂપી તત્ત્વમસિ તું, નિરાકાર સુખકારી. મા૦ ૩
મન વાણી કાયાથી ન્યારા, ગુણ અનન્તાધારા,
પરમેશ્વર પરગટ પોતે તું, ટળતાં કર્મ વિકારા. મા૦ ૪
અદ્‌ભુત યોગી નિજગુણ ભોગી, કેવલ જ્ઞાન પ્રકાશી,
અન્તર્ ધનનો રાજા તું છે, તુજમાં મક્કા કાશી. મા૦ ૫
સામગ્રી સહુ પામ્યો હંસા, જાવે હવે શું ભૂલી;
બાજીગરની બાજીસમ જગ, અન્ત ધૂલની ધૂલી. મા૦ ૬
ભરદરિયે તેં વહાણ હંકાર્યું, શિવપુર જાવા ધાર્યું;
ભૂલ્યો તો ભટકીશ ભવમાં તું, નક્કી નશીબ પરવાર્યું. મા૦ ૭
આવ્યો અવસર ચૂક ન ચેતન, આપોઆપ તું તરશે;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, ધ્યાને કારજ સરશે. મા૦ ૮
(પેથાપુર.)

## "सुगुणा सनेहा स्वामी महेले पधारो."–पद.

(૫૪)

### સમતાએ આત્માને આપેલો ઉપાલમ્ભ.

સુગુણા સનેહા સ્વામી મહેલે પધારો,
વિનતડી અવધારો, કૃપાળુ, મહેલે પધારો.
શેરીએ શેરીએ સ્વામી પુલડાં બીછાવું,
તોરણ નવીન રચાવું. કૃપાળુ૦ ૧
વ્રત નિયમ કરી શરીર શોષાવું,
લુખાં અલુણાં ધાન્ય ખાવું, કૃપાળુ;
તારામાટે હું તો તીરથ કરતી,
ફાવે તે ડુંગર ફરતી. કૃપાળુ૦ ૨
દીવાની થઈને મેં તો દુનિયામાં ખોળ્યા,
માયાના દરિયા ડોળ્યા, કૃપાળુ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીંપળાને પાણી મેં તો પ્રેમથી રેડયાં,
ઋષિયોને પ્રેમથી તેડયા. કૃપાળુ૦ ૩
માલાના મણકા હું તો નિશદિન ગણુતી,
ગ્રન્થોને પ્રેમથી હું ભણુતી. કૃપાળુ;
ત્યાગી થઇનેરે મેં તો ચીવર ત્યાગ્યાં,
ભીક્ષાનાં ભોજન માગ્યાં. કૃપાળુ૦ ૪
વનવાસી થઈને મેં વાઘાંબર પેહેર્યું,
ચિન્તાએ મન મારૂં ઘેર્યું. કૃપાળુ;
જ્યાં ત્યાં જાવું હું ત્યાં શૂન્યજ ભાસે,
દુઃખ હું કહું કોની પાસે. કૃપાળુ૦ ૫
લાખ ચોરાશી જીવયોનિ હું ભમતી,
જન્મ જરા દુઃખ ખમતી, કૃપાળુ;
ચાર ગતિમાં મારી લાજ લુંટાણી,
દુષ્ટોએ જ્યાં ત્યાં તાણી. કૃપાળુ૦ ૬
મારી વ્હારે કોણ ચઢશે પ્રીતમજી,
બોલ્યામાં રાખું હવે શરમ શી. કૃપાળુ;
મોટાના ઘરની મારી લાજ લુંટાય,
તેમાં ફજેતી તારી થાય. કૃપાળુ૦ ૭
ઘરણી વિના તમે વેશ્યાના સંગી,
એઠું ખાઇને થયા ભંગી. કૃપાળુ;
વિષયના પ્યાલા અમી માનીને પીધા,
વેશ્યાએ હાલ બે કીધા. કૃપાળુ૦ ૮
સમજો તો સમજણ છેલ્લામાં છેલ્લી,
ગઈ વેળા ન આવે વહેલી. કૃપાળુ;
નાનો બાલુડો નથી પારણે સૂતો,
જેથી સમજતો નથી હું તો. કૃપાળુ૦ ૯
વાંક ગુન્હો શો મારોરે આવ્યો.
વૈરી વેશ્યાએ ભમાવ્યો, કૃપાળુ;
સુખ અનન્તુ ઘરમાં ન દીઠું,
વિષ્ઠાએ ભૂંડ મન મીઠું. કૃપાળુ૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ્યા તો નારી કદિ થાશે ન તારી,
વૈરિણી દુઃખ દેશે ભારી. કૃપાળુ;
મુખે મીઠી ને મન રાખે છે કાતી,
ફોલી ખાધી તારી છાતી. કૃપાળુ૦ ૧૧
ઘણું કહેતાં રે મને આંસુડાં આવે,
શરમ તને શીદ નાવે. કૃપાળુ;
કહો તો સ્વામિજી હું વૈરાગણ હોવું,
કહો તો નિશદિન રોવું. કૃપાળુ૦ ૧૨
નિર્દય થઈ તમે સામું ન જુવો,
પોતાની પત તેમાં ખુઓ. કૃપાળુ;
આવી કુલવટ તમે ક્યાંથીરે રાખી,
કયા ભગતે તે ભાખી. કૃપાળુ૦ ૧૩
દુષ્ટ ચોરોએ તમને પકડીને લુંટયા,
કષ્ટ આપીને ખૂબ કૂટયા. કૃપાળુ;
જાગીને જુઓ જરા આંખ ઉઘાડી.
દૃષ્ટિનો દોષ દૂર કાઢી. કૃપાળુ૦ ૧૪
પાયે પડીને એમ વિનતિ કરૂં છું,
ધ્યાન સદા હું ધરૂં છું. કૃપાળુ;
બોલો બોલો ને હવે ઉત્તર આપો,
ચરણ કમલમાં થાપો, કૃપાળુ૦ ૧૫
ભાન લાવીને હવે સ્વામિજી બોલે,
પ્રેમથી અન્તર્ ખોલે–
સુગુણી મારી તે મારી.
કાળ અનન્તો મેં ફોગટ ગાળ્યો,
ભાવી ટળે નહિ ટાળ્યો. સુગુણી૦ ૧૬
આડે મારગે પ્રાણપતિ પધારે,
વ્હાલી સ્ત્રી તેને વારે, સુગુણી;
આજે તેં તારી સેવા બજાવી,
ફરજ પતિની સમજાવી. સુગુણી૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ્યાનો સઙ્ગ હવે કરૂં ન શાણી,
સઙ્ગત બૂરી મેં જાણી. સુગુણી;
સમતાના સઙ્ગ એમ સ્વામિજી આવ્યા,
તત્ત્વ રમણતામાં ફાવ્યા. સુગુણી૦ ૧૮
ગુણઠાણે ચોથે સ્વામિજી ચડીયા,
વેશ્યાના હાથ હેઠે પડિયા—
અન્તર્માં જુઓ વિચારી,
ભેદ દૃષ્ટિ થઇ ભિન્નતા બોધી,
લીધું સત્યજ ઘટ શોધી. અન્તર્માં૦ ૧૯
ક્ષાયિકભાવે નિજ ઘરને તપાસી,
જ્ઞાનથી કીધું પ્રકાશી. અન્તર્માં;
ક્ષપક શ્રેણિએ મહેલે ચડંતા,
ક્ષાયિક લબ્ધિ વરંતા. અન્તર્માં૦ ૨૦
શક્તિ વ્યક્તિ ઘટ અન્તર્ જાગી,
સુખ વિલસે મહાભાગી, અન્તર્માં;
પુદ્ગલ સઙ્ગ નિવારી સ્વધામે,
તન્મય રૂપ શુદ્ધ પામે. અન્તર્માં૦ ૨૧
આતમ નરનારી સમતા સંયોગ,
ભોગવે શાશ્વત ભોગ. અન્તર્માં;
મળિયો સમય લેખે એમજ આવે,
બુદ્ધિસાગર શિવ હાવે. અન્તર્માં૦ ૨૨
( પેથાપુર. )

## " चेतन अनुभव रङ्ग रमीजे. "—पद.

(૫૫)

ચેતન અનુભવ રઙ્ગ રમીજે, આગમ દોહન અનુભવ અમૃત
યોગી અનુભવ રીજે;
અનુભવ અમૃત વહ્નિ સરખો, અનુભવ કેવલ ભાઈ;
અનુભવ શાશ્વત સુખ સહોદર, ધ્યાન તનુજ સુખદાઈ. ચેતન૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુપમ અનુભવ વર્ણન કરવા, કો ન સમર્થ કહાવે;
વચનાગોચર સહજ સ્વરૂપી, અનુભવ કોઇક પાવે. ચેતન૦ ૨
અનુભવ હેતુ તપ જપ કિરિયા, અનુભવ નાત ન જાતિ;
નયનિક્ષેપોથી તે ન્યારો, કર્મ હણે ઘનઘાતિ. ચેતન૦ ૩
વિરલા અનુભવ રસ આસ્વાદે, આતમ ધ્યાને યોગી;
આતમ અનુભવવણુ જે લોકો, શિવ સાધે તે ઢોંગી. ચેતન૦ ૪
અનુભવ યોગે આતમ દર્શન, પામી લહત ખુમારી;
બુદ્ધિસાગર સાચી વ્હાલી, અનુભવ મિત્રની યારી. ચેતન૦ ૫
(અમદાવાદ.)

# "चेतन आप स्वभाव विचारो."–पद.

(૫૬)

ચેતન આપ સ્વભાવ વિચારો, આપ સ્વભાવે ક્ષાયિક તૃપ્તિ;
આવે ભવજલધિ આરો–ચેતન૦ ૧
જ્ઞાનામૃતનું પાન કરીને, પરપરિણતિને નિવારી;
શુદ્ધચરણ ભોજનથી તૃપ્તિ, થાશે શિવ સુખકારી. ચેતન૦ ૨
આત્મગુણોથી તૃપ્તિ સાચી, જ્ઞાનીજન એમ ભાખે;
આતમધ્યાન કરે જો કોઇ, તે ઘટ અન્તર્ ચાખે. ચેતન૦ ૩
પુદ્ગલથી પુદ્ગલને તૃપ્તિ, આતમ આપ સ્વભાવે;
અનુભવ યોગે સ્થિરતા સંગે, તૃપ્તિ જન કોઇ પાવે. ચેતન૦ ૪
સ્વપ્ન સરિખી મિથ્યા તૃપ્તિ, સંસારે જન જાણો;
ભ્રાન્તિ નિવારક જ્ઞાનિઘટમાં, તૃપ્તિ વાત પિછાનો. ચેતન૦ ૫
મધુ સાકર ઘૃતથી જે તૃપ્તિ, જ્ઞાનિમન તે ખોટી;
આતમ શુદ્ધ સ્વભાવે રમતાં, તૃપ્તિ છે જગ મોટી. ચેતન૦ ૬
ઇન્દ્રાદિક પણ વિષયવિકારે, તૃપ્તિ કદાપિ ન પાવે;
આપ સ્વભાવે ધ્યાન દશામાં, તૃપ્તિ સહેજે થાવે. ચેતન૦ ૭
આતમધ્યાની નિસ્પૃહયોગી, મમતા સંગ નિવારી;
ભિક્ષુક સુખિયા જગમાં સાચા, તસ જાઉં બલિહારી. ચેતન૦ ૮
નિર્ભય નિજ દેશે છે તૃપ્તિ, ભાખે છે જિન વાણી;
બુદ્ધિસાગર અવસર પામી, તૃપ્તિ લહો ગુણ ખાણી. ચેતન૦ ૯
(અમદાવાદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "ज्ञानी विरला कोइ जगत्मां."–पद.

(૫૭)

જ્ઞાની વિરલા કોઈ જગત્માં, જ્ઞાની વિરલા કોઈ,
વહુ વિચારી જોઈ—જગત્માં–જ્ઞાની૦

કોઇ ભાષા જ્ઞાનથીરે, ધરતા મન અહંકાર;
ભાષા કારણુ જ્ઞાનનુંરે, નાવે ભાષા પાર. જગત્માં૦ ૧
વાદવિવાદે માનતારે, કોઈક સાચું જ્ઞાન;
પરપરિણુતિ પોષ્યાથકીરે, વાધે ઉલટું માન. જગત્માં૦ ૨
રાગ દ્વેષનો ક્ષય કરીરે, અર્પે આતમ ભાન;
પૂરણુ શાન્તિ જેહથીરે, જાણો સત્ય તે જ્ઞાન. જગત્માં૦ ૩
આતમ અનુભવ જ્ઞાનથીરે, નાસે ભવભય ફંદ;
બુદ્ધિસાગર પામતોરે, જ્ઞાની પૂર્ણાનન્દ. જગત્માં૦ ૪
(અમદાવાદ.)

---

## "शान्ति सदा सुखकार जगत्मां."–पद.

(૫૮)

શાન્તિ સદા સુખકાર જગત્માં, શાન્તિ સદા સુખકાર,
સેવો ચિત્તમઝાર–જગત્માં–શાન્તિ૦

ભવ જંઝાળે ભટકતાંરે, શાન્તિ હોય ન લેશ;
મન ચન્ચલતા બહુ વધેરે, ઉલટો વાધે કલેશ. જગત્માં૦ ૧
સત્તા ધન વૃદ્ધિથકીરે, હોય ઉપાધિ જોર;
ચિત્ત સ્થિરતા નહિ ભજેરે, પ્રગટે દિલમાં તોર. જગત્માં૦ ૨
દુનિયાની ખટપટથકીરે, ખટપટિયું મન થાય;
મનડું ભટકે બાહ્યમાંરે, બહિરાતમ પદ પાય. જગત્માં૦ ૩
લેશ વિકલ્પ ન ઉપજેરે, અન્તર્ વર્તે ધ્યાન;
ઉપાધિ અળગી થતાંરે, હોવે શાન્તિ ભાન. જગત્માં૦ ૪
ખારા જલના પાનથીરે, કદિ ન તૃપ્તિ થાય;
ધૂમાડા બાચક ભરેરે, હાથ કશું નહિ આય. જગત્માં૦ ૫
માયા મમતા યોગથીરે, કદિ ન શાન્તિ હોય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાન્તિ વર્તે આત્મમાંરે, નિશ્ચયથી અવલોય. જગત્માં૦ ૬
આતમધ્યાને આતમારે, શાન્તિથી ભરપૂર;
બુદ્ધિસાગર શાન્તિમાંરે, રહેવું સદા મગરૂર. જગત્માં૦ ૭
( અમદાવાદ )

## "कोइ न करशो प्रीत चतुरनर"–पद.

( ૫૯ )

કોઈ ન કરશો પ્રીત ચતુરનર, કોઈ ન કરશો પ્રીત;
પ્રીત વસે ત્યાં ભીત, ચતુરનર કોઈ ન કરશો પ્રીત.
પ્રીતિ ભવ દુઃખ મૂલ છેરે, પ્રીતિનું ફળ શોક;
પ્રીતિ કરંતાં પ્રાણીનેરે, વાધે રોગ વિયોગ. ચતુર૦ ૧
સ્વારથમાં અન્ધા બનીરે, પ્રીત કરે નરનાર;
પરપુદ્ગલની લાલચેરે, વૃદ્ધિ કરે સંસાર. ચતુર૦ ૨
સ્વારથની જે પ્રીતડીરે, તેનો અન્તે નાશ;
અનુભવીએ એ દાખવ્યુંરે, ધર તેનો વિશ્વાસ. ચતુર૦ ૩
મૂરખ સાથે પ્રીતડીરે, કરતાં નિશ દિન દુઃખ;
પણ્ડિત સાથે પ્રીતડીરે, કરતાં નિશ દિન સુખ. ચતુર૦ ૪
આતમ તે પરમાતમારે, પ્રીતિ છે તસ સાચ;
મણિસમ આતમ પ્રીતડીરે, પરપ્રીતિ જેમ કાચ. ચતુર૦ ૫
ધર્મ સ્નેહને સાચવીરે, કરીએ સજ્જન સહું;
યોગ્ય જનો લહી યોગ્યતારે, પામે અનુભવ રહું. ચતુર૦ ૬
અનુભવ રહું મજીઠ જયુંરે, આતમમાંહિ સુહાય;
બુદ્ધિસાગર હંસ જયુંરે, ચન્ચુ વિરલા પાય. ચતુર૦ ૭
(અ૦ દ૦ ભ૦ વ૦)

## "आनन्द क्यां वेचाय चतुरनर."–पद.

( ૬૦ )

આનન્દ ક્યાં વેચાય, ચતુરનર આન્દ૦
આનન્દની નહિ હાટડીરે, આનન્દ વાટે ન ઘાટ;
આનન્દ અથડાતો નહીંરે, આનન્દ પાટ ન ખાટ. ચતર૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક વિષયાનન્દમાંરે, રાચ્યા મૂરખ લોક;
જડમાં આનન્દ કલ્પીનેરે, જન્મ ગમાવે ફોક. ચતુર૦ ૨
બાલપણે અજ્ઞાનથીરે, રમવામાં આનન્દ;
ક્ષણિક આનન્દ તે સહિરે, રાચે ત્યાં મતિમન્દ. ચતુર૦ ૩
અજ્ઞાને જે ભક્તિમાંરે, માન્યો મન આનન્દ;
આનન્દ સાચો તે નહીંરે, મૂર્ખ મતિનો ફન્દ. ચતુર૦ ૪
ભેદજ્ઞાન દૃષ્ટિ જગેરે, જાણે આતમ રૂપ;
આતમમાં આનન્દ છેરે, ટાળે ભવભય ધૂપ. ચતુર૦ ૫
જ્ઞાની જ્ઞાનથકી લહેરે, શાશ્વત સત્યાનન્દ;
યોગી આત્મસમાધિમાંરે, પાવે આનન્દ કન્દ. ચતુર૦ ૬
આનન્દ, અનુભવયોગથીરે, પ્રગટે ઘટમાં ભાઇ;
સદ્ગુરૂ સઙ્કેત આપશેરે, જ્ઞાનાનન્દ વધાઇ. ચતુર૦ ૭
સદ્ગુરૂ હાટે પામશોરે, આનન્દ અમૃત મેવ;
બુદ્ધિસાગર કીજીએરે, પ્રેમે સાચી સેવ. ચતુર૦ ૮
(અ. દ. ભ. વં.)

## "अमर पद परखी लेजोरे."–पद.

(૬૧)

અમર પદ પરખી લેજોરે, પરખ્યાથી સુખ થાય. અમર૦
કોઇકિ રાચ્યા માનમાંરે, કોઇકિ રાચ્યા દામ;
પરભવ જાતાં પ્રાણીનેરે, કોઇ ન આવે કામ. અમર૦ ૧
ગાડી વાડી લાડીમાંરે, જીવો ભૂલ્યા ભાન;
વિષ્ઠાના કીડા પરેરે, પરવસ્તુ ગુલતાન. અમર૦ ૨
દુઃખસન્તતિદાવાનલેરે, કદી ન શાન્તિ થાય;
નિજપદ જાણે જે નરારે, સાચી શાન્તિ તે પાય. અમર૦ ૩
મન વચ કાયા યોગનીરે, નિવૃત્તિ જબ થાય;
અધ્યાતમ સુખ સમ્પજેરે, જન્મ મરણ દુઃખ જાય. અમર૦ ૪
સમતા સ્થિરતા સમ્પજેરે, અનુભવ જાગે જ્યોત;
વર્તે નિજપર ભિન્નતારે, થાય ભુવન ઉદ્યોત. અમર૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય વાસના પરિહરીરે, કરતાં આતમ ધ્યાન;
અજર અમર પદ ભોગવેરે, ચેતન ગુણની ખાણ. અમર૦ ૬
જ્ઞાનિ સદ્‌ગુરૂ સઙ્‌ગતેરે, હોવે આત્મપ્રકાશ;
બુદ્ધિસાગર કીજીએરે, સન્તની સઙ્‌ગત ખાસ. અમર૦ ૭
(અ. દ. ભ. વં.)

## "सदा सुखकारी प्यारीरे."–पद.

(૬૨)

સદા સુખકારી પ્યારીરે, સમતા ગુણ ભણ્ડાર—સદા૦
જ્ઞાન દશાફલ જાણીએરે, તપ જપ લેખે માન;
સમતા વિણ સાધુપણુંરે, કાસકુસુમ ઉપમાન. સદા૦ ૧
વેદ પઠો આગમ પઠોરે, ગીતા પઠો ને કુરાન;
સમતા વણ શોભે નહીંરે, સમજો ચતુર સુજાણ. સદા૦ ૨
નિશ્ચય સાધન આત્મનુંરે, સમતા યોગ વખાણ;
અધ્યાતમ યોગી થવારે, સમતા પ્રશસ્ય પ્રમાણ. સદા૦ ૩
સમતા વિણ સ્થિરતા નહીંરે, સ્થિરતા લીનતા કાજ;
સમતા દુઃખહરણી સદારે, સમતા ગુણ શિરતાજ. સદા૦ ૪
પરપરિણતિ ત્યાગી મુનિરે, સમતામાં લયલીન;
નરપતિ સુરપતિ સાહિબારે. તસ આગળ છે દીન. સદા૦ ૫
રાચી નિજપદ ધ્યાનથીરે, સેવો સમતા સાર;
બુદ્ધિસાગર પીજીએરે, સમતામૃત ગુણકાર. સદા૦ ૬
(અ. દ. ભ. વં.)

## "उठो चेतन आळस छंडी."

॥ પ્રભાતીયું. ॥

(૬૩)

ઉઠો ચેતન આળસ છંડી, ધર્મ હૃદયમાં ધારોરે;
પ્રમાદે શું પોઢયા ચેતન, જાય ફોગટ અવતારોરે. ઉઠો૦ ૧
નિદ્રા લેતાં કાળ અનંતો, ચાર ગતિમાં ભમિયોરે;
તોપણ શું તું તેના વશ થઈ, શય્યામાંહિ રમિયોરે. ઉઠો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિદ્રાને આહાર વધાર્યાં, વધતાં ચેતન જાણોરે;
તેહનો નાશ કરીને ચેતન, ધર્મ હૃદયમાં આણોરે. ઉઠો૦ ૩
શું સંસારમાં સાર વિચારી, મારૂં મારૂં કરતોરે;
મૃત્યુતણો ભય માથે ગાજે, છાયા મીષે ફરતોરે. ઉઠો૦ ૪
કર્મ કાઠીયા આતમ ધનને, નિશદિન લૂંટે પ્રાણીરે;
જાગ જાગ આતમ નિજ ભાવે, એવી જિનવર વાણીરે. ઉઠો૦ ૫
ઉઠી પ્રભાતે પાપારંભના, કામ નિવારણ કરજોરે;
ચોવીસ જિનવર સકલતીર્થને, ઘટમાંહિ ભવિ ધરજોરે. ઉઠો૦ ૬
શ્રી સંખેશ્વર સાહિબ મોરા, નામ જપું હું તોરારે;
સકલ મઙ્ગલ કર્ત્તા દુઃખ હર્તા, નાસે કર્મ કઠોરારે. ઉઠો૦ ૭
દાન શીયલ તપ ભાવના ભેદે, ધર્મ સેવન જે કરશેરે;
બુદ્ધિસાગર શાશ્વત શિવપદ, ભવસાગર ઝટ તરશેરે. ઉઠો૦ ૮

(પાદરા.)

## “ श्री अभिनन्दन स्तवन. ”

( ६४ )

અભિનન્દન જિન વંદીએ, સમતા રસ ભણ્ડારરે;
દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ સુખકારરે. અભિ૦ ૧
સુરઘટ સુરતરૂ ઉપમા, પ્રભુને કહો કેમ છાજેરે;
આત્મક સુખની આગળે, ચિન્તામણિ પણ લાજેરે. અભિ૦ ૨
લોકાલોક પ્રકાશતા, મહિમા અપરંપારરે;
તારક વારક ચઉગતિ, સત્ય સ્વરૂપાધારરે. અભિ૦ ૩
શુદ્ધ બુદ્ધ અવિનાશી તું, અવિચલ નયનાનન્દરે;
પામી સુરતરૂ પુણ્યથી, સેવે બાઉલ કોણ મન્દરે. અભિ૦ ૪
અનુપમ પ્રભુ ગુણ ધ્યાનથી, નિશદિન મનમાં રાચુંરે;
બુદ્ધિસાગર જિન ધ્યાવતાં, લાગ્યું સ્વરૂપ શુદ્ધ સાચુંરે. અભિ૦ ૫

( લોદરા. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "श्री वीरस्तुति."

(૬૫)

દુહા.

વીર જિનેશ્વર વંદીએ, ત્રિશલા નન્દન ધીર;
ભયભગ્-જન ભગવન્તજી, સર્વ વીરમાં વીર. ૧
પ્રણમું પદકજ પ્રેમથી, જયજય શ્રી જગદીશ;
અદ્ભુત ચરિત્ર આપનું, જાણું વિશ્વાવીશ. ૨
સ્મરતાં ચરિત્ર તાહ્યરૂં, ગુણ આવે નિજ અઙ્ગ;
રોમ રોમ વ્યાપે અહો, વૈરાગ્યાદિ અભઙ્ગ. ૩
ક્યાં સર્ષપ ને સુરગિરિ, તુજ મુજ અન્તર્ એમ;
વારંવાર હું વિનવું, ભાજે પ્રભુજી કેમ. ૪
નથી યોગ્યતા ધર્મની, નથી યોગ્ય ચારિત્ર;
નથી શક્તિ તુજ ભક્તિમાં, મન પણ નહીં પવિત્ર. ૫
અન્તર્ ત્યાગ ન વસ્તુનો, બાહ્ય વસ્તુમાં રાગ;
પરનિન્દા જિહ્વાગ્રહે, મનમાં કાળો કાગ. ૬
અદેખાઇ ભણ્ડાર હું, ઉપશમ નહીં લગાર;
સદા ક્રોધથી ધમધમું, પાપીનો શિરદાર. ૭
ક્ષમા નહીં તલમાત્રને, પજવું સન્ત સદાય;
પરલવરીમાં રક્ત હું, નિષ્ફલ આયું જાય. ૮
સાધુ સન્ત ન પારખું, કરૂં ન સેવા લેશ;
વાદ વિવાદે રક્ત થઈ, પામું મિથ્યા કલેશ. ૯
અહંભાવમાં વ્યર્થ હું, ગાળું નિશદિન કાળ;
સ્મરણ કરૂ નહીં તાહ્યરૂં, મુંઝી માયા ઝાળ. ૧૦
દોષ ન દેખું આત્મના, પરદોષોમાં રક્ત;
કરૂ ન ભક્તિ સન્તની, થયો કુસઙ્ગી ભક્ત. ૧૧
પરોપદેશે દક્ષતા, વાણી વદુ રસાળ;
જાણો છો જિન એ સહુ, દીનોદ્ધાર દયાળ. ૧૨
હાસ્ય કૂતુહલ મેં કર્યા, કીધાં ભક્ષ અભક્ષ્ય;
જિનવર ભાષિત ધર્મમાં, કદિ ન રાખ્યું લક્ષ્ય. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘડી ન કીધું ધ્યાન મેં, ઇચ્છયાં પૂજામાન;
કદિ ન ગાયા જ્ઞાનીને, ગાયાં કૂડાં ગાન. ૧૪
નમ્યો ન સદ્ગુરૂ દેવને, ધરી ન આણુ શીસ;
શિક્ષા દેતાં સન્તપર, કીધી મનમાં રીસ. ૧૫
જનમનરઞ્જન હેતુથી, કીધાં ધાર્મિક કર્મ;
આત્મિક શુદ્ધ સ્વભાવનો, ભૂલ્યો સત્યજ ધર્મ. ૧૬
ક્યાં પ્રભુની નિઃસઙ્ગતા, ક્યાં પ્રભુનો દૃઢ રઙ્ગ;
ત્રિશલાનન્દન જગધણી, સત્યજ તારો સઙ્ગ. ૧૭
રાગારિજયથી થયો, રત્નત્રયી ગુણધામ;
રાગારિ વશમાં પડયો, સર્વ દોષનું ઠામ. ૧૮
તુજ ઘટમાં ઋદ્ધિ સહુ, પ્રગટી આવિર્ભાવ;
તિરોભાવ મુજમાં સહિ, પામ્યો હજી ન દાવ. ૧૯
નિજપદ ભોગી તું સહિ, કરૂં હું પદ્ગલ ભોગ;
રોગી શોગી હું સહિ, ઘટે ન તુજમાં જોગ. ૨૦
અજરામર નિર્મલ તુંહિ, શાશ્વત સુખ ભણ્ડાર;
અદ્ભુત શક્તિ તાહારી, કોઇ ન પામે પાર. ૨૧
શરણુ શરણુ તારૂ ગ્રહુ, રાખી નિજ ઉપયોગ;
શુદ્ધ સ્વરૂપાકારના, ધ્યાને શિવ સુખ ભોગ. ૨૨
આતમ વ્યક્તિ સમારવા, તુજ સેવા સુખકાર;
આતમ તે પરમાતમા, ઘટમાં નિશ્ચય ધાર. ૨૩
જાગ જાગ અબ આતમા, પ્રભુ પદ પઙ્કજ સેવ;
સિદ્ધ સમોવડ તું સહિ, જાગે તો તું દેવ. ૨૪
સ્તુતિ પચ્ચિશી ગાઇ મેં, હૃદય ધરી વિવેક;
બુદ્ધિસાગર આત્મના, ધર્મે સાચી ટેક. ૨૫

(વળાદ.)

## "श्री सद्गुरु स्तुतिः"

(૬૬)

નમો નમો શ્રી સદ્ગુરૂ, સમકિત દાયક દેવ;
પ્રણમું પદ પઙ્કજ મુદા, સેવન કરૂ સદૈવ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ શ્રદ્ધા ગઙ્ગાજલે, નિર્મલ આતમ થાય;
ગુરૂકરૂણાદૃષ્ટિથકી, રત્નત્રયી પ્રગટાય. ૨
ભક્તિ કરો સદ્ગુરૂતણી, ગુરૂભક્તિ આધીન;
શકિત જગે ગુરૂ ભકિતથી, દીન પણ હોવે જિન. ૩
ગુરૂ સેવામાં તીર્થ સહુ, સહેજે સુજ્ઞ સમાય;
નિમિત્ત કારણ તીર્થથી, અધિક તસ મહિમાય. ૪
ઉપાદાન છે આતમા, તીર્થ સકલ શિરદાર;
તસ શુદ્ધિ અર્થે ગુરૂ, તીર્થ તીર્થ નિર્ધાર. ૫
સમયાજ્ઞા વિધિથી સદા, ગુરૂ આરાધો ભવ્ય;
આત્મજ્ઞાનપ્રાપ્તિ કથી, એહજ છે કર્તવ્ય. ૬
ભક્ષ્યાભક્ષ્ય જણાવતા, હેયાદેય વિચાર;
સત્યાસત્ય જણાવતા, ધર્માધર્માચાર. ૭
પાપ પુણ્ય પરખાવતા, જીવાજીવ સ્વરૂપ;
સદુપદેશે સદ્ગુરૂ, ટાળે ભવભયધૂપ. ૮
મિથ્યાતમઃ નિવારવા, સદ્ગુરૂ સૂર્ય સમાન;
રાગ રોગને ટાળવા, ધન્વન્તરિ સમ જાણ. ૯
ગુરૂ ગુરૂ જગ સહુ કહે, ગુરૂ કોને કહેવાય;
જ્યાં ત્યાં ગુરૂની બુદ્ધિથી, પામર જન ભટકાય. ૧૦
સદ્ગુરૂ સઙ્ગત યોગથી, શુદ્ધ તત્ત્વ પરખાય;
ભેદ જ્ઞાન સૂર્યોદયે, નિર્મલ જ્યોતિ જગાય. ૧૧
સદ્ગુરૂ ભક્તિ સેવના, કરજો ભવિ નિશદિન;
સમજે નહીં કદાગ્રહી, સદ્ગુરૂ સઙ્ગત હીન. ૧૨
ધામધૂમને ઢોંગમાં, મુંઝ્યા મોહી લોક;
સત્ય ધર્મને ઓળવે, જગમાં થોકેથોક. ૧૩
સદ્ગુરૂ શિષ્યો પામશે, મઙ્ગલ શાન્તિ સ્થાન;
અનન્યભક્તિયોગથી, ચિદાનન્દ ગુણવાન. ૧૪
અર્પી સત્ય સ્વરૂપને, ટાળે મિથ્યા ટેવ;
નિશ્ચય શ્રદ્ધા ગુરૂતણી, આપે અમૃત મેવ. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ પરીક્ષા દોહીલી, દુર્લભ ગુરૂ વિશ્વાસ;
વિરલા ગુરૂ પ્રેમીજના, વિરલા ગુરૂના દાસ. ૧૬
વિરલા જ્ઞાની ભૂતલે, આત્માર્થી જન કોઇ;
અધુના પઞ્ચમ કાળમાં, વદુ વિચારી જોઈ. ૧૭
બાહ્યક્રિયાવ્યવહારમાં, નિરપેક્ષાએ ધર્મ;
માની મોહ્યા માનવી, ટાળે નહિ તે કર્મ. ૧૮
સદ્ગુરૂ શિક્ષા યોગથી, સમજે સમજુ જીવ:
ગુરૂ આજ્ઞાને ધારતો, થાવે જીવનો શિવ. ૧૯
અનુભવ જ્ઞાની આત્મના, ગુરૂજી મહા કૃપાલ;
ભાવ દાન દાતા સદા, જિન આણા પ્રતિપાલ. ૨૦
કર્ત્તા ભાવોદ્યોતના, હર્ત્તા કર્મ કલઙ્ક;
સત્ય ધર્મ દાતા ગુરૂ, આણો મન નિઃશઙ્ક. ૨૧
ભાવ ઝાઝ શ્રી સદ્ગુરૂ, ભાવદીપ જયકાર;
ભાવરત્ન ચિન્તામણિ, કલ્પવલ્લિ સુખકાર. ૨૨
પરોપકારિગુરૂતણો, પ્રત્યુપકાર ન થાય;
અદ્ભુત મહિમા ગુરૂતણો, વિરલાને સમજાય. ૨૩
શ્રદ્ધા ભક્તિ યોગ્યતા, દુર્લભ આ સંસાર;
ધર્મ તત્ત્વ આરાધતો, ભવ્ય મુક્તિ વરનાર. ૨૪
સદ્ગુરૂ પચ્ચિશી કહી, ગુરૂથી સહુ તરનાર;
બુદ્ધિસાગર વન્દના, હોજો વારંવાર. ૨૫

(નરોડા.)

## "हमारो देश छे न्यारो."—पद.

(૬૭)

અમારો દેશ છે ન્યારો, પ્રભુ પ્રેમે જણાવાનો;
અમારા દેશમાં શાન્તિ, અલખ નામે ગણાવાનો. ૧
અમારો તે તમારો છે, તમારો તે અમારો છે;
સમજતાં સહુ સુખી થાવે, જઈ દેશે ફરી નાવે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા દેશમાં યોગી, અલખની ધુન લગાવે છે;
અમારા દેશમાં સન્તો, અલખનાં ગાન ગાવે છે. ૩
નહીં જ્યાં શોક નહિ જ્યાં રોગ, નહીં જ્યાં જન્મ ને જાતિ;
નહીં જ્યાં દુઃખ દિલ્ગીરી, નહીં જ્યાં વર્ણ ને જ્ઞાતિ. ૪
સદા જ્યાં યોગીઓ જાગે, નહીં કોઈ વૈખરી બોલે;
નહીં જ્યાં કર્મનું નામ, અતુલ ધન શુદ્ધ કો તોલે. ૫
અખણ્ડસુખની વહે ધારા, સદા શુદ્ધ બુદ્ધ નિર્ધારા;
લહે દેશ તે મહારાણા, અવર સહુ જાણ નાદાના. ૬
નહીં પઞ્ચભૂત આ વાસા, અમારા દેશ બહુ ખાસા;
અમારો દેશ જે જાણે, અનન્તાં સુખ તે માણે. ૭
અલખ દેશી અવિનાશી, પરમપદ એજ વિશ્વાસી;
ચલો હંસા અલખ દેશે, અરૂપી આત્મના વેશે. ૮
સદા તસ ધ્યાનમાં રહેજે, અખડાનન્દ ઘટ લેજે;
બુદ્ધ્યબ્ધિ આત્મનો સઙ્ગી, અમારા દેશ ગુણરઙ્ગી. ૯
(અમદાવાદ.)

## "चेतावुं चेती लेजेरे."—पद.

(૬૮)

**ચેતાવું ચેતી લેજોરે, એ છે બાલપણાનો બેલી-એ રાગ.**

ચેતાવું ચેતી લેજેરે, એક દિન જરૂર ઉડી જાવું;
ધૂળની માયા ધૂળમાં મળશે, ફોગટ મન પસ્તાવું. ચેતાવું૦ ૧
સ્વપનાની સુખલડી દેખી, ફોગટ મન લલચાવું;
તન ધન જોબન પામી સન્તો, શું મનમાં હરખાવું. ચેતાવું૦ ૨
આશા બેડીએ બંધાણો, પરધન ખાંતે ખાવું;
નીચાં કર્મ કરીને અન્તે, નાહક નર્કે જાવું. ચેતાવું૦ ૩
ભૂલી આતમજ્ઞાનની બાજી, માયામાં લપટાવું;
ભ્રમણામાં ભૂલીને ભાઇ, બ્રહ્મસ્વરૂપ કેમ પાવું. ચેતાવું૦ ૪
તારૂં ત્હારી પાસે જાણી, સમતામાં દિલ લાવું;
અલખ નિરઞ્જન આતમજ્યોતિ, બુદ્ધિસાગર ધ્યાવું. ચેતાવું૦ ૫
(મેહસાણા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "फूल्यो शुं फरे छे फूलीरे मूरख प्राणी."—पद.

(૬૯)

**ચેતે તો ચેતાવું તનેરે, પામર પ્રાણી—એ રાગ.**

ફૂલ્યો શું ફરે છે ફૂલીરે, મૂરખ પ્રાણી;
કાયા માયા જૂઠી કેવી, ઝાંઝવાના નીર જેવી;
તેને તુચ્છ કરી દેવીરે. મૂરખ-ફૂલ્યો૦ ૧
આઉખું જાવે છે ખૂટી, કરે શું તું માથાકૂટી;
ખૂટી તેની નહીં બૂટીરે. મૂરખ-ફૂલ્યો૦ ૨
પાણીમાંહિ પરપોટો, ખેલ સહુ એમ ખોટો;
માન નહીં મન મોટોરે. મૂરખ-ફૂલ્યો૦ ૩
કુટુમ્બ કબીલો સારો, માન નહીં મન મારો;
એક દિન થશે ન્યારોરે. મૂરખ-ફૂલ્યો૦ ૪
આંખે જે જે દેખે સારૂં, તે તે ભાઈ નહીં તારૂં;
માને કેમ મારૂં મારૂંરે. મૂરખ-ફૂલ્યો૦ ૫
ચેતી લેને જાય ચાલી, કરી માથાકૂટ ખાલી;
માયામાં શું રહ્યો મ્હાલીરે. મૂરખ-ફૂલ્યો૦ ૬
કાયા માયાથી રે ન્યારો, અરૂપી અલખ ધારો;
બુદ્ધિસાગર મન પ્યારોરે. મૂરખ ફૂલ્યો૦ ૭

(આજોલ.)

---

## "कोइक विरला पावेहो जगमां."—पद.

(૭૦)

કોઈક વિરલા પાવેહો જગમાં, અધ્યાતમ રસ પાવે;
કોઇક ગાવે કોઈક ધ્યાવે, વિરલા કોઇ પચાવેહો. જગમાં૦ ૧
સિંહણકેરૂં દુગ્ધ પાત્ર, સોનાનામાં ઠરશે;
ખાય બિલાડી ખીરનું ભોજન, વમન તેવારે કરશેહો. જગમાં૦ ૨
વિષ્ટા કેરૂં ભોજન રાસભ, પેટ ભરીને ચરશે;
સાકર સ્વાદે તે શું સમજે, પ્રાણ પલકમાં હરશેહો. જગમાં૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોતીકેરો ચારો દેખી, કાગ ચાંચ નવ ભરશે;
ચક્રવર્તિની ખીરજ ખાતાં, નિર્ધન ઠામ ન ઠરશેહો. જગમાં૦ ૪
પાત્રતામાં અધ્યાતમરસ, ઠામ ધરીને ઠરશે;
બુદ્ધિસાગર આતમ ધ્યાને, વઞ્છિત કારજ સરશેહો; જગમાં૦ ૫
(મેહેસાણા.)

## "आ जग स्वप्ना केरी बाजी."–पद.

(૭૧)

(સુનીયો બાતાં રાવ સદાશિવ, મન ચડજાના વૂલેવા–એ રાગ.)

આ જગ સ્વપ્નાકેરી બાજી, ચેતન ફૂલી શું ફસિયો;
તન ધન જોબન માત પિતા સબ, ક્ષણમાં મૂકીને ખસિયો. આ૦ ૧
પુત્ર પુત્રીઓ સાથ ન આવે, ઘરણી ઘરમાં બહુ રોશે;
ચેતન ઉઠે ગન્દી કાયા, પુણ્ય પાપ સાથે હોશે. આ૦ ૨
સગાં સમ્બન્ધી ધન્ધે લાગે, યાદ ન તારી કો કરશે;
મારૂં મારૂં શું મનમાં માને, કરશે જે તેવું ભરશે. આ૦ ૩
પંખીનું એક ટોળું બેઠું, ખાય પીએ ગુલતાન કરે;
સાંજ પડી તબ ઉડ ગએ સહુ, ફોગટ શું? અભિમાન ધરે. આ૦ ૪
ચેત ચેત અબ ચેતન ચતુરા, ચાર ઘડીનું ચાંદરણું;
લગન વેળા ગઈ ઉંઘમાં, મનમાં જાણે હું પરણું. આ૦ ૫
માયા મમતા દૂરે મૂકી, આતમ હીરો હાથ ધરો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સઙ્ગે, ભવસાગર ક્ષણમાંહિ તરો. આ૦ ૬
(મેહેસાણા.)

## "अलख निरञ्जन आतम ज्योति."–पद.

(૭૨)

(ઉપરનો રાગ.)

અલખ નિરઞ્જન આતમ જ્યોતિ, સન્તો તેહનું ધ્યાન ધરો;
આરે કાયામાં આતમ હીરો, ભૂલી કયાં ભવમાંહિ ફરો. અલ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન ધારણા આતમ પદની, કરતાં ભ્રમણા મિટ જાવે;
આતમ તત્ત્વની શ્રદ્ધા હોવે, અનહદ આનન્દ મન થાવે. અલ૦ ૨
વિષયારસ વિષ સરખો લાગે, ચેન પડે નહિ સંસારે;
જીવન મરણ પણ સરખું લાગે, આતમ પદ ચિન્હે ત્યારે. અલ૦ ૩
હલકો નહિ ભારે એ આતમ, કેવલજ્ઞાનતણો દરિયો;
બુદ્ધિસાગર પામંતાં તે, ભવ સાગર ક્ષણમાં તરિયો. અલ૦ ૪
(મેહેસાણા.)

## "ज्ञान कहो केम थाय मूर्खने."—पद.

(૭૩)

(જે કોઇ પ્રેમીઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે–એ રાગ.)

જ્ઞાન કહો કેમ થાય મૂર્ખને, જ્ઞાન કહો કેમ થાય;
કોટી કરો ઉપાય–મૂર્ખને૦
બાર મેઘ જો સાથ ચઢીને, વરસે મુશલધાર;
પણ મગશેલીયો પાષાણ ન ભીંજે, જલ મધ્યે નિર્ધાર. મૂર્ખને૦ ૧
શ્વાન પૂછડી વાંકી ટાળી, સિદ્ધિ નહીં કરાય;
ગઙ્ગાજલમાં ન્હાય કાગડો, કાગપણું નહિ જાય. મૂર્ખને૦ ૨
સાબુએ ચોળીને કોયલા, ધૂવે જલમાં કોય;
પણ રંગ બેરંગ ન હુવે, ગર્દભ ગાય ન હોય. મૂર્ખને૦ ૩
દારૂ ઘટમાં દૂધ ભરો પણ, મટે ન દારૂ વાસ;
ઝાંઝવાના જલથકી કદિ, મટે ન જલની પ્યાસ. મૂર્ખને૦ ૪
માથાકૂટ મૂરખની આગલ, રણમાંહિ જેમ પોક;
અન્ધા આગલ આરશી જેમ, જાવે વાણી ફોક. મૂર્ખને૦ ૫
ભાગવત ભેંસની આગલેરે, ગાંડા આગલ ગાન;
કપિ ન કરશે રત્ન પારખું, એ યુક્તિ દિલ જાન. મૂર્ખને૦ ૬
મૂરખ આગલ બોધ કરે તે, ભારે ખત્તા ખાય;
સુગરી વાનરને ઉપદેશે, માળો નિજ વિખરાય. મૂર્ખને૦ ૭
બાળક સમજે દૂધ પાનમાં, જાણે શું તે વેદ.
અન્ધારા અજવાળા વચ્ચે, શો અન્ધકને ભેદ. મૂર્ખને૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા ગામડીઆ રાજ સભામાં, દીલ્હી નગર મઝાર;
ગાયન કરતાં ગાયકને તો, દીધા ડામ ગમાર. મૂર્ખને૦ ૯
ગુણી ન્યાયી જાણીનેરે, દેજો ભાઇ બોધ;
મૂઢ કદાગ્રહી બોધતાંરે, ઉલટો વાધે ક્રોધ. મૂર્ખને૦ ૧૦
યોગ્યતા લોહચુમ્બકેરે, સમજણ સૂચિ ગ્રહાય;
બુદ્ધિસાગર યોગ્યતારે, કોઈક વિરલા પાય. મૂર્ખને૦ ૧૧
(મ્હેસાણા.)

# "अन्तर्ना अज्ञानेरे."—पद.

(૭૪)

અન્તર્ના અજ્ઞાનેરે, વ્હાલા દુઃખ પાય છે.
નિરઞ્જન સેવેરે, કટાકૂટ જાય છે;
ક્યાંથી આવ્યો ને ક્યાં જઈશ, શાથી જગ જન્માય;
તારૂં કોણને છે તું કોનો, મરીને ક્યાં તું જાય;
અન્તર્ના વિચારેરે, સમજણ સહાય છે. અન્તર્૦ ૧
ડહાપણ તારૂં શું દુનિયામાં, જૂઠી સ્વાર્થ સગાઈ;
ભલા ભલા પણ મૂકી ચાલ્યા, આવે ન સાથે કાંઈ;
જલમાંના પરપોટારે, જેવી એહ કાય છે. અન્તર્૦ ૨
જગની માયા દુઃખની છાયા, કર નહિ ત્યાં વિશ્રામ;
ફળ કિમ્પાકના સરખું સુખ ત્યાં, કેવલ દુઃખનું ધામ;
જોઇને તમે જોજોરે, ભોળા જન ભરમાય છે. અન્તર્૦ ૩
વન્ધ્યાને સ્વપ્નાની અન્દર, સારો પુત્ર જણાય;
પરણાવ્યો ચોરીની અન્દર, મનમાં સુખ બહુ પાય;
મરી ગયો રોતીરે, મૂર્છા બહુ ખાય છે. અન્તર્૦ ૪
રૂવે પીટે માથું પછાડે, આંખો ઉઘડી જાય;
પુત્ર કલ્પના સુખ દુઃખ ખોટું, બુદ્ધિસાગર ગાય;
દુનિયા ઉંધી ચાલેરે, શું ત્યાં કો ઉપાય છે. અન્તર૦ ૫
(મ્હેસાણા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " नेवानुं पाणी मोभेरे."–पद.

( ૭૫ )

નેવાનું પાણી મોભેરે, વ્હાલા ચાલ્યું જાય છે;
દુનિયા મન અવળુંરે, સવળું સન્ત ગાય છે;
જાવું ત્યાં તો કોઇ ન જાવે, કરવું તે ન કરાય;
જાણવું તે તો રહ્યું બાકી, રાતને દીન ગણાય;
મોહ દારૂ પીધેરે, ભાન તો ભૂલાય છે. નેવાનું૦ ૧
રાજાને તો રંકું ગણીને, કરી નહીં સારવાર;
રંકુંને રાજા માની બેઠો, ધિક પડયો અવતાર;
અન્તર્ ધન ખોયુંરે, મોટો એ અન્યાય છે. નેવાનું૦ ૨
લોહ ચણાનું ભક્ષણ કરવું, જેવું એહ મુશ્કેલ;
તેવું આત્મસ્વરૂપે થાવું, નથી બાળકનો ખેલ;
કોઇક જીવ સમજેરે, બુદ્ધિસાગર ગાય છે. નેવાનું૦ ૫
(મેહેસાણા.)

# " आतम ध्यानथीरे सन्तो सदा स्वरुपे रहेवुं."–पद.

( ૭૬ )

( આપ સ્વભાવમાંરે, અબધુ સદા મગનમેં રહેના–એ રાગ. )

આતમ ધ્યાનથીરે, સન્તો સદા સ્વરૂપે રહેવું,
કર્માધીન છે સૌ સંસારી, કોઇને કાંઈ ન કહેવું. આતમ૦ ૧
કોઈ જન નાચે કોઇ જન રૂવે, કોઈ જન યુદ્ધ કરંતા;
કોઇ જન જન્મે કોઈ જન ખેલે, દેશાટન કોઈ ફરતા. આતમ૦ ૨
વેળુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીઓ વાવીને આંબા, કેરી રસ શું ચાખે ? આતમ૦ ૩
વેરી ઉપર વેર ન કીજે, રાગીથી નહિ રાગ;
સમભાવે સૌ જનને નિરખે, તો શિવ સુખનો લાગ. આતમ૦ ૪
જૂઠી જગની પુદ્ગલ બાજી, ત્યાં શું રહીએ રાજી;
તન ધન યૌવન સાથ ન આવે, આવે ન માતાપતાજી. આતમ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જો જો વિચારી;
એક દિન ઉઠી જાવું અન્તે, દુનિયા સૌ વિસારી. આતમ૦ ૬
ભલા ભલા પણ ઉઠી ચાલ્યા, જોને કેઇક ચાલે;
બીલાડીની દોટે ચડીયો, ઊંદરડો શું મ્હાલે. આતમ૦ ૭
કાળ ઝપાટો સૌને વાગે, યોગિજન જગ જાગે;
બુદ્ધિસાગર આતમ અર્થી, રહેજો સૌ વૈરાગ્યે. આતમ૦ ૮
(મેહેસાણા.)

## "पाप कर्म बहु भारीरे निन्दा."–पद.

( ૭૭ )

( દડી રમતમાં પડીરે સન્તો દડી રમતમાં પડી–એ રાગ. )

પાપ કર્મ બહુ ભારીરે નિન્દા, પાપ કર્મ બહુ ભારી;
મનમાં જોજો વિચારીરે, નિન્દા–એ ટેક.
નિન્દકની દૃષ્ટિ છે અવળી, ગુણ અવગુણ દેખાય;
પાપીમાં પાપી છે નિન્દક, મરી નરકમાં જાયરે. નિન્દા૦ ૧
ચાંદાં દેખે કાગડો જેમ, નિન્દક દેખે દોષ;
ધત્તુર ભક્ષકની પેઠે એ, શું કરવો ત્યાં રોષરે. નિન્દા૦ ૨
ચાડી ચુગલી નિન્દક કરતો, કલંક ચઢાવે શીર;
ચંડાલથી પણ નિન્દક પાપી, ધોતો પરનાં ચીરરે. નિન્દા૦ ૩
ક્રિયા કાણ્ડ નિન્દકનાં સન્તો, લેખે નહીં ગણાય;
નામ દઇને નિન્દા કરતો, મુક્તિ પુરી નહિ પાયરે. નિન્દા૦ ૪
સાધુ સન્ત વૈરાગી ત્યાગી, જોગી ભોગી ફકીર;
નિન્દા પરતણી પરહરશો, પામશો ભવજલ તીરરે. નિન્દા૦ ૫
નિન્દામાંહિ સહુ લપટાયા, બચિયા કોઇક સન્ત;
નિન્દક માથે નથી શિંઘડાં, વાણીથી ઓળખન્તરે. નિન્દા૦ ૬
અદેખાઈની પુત્રી નિન્દા, મુક્તિમાર્ગ પ્રતિકૂળ;
લાખચોરાશિમાં ભટકાવે, નાખી માથે ધૂળરે. નિન્દા૦ ૭
સમકિતી નિન્દા નવિ કરશે, કરશે ગુણનું ગાન;
શ્વાન દંતને કૃષ્ણ વખાણે, ગુણનું કર બહુ માનરે. નિન્દા૦ ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ ગુણો જાણો જિનવરમાં, બાકી દોષી હોય;
નિજમાં અવગુણ પોઠ ભરી છે, જુવે ન તેને કોયરે. નિન્દા૦ ૯
કર્મવશે સૌ દોષે ભરિયા, કરો ન નિન્દા ભાઇ;
બુદ્ધિસાગર ગુણને ગાતાં, જગમાં હોવે વડાઇરે. નિન્દા૦ ૧૦
(મેહેસાણા.)

## "जीवडा फूली फरे शुं फोक."—पद.

(૭૮)

( શામળિયાની પાઘડી—એ રાગ. )

જીવડા ફૂલી ફરે શું ફોક, તારૂં જગ કો નહીં;
તારી કાયા સુકોમળ કેળ કે, તે પણ અહીં રહી;
ઘર હાટો ને ચોપડારે, કુટુમ્બને પરિવાર;
આંખ મિંચાએ સાથમાંરે, કોઇ ન આવે લગાર તારૂં૦ ૧
હસતો ખાતો પહેરતોરે, ફરતો મારે લ્હેર;
કાળ કોળીઆ આગળેરે, લાગે શી ત્યાં દેર. તારૂં૦ ૨
પુણ્ય પાપને નહિ ગણેરે, અભિમાનનો તોર;
એક દિન એહવો આવશેરે, ચાલે નહિ કંઈ જોર. તારૂં૦ ૩
કૂડ કપટને કેળવેરે, કજીયા ને કંકાસ;
માંહોમાંહે લડાવતોરે, મરી નરકમાં વાસ. તારૂં૦ ૪
રાજા રંક ને બાદશાહરે, હકીમ હોદ્દાદાર;
કાળે સહુ ભક્ષણ કર્યારે, તારો ત્યાં શો ભાર. તારૂં૦ ૫
મરી મરી સહુ ચાલિયારે, પરગટ ચાલે પેખ;
પૃથ્વી થઇ નહિ કોઇનીરે, ચેતન નજરે દેખ. તારૂં૦ ૬
આજ કાલ કરતાં થકાંરે, દહાડા વીતી જાય;
કરવું હોય તે કીજીએરે, પસ્તાવો પછી થાય. તારૂં૦ ૮
મરડી મૂછો મ્હાલતારે, જગ વર્તાવે આણ;
ધાગાવિણ નાગા ગયારે, જોને નજરે મશાણ. તારૂં૦ ૮
વંશ કોઇનો નવિ રહ્યોરે, નામ જાત ને ભાત;
આયુષ્ય ખૂટે ચાલવુંરે, પરભવ લેવી વાટ. તારૂં૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરાગ્યે મન વાળજોરે, તો લહેશો ભવપાર;
બુદ્ધિસાગર ચેતજોરે, પામો શિવ સુખકાર. તારૂં૦ ૧૦

(મેહેસાણા.)

## "चेतन चेतो चतुर सुजाण वखत वही जाय छे."–पद.

(૭૯)

( ઉપરનો રાગ. )

ચેતન ચેતો ચતુર સુજાણ, વખત વહી જાય છે;
ભજી લેને પ્રભુજીનું નામ–વખત૦

અંજનગિરિ ધોળા થયારે, ચેત ચેત ઝટ ચેત;
ભમે તેતેર પર બાજ જયુંરે, કાળ ઝપાટા દેત. વખત૦ ૧
મનમાં આશા અતિઘણીરે, નવનવ વધતી જાય;
આશા ગાગર ફૂટતાંરે, આધિ ઉપાધિ સમાય. વખત૦ ૨
લલચાયા કોઈ લોભમાંરે, કપટે કોઈ કૂટાય;
મિત્રાઈમાં મ્હાલતારે, ભવમાંહિ ભટકાય. વખત૦ ૩
સ્વારથિયા સંસામાંરે, સ્વપ્ના જેવું સુખ;
સાચું સુખ નહિ પ્રાણિયારે, અન્તે દુઃખનું દુઃખ. વખત૦ ૪
ગાદી તકિયા બેસતારે, કરતા લોક સલામ;
હસી હસી દેતા તાળીયોરે, ઉડિ ગયા તેના રામ. વખત૦ ૫
સારૂં નરતું નવિ ગણ્યુંરે, કીધાં બહુલાં પાપ;
જીભલડીના જૂઠડેરે, પામ્યો અતિ સન્તાપ. વખત૦ ૬
જ્ઞાન ધ્યાન વિવેકમાંરે, કાઢયો નહિ કંઇ કાળ;
દુઃખ દાવાનલ સારિખીરે, રચ્યો ખટપટ ઝાળ. વખત૦ ૭
મોહ માયા મૂકી પરીરે, સદ્ગુરૂનો કર સઙ્ગ;
બુદ્ધિસાગર પામીએરે, આતમ અનુભવ રઙ્ગ. વખત૦ ૮

(મેહેસાણા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "तारुं नाम न रूप लखाय"-पद.

(૮૦)

( રાગ ઉપરનો. )

તારૂં નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા;
તારી શક્તિ અનન્ત કહાય-અલખ૦
જ્ઞાનાદિક તુજ સમ્પદારે, કર્માચ્છાદિત થાય;
પરભાવ રંગી ચેતનારે, કર્મ ગ્રહણુનો ઉપાય. અલખ૦ ૧
ધૂમાડા બાચક ભરેરે, હાથ કશું નહિ આય;
પર પોતાનું માનતાંરે, જન્મ મરણ દુઃખ પાય. અલખ૦ ૨
દેખે તે તારૂં નહીંરે, તારૂં તાહરી પાસ;
પોતાને રંકું માનીનેરે, ક્યાં કર તું પર આશ. અલખ૦ ૩
કાલ અનન્તો ઉંધિયોરે, મિથ્યા રાત્રી મઝારઃ
સદ્ગુરૂએ ઉડાડિયોરે, સફલ થયો અવતાર. અલખ૦ ૪
વિનય ભક્તિ કરૂણા ગ્રહીરે, ભાવ અપૂર્વ ગ્રહાય;
ચિદ્ઘન સંગું ખેલતાંરે, કર્મ કલંક કટાય. અલખ૦ ૫
શુદ્ધ સ્વરૂપી ચેતનારે, દો ભેદે વર્તાય;
દેહાતીત થઇ આતમારે, જ્યોત જ્યોત મિલાય. અલખ૦ ૬
શુદ્ધ સ્વરૂપે આતમારે, સત્તાએ સહુ હોય;
બુદ્ધિસાગર ધ્યાવતાંરે, આપ સ્વરૂપે જોય. અલખ૦ ૭
(મેહસાણા.)

# "जुवो आ काची कायारे."-पद.

(૮૧)

(ચેતાવું ચેતી લેજેરે-એ રાગ.)

જુવો આ કાચી કાયારે, જેવા પાણીના પરપોટા;
જે જે ભાવો નિરખે નયણે, જરૂર જાણુ મન ખોટા. જુવો૦ ૧
હાડ માંસ રૂધિર ને ધાતુ, ઉપર ચામડી આછી;
વિષ્ટા મૂતર લીંટ કોથળી, થયો તું તેમાં વાસી. જુવો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત ઘટ જલના ઉપર રેડે, તોપણ કાયા મેલી;
પવિત્રતા એમાં ક્યાં દીઠી, અવસર આવે ઘેલી. જુવો૦ ૩
ત્રણ્ય ભુવનનો સ્વામી આતમ, કાયામાંહિ વસિયો;
આયુષ્ય અવધિ પૂરી થાતાં, દેહગેહથી ખસિયો. જુવો૦ ૪
થઈ નહિ કોઇની થશે ન તારી, માને મારી મારી;
બુદ્ધિસાગર ચેતી લેજે, ચિદ્દઘન અન્તર્ ધારી. જુવો૦ ૫

## "चेतावुं चेतन मारारे."—पद.

(૮૨)

(ઉપરનો રાગ.)

ચેતાવું ચેતન મારારે, આતો જૂઠી માયા બાજી;
સ્વપ્નાની સુખલડી ખાતાં, ભૂખ જરા નવી ભાજી. ચેતાવું૦ ૧
સાગરનું પાણી છે નિર્મલ, પીતાં લાગે ખારૂં;
તૃષા ન ભાંગે તૃષ્ણાજલથી, વચન માનીલે મારૂં. ચેતાવું૦ ૨
ફાંફાં મારે ફોગટ ફૂલી, ભ્રમણામાંહિ ભૂલી;
કાચી કાયા માટી વાસણ, અન્ત ધૂલની ધૂલી. ચેતાવું૦ ૩
ઝાંઝવાના જલને દેખી, મૃગલાં પીવા દોડે;
સિંહ ગુફામાં મેઘ ગાજથી, ફોગટ માથું ફોડે. ચેતાવું૦ ૪
રંકું ચાલ્યાને રાજા ચાલ્યા, ચાલનહારા ચાલે;
મૃત્યુ બાજનો ભય છે માથે, ફોગટ શું તું મ્હાલે. ચેતાવું૦ ૫
આરે કાયામાં આતમ હીરો, જ્ઞાન સુખનો દરિયો;
બુદ્ધિસાગર પામતાં તે, ભવસાગર ઝટ તરિયો. ચેતાવું૦ ૬

(મેહેસાણા.)

## "अरे आ जगमां मोटीरे."—पद.

(૮૩)

(ઉપરનો રાગ.)

અરે આ જગમાં મોટીરે, જ્યાં ત્યાં તૃષ્ણા નદિયો વહેતી;
જ્ઞાન ધ્યાનની તોડી તેંડો, જાય તડાકા દેતી. અરે૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૃષ્ણા નદીમાં આશા પાણી, મોહમેઘ ત્યાં વરશ્યો;
ચેતન ચાતક ટળવળતો ત્યાં, રહિયો તે તો તરશ્યો. અરે૦ ૨
દેહ દેશના ઘટઘટમાંહિ, દેખંતાં દેખાતી;
પડિયા પ્રાણી ગોથાં ખાતા, વહેતી લેતી જાતી. અરે૦ ૩
ભળતી તેતો નરકનિગોદે, જ્યાં નહિ દુઃખનો આરો;
ચેતનહારા જલદી ચેતો, ઝાલો જ્ઞાની તારો. અરે૦ ૪
રંકું બાલ ને પણ્ડિત જોશી, બુઢ્ઢા ભોળા પડિયા;
રોગ શોગનાં ગોથાં ખાતા, જન્મમરણથી નડિયા. અરે૦ ૫
ક્રોધ મગરને નિન્દા ખાડો, અદેખાઇની ભમરી;
પડતાં પ્રાણી પાપે તેમાં, નીકળ જાય ત્યાં દમરી. અરે૦ ૬
સદ્ગુરૂ તારો હાથ ઝાલીને, બૂડંતાને તારે;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સહું, ઉતારો પેલી પારે. અરે૦ ૭

(મેહેસાણા.)

## "श्री वीर जिन स्तवन."

(૮૪)

શ્રીવીર પ્રભુ, ચરમ જિનેશ્વર વંદી વીનતિ કીજીએ;
પ્રભુસમ થાવા આત્મિક અનુભવ, રસના પ્યાલા પીજીએ;
પ્રભુ તુજ મુજ વચ્ચે અન્તર્ મોટું, પણ ધ્યાનથકી લાગ્યું છોટું;
આત્મિક અનુભવી મન તે ખોટું. શ્રી વીર૦ ૧
સિદ્ધશાશ્વત પદ સુખનારસિયા, અક્ષય સ્થિતિ સિદ્ધશિલાવસિયા.
મુજ મનમન્દિરથી નવી ખસિયા. શ્રી વીર૦ ૨
પ્રભુ કર્મ સહું દૂરે ટાળી, આત્મિક ઋદ્ધિને અજુવાળી;
વર્યા મુક્તિ વધુ ઝટલટકાળી. શ્રી વીર૦ ૩
જ્ઞાનદર્શન ચરણ એ રત્નત્રયી, વ્યાપી સિદ્ધ વ્યક્તિ ગુણમયી;
મિથ્યાત્વ દશા સબ દૂર ગઈ. શ્રી વીર૦ ૪
મુખ વીર વીર એમ ઉચ્ચારૂં, પણ વીર ગુણ નવી સંભારૂં;
કહો આતમને કેમ કરી તારૂં. શ્રી વીર૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું ક્રોધી કપટીને દ્વેષી, મોહી રોગી ભોગી કલેશી;
હું ભવ અટવીમાં રહ્યો બેશી. શ્રી વીર૦ ૬
નિરાગીથી કેમ રાગ કરૂં, જો રાગ દશા ઝટપરિહરૂં;
તો ભવજલધિ હું સહેજે તરૂ. શ્રી વીર૦ ૭
પ્રભુ ધ્યાનદશા જો ચિત્ત જાગે, તો તુજ મુજ અન્તર્ ઝટ ભાગે.
એમ સેવક ગુણુગાવે રાગે. શ્રી વીર૦ ૮
ધ્યાતા જો ધ્યેયસ્વરૂપ થાવે, તો ધ્યાન દશા લેખે આવે;
બુદ્ધિસાગર એમ ગુણ ગાવે. શ્રી વીર૦ ૯
(વિજાપુર.)

## “ अहो दैवनी गति न्यारी.”–पद.

(૮૫)

ગઝલ.

અહો દૈવની ગતિ ન્યારી, સહુ પ્રાણીને બની ભારી;
ઘડીમાં કરે પલકમાં હરે, દીવો વાયુથી જુવો જ્યું ફરે. અહો૦ ૧
જેના નાદથી સહુ નાસે, જેની જ્યોતથી સહુ ભાસે;
અવસ્થા એક તે ના ધરે, ગતિ દૈવની ગમે તે કરે. અહો૦ ૨
જેના શૌર્યથી સહુ બીના, જેની કાન્તિમાં સહુ લીના;
ભૂલ્યા ભૂલથી ભલી બાજી, ગતિ દૈવની રહી ગાજી. અહો૦ ૩
જેની હાકથી સહુ બીતા, ભણ્યા ભાવથી વળી ગીતા;
જેવી કર્મની ગતિ તેવા, રૂવે કે મરે જમે મેવા. અહો૦ ૪
અવસ્થા સદા વિચિત્રા સહુ, જુઓ રામની કથા શું કહું;
જુઓ કૌરવો બહુ ફૂલ્યા, પ્યારી પ્રાણ ધન સહુ ડૂલ્યા. અહો૦ ૫
પલકમાં તાપ પલકમાં છાય, અવસ્થા એક કદિ ના જાય;
ધરી માન શું ભૂલે ભાન, ચેતી ચિત્તમાં ધરો ધ્યાન. અહો૦ ૬
સજી સાધનો ધરો ધ્યાન, પ્રભુનું બહુ કરો ગાન;
અવસ્થા ન એક જાનારી, બુદ્ધિસાગરે કહ્યું ધારી. અહો૦ ૭
(વિજાપુર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "चेतन अनुभव रटना लागी."–पद.

(૮૬)

ચેતન અનુભવ રટના લાગી, અલખ તોરી આતમમાં રઢ—
લાગીરે હેજી, કોઇ વિરલા તુજ ગુણ રાગી. અલખ૦ ૧
કાદવમાં ચીર ધોવે ધોબી, બીજ બોયા ઉખર ભૂપ્રાણી;
વાણીના સહુ બેટા જાયા, કર્યું જગત ધૂલધાણી. અલખ૦ ૨
ભૂલ્યો જન જગને ચેતાવે, વેશ્યા સહુને નાચ નચાવે;
ઉંધ્યાજન ઋદ્ધિ બહુ પાવે, જાગ્યો શીશ કટાવે. અલખ૦ ૩
પણ્ડિત પોપટ બહુ બહુ બોલે, ફણિધર સામો તાકી ડોલે;
પરઘર મૂરખ ઋદ્ધિ ખોળે, નારી કન્ત હિંચોળે. અલખ૦ ૪
અનુભવ વિરલા જોગી જાણે, મૂરખ આપમતિને તાણે;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, ઠરશો નિર્ભયસ્થાને. અલખ૦ ૫
(અમદાવાદ.)

## "मायामां मनडुं मोह्युंरे."–पद.

(૮૭)

માયામાં મનડું મોહ્યુંરે—જાગીને જો તું,
નરભવનું જીવન ખોયું રે-જાગીને જો તું—એ ટેક.
માતાની કુખે આવી નવ માસ ઉંધો રહીયો,
ત્યાં દુઃખ અનન્તુ લહિયોરે. જાગીને જો તું. ૧
બાલપણામાં સમજ્યો ન દેવગુરૂ સેવા,
રમવું ને મીઠા મેવારે. જાગીને જો તું. ૨
જુવાનીમાં જુવતીના સઙ્ગ બહુ ખેલ્યો,
ત્હેં ધર્મને પડતો મેલ્યો રે. જાગીને જો તું. ૩
પૈસાને માટે પાપો કર્યા તેં તો ભારી,
તેં આતમને વિસારીરે. જાગીને જો તું. ૪
રાગદ્વેષે વાહયો અજ્ઞાને ભરમાયો,
નાહક જયાં ત્યાં ધાયો રે. જાગીને જો તું. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખે દુઃખે પ્રાણીને એક દિન મરવું,
પણ કામ વધાર્યું વરવું રે. જાગીને જો તું. ૬
કરીશ જેવું પામીશ ભાઈ તેવું,
કાંઈ ન કોઇને દેવું રે. જાગીને જો તું. ૭
સ્વપ્નાની આતો બાજી રહ્યો શું તેમાં રાજી,
કોઇને કાંઇ ન છાજીરે. જાગીને જો તું. ૮
બુદ્ધિસાગર ભણ્યો રે ચેતજો વિચારી,
ઝટ સમજો નરને નારી રે. જાગીને જો તું. ૯

(અમદાવાદ.)

## "जोतां जोतां चाल्या गयारे."–पद.

(૮૮)

જોતાં જોતાં ચાલ્યા ગયારે–જોડીયા તારા.
રમણિક રઢિયાળા, રંગે રૂડા રૂપાળા,
મરી ગયા બહુ વ્હાલારે. જોડિયા૦ ૧
ખમાખમા જેની થાતી, જગ આણ વર્તાતી;
ચાલ્યા પરભવ વાટેરે. જોડિયા૦ ૨
જાૂતાં બૂટ પહેરી ચાલ્યા, વ્યભિચારી થઇને મ્હાલ્યા;
ઘોરમાંહિ ગોદી ઘાલ્યારે. જોડિયા૦ ૩
પાઘડી માથાએ ઘાલી, ફર્યા દેશોદેશ મ્હાલી;
મશાણે તે ગયા ખાલીરે. જોડિયા૦ ૪
નાતજાતને નડે, વૈર ઝેરથી લડે;
પોક તેની જોને પડેરે. જોડિયા૦ ૫
ચેતી લ્યોને નરનારી, હેત શિખામણ સારી;
બુદ્ધિસાગર સુખકારીરે. જોડિયા૦ ૬

(અમદાવાદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "प्रभु मनावा प्रभु मनावा."—पद.

(૮૯)

પ્રભુ મનાવા પ્રભુ મનાવા, સખી હું પ્રેમે જાઉરે;
ભટકી દેશોદેશ નેમે, સ્વામીને ઘેર લાઉરે. પ્રભુ૦ ૧
ચાદ ભુવનમાં આથડી પણ, પ્રભુ ન દીઠા કયાંયરે;
શરીર માંહિ શોધિયા તો, પ્રભુજી દીઠા ત્યાંયરે. પ્રભુ૦ ૨
ભાગી ભ્રમણા થઇ સૌભાગી, જુદી ઘડી ન રહાઇરે;
અલખ અરૂપી આતમાની, સાચી એક સગાઇરે. પ્રભુ૦ ૩
હરખી સ્વામી ઘેર આવ્યો, નાઠું ઘર અન્ધેરરે;
બુદ્ધિસાગર જાણતાં તે, ભાગે ભવનો ફેરરે. પ્રભુ૦ ૪

(માણસા.)

# सुविधि जिनेश्वर-स्तवन.

(૯૦)

સુવિધિ જિનેશ્વર સાહિબ સેવો, આપે શિવપુર મેવો.
સદા ઘટ અન્તર્યામી.
પ્રેમ લાવીને પ્રભુ પાય પડું છું, દુઃખડાં મારાં રડું છું. સદા ઘટ૦ ૧
અષ્ટ પ્રકારી હું તો પૂજા રચાવું, ભાવે ભાવના ભાવું. સદા ઘટ૦
બોલો પ્રભુ જરા પ્રેમ ધરીને, દયાની દૃષ્ટિ કરીને. સદા ઘટ૦ ૨
શાને માટે મને તારો ન સ્વામી, કહેશો જો ગુણની છે ખામી. સદા ઘટ૦
પ્રેમ ધરીને તે ગુણોને આપો, જેથી જાય બળાપો. સદા ઘટ૦ ૩
કહેશો જો યોગ્યતા નથી તારામાં, આપો તે યોગ્યતા મારામાં. સદા ઘટ૦
કહેશો સમયે તુજ યોગ્યતા આવે, આપો સમય તે ભાવે. સદા૦ ૪
કહેશો કે દિલ નથી મુક્તિનું સાચું, તે પણ ભાવથી યાચું. સદા ઘટ૦
કહેશો જો જ્ઞાન નથી તુજનેરે મારૂં, તેથી હું કેમ કરી તારૂં. સદા૦ ૫
તેપણ જ્ઞાન મને ઘડીમાં આપો, શાને માટે તમે નાપો. સદા૦
કહેશો કે શ્રદ્ધા નથી તુજ સાચી, શ્રદ્ધા તેવી મેં યાચી. સદા૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોડા વહેલા શિવ તમે પમાડો, શિદને વાર લગાડો. સદા ૦
શ્વાસોશ્વાસે ભક્તિ જો જાગે, બોલ્યા પ્રભુગુણ રાગે. સદા ઘટ૦ ૭
અન્તર્યામિની ભક્તિતો કરશું, તન્મય થઇને વિચરશું. સદા ઘટ૦
અનુભવનયને અગમપન્થ જાશું, પોતાની રૂદ્ધિ કમાશું. સદા ઘટ૦ ૮
અજરામર અજ જે અવિનાશી, સુખ અનન્ત વિલાસી. સદા ઘટ૦
નામરૂપ નહિ નિર્મલજ્ઞાની, બુદ્ધિસાગર સેવો જાણી. સદા ઘટ૦ ૯
(પેથાપુર.)

## "सहज स्वरूपी मारो अन्तर्यामी."--पद.

(૯૧)

સહજ સ્વરૂપી મારો અન્તર્યામી, પરમાતમ ઘટરામી,
પ્રભુ ચિન્મય ગુણધારી;
નિશ્ચય નયથી શુદ્ધ સ્વરૂપી, જાણો એ રૂપારૂપી; પ્રભુ ચિન્મય. ૧
પર્યાય સમયે સમયે અનન્તા, પ્રતિ પ્રદેશે ફરન્તા; પ્રભુ૦
ઉત્પાદ વ્યય સ્થિતિ ત્રણ સ્વરૂપે, સમયે દ્રવ્ય પ્રરૂપે; પ્રભુ૦ ૨
આનન્દ આપે ભવદુઃખ કાપે, આપો આપ પ્રતાપે; પ્રભુ૦
આત્મિક શુદ્ધસ્વભાવનો ભોગી, યોગીનો પણ યોગી; પ્રભુ૦ ૩
શક્તિ અનન્તિ સદાનો જે સ્વામી, નામી પણ તે અનામી; પ્રભુ૦
સુજન સનેહી વ્હાલો ધ્યાનેરે આવે, બુદ્ધિસાગર સુખ પાવે. પ્રભુ૦ ૪
(પેથાપુર.)

## "याद करी ले सिद्ध सनातन."—पद.

(૯૨)

યાદ કરી લે સિદ્ધ સનાતન, છોડી સબ દુનિયાદારી;
પરગટ પિણ્ડે વસીયો પોતે, પરમ બ્રહ્મપદ ગુણધારી. યાદ૦ ૧
હું ને મારૂં સબ પરિહારી, કર તું પરમાતમ યારી;
તત્ત્વમસિ માયા નહિ તેરી, ખોલ ખરી પંચમ બારી. યાદ૦ ૨
મુક્તિ સ્થાન નહિ તેરા દુસરા, કર મિલજાને તઈયારી;
ધ્યાન લગાદે શ્વાસોશ્વાસે, સકલ સંકલ્પસેં પરવારી. યાદ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્મલ આત્મ પ્રદેશ નિહાળી, વર ચિન્મયપદ સુખકારી;
નહિ તું ન્યારા તેથી પ્યારા, વીતરાગ પદમય ભારી. યાદ૦ ૪
સત્ય નિરઞ્જન નિર્ભય દેશી, પાવે તો હે હુશિયારી;
બુદ્ધિસાગર અનુભવ પામી, સત્તા ધ્યાવું નિર્ધારી. યાદ૦ ૫
(પેથાપુર.)

## "जीवडा जागीनेरे जोगी सङ्ग."–पद.

(૯૩)

જીવડા જાગીનેરે જોગી સઙ્ગ, ચાલજે નિજ દેશમાં;
પઢત પુસ્તક પણ્ડિતો પણ, ઘટ વહેછે ક્લેશમાં. જીવડા૦ ૧
તિરછા નાડી મધ્ય ગાડી, બેલ બેથી શોભતી;
ગગન મણ્ડલ ચાલતી તે, સ્થાનકે સ્થિર થોભતી. જીવડા૦ ૨
પ્રેમી પરદેશી જના ત્યાં, લોભથી લલચાવશે;
મનહર મોહી માનિનીઓ, હાવભાવ દર્શાવશે. જીવડા૦ ૩
સ્વસ્થ ચિત્તે ચાલવું ત્યાં, મોહઘાટી ભેદવી;
ઘાટ અવઘટ ઉતરીને, આત્મસત્તા વેદવી. જીવડા૦ ૪
ચિત્તનિજ ઉપયોગમાંહિ, રાત્રી દિવસ ચાલજે;
પાપી પ્રેમે દેશ તારો, નિજસ્વરૂપે મ્હાલજે. જીવડા૦ ૫
સારી આલમ દેખજે તું, જ્યોતિજ્યોત મિલાવજે;
ભૂલી જગનું ભાન વાલ્હમ, તારી પ્રભુની પાવજે. જીવડા૦ ૬
અનન્ત અક્ષર આતમા તું, જોડીલાને જગાડજે;
બુદ્ધિસાગર તરણા પાછળ, ભાનુને તું ભાળજે. જીવડા૦ ૭
(દેવરાસણ.)

## "जीवडा जगमगेछे ज्योति तारी."–पद.

(૯૪)

જીવડા જગમગેછે જ્યોતિ તારી, અસંખ્ય પરદેશે કરી;
શુદ્ધશ્રદ્ધા સદ્દગુરૂની, વાણીએ વર્તી ખરી; જીવડા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચન્દ્ર ભાનુ કોટિ ઉગે, કરે પ્રકાશ અપારજી;
તેહથી પણ આત્મજ્યોતિ, જુદી અનન્તિ ધાર. જીવડા૦ ૨
તેજનું પણ તેજ એ છે, સર્વ એમાં સમાયજી;
લડાલડી નહિ એહમાં કંઈ, સન્તથી પરખાય; જીવડા૦ ૩
અનન્તશક્તિ સુખનું તે, ધામ નામાતીતનું;
વૈખરીથી કહ્યું ન જાવે, શું કહું ત્યાં ગીતનું. જીવડા૦ ૪
પરમ આત્મસ્વરૂપની ત્યાં, સ્થિતિ એકાકારજી;
અનન્ત વ્યક્તિ ગુણથી એક, દોષ નહિ જ્યાં લગાર. જીવડા૦ ૫
પક્ષાપક્ષી ક્યાં કરો ભાઇ, વાદંવાદ વિચારજી;
તત્ત્વરૂપ ન અન્યથા હોય, નિશ્ચય એ નિર્ધાર. જીવડા૦ ૬
શુદ્ધ સત્તા આત્મકેરી, તેહનો તિરોભાવજી;
આવિર્ભાવે હોવતાં તે, મુક્ત આત્મસ્વભાવ. જીવડા૦ ૭
સાર એ સહુ ગ્રન્થનું છે, એહમાં જેનું ધ્યાનજી;
બુદ્ધિસાગર આત્મધ્યાને, પ્રગટે શુદ્ધું જ્ઞાન. જીવડા૦ ૮

(એરવા.)

## "जीवडा तुं जागीने जोजे धर्मनेरे."—पद.

(૯૫)

જીવડા તું જાગીને જોજે ધર્મનેરે, જાગ્યો તેનુંજ નામ;
જાગ્યા પણ ઉઘંતા પ્રાણિયારે, કેવલ દુઃખનું ધામ. જીવડા૦ ૧
જાગ્યાજન ઉંઘ્યા નહિ સાંભળ્યારે, ઉંઘ્યા જાગે કોઇ;
જાગે ઉંઘે જ્ઞાની આતમારે, નહિ ત્યાં અચરિજ હોઈ. જીવડા૦ ૨
ગંભીર જ્ઞાનિગમથી સહુ ઘટેરે, સત્યરૂપ નિર્ધાર;
ડાકડમાલે ધર્મ ધતીંગડેરે, મોહ્યા મૂઢગમાર. જીવડા૦ ૩
અન્તર્યામી આતમ ઓળવેરે, ધર્મતણું નહિ ભાન;
સમકિત શ્રદ્ધા દૂરે મૂકીનેરે, મિથ્યાત્વે ગુલ્તાન. જીવડા૦ ૪
ધર્મ ધર્મ પોકારે દુનિયારે, પામે નહિ શિવપન્થ;
બુદ્ધિસાગર પ્રેમે ભક્તનેરે, તારે ગુરૂ નિર્ગ્રન્થ. જીવડા૦ ૫

(માણસા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "प्रभु भजीतुं प्रभु भजीतुं सफल कर नर देहरे."—पद.

(૯૬)

પ્રભુ ભજીતું પ્રભુ ભજીતું, સફલ કર નર દેહરે;
સુખના માગ્યા વરશિયા છે, માનવ ભવના મેહરે. પ્રભુ૦ ૧
આ દેહવ્યાપી આતમાની, ઝળકે રૂડી જ્યોતરે;
જ્ઞાન ગુણુતે હંસનો છે, કરે સ્વરૂપ ઉદ્યોતરે. પ્રભુ૦ ૨
બાહિર ભટકે જીવડા શું, કરી લે ઘરમાં ખોજરે;
રત્ન અમુલખ માંહિ ભરીયાં, દેખંતાં સુખ મોજરે. પ્રભુ૦ ૩
આતમ તે પરમાતમા છે, પ્રભુ વિભુ જગદીશરે;
ભિન્નપણું ત્યાં કર્મથી છે, કહું છું વિશ્વાવીશરે. પ્રભુ૦ ૪
અનન્ત આતમ વ્યક્તિથી છે, સિદ્ધ સરખા ભાઈરે;
બુદ્ધિસાગર આત્મધ્યાને, ભજન સ્ફુરણા આઈરે. પ્રભુ૦ ૫

(માણસા.)

---

## "भजन कर मन भजन कर मन."—पद.

(૯૭)

ભજન કર મન ભજન કર મન, ભજન કર ભગવન્તરે;
મૃત્યુ માથે ગાજતું તુજ, મનમાં શું હરખન્તરે. ભજન૦ ૧
મૂછ મરડી મ્હાલતાને, ગરવે દેતા ગાળરે;
રાવણુ જેવા રાજવી પણુ, કોળિયા થઈ ગયા કાળરે. ભજન૦ ૨
દેતા હસીહસી તાળીયોને, માયામાં ગુલ્તાનરે;
પરભવ વાટે ચાલીયા તે, ભૂલી ભમે નાદાનરે. ભજન૦ ૩
રજની થોડી વેષ ઝાઝા, આયુ એળે ન ગમાવરે;
ફરીફરીને નહિ મળે જીવ, ધર્મકરણુનો દાવરે. ભજન૦ ૪
જરૂર જન્મી જાવું એક દિન, કોઇ ન જગ ઉગરંતરે;
બુદ્ધિસાગર શરણુ કરીલ્યો, દેવ શ્રી અરિહન્તરે. ભજન૦ ૫

(માણસા.)

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "भजन करीले भजन करीले."—पद.

(૯૮)

ભજન કરીલે ભજન કરીલે, ભજન કરીલે ભાઈરે;
દુનિયાદારી દુઃખની કયારી, જૂઠી જગની સગાઈરે. ભજન૦ ૧
કાયા સુકોમળ કેળ જેવી, બગડતાં નહિ વારરે;
ભલભલા પણ ચાલિયા તો, પામરનો શો ભારરે. ભજન૦ ૨
કાદવના બહુ કીચડમાંહિ, કીડા લાખ કરોડરે;
કીટક જેવો માનવી તું-જાણી પ્રભુ મન જોડરે. ભજન૦ ૩
વાડી ગાડી લાડીમાંહિ, ખરચે પૈસા લાખરે;
એવા મરી મસાણે ચાલિયા તેનાં, શરીર થઈ ગયાં રાખરે. ભજન૦ ૪
બાજીગરની બાજી જેવી, જૂઠી જગત્ જંઝાળરે;
ઝાંઝવાના નીર જેવું, જૂઠું જગત્નું વ્હાલરે. ભજન૦ ૫
કાળ પાછળ લાગિયો જેમ, તેતર ઉપર બાજરે;
ઝડપી લેશે જીવડાને, રહે ન કોઇની લાજરે. ભજન૦ ૬
જરૂર જાવું એકલું ભાઇ, કોઈ ન આવે સાથરે;
બુદ્ધિસાગર કરૂણા સાગર, ગુરૂનો ઝાલો હાથરે. ભજન૦ ૭

(માણસા.)

## "जुवो झपाटो जुवो झपाटो."—पद.

(૯૯)

જુવો ઝપાટો જુઓ ઝપાટો, કાળનો વિકરાળરે;
જતત જીવને પાશ પકડી, કરતો નિત્ય ફરાળરે. જુઓ૦ ૧
રાજા નિર્ધન બાદશાહને, માલીકને મહીરાણુરે;
ગોદી ઘાલ્યા ઘોરમાંહિ, ચાલ્યા કેઈ મશાણુરે. જુઓ૦ ૨
ચોરી જારી ચુગલીમાં, કાઢે દીનને રાતરે;
તેનાં શરીર મળી ગયાં માટિમાંહિ, કોઈ ન પુછે વાતરે. જુઓ૦ ૩
રાત ન ગણુશે દિન ન ગણુશે, વૈધૃત ને વ્યતિપાતરે;
જોતાં ટગમગ ચાલવું જીવ, માત પિતા ને ભ્રાતરે. જુઓ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા અનન્તા ચાલશે જગ, વૃદ્ધ યુવા નર નારરે;
બુદ્ધિસાગર ચલત પન્થે, ધર્મતણો આધારરે. જુઓ૦ ૫
(માણસા.)

## "प्रीतम मुज शुद्धबुद्ध अविनाशी."–पद.

(૧૦૦)

પ્રીતમ મુજ શુદ્ધ બુદ્ધ અવિનાશી, અલખ અગોચર–
અજરામર છે, પરમાનન્દ વિલાસી. પ્રીતમ૦ ૧
નિર્મલ નિઃસ્નેહી નિઃસંગી, લોકાલોકપ્રકાશી;
નર વા નારી નહીં નપુંસક, શાશ્વત શિવપુરવાસી. પ્રીતમ૦ ૨
કાયા માયા વચનાતીત છે, નહિ ગઙ્ગા અને કાશી;
બુદ્ધિસાગર ચેતન ચિદ્ઘન, સમજે તો સુખરાશિ. પ્રીતમ૦ ૩
(માણસા.)

## "चेतन तारी गति न्यारी."–पद.

(૧૦૧)

ગઝલ.

ચેતન તારી ગતિ ન્યારી, સમજ લે ચિત્તમાં ધારી. ચેતન૦
પ્રકાશી તું અવિનાશી, ત્યજી દે આશ સુખવાસી;
મોહાદિકથી રહો ન્યારા, લહો નિજ રૂપ નિર્ધારા. ચેતન૦ ૧
નહીં તું દેહ નહિ વાણી, ગ્રહી લે સત્ય હિત જાણી;
અનુભવ સત્ય લ્યો સાચો, સદા ત્યાં સ્થિર થઈ રાચો. ચેતન૦ ૨
નહીં જ્યાં દુઃખની છાયા, નહીં જ્યાં રાગ પડછાયા;
સદા શુદ્ધ બુદ્ધ એકીલો, ગ્રહીને ભવ્ય સુખ ઝીલો. ચેતન૦ ૩
મુનીન્દ્રે બ્રહ્મને ગાયો, યોગીન્દ્રે યોગથી ધ્યાયો;
બુદ્ધયબ્ધિ ધ્યાન તસ સાચું, અવર તો જાણવું કાચું. ચેતન૦ ૪
(માણસા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "प्रीतम मुज कबहु न निज घर आवे."–पद.

(૧૦૨)

પ્રીતમ મુજ કબહુ ન નિજ ઘર આવે, પરઘર ભટકત
યાચક હોકર, વેશ્યા સફરી કહાવે. પ્રીતમ૦ ૧
મોહ મદિરા વેશ્યા પાકર, નાચ વિવિધ નચાવે;
ઘટ ઋદ્ધિ સબ ફોલી ખાવે, ભ્રમણામાંહિ ભૂલાવે. પ્રીતમ૦ ૨
જાઓ સખિ મુજ સ્વામિ મનાવો, રીઝી યથા ઘર આવે;
પરઘર માહરો દાન ન ફાવે, કીધું ફોગટ જાવે. પ્રીતમ૦ ૩
લાવી મનાવી સખિ ઙહાં જાકર, અત્યાનન્દ ધરાવે;
બુદ્ધિસાગર સિદ્ધ સુખકુંર, સેજે પતિ પધરાવે. પ્રીતમ૦ ૪
(માણસા.)

## "प्रिया मम छटकी भटकी अटकी."–पद.

(૧૦૩)

પ્રિયા મમ છટકી ભટકી અટકી, ખેંચી તાણી ઘર-
માં ઘાલી, તોપણ જાવે છટકી. પ્રિયા૦ ૧
આપ મતીલી નાસે ઉઠી, પરઘર ચોરે લૂંટી;
દેતાં શિખામણ ભરીને ચુંટી, રોવે માથું કૂટી. પ્રિયા૦ ૨
જોગી જતિની પાસે જાકર, લાવું એસી બૂટી;
પાણી મધ્યે ઘસકર પાવું, વશ થૈ પડે ન વિખૂટી. પ્રિયા૦ ૩
જાગી જોગી પાસે જાતાં, હરખી બૂટી દીધી;
બુદ્ધિસાગર પાતાં ઘસીને, વશ થૈ ચાલત સિદ્ધિ. પ્રિયા૦ ૪
(માણસા.)

## "भला मुज अनुभव अमृत भावे."–पद.

(૧૦૪)

ભલા મુજ અનુભવ અમૃત ભાવે, બાકસ બુકસ
બાકી ભોજન. મુજ મન એહ સોહાવે. ભલા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મત મતાન્તર ષટ્ દર્શન સહુ, તાકી વાત જણાવે;
હંસ ચંચુ વિવેક ધરે જબ, તબ સોડહં પદ પાવે. ભલા૦ ૨
નિરાકાર નિઃસઙ્ગી નિર્મલ, નામ ન કોઈ ધરાવે;
મન વાણીથી ન્યારો વર્તે, નિજ નિજને પરખાવે. ભલા૦ ૩
અસ્તિ નાસ્તિ સ્યાદ્વાદ સ્વરૂપી, ઘટભિંતર વહી સાચો;
સુખ અનંતુ ક્ષણુમાં વિલસે, શોધે બાહિર કાચો. ભલા૦ ૪
વર્તે ન્યારો જડથી ચેતન, આપ સ્વરૂપે અભેદી;
બુદ્ધિસાગર નિર્વેદીને, જાણે કચુંકર વેદી. ભલા૦ ૫
(માણસા.)

## "आतम अपनो स्वरूप निहारो."—पद.

(૧૦૫)

આતમ અપનો સ્વરૂપ નિહારો, બાહિર દૃષ્ટિ ભટકત ભવમાં;
અન્તર્ દૃષ્ટિ તું તારો. આતમ૦ ૧
શુદ્ધ નિરઞ્જન ચિદ્દ્ઘન સ્વામી, સ્વરૂપ રમણુ અવિનાશી;
ક્ષાયિક ભાવે નિજ ગુણુ ભોગી, જ્ઞાનાનન્દ વિલાસી. આતમ૦ ૨
કાયા માયાથી છે ન્યારો, બ્રહ્મ સ્વરૂપ નિર્ધારો;
ઉત્પતિ સ્થિતિ વ્યયનો વિલાસી, ગુણુગણુનો નહિ પારો. આતમ૦ ૩
પૂર્વ કોડી વર્ષનું સ્વપ્નું, જાગંતાં દૂર થાવે;
શુદ્ધ સ્વભાવે જાગંતાં ઝટ, પર પરિણુતિ દૂર જાવે. આતમ૦ ૪
એ હું એનો એછે મારૂં, દિવસે પણુ અન્ધારૂં;
બુદ્ધિસાગર જોતાં જાગી, શું મારૂં ને તારૂં. આતમ૦ ૫
( વિજાપુર. )

## "मनवा ऐसी रमे कयुं बाजी."—पद.

(૧૦૬)

મનવા એસી રમે કયું બાજી, હોત ન પ્રભુ તુમ રાજી. મનવા૦
રાણી બાજીથી નારાજી, રમતાં વારત કાજી;
રમત ભમત ચૌગતિમાં પ્યારા, નિર્બલ હોકર પાજી. મનવા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ અનન્ત ગમાયો રમતાં, જ્ઞાન કલા નહિ છાજી,
શિખામણ અબ માન લે મારી, દેર કરે કયું ઝાઝી. મનવા૦ ૨
છોડી બાજી મનવે જયારે, કુમતા કુલટા લાજી;
બુદ્ધિસાગર ચિદ્દ્ઘન સઙ્ગી, સમતા ગગને ગાજી. મનવા૦ ૩
(વિજાપુર.)

## "चेतन चिद्‌घन सङ्गीरङ्गी."—पद.

(૧૦૭)

ચેતન ચિદ્દ્ઘન સઙ્ગીરઙ્ગી, અજ અવિનાશી અભઙ્ગી. ચેત૦
પર પરિણતિસેં નામ ધરતહે, ફરત ફરત દો રઙ્ગી;
દો રંગી એક રંગી હોવે, તબ હોવત નિજસઙ્ગી. ચેતન૦ ૧
જાગત ભાગત ઉંઘ દશા સહુ, નાસે કર્મ કુઢંગી;
આપસ્વરૂપે આપ સમાયો, અચળ અટળ એ ઉમંગી. ચેતન૦ ૨
સ્યાદ્વાદી સમજે છે ક્ષણમાં, નિજ ધન અન્તર્ પાવે;
બુદ્ધિસાગર ચેતે ઘટમેં, સો નિજ ઘરમાં આવે. ચેતન૦ ૩
(વિજાપુર.)

## "हंसा सोऽहं चिन्मय ध्यावे."—पद.

(૧૦૮)

હંસા સોઽહં ચિન્મય ધ્યાવે, અલખ અગોચર થાવે. હંસા૦
શક્તિ અનન્તિ સત્તા તારી, સ્થિતિ અનન્તિ ધરાવે;
તત્ત્વરમણતા પ્રગટે જબહી, અનુભવ અમૃત પાવે. હંસા૦ ૧
ઉપાદાન પણ આપોઆપે, સમરે શકિત સ્વભાવે;
ઘટ શોધે સો બોધે નિજકું, નિજઘર આતમ આવે. હંસા૦ ૨
આનન્દ અનહદ અન્તર્ પ્રગટે, આપોઆપ સ્વભાવે;
કાલ કર્મકા ભયકું તોડી, નિર્ભય પદ વર્તાવે. હંસા૦ ૩
નાથ અનામી નિવૃત્તિમય, શુદ્ધ સ્વરૂપ સોહાવે;
આતમસો પરમાતમહે નિજ, બુદ્ધિસાગર ગાવે. હંસા૦ ૪
(વિજાપુર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "चिद्घन सङ्गी गुणगण रङ्गी."—पद.

(૧૦૯)

( સોવે સોવે સારી રૈન ગુમાઇ-એ રાગ.)

ચિદ્ઘન સઙ્ગી ગુણગણ રઙ્ગી, આતમ અનુભવ સમરો પ્યારે;
આત્મા અસંખ્યપ્રદેશી સોહે, આપ તરે ઓર પરને તારે. ચિદ્ઘન૦ ૧
ત્યાગ લેવનકું પૂતળી લુણકી, સાગરમાંહિ પ્રવેશે જ્યારે;
જલરૂપ હોકર કબહુ ન આવે, પરમાતમ પદ પરખે ત્યારે. ચિદ્ઘન૦ ૨
ગુરૂગમશ્રદ્ધા પાકર પ્રાણી, અન્તર્ લક્ષ્ય વિચારે સારે;
બુદ્ધિસાગર અજરામર થઈ, ભવ ભય ભ્રમણા વારે ત્યારે. ચિદ્ઘન૦ ૩

(માણસા.)

## "आतम अनुभव कोइक पावे."—पद.

(૧૧૦)

આતમ અનુભવ કોઈક પાવે, પાવે સો પરઘર નહિ જાવે. આતમ૦
પરઘર નાચ નચાવત કુલટા, અન્તર્ ધન સબ ફોલી ખાવે. આતમ૦ ૧
સ્વરૂપ પ્રકાશી તિરોભાવે, હોવત જબ સોહિ આવિર્ભાવે;
પરમાતમ પદ સોહિ પિછાને, અન્તર્ જ્યોતિ શુદ્ધ જગાવે. આતમ૦ ૨
હોવત નહિ જે કબહુ ન પ્રગટે, પ્રગટે સો સત્યરૂપ કહાવે;
સદ્ વસ્તુ તીન કાલમાં હોવે, સત્ય નિત્ય ચેતન પરખાવે. આતમ૦ ૩
આતમ ભૂલે ભવમાં ભટકે, સમરે તો નિજરૂપ લખાવે;
બુદ્ધિસાગર શોધો ઘટમાં, સન્ત મુનીશ્વર જાકું ધ્યાવે. આતમ૦ ૧

(માણસા.)

## "समजी ले शाणा मन मेरा"—पद.

(૧૧૧)

સમજી લે શાણા મન મેરા, આ સંસાર ન કબહુ તેરા;
તેરા તેરી પાસે ભાઇ, શોધ્યા વિણ અન્તર્ અન્ધેરા. સમજી૦ ૧
કોટિયતન કરો કબહુ ન ભવતરો, આતમજ્ઞાન વિના નહિ પ્યારા;
અનેકાન્ત આતમકીસત્તા, ધ્યાતાં પાવત સુખ અપારા. સમજી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહિર ભટકે અન્તર ભૂલ્યો, ચઞ્ચળતા મનકી ભજનારા;
દેવ નિરઞ્જન ભવ ભય ભઞ્જન, ન્યારા નહિ તુજથી સુખકારા.સમજી૦
ચિન્તામણિ તુજ હસ્તે ચઢિયો, પડિયો અન્ધારામાં પ્યારા;
બુદ્ધિસાગર અજપાજાપે, અનુભવ જ્ઞાને હોય ઉજિયારા. સમજી૦ ૪
(માણસા.)

## "अब हम अजरामर अविनाशी."–पद.

(રાગ જંગલો)

(૧૧૨)

અબ હમ અજરામર અવિનાશી, જ્ઞાનાનન્દ વિલાસી. અબ હમ૦
તીન ભુવનમેં દૃષ્ટિ દીધી, વસ્તુ પરખી લીધી;
વસ્તુ સ્વરૂપે આનન્દ પાયો, ઘટમેં નિરખી રૂદ્ધિ. અબ હમ૦ ૧
જેનું હશે તે ભોગવી લેશે, અવરતણી શી ઉદાસી;
ભેદ જ્ઞાનથી ભ્રમણા ભાગી, આપોઆપ પ્રકાશી. અબ હમ૦ ૨
પર તે પોતાનું નહિ થાશે, જોતાં જાગી જણાશે;
ખોજો ઘટમાં ગુરૂગમ જ્ઞાને, શુદ્ધ તત્ત્વ પરખાશે. અબ હમ૦ ૩
આદિ અન્ત ન જેનો આવે, સકલ કલાથી સુહાવે;
બુદ્ધિસાગર આતમ ગાતાં, પાર કછુ નહિ આવે. અબ હમ૦ ૪
(માણસા.)

## "झट जाय जुवानी जीव जोतो जरा."–पद.

(૧૧૩)

ઝટ જાય જુવાની જીવ જોતો જરા, કોઈ તારૂ નહીં તારૂ નહીં;
તુંતો અવિચલ આતમ અમલ વિભુ, સુખ કારી સહિકારી સહિ. ઝટ૦
કાલ અનાદિ ભવમાં ભટકયો, ગ્રહ્યા વિવિધ અવતાર;
છેદન ભેદન તાડન તર્જન, પામી દુઃખ અપાર. જરા ઝટ૦ ૧
લાખ ચોરાશિમાંહિ ભમતાં, પામ્યો માનવ દેહ;
પાણી પરપોટા સમ કાયા, અન્તે દેવત છેહ. જરા ઝટ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગાં સંબંધી લાડી ગાડી, વાડીને વિસ્તાર;
મરતાં કોઈ સાથ ન આવે, મિથ્યા સબ સંસાર. જરા ઝટ૦ ૩
મારૂં મારૂં કરતો મ્હાલે, થશે ન તારૂં કોય;
તારૂં તારી પાસે જાણે, તો સુખ સહેજે હોય. જરા ઝટ૦ ૪
સુખ દુઃખ વાદળ છાયાપેરે, ક્ષણમાં આવે જાય;
પરને પોતાનું માને પણ, પોતાનું નહિ થાય. જરા ઝટ૦ ૫
ચેતીલેને પામર પ્રાણી, પામી અવસર બેશ;
બુદ્ધિસાગર સુખમાં મ્હાલે, દેખી નિર્ભય દેશ. જરા ઝટ૦ ૬

(માણસા.)

---

# "महावीर प्रभु सुखकारी सदा."—स्तवन.

(૧૧૪)

(વિમલાચલના વાસી મારા વ્હાલા—એ રાગ.)

મહાવીર પ્રભુ સુખકારી સદા, તુજ પાય નમું પાય નમું;
પ્રભુ આણ ધરૂ શીર ધ્યાન ધરૂ, નિજભાવે રમું ભાવે રમું;
ઘાતી કર્મનો નાશ કરીને, પામ્યા કેવલ જ્ઞાન;
આતમ તે પરમાતમ જાણી, ધ્યાયું શુક્લ ધ્યાન. સદા મહા૦ ૧
રત્નત્રયિની સ્થિરતા પામ્યા, વામ્યા ભવ જંજાલ;
પરમાતમ પરમેશ્વર પરગટ, કરતા મઙ્ગલમાલ. સદા મહા૦ ૨
સમવાયી પઞ્ચે તુજ મળીયાં, ગળિયાં કર્મો આઠ;
કારણ પઞ્ચ વિના નહિ કારજ, શ્રી સિદ્ધાન્તે પાઠ. સદા મહા૦ ૩
સમ્પ્રતિ શાસન ત્હારૂં પામી, ઉદ્યમનો સમવાય;
કરતાં કારણ પઞ્ચે પામી, પરમાતમ પદ થાય. સદા મહા૦ ૪
આતમતો પરમાતમ સાચો, નિર્મલ સિદ્ધ સમાન;
બુદ્ધિસાગર ઘટમાં શોધો, ત્રણ્ય ભુવનનો ભાણ. સદા મહા૦ ૫

(માણસા.)

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "अरे आ जिंदगानी मनुभवनी एळे जाय छेरे."–पद.

(૧૧૫)

(વહાલા વીર જિનેશ્વર–એ રાગ.)

અરે આ જીન્દગાની મનુભવની એળે જાય છેરે;
ઘડી ક્ષણુ વીત્યો તે તો પાછો કદીય ન આયછેરે;
મન ચિન્તાતું કહિય ન થાતું, પાપે ભરિયું જીવતર ખાતું;
અરે ક્યાં માયામાં મસ્તાનો થઇ મકલાયછેરે. અરે૦ ૧
પ્રભુ ભજન પલવાર ન કીધું, સાધુ સન્તને દાન ન દીધું;
અરે ક્યાં વિષયારસ વિષ પીને મન હરખાયછેરે. અરે૦ ૨
જન્મ મરણુની નદિયો વહેતી, ખરખર ચાલંતાં એમ કહેતી;
અસ્થિર ચંચલ સત્તા ધન આયુ વર્તાય છેરે. અરે૦ ૩
સફલ કરીલે મનુ જન્મારો, આતમરામ ભજી લે તારો;
ભાવે બુદ્ધિસાગર ચેતે તો સુખ પાયછેરે. અરે૦ ૪

(માણુસા.)

## "अरे फूली फोगट फरनारारे."–पद.

(૧૧૬)

અરે ફૂલી ફોગટ ફરનારારે, અણુધારે દિવસ મરનારા;
જોને ઠાઠડીમાં કેઇ ઠરાણુારે, ઘણા મરેલ ઘોરમાં ઘલાણુા;
વૈદને સૈદ રોગીને શોગી, રંકું ભલે હોય મહારાણુા;
પોક પડી તેના નામની મોટી, તેનાં મડદાં બળે છે મશાણુારે. અણુધારે૦૧
માટીની કાયા માટીમાં મળશે, કરો ઉપાય હજારા;
સુર દાનવ જન કોડી મલે પણુ, નહિ કોઈ ઉગરનારારે. અણુ૦ ૨
લાખોની રાખો થઇ છે મશાણે જે, હતા નહીં ડરનારા;
માનમાયામાં મ્હાલે શું માનવ, જલ પરપોટા થનારારે. અણુ૦ ૩
અન્તર્ જોને તારૂ તપાસી, ત્યાગીને વિષય વિકારા;
સાનન્દ પદ્મપ્રભુ જિન મણ્ડલ, બુદ્ધિસાગર સુખકારારે. અણુ૦ ૪

(લોદરા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## प्यारा नेम प्रभु मुज मन मन्दिरिये पधारजोरे.–स्तवन

( ૧૧૭ )

પ્યારા નેમ પ્રભુ મુજ મન મન્દિરિયે પધારજોરે;
કર્માષ્ટક ક્રોધાદિક શત્રુ, ધ્યાનથી દૂર નિવારજોરે. પ્યારા૦ ૧
જન્મ મરણના ફેરા ટાળી, પામ્યા મુક્તિ સ્ત્રી લટકાળી;
વ્હાલા દીન દયાળુ સેવકને સંભાળજોરે. પ્યારા૦ ૨
કર્મ ન લાગે પ્રભુજી તમને, સમય સમય લાગે પ્રભુ અમને;
વેગે દુઃખનાં વાદળ મુજથી દૂરે ટાળજોરે. પ્યારા૦ ૩
શીગતિ થાશે એ !!! પ્રભુ મારી, ચારગતિ ભટકયો દુઃખભારી;
વેગે તુજ પદ પઙ્કજ શરણુ ગ્રહ્યાને ઉગારજોરે. પ્યારા૦ ૪
શરણાગત વત્સલ ભયભઞ્જન, અકલગતિ તું દેવનિરઞ્જન;
પ્રેમે બુદ્ધિસાગર ભવજલ પાર ઉતારજોરે. પ્યારા૦ ૫

(વિજાપુર.)

---

## " भोंयणी मल्लिजिन–स्तवन."

( ૧૧૮ )

મલ્લિજિન વન્દિએ ભાવિભાવેરે, સુરાસુર મુનિવર ગુણ ગાવે. મલ્લિ૦
પ્રભુ માત કૂખે જબ આયારે, ઈન્દ્રાદિક સુરગિરિ લાયારે;
આઠ જાતિ કળશે નવરાવ્યા. મલ્લિ૦ ૧
ત્રણ જ્ઞાને પ્રભુ ગુણવન્તરે, પ્રતિબોધ્યા મિત્ર મહન્તરે;
ભાવે દીક્ષા ગ્રહી સુખવન્ત. મલ્લિ૦ ૨
પ્રભુ વિચર્યા દેશ વિદેશરે, પરભાવતણો નહિ લેશરે;
ટાળ્યો મોહભાવ સંકલેશ. મલ્લિ૦ ૩
પ્રમાદ દશા દૂર ટાળીરે, શ્રેણિ ક્ષપકવર્યા લટકાળીરે;
મોહરાયતણો મદ ગાળી. મલ્લિ૦ ૪
ચાર ઘાતી કર્મ ખપાવીરે, ધ્યાનાન્તરીએ પ્રભુ આવીરે;
કેવલ કમલા ઘટ પાવી, મલ્લિ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ સમવરણમાં સુહાયારે, મળ્યા ઈન્દ્રાદિક નર રાયારે;
નવ તત્ત્વ જિનેશ્વર ગાયા. મલ્લિ૦ ૬
પ્રભુ વાણી ગુણ પાંત્રીસરે, અતિશય સોહે ચોત્રીશરે;
સિદ્ધ બુદ્ધ પ્રભુ જગદીશ. મલ્લિ૦ ૭
શાશ્વત શિવપદ ઝટ પાયારે, પરમાતમ રૂપ સોહાયારે;
બુદ્ધિસાગર એમ ગુણ ગાયા, મલ્લિ૦ ૮

(વિજાપુર.)

# "एवोरे दिवस ते मारो क्यारे आवशे."–पद.

## (૧૧૯)

**(ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.)**

એવોરે દિવસ તે મારો કયારે આવશે,
ભ્રાન્તિ સમ હું જાણીશ આ સંસારજો;
ક્રોધ કપટ ઇર્ષ્યા રાગાદિક વૈરિયો,
ત્યાગીશ ખોટા ત્રેવિસ વિષય વિકારજો. એવો૦ ૧
માત પ્રમાણે દેખીશ સઘળી નારિયો,
ભાઇ પ્રમાણે લેખીશ શત્રુ વર્ગજો;
સુખ દુ:ખ આવે હર્ષ વિષાદ નહીં હુવે,
વિદ્યા ધન વધતાં નવિ હોવે ગર્વજો. એવો૦ ૨
વૈરાગ્યે રંગાશે મન મારૂં સદા,
ધોવાશે મનમેલ બધો નિર્ધારજો;
વિષય વિકારો વિષની પેઠે લાગશે,
અન્ય બને છે જેમાં નરને નારજો. એવો૦ ૩
મોજમજામાં સુખ કદાપિ ન ભાસશે,
મમતાનું હું તોડી નાખીશ મૂળજો;
સગાં સંબંધી પોતાનાં નહિ લાગશે,
માટી સોનું ભાસે મન જેમ ધૂળજો. એવો૦ ૪
ધર્મ ધ્યાન ધ્યાતા થઈ આત્મસ્વરૂપમાં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમતો રહી હું પડું નહિ ભવકૂપજો;
સમતા સઙ્ગ કર્મ કલઙ્ક વિદારતો,
થાવું હું શિવશાશ્વત સુખ ચિદ્રૂપજો. એવો૦ ૫
કુમિત્રોની સોબત ત્યાગી જ્ઞાનથી,
સદ્‌ગુરૂ સઙ્ગતિ કરતો રહું નિશદિનજો. એવો૦ ૬
બુદ્ધિસાગર જન્મ જરા નિવારીને,
આત્મસ્વભાવે પરમાતમપદલીનજો. એવો. ૭
(વિજાપુર.)

# त्रिधा आत्मानी सझाय.

(૧૨૦)

નમો નમો અરિહંતને, સિદ્ધ ભજો ચિત્તધ્યાયી;
આચારજ ઉવઝાયને, સાધુ સકલ સુખદાયી. ૧
આતમ ત્રણ પ્રકાર છે, બાહિર્ અન્તર્ તેમ;
પરમભેદ ત્રીજો કહ્યો, અક્ષય સુખ લહો જેમ. ૨

(નિંદડી વેરણ હુઇ રહી, એ રાગ.)

બહિરાતમ પહેલો કહ્યો, તેનું લક્ષણ હો કહ્યું શાસ્ત્ર મઝારકે,
પુદ્‌ગલ મમતા ચિત્તગ્રહી, માને તેને હો આતમરૂપ સારકે,
જિનવાણી ચિત્ત ધારીએ. ૧
સ્રીધન ભાઇ ભગિનીને, પુત્ર પુત્રીહો કુટુમ્બ પરિવારકે;
તેહના સઙ્ગ રાચીયો, મોહે ઘેર્યોહો લહે દુઃખ અપારકે. જિન૦ ૨
દેહને આતમ માનતો, ભિન્ન સમજેહો નહિ તેહ અજાણકે;
બહિતરામ પહેલો કહ્યો, ભેદ આતમનો છંડોજ સુજાણકે. જિન૦ ૩
અષ્ટ કર્મની સઙ્ગતિ, પામી આતમહો નાના અવતારકે;
ચાર ગતિમાં સઞ્ચરે, મહા રૈરવ હો દુઃખનો નહિ પારકે. જિન૦ ૪
આતમ કર્મ સમ્બન્ધ છે, અનાદિહો રજકનક દ્દષ્ટાન્ત કે;
અનાદ્યન્ત ભવિ આશ્રયી, અભવ્યનોહો કહું સુણો થઇ શાન્તકે. જિન૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાદ્યનન્ત અભવ્યનો, નિત્યાનિત્ય હો વળી કર્મ સમ્બન્ધ કે;
અભવી ભવી ક્રમથી સુણી, કિમ બાંધેહો બન્ધ થઇ ભવી અન્ધકે.જિન૦૬
રૂપી શરીરને આશ્રયી, રહ્યા આતમહો અરૂપી મહન્તકે;
અન્તર્ આતમ જાણજો, ભેદ બીજો હો કરો કર્મનો અન્તકે. જિન૦ ૭
કર્મ સર્ડ્ડાં દૂરે કરી, પામ્યા કેવલહો, જ્ઞાન ગુણ મહન્તકે;
ત્રણ્ય ભુવનના ભાવને, જાણે સમયેહો ચિદાનન્દ ભદન્તકે. જિન૦ ૮
દ્રવ્યગુણ પર્યાયના, જ્ઞાતા જ્ઞાનેહો પરમાતમ જેહકે;
ભેદ ત્રીજો એહ આત્મનો, ધ્યાવો હૃદયેહો ધરો તેહશું નેહકે. જિન૦ ૯
ઇયળ ભમરી સર્ડ્ડાંથી, ભ્રમરી રૂપહો લહે જેમ એહકે,
પરમાતમપદ ધ્યાવતાં, બુદ્ધિસાગરહો લહે શિવ સુખ ગેહકે. જિન૦૧૦

(કાવીઠા.)

## वीरप्रभु स्तवन.

(૧૨૧)

(ભુજંગીછંદ.)

નમો વીર વિશ્વે સદા સૌખ્યકારી,
પિતા માત ભ્રાતા ચ દુઃખાપહારી;
કથી દેશના ભવ્ય કલ્યાણ જાણી,
નમું વીર પ્રેમે બહુ પ્યાર આણી. ૧

કહ્યા મુક્તિ માર્ગે ક્રિયા જ્ઞાન ભેદે,
ગ્રહી ભવ્ય જીવો મહાકર્મ છેદે;
કહ્યાં દ્રવ્ય ષડ્ધા સદા જે અનાદિ,
નમું ભાવથી સત્ય સ્યાદ્વાદવાદિ. ૨

(સાણંદ.)

## "भ्रमणाए शुं भरमायरे तुं तो भ्रमणा त्यागी."—पद

(૧૨૨)

રઙ્ગ મચ્યો જિન દરબારરે, ચાલો ખેલીએ હોરી—એ રાગ.

ભ્રમણાએ શું ભરમાયારે, તું તો ભ્રમણા ત્યાગી;
વસ્તુ સ્વરૂપે બ્રહ્મસ્વરૂપી, આતમ દ્રવ્ય કહાયરે; તું તો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોટિ યત્ન કરો મમતાએ કરી, પર પોતાનું ન થાયરે; તું૦
નિજ રૂપ ભૂલી પરમાં ફૂલે, જન્મમરણ દુઃખ પાયરે. તું૦ ૨
ઉપયોગ આત્મસ્વરૂપે ન લાવે, ઔદયિક ભાવે મુંજાયરે; તું૦
અશુદ્ધપરિણતિપરપરિણામે, ભવમાંહિ ભટકાયરે. તું૦ ૩
જલ ખારાથી તૃપ્તિ ન હોવે, સમજ સમજ દિલ લાયરે; તું૦
બુદ્ધિસાગર અવસર પામી, ચિદ્દઘન ચેતન થાયરે. તું તો૦ ૪

( વિજાપુર. )

## "चेतन चतुराइथी शिवपुर मारग चालजेरे."–पद

( ૧૨૩ )

ચેતન ચતુરાઇથી શિવપુર મારગ ચાલજેરે;
છોડી વિષય વિકારો, મનડું નિજ ઘર વાળજેરે.
દુનિયાદારી દૂર વિસારી, ઉપયોગે આતમગુણધારી;
ક્ષાયોપશમિક ધ્યાને કર્મ કલંકું વિદારજેરે. ચેતન૦ ૧
ઘનઘાતી ચઉકર્મ ખવાવી, આત્મિક શુદ્ધસ્વભાવે આવી;
વેગે પોતાને તું પરપરિણતિથી વારજેરે. ચેતન૦ ૨
સ્થિરતા આપસ્વરૂપે આવે, પરમાનન્દ પ્રેમે ત્યાં પાવે;
ભાવે બુદ્ધિસાગર ધ્યાન ધરી નિજ તારજેરે. ચેતન૦ ૩

(અમદાવાદ.)

## शान्तिजिन स्तवन.

( ૧૨૪ )

જય જય શાન્તિ જિનન્દ, જગત્માં જય જય શાન્તિ જિનન્દ;
આપ તર્યાને પરને તારો, સેવે ચોસઠ ઇન્દ્ર. જગત્માં૦ ૧
પૂરણ શાન્તિ પ્રેમે લીધી, દોષ કરી સહુ દૂર; જગત્માં૦
જન્મજરા મરણાદિક વારી, સુખ પામ્યા ભરપૂર. જગત્માં૦ ૨
સમવસરણમાં દેશના દેઇ, તાર્યા પ્રાણી અનેક; જગત્માં૦
સેવક તારો કૃપા કરીને, આપો સત્ય વિવેક. જગત્માં૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ કર્યાં મ્હેં ભવમાં ભારે, ગણતાં નાવે પાર; જગત્માં૦
શરણુ કર્યું મેં તારૂં સ્વામી, હાથ ગ્રહીને તાર. જગત્માં૦ ૪
નામ સ્થાપના દ્રવ્ય ભાવથી, ધ્યાતાં શિવસુખ થાય; જગત્માં૦
બુદ્ધિસાગર બેકર જોડી, વન્દે ત્રિભુવન રાય. જગત્માં૦ ૫
(અ૦ દ. ભ. વં.)

## "परमपद प्रेमी कोइक पावे."–पद.

(૧૨૫)

પરમપદ પ્રેમી કોઈક પાવે, ધ્યાવે સો ઘટ પાવે. પરમ૦ એ ટેક.
સમજી આત્મસ્વરૂપ સ્વભાવે, પરપરિણતિને નિવારે;
નિજગુણ બાજી ખેલે હંસા, સુઈ રહી સંસારે. પરમપદ૦ ૧
અધિકારી વિણ નહિ કો સમજે, કરત ઉપાયો કોટી;
સર્વ સમાયું છે ઘટમાંહિ, વાત નહીં એ ખોટી. પરમપદ૦ ૨
શક્તિભાવે સો વ્યકિત રૂપે, થાવે તો સુખ સાચો;
અનુભવ તેનો પામી પરગટ, માયામાં શિદ રાચો. પરમપદ૦ ૩
અન્તર્દૃષ્ટિ વિના જગ મૂઢા, સત્ય સ્વરૂપ ન બોધે;
બુદ્ધિસાગર અવસર પામી, કોઈક પદ નિજ શોધે. પરમપદ૦ ૪

## "सहु जन धर्म धर्म मुख बोले."–पद.

(૧૨૬)

સહુ જન ધર્મ ધર્મ મુખ બોલે, અન્તર પડદો ન ખોલેરે સહુ૦ એ ટેક.
કોઈ ગઙ્ગા જમના ઝૂલ્યા, કોઈ ભભૂતે ભૂલ્યા;
કોઇ જનોઇમાં ઝંખાણા, ફકીરી લેઇ ફૂલ્યા. સહુ૦ ૧
ચાલત ચાલત દોડયો દોટે, પણ પાસેનો પાસે;
ટીલાં ટપકાં છાપ લગાવી, શિવપુર કેમ પમાશે. સહુ૦ ૨
મુંડ મુંડાવે ગાડરીયાં જગ, કેશને તોડે રંડી;
માલા મણકા બૈરી પહેરે, નિત્ય ચાલે પગદંડી. સહુ૦ ૩
ધર્મ ન વરણે ધર્મ ન મરણે, ધર્મ ન કરવત કાશી;
ધર્મ ન જાતિ ધર્મ ન ભાતિ, ધર્મ ન જંગલ વાસી. સહુ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગદ્ધાં ખાખમાંહિ આળોટે, તે પણ સાચાં ખાખી;
નિર્વસ્ત્રાં પશુ પંખી ફરે છે, મમતા દિલમાં રાખી. સહુ૦ ૫
યાવત્ અન્તર્ તત્ત્વ ન ખૂલે, તાવત્ ભવમાં ઝૂલે;
બુદ્ધિસાગર આતમ ધર્મે, ભ્રાન્તિ ભ્રમણા ભૂલે. સહુ૦ ૬
(મેહેસાણા.)

## "सोऽहं सोऽहं सोऽहं सोऽहं."–पद.

(૧૨૭)

સોઽહં સોઽહં સોઽહં સોઽહં,
સોઽહં સોઽહં દિલમાં વસ્યોરી;
હું તું ભેદ ભાવ દૂર નાઠો,
ક્ષાયિક ભાવે કદિ ન ખસ્યોરી. સોઽહં૦ ૧
દિલ સાગરમાં અમર દીવો તું,
મન મન્દિરમાં દીપ જિશ્યોરી;
જ્યાં ત્યાં દેખું ત્યાંહિ તુંહિ તુંહિ,
પ્રાણપ્રતિ વણ પ્રેમ કિસ્યોરી. સોઽહં૦ ૨
તું તારામાં સમાયો સહેજે,
પરને કહો કેમ જાય કહ્યોરી;
સબ ઋદ્ધિ તુજ અન્તર પ્રગટી,
જ્યોતિમાં જ્યોતિ જગાય રહ્યોરી. સોઽહં૦ ૩
જાવું ન આવુ લેવું ન દેવું,
અન્તર્ પડદો લ ગયોરી;
સુખસાગરની લહેરો ઉછળે,
આતમ હંસ ત્યાં ઝીલી રહ્યોરી. સોઽહં૦ ૪
હરવું ફરવું ખરવું ન મરવું,
દુઃખ દાવાનલ શાન્ત થયોરી;
બુદ્ધિસાગર સોઽહં ધ્યાને,
પરમ પ્રભુતા ચિત્ત લહ્યોરી. સોઽહં૦ ૫
(સમૌ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "शूरानी गति शूरा जाणेरे."—पद.

(૧૨૮)

શૂરાની ગતિ શૂરા જાણેરે, ત્યાંતો કાયર થરથર કંપે;
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જંપે;
પરમારથ પામે સો પૂરા, નહીં વળે કંઇ ગપ્પે. શૂરાની૦ ૧
કાન આંખ બિન મારો વાલ્હમ, શુણતો ને વળી નિરખે;
રૂપાતીત પણ મારો સ્વામી, રૂપારૂપીને પરખે. શૂરાની૦ ૨
આતમરૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડો તાળું;
બુદ્ધિસાગર અવસર પામી, નિજઘરમાં ધન ભાળું. શૂરાની૦ ૩
(માણસા.)

# "बहु लागे गुणिजन प्यारुं."—पद.

(૧૨૯)

બહુ લાગે ગુણિજન પ્યારૂં, ચતુર નર સમજે તો બહુ સારૂંરે હેજી.
ચેતન વચન માની લે મારૂં. ચતુર૦ એ ટેક.
કરવું તેતો કાંઈ ન કીધું, મોહ માયામાં મનડું દીધું;
નિજકારજ કંઇ ન સિદ્ધયું. ચતુર૦ ૧
જાણ્યું પ્યારૂં પણ તે ભૂલ્યો, ફોગટ ફાંફાં મારી ફૂલ્યો;
તુંતો જગ ઝંઝાળે ઝૂલ્યો. ચતુર૦ ૨
ક્ષણ ક્ષણ આયુષ્ય વીતી જાવે, અન્તર્ સમજ્યામાં નહિ આવે;
તું તો પાછળથી પસ્તાવે. ચતુર૦ ૩
મોહ માયાને ઝટપટ ત્યાગી, આત્મસ્વરૂપે થા વૈરાગી;
બન અન્તર્ અનુભવ રાગી. ચતુર૦ ૪
સ્વપ્નસમી સાંસારિક માયા, તેમાં શું ફોકટ હરખાયા;
અરે જૂઠી સ્ત્રી ધન જાયા. ચતુર૦ ૫
જેમાં રાચે તે નહિ તારૂં, પર પુદ્ગલ છે તુજથી ન્યારૂં;
નહિ સમજે તો અંધારૂં. ચતુર૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક સંયોગો નિર્ધારી, કર તું શુદ્ધાતમથી યારી;
ઝટ ભૂલી દુનિયાદારી. ચતુર૦ ૭
એક દિન અણધાર્યું છે જાવું, નાહક માયામાં હરખાવું;
શું પણ્ડિતને પરખાવું. ચતુર૦ ૮
અમૂલ્ય અવસર રૂડો પામી, થા તું અન્તર્ ગુણ વિશ્રામી;
બન ચિદ્દ્ઘન ચેતન રામી. ચતુર૦ ૯
જાગી લે તું અન્તર્ ભાવે, રમજે આતમ શુદ્ધ સ્વભાવે;
ઝટ જન્મ મરણ દુઃખ જાવે. ચતુર ૧૦
નામ રૂપથી ન્યારો ધારી, પરમાતમપદ થા અધિકારી;
બુદ્ધિસાગર સુખકારી. ચતુર૦ ૧૧

(અમદાવાદ.)

## "ध्यान सदा सुखकार."–पद.

રાગ ( ધન્યાશ્રી. )

( ૧૩૦ )

ધ્યાન સદા સુખકાર, જગત્માં ધ્યાન૦
સદ્ગુરૂ પાસે શિખીએરે, જીવાજીવ સ્વરૂપ;
ષડ્ દ્રવ્યાદિક ધારીનેરે, ટાળો ભવભય ધૂપ. જગત્માં૦ ૧
ચિત્ત ચંચળતા વારીનેરે, નિર્જન દેશે વાસ;
કીજે શમસુખ પામવારે, ત્યાગી પુદ્ગલ આશ. જગત્માં૦ ૨
જિજ્ઞાસા શુદ્ધ ધર્મનીરે, આતમ ધર્મે પ્રેમ;
અન્તર સ્થિરતા જ્ઞાનથીરે, શિવ સુખ મઙ્ગલ ક્ષેમ. જગત્માં૦ ૩
નય નિક્ષેપ પ્રમાણથીરે, ધ્યાવો આતમરાય;
સદસદ્ ભેદાભેદથીરે, નિજગુણ વ્યકિત થાય. જગત્માં૦ ૪
અડગવૃત્તિથી ધ્યાવતાંરે, હોવે મન વિશ્રામ;
અનુભવ ત્યારે જાગશેરે, આનન્દ ઉદધિ ઠામ. જગત્માં૦ ૫
વીર પ્રભુએ ધ્યાનથીરે, પામ્યું કેવલ જ્ઞાન;
ધ્યાને કર્મ ક્ષય હુવેરે, એમ ભાખે ભગવાન. જગત્માં૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાવે સ્થિરતા મન ભજેરે, ધ્યાને સ્થિર ઉપયોગ;
સાક્ષી તેનો આતમારે, લહીએ શિવસુખ ભોગ. જગત્માં૦ ૭
સાર સારમાં ધ્યાન છેરે, સમજે વિરલા કોય;
બુદ્ધિસાગર ધ્યાનથીરે, સહેજે શિવપદ હોય. જગત્માં૦ ૮
(અમદાવાદ.)

# कक्कावलि-१.

(૧૩૧)

કક્કા કારણ જોગે કાજ, સામગ્રી પામી સહુ આજ;
કર્માષ્ટકનો કરીએ નાશ, ધારી આતમનો વિશ્વાસ;
માનવ ભવનું મળીયું ઝાઝ, કક્કા કારણ જોગે કાજ. ૧
ખખા ખાંતે પ્રભુને ભજો, સમતા સ્થિરતા દિલમાં સજો;
ખરી વાતને હૃદયે ધાર, ક્રોધ કપટ મિથ્યા સહુ વાર;
પરનારી પરધનને તજો, ખખા ખાંતે પ્રભુને ભજો. ૨
ગગા ગાણું ગા જિનરાય, સાચો મોક્ષતણો ઉપાય;
ગર્ભાવાસે લહો ન વાસ, અન્તર્માં જો જિન વિશ્વાસ;
જન્મ જરાનાં દુઃખડાં જાય, ગગા ગાણું ગાય જિનરાય. ૩
ઘઘા ઘોર કર્મ શું કરે, વાર ઘણી તું ભવમાં ફરે;
ઘાંચીની ઘાણીના ફેર, બળદ પરે વર્ત્તે અંધેર;
જરૂર જન્મ્યા તેતો ખરે, ઘઘા ઘોર કર્મશું કરે. ૪
ડ.ડ.ાવશ કીજે સહુ અંગ, સન્ત જનોની કીજે સઙ્ગ;
મુખથી કદિ ન દીજે ગાળ, ફોગટ શું થાવું વાચાળ;
જ્ઞાની સઙ્ગ વાધે રઙ્ગ. ડ.ડ.૦ ૫
ચચા ચેતન ધર્મે ચાલ, કરજે અન્તર્નો તું ખ્યાલ;
ચાર ગતિનો કરવો છેદ, જાણી જીવ પુદ્ગલનો ભેદ;
ધર્મહીન વર્તે સહુ બાલ, ચચા ચેતન ધર્મે ચાલ. ૬
છછા છોકરવાદી તજી, રત્નત્રયી સ્વામીને ભજી;
છોડો વિરૂવા વિષય વિકાર, મુક્તિનાં સુખ સમજી સાર;
અન્તર્યામી પ્રેમે યજી. છછા૦ ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જજા જીવતર ચાલ્યું જાય, ગયો વખત પાછો નહિ આય;
જોજે અન્તર્માં તું ધર્મ, જેથી નાસે સઘળાં કર્મ;
જોતાં દિલમાં સહુ જણાય. જજા૦ ૮

ઝઝા ઝડપે કાલ કરાલ, વાટ જ મોક્ષ નગરની ઝાલ;
ધર્મ ઝાઝ ઝાલો નરનાર, ક્ષેમે પામો ભવનો પાર;
શું મુંઝે તું માયા ઝાલ. ઝઝા૦ ૯

ઞઞા નિરઞ્જનને સેવ, ત્યાગી નિન્દાદિક સહુ ટેવ;
નગુરાનો કીજે નહિ સઙ્ગ, પ્રભુ ભજનમાં પાડે ભઙ્ગ;
આતમ પરમાતમ છે દેવ. ઞઞા૦ ૧૦

ટટ્ટા ટેંટેં કરી શું હસે, જોયું સઘળું ચાલ્યું જશે;
જેના દિલમાં આતમ નાદ, ટળિયા તેને વાદવિવાદ;
છાને મોહ માયામાં વસે. ટટ્ટા૦ ૧૧

ઠઠ્ઠા ઠાલી શું ફૂલાય, ભલા ભલા પણ ચાલ્યા જાય;
ઠાઠમાઠમાં ખોયું સર્વ, ગાફલ થઈને કીધો ગર્વ;
ઠરવું નિર્ભયતા ઘટપાય. ઠઠ્ઠા૦ ૧૨

ડડા ડંકો દે નિજ દેશ, રાગાદિક સેવો નહિ લેશ;
કર્મ વૈરીને દેઇ દંડ, વર્તાવો નિજ આણ અખંડ;
અનુભવ રઙ્ગ રમિયે એશ. ડડા૦ ૧૩

ઢઢ્ઢા ઢમઢમ વાગે ઢોલ, શું તારૂં છે જગમાં બોલ;
ધરજે ધર્મતણી કર ઢાલ, કરજે આતમની સંભાલ;
સત્યાસત્યનો કરજે તોલ. ઢઢ્ઢા૦ ૧૪

ણણણા ન્યાયી થા દિનરાત, કરજે સત્ય ધર્મની વાત;
ન્યાય નીતિથી સુખડાં વરે, ભવસાગરને સહેજે તરે;
ક્રોધે કદિ ન કરજે ઘાત; ણણણા૦ ૧૫

તત્તા તીર્થંકરને સેવ, સર્વ દેવમાં મોટા દેવ;
ત્રિવિધ તાપો હરતા આપ, મનમાં કર જિનવરનો જાપ;
કર્મ મર્મ નાસે તતખેવ. તત્તા૦ ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થથ્થા સ્થિરતા મનમાં રાખ, અનુભવ અમૃત રસને ચાખ;
હાલે મેરૂ પણ નહિ ચિત્ત, આત્મધ્યાનની એવી રીત;
વિવાદી વચનો નહિ ભાખ. થથ્થા૦ ૧૭

દદ્દા દાન દયા આદરો, દીનતા વાણી નહિ ઉચ્ચરો;
દીનતા દાલિદર દુઃખદાસ, એ સહુ દાને હોવે નાશ;
શાને દોડી જ્યાં ત્યાં ફરો. દદ્દા૦ ૧૮

ધદ્ધા ધર્મે પ્રીતિ ધરો, ધ્યાતા ધ્યેય દશાને વરો;
ધોળું તેટલું દુધ ન હોય, સર્વ મતોમાં ધર્મ ન જોય;
સઙ્ગત ધૂર્તોની નહીં કરો. ધદ્ધા૦ ૧૯

નન્ના પોતાનો કર ન્યાય, શાથી તું ભવમાં ભટકાય;
નડિયે નહિ પરને તલભાર, નિર્દયતાને દૂર નિવાર;
કીજે સઙ્ગત સન્ત સદાય. નન્ના૦ ૨૦

પપ્પા પરિહરિએ સહુ પાપ, નાસે જેથી સહુ સન્તાપ;
પ્રેમે પ્રભુનું પૂજન કરો, દ્વેષ કલેશ ઈર્ષ્યા પરિહરો;
રાખો દિલમાં પ્રભુની છાપ. પપ્પા૦ ૨૧

ફફ્ફા ફોગટ માયા ફંદ, રાચી રહે તેમાં મતિમન્દ;
ધન સત્તાથી ફૂલો ફોક, લક્ષ્મી ગયાથી ફોગટ શોક;
ત્યજી દે મિથ્યામતિનો છન્દ. ફફ્ફા૦ ૨૨

બબ્બા બળીયો થા તું દિલ, મોહરાયને ક્ષણમાં પીલ;
સર્વ સઙ્ગનો કર પરિત્યાગ, અન્તર્ના ઉપયોગે જાગ;
નવ વિધ ગુપ્તિ પાળો શીલ. બબ્બા૦ ૨૩

ભભ્ભા ભણતર ભાવે ભણો, પઞ્ચ ભાવને જ્ઞાને ગણો;
ભક્તિથી થાશો ભગવાન, અન્તર્માં જો પ્રગટે ભાન;
અન્તર્ના શત્રુને હણો. ભભ્ભા૦ ૨૪

મમ્મા માનવ ભવ સુખકાર, દશ દૃષ્ટાન્તે દુર્લભ ધાર;
મૂકી મોહ માયાને માન, કરજે આતમનું તું ધ્યાન;
મળિયું ટાણું કશુ ન હાર. મમ્મા૦ ૨૫

યય્યા હિંસા યશ નિવાર, હિંસામાં નહિ ધર્મ લગાર;
યાચી લે તું શાશ્વત સુખ, દુનિયા સુખને માની દુઃખ;
પઞ્ચ મહાવ્રત પ્રેમે ધાર. યય્યા૦ ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રરા કર તું આતમ રાગ, સારો ફરીને મળે ન લાગ;
રમત ગમતથી રહેજો દૂર, સેવો ચેતન સુખ ભરપૂર;
કુમતિથી દૂરે ઝટ ભાગ. રરા૦ ૨૭

લલ્લા લોભે લક્ષણ જાય, લાલચથી શું પાપ ન થાય;
જાણો લોભ તણો નહિ થોભ, નિર્મલ મનમાં પ્રગટે ક્ષોભ;
ઉંચ નીચને લાગે પાય. લલ્લા૦ ૨૮

વવ્વા વૈર વિસારો સહુ, જાણંતાને શું બહુ કહું;
વિદ્યા વિનય વિવેક વિચાર, કરતાં ઉતરિયે ભવપાર;
વૈરે દુઃખડાં વાધે બહુ. વવ્વા૦ ૨૯

શશા શાન્તિ રાખો રહેમ, શૂરા થઇને ગ્રહીએ નેમ;
શાન્ત સુધારસ પાનજ કરો, સ્વર્ગાદિકમાં જઈ અવતરો;
શાણપણાથી પામો ક્ષેમ. શશા૦ ૩૦

ષષા ષડ્દ્રવ્યે લય લાય, સદ્‌ગુરૂ ગમથી તે સમજાય;
આત્મદ્રવ્ય આદરવો એક, જ્ઞાનવાન્ સોઽહં એ ટેક;
રત્નત્રયી સાધન ઉપાય. ષષા૦ ૩૧

સસ્સા સુમતિ સઙ્ગે રહો, શાશ્વત સુખડાં તેથી લહો;
ત્યજી દે કુલટા કુમતિ સઙ્ગ, દેખાડે દુર્ગતિના રઙ્ગ;
નિન્દા હીલના સર્વે સહો. સસ્સા૦ ૩૨

હહા હર્ષે શિવપુર જાઓ, કરી કમાણી ખાંતે ખાઓ;
આતમ તે પરમાતમ થાય, જન્મ મરણનાં દુઃખડાં જાય;
સોઽહં સોઽહં ક્ષણ ક્ષણ ધ્યાઓ. હહા૦ ૩૩

અઆ અર્હં દિલમાં ધરો, મહામન્ત્ર ધ્યાવો સુખવરો;
ઋદ્ધિ સિદ્ધિ સુખ દાતાર, શ્રદ્ધાથી ગણજો નરનાર;
મૂલ મન્ત્ર અર્હં છે ખરો. અઆ૦ ૩૪

ગુર્જર સાનન્દ ગ્રામે વાસ, કરીને રચના કીધી ખાસ;,
ભણતાં ગણતાં મઙ્ગલ માલ, મટશે મિથ્યા માયા જાળ;
બુદ્ધિસાગર સુખની આશ, ગુર્જર સાનન્દ ગ્રામે વાસ. ૩૫

સંવત ઓગણીસ ત્રેસઠસાલ, શુકલપક્ષ વૈશાષ રસાલ;
અષ્ટમી શશિવારે શુભજોડ, કરતાં વાઞ્છિત ફલે કરોડ;
પણ્ડિત મનમાં પ્રગટે વ્હાલ. સંવત૦ ૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "हंसा कोइरे जणावे जोगीडोजी."–पद.

( ૧૩૨ )

હંસા કોઈરે જણાવે જોગીડોજી, આ દેહ દેવળમાં રહેનારરે;
હંસા માયાના મુલકનો મોજીલોજી, વિરલા શોધ એની કરનારરે. હં. ૧
હંસા પરખે હીરો કોઈ પારખુંજી, લહે તત્ત્વ ન મૂઢ ન ગમારરે;
હંસા પિંડનો ઘડનારો માંહે પેશીયોજી, કરોલિયે રચીને જેમ ઝાળરે. હં. ૨
હંસા અલખ પ્રદેશે મ્હાલવુંજી, હંસા ઘટમાં લગાવી ધ્યાનરે;
હંસા નિર્મલ જ્યોતિ ઝગમગેજી, હંસા કીજે અમૃત પાનરે. હં. ૩
હંસા જોગીડો જગાવે જોગજ્ઞાનથીજી, હંસા જ્યાં નહિ ભેદ પ્રચારરે;
હંસા અનહદ આનન્દ જોગથીજી, હંસા વિસરે દુઃખ અપારરે. હં. ૪
હંસા ગુરૂ મળે જ્ઞાન બતાવશેજી, ભાવે ભેદુ જણાવે ભેદરે;
હંસા બુદ્ધિસાગર સાચા સન્તનીજી, પ્રેમે કરજો સાચી સેવરે. હં. ૫

(સાણંદ.)

# "प्रेमीडो बतलावेरे कोइ मारो."–पद.

( ૧૩૩ )

પ્રેમીડો બતલાવેરે, કોઇ મારો, પ્રેમીડો બતલાવે;
પ્રેમી વિના હું નિશદિન ઝુરૂ, પ્રેમી મળે સુખ થાવેરે. કોઈ૦ ૧
પ્રેમ ન મળતો વાટે ઘાટે, સઘળું શૂન્ય કહાવેરે. કોઈ૦ ૨
પ્રેમના પ્યાલા પીધા જેણે, તેને કશું નહિ ભાવેરે. કોઇ૦ ૩
જલ બીચ મીન કમલ જલ જેવો, પ્રેમ પ્રભુ પરખાવેરે. કોઇ૦ ૪
બુદ્ધિસાગર આતમ સ્વામી, ભક્તિથી એમ ગાવેરે. કોઇ૦ ૫

(સાણંદ.)

# "आ प्रभु भजननुं टाणुं."–पद.

( ૧૩૪ )

આ પ્રભુ ભજનનું ટાણું, ઘડી ગાને જિનગુણ ગાણું. આ૦
મોહ મદિરા પીતાં પામર, ધન તારૂં લુંટાણું. આ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કયાંથી આવ્યો ને કયાં જાઇશ, ભૂલણુ શું ભૂલાણું. આ૦ ૨
ફન્દે ફસિયો ફોગટ ફુલી, મનડું શું મુંઝાણું. આ૦ ૩
ચિત્તમાં ચેતી લેને ચેતન, પડતું રહેશે ભાણું. આ૦ ૪
બુદ્ધિસાગર અવસર પામી, મુક્તિનું કર આણું. આ૦ ૫
(સાણંદ.)

## " हंसा हरदम तत्त्व विचारो "–पद.

(૧૩૫)

( અબધુ એંસો જ્ઞાન વિચારી–એ રાગ. )

હંસા હરદમ તત્ત્વ વિચારો, આપહિ બાંધે આપહિ છોડે;
નિશ્ચયથી તું ન્યારો. હંસા૦ ૧
નય વ્યવહાર અનેક કહાવે, સદ્ગુરૂ એમ સમજાવે;
નિશ્ચયનયથી એક રૂપ તું, જિન વચનામૃત ગાવે. હંસા૦ ૨
વ્યવહાર અને નિશ્ચય દોનયના, ભેદ કહ્યા છે ગ્રન્થે;
સાતનયો ઉપનય છે સાતસેં, ભાખ્યા જિન નિર્ગ્રન્થે. હંસા૦ ૩
સહુ સાપેક્ષે વર્તે સાચા, નિરપેક્ષ સહુ કાચા;
કથતા વસ્તુ સ્વરૂપ તે સર્વે, ઉપદેશે જીન વાચા. હંસા૦ ૪
દુર્ગમ ગંભીર નયનું સ્વરૂપ છે, જ્ઞાની ગીતારથ જાણે;
નયઉદધિમાં તારૂ વિના મૂઢ, બુડંતો દુઃખ માણે. હંસા૦ ૫
અનેકાન્ત વસ્તુ સહુ સાચી, કથન કરે જિન વાણી;
બુદ્ધિસાગર સત્ય વિચારી, તત્ત્વાર્થ લ્યો તાણી. હંસા૦ ૬
( સાણંદ. )

## " सौथी वीर प्रभु मुज व्हाला "–स्तवन.

(૧૩૬)

( અબહુમ અમર ભએ નમરંગે–એ રાગ )

સૌથી વીર પ્રભુ મુજ વ્હાલા, વીર, સૌથી.
વીર વીર નિત્ય રટન કરૂ હું, પીવા પ્રભુ ગુણ પ્યાલા. સૌથી૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરની સેવા મીઠામેવા, વીર રટન ઘટ સાચું;
વીર વચનામૃત પીધું જેણે, લાગે સહુ તસ કાચું. સૌથી ૨
વીરની ભક્તિમાં સહુ શક્તિ, ભક્તિ વિના સહુ મોળું;
વીરનામે ભય સઘળા નાસે, મનડું હોવે ધોળું. સૌથી૦ ૩
પ્રેમે પ્રભુની ભક્તિ કરૂ નિત્ય, ભક્તિ સુખકર સાચી;
બુદ્ધિસાગર હું તો વીરના, નામે રહિયો રાચી. સૌથી૦ ૪
( સાણંદ. )

## " जीवडा भूली सत्य स्वरुप "–पद.

(૧૩૭)

( કાનુડો ન જાણે મોરી પ્રીત–એ રાગ. )

જીવડા ભૂલી સત્ય સ્વરૂપ, ફોગટ જન્મ ગુમાવેરે. જીવડા૦
જાણી ન જિનની વાણી, ખટપટમાં ખૂચ્યો પ્રાણી;
લક્ષ્મી લાલચમાં લલચાઇ, દિલમાંહિ કશું ન જોયું રે. જીવડા૦ ૧
નિરખ્યો ન આતમ ન્યારો, પુદ્ગલથી જ્ઞાને પ્યારો;
જૂઠી જંજાળે જકડાય, ડાહ્યો ડમરો થઇનેરે. જીવડા૦ ૨
પરની પંચાતે ડાહ્યો, ગપ્પાં મારીને ગાયો;
સમજી સાચો આ સંસાર, મૃગ કસ્તૂરી પેઠેરે. જીવડા૦ ૩
મનમાં મોટાઈ માની, પાયે પડિયો નહિ જ્ઞાની;
ફરતો ચાર ગતિના ફેર, સમજુ સમજી લેનેરે. જીવડા૦ ૪
શિક્ષા સમજીને સારી, બહિરાતમવૃત્તિ વારી;
બુદ્ધિસાગર સમજો સત્ય, ગુરૂથી જ્ઞાન ગ્રહીનેરે. જીવડા૦ ૬
( સાણંદ. )

## " चेतन स्वारथियो संसार. "–पद.

( ૧૩૮ )

( કાનુડો ન જાણે મેરી પ્રીત )–એ રાગ.

ચેતન સ્વારથિયો સંસાર, સગપણ સર્વે ખોટાંરે. ચેતન૦
જૂઠી છે કાયા વાડી, ન્યારી છે ગાડી લાડી;
ફોગટ શાને મન ફૂલાય, અંત સર્વે જાશેરે. ચેતન૦ ૧

For Private And Personal Use Only

હાકે ધરણી જાવે, ભય તો દિલમાં નહિ લાવે;
ચાલ્યા રાવણ સરખા રાય, પાંડવ કૈરવ યોદ્ધારે. ચેતન૦ ૨
સ્વારથથી જૂઠાં બોલે, સ્વારથથી જૂઠાં તોલે;
સ્વારથ માટે યુદ્ધો થાય, લડતા રંકને રાણારે. ચેતન૦ ૩
સ્વારથથી નીતિ ત્યાગે, સ્વારથથી પાયે લાગે;
સ્વારથ કપટ કળાનું મૂળ, પાપ અનેક કરાવેરે. ચેતન૦ ૪
સ્વારથમાં સર્વે ડુલ્યા, ભણતર ભણીને ભૂલ્યા;
સ્વારથ આગળ સત્ય હણાય, અન્ધા નરને નારીરે. ચેતન૦ ૫
સ્વારથથી મસ્તક કાપે, સ્વારથથી પદવી આપે;
સ્વારથ આગળ શાનો ન્યાય, બહેરા આગળ ગાણુંરે. ચેતન૦ ૬
સ્વારથથી વિરલા છૂટયા, સ્વારથમાં સર્વે ખૂંચ્યા;
જગમાં સ્વાર્થતણો પરપંચ, ન્યાય ચુકાદા ભેળોરે. ચેતન૦ ૭
ધર્મી સ્વારથને ત્યાગે, દિલમાં આતમના રાગે;
તમ રવિકિરણે સ્વારથ નાશ, હોવે આતમ જ્ઞાનેરે. ચેતન૦ ૮
પરમારથ પ્રીતિ ધારી, સેવો ગુરૂ ઉપકારી;
બુદ્ધિસાગર ધરજો ધર્મ, દુનિયા સર્વ વિસારીરે. ચેતન૦ ૯

( સાણંદ. )

---

# "कर तुं श्वासोच्छ्वासे जाप"–पद.

(૧૩૯)

( કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ. )

કર તું શ્વાસોચ્છ્વાસે જાપ, સત્ત્વ સ્વરૂપનો હંસારે. કર તું૦
લક્ષ્યે વૃત્તિયો ઠારી, સ્થિરતા ઉપયોગે ધારી;
રમજો રહું સુખ ભરપૂર, સાચો આતમદેવારે. કર તું૦ ૧
જેજે માગે તે આપે, દુઃખડાં ક્ષણમાંહિ કાપે;
શક્તિ અનન્તિનો દાતાર, હરિહર બ્રહ્મા પોતેરે. કર તું૦ ૨
શુભે શાતાનો ભોગી, અશુભે અશાતા યોગી;
શુદ્ધ સ્વભાવે નિજગુણ ભોગ, કયાં તું પરમાં ગોતેરે. કર તું૦ ૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિ પ્રીતિથી સેવે, પરમાતમ પદને દેવે;
ધ્યાતા ધ્યેય સ્વરૂપે આપ, ધ્યાને હૃદયે ધારોરે. કર તું૦ ૪
અન્તર્ આતમ આરાધો, કારણથી કારજ સાધો;
બુદ્ધિસાગર શિવસુખ લ્હેર, પ્રગટે દિલમાં ભારીરે. કરતું૦ ૫

( સાણંદ )

## “ आतम निजघरमां तुं आव. ”–पद.

( ૧૪૦ )

( કાનુડો ન જાણે મોરી પ્રીત )—એ રાગ.

આતમ નિજઘરમાં તું આવ, સમજણ સત્ય વિચારીરે. આતમ૦
પરઘર રમતાં તું દુઃખી, કબહુ ન થઇયો સુખી;
વેઠયાં દુઃખડાં વારંવાર, કુમતિ સંગું ભારીરે. આતમ૦ ૧
બહિરાતમ યોગે ભારી, અન્તર્ ઋદ્ધિને હારી;
કર્મ પિંજરમાં પડિયો પેખ, સુરતા સર્વ વિસારીરે. આતમ૦ ૨
પરગૃહે ભમતાં ભીખારી, ઉત્તમ કુલવટ હારી;
થઇયો આશાનો તું દાસ, ગણીને તૃષ્ણા પ્યારીરે. આતમ૦ ૩
નિજ ઘરમાં શાશ્વત સુખરાશિ, ચેતન તેનો વિશ્વાસી;
આતમ અનુભવ અમૃતમેવ, સેવા કીજે સારીરે. આતમ૦ ૪
નિજ ઘરમાં પ્રભુતા છે તારી, માની હિત શિક્ષા મારી;
અસંખ્ય પ્રદેશે દૃષ્ટિવાળ, અન્તર્ સુરતા ધારીરે. આતમ૦ ૫
સુમતિ વચનો વિચારી, દિલમાં સાચાં અવધારી;
આતમ આવ્યો નિજઘર લ્હેર, સુમતિ સંગું વિહારીરે. આતમ૦ ૬
નિજઘરમાં આનન્દે વસિયો, સમતા સંગું થઈ રસિયો;
બુદ્ધિસાગર સુખડાં પાય, કર્મ કલ વિદારીરે. આતમ૦ ૭

( સાણંદ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "जीवडा हजी अवसर छे बेश"—पद.

( ૧૪૧ )

( કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ. )

જીવડા હજી અવસર છે બેશ, ભજી લે પ્રભુને ભાવેરે. જીવડા૦
કુમતા કુટિલતા સઙ્ગ, રમતો તું નિશદિન રઙ્ગ;
લોભે લક્ષણ સઘળાં ખોઇ, મોહ મદિરા પીનેરે. જીવડા૦ ૧
સમતાનો સઙ્ગ ન કીધો, મુક્તિ મારગ નવિ લીધો;
યોગ્યાયોગ્ય ન જોયું કાંઇ, મોહે અન્ધ બનીનેરે. જીવડા૦ ૨
સાધુની સઙ્ગત નહિ કીધી, દુર્ગતિ વાટજ તેં લીધી;
મૂરખ મનમાં શું મકલાય, પડતું રહેશે ભાણુંરે. જીવડા૦ ૩
આડો અવળો અથડાયો, લક્ષ્મીમાટે તું ધાયો;
તારૂં કદિ ન તેહ થનાર, સમજુ સમજી લેનેરે. જીવડા૦ ૪
શાને માટે તું ફસિયો, થઇને માયામાં રસિયો;
સુખ નહિ પુદ્ગલમાં તલભાર, જડમાં જડતા ભાસેરે. જીવડા૦ ૫
અનુભવ અન્તર્માં ધારો, જલદી આતમને તારો;
પામી પ્રેમે ગુરૂગમ જ્ઞાન, ધ્યાને મનડું ઠારીરે. જીવડા૦ ૬
કરજો પરમાતમ પ્રીતિ, ધારી અન્તર્માં રીતિ;
બુદ્ધિસાગર શિવપદ પાય, ચિદ્ઘન ચેતન રાગેરે. જીવડા૦ ૭
( સાણંદ )

# " जीवडा हजी जरा तो चेत. "—पद.

( ૧૪૨ )

( કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ. )

જીવડા હજી જરા તો ચેત, બાજી આ છે છેલ્લીરે. જીવડા૦
નિન્દા કરવામાં શૂરો, પાપ પાખણ્ડે પૂરો;
લોભી સ્વારથમાં તૈયાર, પરમાં માની મારૂંરે. જીવડા૦ ૧
મોજ મજા મન લાગી મીઠી, પરનારી પ્રેમે દીઠી;
મનમાં તૃષ્ણાનો નહિ પાર, માની મારૂં મારૂંરે. જીવડા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકથાની વાતો પ્યારી, કીધી તેં ચોરી જારી;
પરપરિણતિમાં રહી મશ્ગુલ, આખી ઉમર હારીરે. જીવડા૦ ૩
લક્ષ્મીની લાલચ લાગી, બહિરાતમપદનો રાગી;
મૂરખ લજવી જનની કૂખ, ફોગટ ભારે મારીરે. જીવડા૦ ૪
મળીયું છે ઉત્તમ ટાણું, પરખીલે નયણે નાણું;
નાવે સાથે કોઇ તલભાર, શાને મોહ ધરેછેરે. જીવડા૦ ૫
અર્કતણાં આકુલાં જેવાં, તન ધન જોબન છે તેવાં;
બાજીગરની બાજી ફોક, અન્તે વિણશી જાશેરે. જીવડા૦ ૬
નરનારી મૂરખ જન ડાહ્યા, સાચી માનીને માયા;
ભવમાં ભટકયા વારંવાર, જન્મજરા દુઃખ પામીરે. જીવડા૦ ૭
સાચી શિખામણ માની, થા તું આતમનો ધ્યાની;
બુદ્ધિસાગર સાચી સેવ, પ્રભુની અન્તર્ ધારીરે. જીવડા૦ ૯

(સાણંદ.)

# "मनडा आतममां लयलाव."—पद.

(૧૪૩)

(કાનુડો શું જાણે મારી પ્રીત—એ રાગ.)

મનડા આતમમાં લયલાવ, ફોગટ શાને ફરેછેરે. મનડા૦
મનુષ્ય ભવની પહેલાં, જ્યાં ત્યાં ભટકાતું ભારે;
હજીય ન છોડે એહ સ્વભાવ; માયામાં મસ્ત બનીનેરે. મનડા૦ ૧
મન તું છે મર્કટ જેવું, ઠામ ઠરી ન રહેવું;
જલદી ત્યાગ કરો પરભાવ, સારી શિક્ષા ગ્રહીનેરે. મનડા૦ ૨
તપ તપિયા મુનિવર જે મોટા, જગમાં નહિ જેના જોટા;
હાર્યા તુજથી રંકને રાવ, ક્ષણ ચંચલતા લહીનેરે. મનડા૦ ૩
સ્વામી સન્યાસી ત્યાગી, ખાખી બાવા વૈરાગી;
ધ્યાન પગથીએ પાડે પાવ, ભ્રમણા ભૂલ કરાવીરે. મનડા૦ ૪
મહારથી જે વીર કહાયા, શરણે તારા તે આયા;
દુર્જય લડતા રણમાં દાવ, કરમાં શસ્ત્ર ધરીનેરે. મનડા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાનુકૂળ થાને વ્હાલા, સમતાના પીને પ્યાલા;
આનન્દામૃતમાં ગરકાવ, શુદ્ધ સ્વરૂપ વરીનેરે, મનડા૦ ૬
મનડું ઉપયોગે લાગે, ઝટમાં જય ડંકો વાગે;
બુદ્ધિસાગર આતમ ભાવ, શાશ્વત સુખડાં પાવેરે. મનડા૦ ૭
(સાણંદ.)

## "कर चेतन शिवपुर तैयारी."–पद.

(૧૪૪)

કર ચેતન શિવપુર તૈયારી, પરપુદ્ગલની છોડી યારી;
ચિદ્ઘન નિત્યાનિત્ય વિચારી, છોડી દે તું દુનિયાદારી. કર૦ ૧
જ્ઞાનથી વ્યાપક દ્રવ્યે અવ્યાપક, એકાનેકથી ધર્મ પ્રસાધક;
ભિન્નાભિન્ન સ્વરૂપી સાચો, ત્યજી તેને કયાં જડમાં રાચો. કર૦ ૨
દો ઉપયોગી નિજગુણ ભોગી, નહિ પુદ્ગલનો ભોગી રોગી;
બહુ નામીપણુ જેહ અનામી, શકતિ અનન્તિનો જે સ્વામી. કર૦ ૩
તિરોભાવ જે જીવ કહાય, વ્યકિતભાવે શિવ લહાય;
સમકિતથી અન્તર્ આતમ જે, ક્ષાયિકભાવે પરમાતમ તે. કર૦ ૪
ધ્યાને આતમને આરાધે, અનુભવ અન્તર્માં બહુ વાધે;
આનન્દ મઙ્ગલમાલા પ્રગટે, રાગાદિક દોષો સહુ વિઘટે. કર૦ ૫
સુખની શ્રદ્ધા અન્તર્વાસે, ભય ચંચલતા દૂરે નાસે;
બુદ્ધિસાગર ધ્યાનાભ્યાસે, ધ્યાતાં તત્ત્વ સ્વરૂપ પ્રકાશે. કર૦ ૬
(સાણંદ.)

## "मोह मायामां जे जकडाणा."–पद.

(૧૪૫)

મોહ માયામાં જે જકડાણા, કર્મ પાસમાં તે પકડાણા;
જેણે માયાની કીધી યારી, પામે દુઃખડાં તે બહુ ભારી. મોહ૦ ૧
વિષના પ્યાલા પીધા તેણે, કરી માયાની સંગત જેણે;
ભય ચંચલતા હર્ષ વિવાદે, મનડું ફરતું વાદ વિવાદે. મોહ૦ ૨
પ્રભુ ભજન પલવાર ન થાવે, ચાર દિશામાં મનડું ધાવે;
હૃદયે ધર્મની કાંઈ ન પ્રીતિ, રાખે નહિ સજ્જનની રીતિ. મોહ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધ કપટ નિન્દામાં પૂરા, હિંસા ચોરીમાં તે શૂરા;
વિનય વિવેક વિચાર ન જાણે, રાત દિવસ વહેતા અભિમાને. મોહ૦ ૪
જૂઠી વાતે જન ભરમાવે, દુર્જન શઠતામાં તે ફાવે;
દાન દયાની રીત ન રાખે, મુક્તિનાં સુખ તે નહિ ચાખે. મોહ૦ ૫
મનની મોજે દુનિયા મ્હાલે, નથી મરવું જાણે કોઇ કાલે;
કાલ ઝપટમાં પકડી પાડે, નાખે દુર્ગતિ દુઃખના ખાડે. મોહ૦ ૬
ચિન્તામણિ નરભવને હારી, જન્મ મરણ પામે સંસારી;
બુદ્ધિસાગર આતમરાગી, થાવે મોહ માયાને ત્યાગી. મોહ૦ ૭

( સાણંદ. )

## " अद्‍भुत तमासा नयने दीठा."–पद.

( ૧૪૬ )

અદ્‍ભુત તમાસા નયને દીઠા, જ્ઞાનિજન મન મીઠારે.

આ અજબ તમાસા૦

કીડી કુંજર ગળતી દેખી, હંસી મનમાં રોવેરે. આ૦ ૧
માખી ચાલે પર્વત હાલે, અંધો આરશી દેખેરે. આ૦ ૨
વાદળ વરશ્યું ચાતક તરશ્યું, લૂલો હર્ષે દોડેરે. આ૦ ૩
મુંગો ગાવે ઠુંટ બજાવે, શીતલ અગ્નિ થાવેરે. આ૦ ૪
સિંહ શશાના ભયથી હાર્યો, વાનર નાણું પરખેરે. આ૦ ૫
કીડીએ જલધિ આખો પીધો, મૂષક સર્પને ગળતોરે. આ૦ ૬
બુદ્ધિસાગર ઘટમાં શોધો, રાત્રે રવિ ઝળહતોરે. આ૦ ૭

( સાણંદ. )

## " सुणो सत्योपाय शिवपन्थनोरे. "–पद.

( ૧૪૭ )

સુણો સત્યોપાય શિવપન્થનોરે, જિનવાણી કથે સુખકાર. સુ.
અસ્તિનાસ્તિ મુદ્રાંકિત દ્રવ્ય છેરે; સહુ સાપેક્ષતા નિર્ધાર. સુ. ૧
સ્યાદ્વાદ વચન છે ધર્મનુંરે, ઉત્સર્ગ અને અપવાદ; સુ૦
વ્યવહાર નિશ્ચયનય સાધનારે, એકાન્તે નહીં જ્યાં વાદ. સુ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નયસપ્તપ્રરૂપિત આતમારે, નયસપ્ત ગ્રહીત જ્યાં ધર્મ; સુ૦
જ્ઞાનદર્શન ચારિત્રની સેવનારે, જેથી નાસે અનાદિનાં કર્મ. સુ૦ ૩
નવતત્ત્વોપદેશ જ્યાં ભાખિયોરે, કહ્યા સત્ય નિક્ષેપાચાર; સુ૦
ભંગીસપ્ત સંક્ષેપમાં સમાયછેરે, જ્યાં સર્વ વચનનો સાર. સુ૦ ૪
દ્રવ્યક્ષેત્રને કાલભાવ વસ્તુમાંરે, જ્યાં સમ્યગ્ લહે અવતાર; સુ૦
જ્ઞાનક્રિયા સાધનથી સાધીએરે, સાધ્ય સિદ્ધિ લહો સુખકાર. સુ૦ ૫
ઉપાદાન નિમિત્તથી સાધનારે, પંચહેતુથી કાર્ય સધાય; સુ૦
હોવે કાલાનુસારે સાધનારે, યતિ શ્રાદ્ધ માર્ગ વર્તાય. સુ૦ ૬
ગુરૂ મુખથી ઉપદેશ સુણો ધર્મનોરે, દ્રવ્યભાવે દ્વિધા જ્યાં ધર્મ. સુ૦
લહો બુદ્ધિસાગર શુદ્ધ ધ્યાનથીરે, સત્ય શાશ્વતસિદ્ધનાં શર્મ. સુ૦ ૭

( સાણંદ. )

## “ चेतन चेतो हवे प्यारा.”–पद.

( १४८ )

પદ. દુઃખી તું દીકરી મારી–એ રાગ.

ચેતન ચેતો હવે પ્યારા, વચન માનો જરૂર મારા;
મુસાફર તું જગતમાં છે, સમજીલે સત્ય શામાં છે. ૧

દેખાતું તે નહીં તારૂં, થશે દિન એક તે ન્યારૂં;
ફુલી ફોગટ હરખાયા, જુઠી માયા અને કાયા. ૨

ફોગટ માની શું ફુલે છે, મોહાબ્ધિમાં શું ડુલે છે;
ભજીલે સત્ય જિન દેવા, ખરા તે શાન્તિના મેવા. ૩

ફના એક દિન સહુ હોશે, અરે તું આંખથી જોશે;
સદા તું ધ્યાનમાં જાગી, અન્તર્નો થા બહુ રાગી. ૪

સજી લે સાથ શિવ જાવા, ગ્રહીલે ધર્મની નાવા;
બુદ્ધિસુખ શાન્તિનો બેલી, ચેતીલે બાજી છે છેલી. ૫

( સાણંદ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "देखो अन्तर्मां आतमारे."–पद.

( ૧૪૯ )

દેખો અન્તર્માં આતમારે, સુખ શાન્તિનું ધામ. સુખ૦ દેખો૦
પ્રેમે કરો તસ પૂજનારે, જેનું રૂડું છે નામ. દેખો૦ ૧
આત્માભિમુખતા કીજીએરે, ત્યાગો પુદ્ગલ આશ. ત્યાગો૦ દેખો૦
જ્ઞાનીગુરૂજ્ઞાન આપશેરે, કરો સદ્ગુરુ સુવાસ. દેખો૦ ૨
ભૂલ્યા માયાના તોરમાંરે, જીવ પોતાનું ભાન. જીવ૦ દેખો૦
જ્ઞાન વિના શું ગોઠડીરે, માન વિના શું દાન. માન૦ દેખો૦ ૩
અરિહંત વાણી સાંભળોરે, રમો આતમરામ. રમો૦ દેખો૦
બુદ્ધિસાગર ગુરૂ સદ્ગુરુથીરે, સરે સઘળાંરે કામ. સરે૦ દેખો૦ ૪

## "अन्धारे अथडाणोरे मायामां भूली."–पद.

( ૧૫૦ )

અંધારે અથડાણોરે, માયામાં ભૂલી;
લાલચથી લથડાણોરે, માયામાં ભૂલી.
આવી માનવ ભવમાં કરવાનું તેં વિસાર્યું,
પણ જવું પડે અણધાર્યુંરે. માયામાં૦
કોણ તારૂ ભવમાં વિચારો વાત વહેલી,
પણ વખત વહે છે છેલ્લીરે. યામાં૦ ૧
જાણે ત્હારે મરવું નથી જ કોઇ કાળે,
પણ ઝપટે મૃત્યુ અકાળેરે. માયામાં૦
જાણે છે જગમાં મારા જેવો નથી સમજેલો,
પણ કાલ ઝપટશે પહેલોરે. માયા૦ ૨
જન્મ્યા તેને જાવું જરૂર ચિત્ત ધારો,
પણ દેશ તુમારો ન્યારોરે. માયામાં૦
સાચો આતમરાયા ગુરૂ કૃપાથી પામી,
થાજો તસ વિશ્રામીરે. માયામાં૦ ૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફોગટ વખત શું ગાળો, ભરવો પડે ઉચાળો,
નજરે જગમાં ભાળોરે. માયામાં૦
આતમ પ્રીતિ સાચી, રહેજો સદા ત્યાં માચી,
બુદ્ધિસાગર રાચીરે. માયામાં૦ ૪

## "साचो अन्तर् स्वामी आतमदिलमां ध्यावजेरे"–पद.

( ૧૫૧ )

સાચો અન્તર્ સ્વામી આતમદિલમાં ધ્યાવજેરે,
સોઽહં અલખ જગાવી નિર્ભયપદ ઝટ પાવજેરે. સાચો૦ ૧
સુખનો દરિયો ગુણથી ભરિયો, યોગી આતમ ધ્યાને વરિયો;
અન્તર્ દિલમાં હિ તે પ્રેમથકી પધરાવજેરે. સાચો૦ ૨
ભક્તિ કરજે પ્રભુની ભાવે, નિજગુણ કર્ત્તા આપ સ્વભાવે;
અહો ઘટ પોતાને તું ક્ષાયિકભાવે સમાવજેરે. સાચો૦ ૩
ઝટપટ જંઝાળોને ત્યાગી, સત્ય જ્ઞાનથી થા તું રાગી;
ભાવે બુદ્ધિસાગર અન્તર્ આતમ ગાવજેરે. સાચો૦ ૪

## " दुनीआमां फोगट फूल्योरे. "–पद.

( ૧૫૨ )

દુનીઆમાં ફોગટ ફૂલ્યોરે, જીવલડા જો તું;
ડહાપણના દરિયે ડૂલ્યોરે, જીવલડા જો તું.
જ્યાં ત્યાં મારૂં મારૂં કરીને તું તો મ્હાલ્યો,
દુર્ગતિ મારગ તેં ઝાલ્યોરે. જીવલડા૦ ૧
વનસ્પતિના ભવમાં છેદાયો બહુ ભેદાયો,
ત્યાં દુઃખ અનંતુ પાયોરે. જીવલડા૦
વિગલેંદ્રિના ભવમાં વેઠયાં દુઃખો તેં ભારી,
અજ્ઞાનાવસ્થા ધારીરે. જીવલડા૦ ૨
ભિખારીના ભવમાં તેં ભીખ બહુ માગી,
માયા મમતા નહિ ત્યાગીરે. જીવલડા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશુ પક્ષીના ભવમાં વિવેકને વિસાર્યો,
ધર્મ ન હૃદયે ધાર્યોરે. જીવલડા૦ ૩
લક્ષ્મી મળતાં લોભી પાખંડનો પૂજારી,
ચેતનતા ભૂલ્યો તારીરે. જીવલડા૦
હિંસા જુઠ ચોરી અહંકારમાં અથડાયો,
માયામાં પછડાયોરે. જીવલડા૦ ૪
અદેખાઈથી નિન્દા કરી જનોની પાપી,
પ્રભુ આણા ઉથાપીરે. જીવલડા૦
સમજીને સત્ય વાણી, કરો ન પાછી પાની,
બુદ્ધિસાગરની વાણીરે. જીવલડા૦ ૫
( સાણંદ. )

## " अनुभव बत्रिशी. "–दुहा.

(૧૫૩)

સદ્ગુરૂપદ પંકજ નમી, પૂજ્ય સ્તુત્ય હિતકાર;
આત્મધર્મ પ્રગટાવવા, મિત્ર મહા અવતાર. ૧
સ્વપર વિવેચન વસ્તુનું, આણી કરો વિવેક;
ઉપાદેય શુદ્ધાત્મનો, ખરો ધર્મ છે એક. ૨
જાણ્યું આત્મસ્વરૂપ તો, જાણ્યા સર્વ પદાર્થ;
આત્મ તત્ત્વના જ્ઞાનથી, અન્ય નહીં પરમાર્થ. ૩
સૂક્ષ્મજ્ઞાન જે આત્મનું, કાપે કર્માનન્ત;
જગ જાણે તો શું થયું, આવે નહિ ભવાંત. ૪
ચરણ કરણ તપજપ સહુ, આત્મબોધ વિણ ફોક;
આત્મજ્ઞાન પરમાર્થને, વિરલા સમજે લોક. ૫
બાહ્યજ્ઞાનથી લોકમાં, માનપૂજા તો થાય;
શ્રોતા વક્તા બાહ્યના, બાહ્યદૃષ્ટિતા પાય. ૬
પઞ્ચમ ગતિ દાતાર છે, સત્યજ અનુભવ જ્ઞાન;
અન્તર્ દૃષ્ટિ જાગતાં, હોવે અનુભવ ભાન. ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્તર્ દૃષ્ટિ ચેતના, ત્યાગે પુદ્ગલ સઙ્ગ;
આત્મસ્વરૂપે રમણતા, સમતાગઙ્ગતરઙ્ગ. ૮
આત્માનુભવ યોગથી, ઝળકે આતમજ્યોત;
સ્થિરોપયોગે ધ્યાનથી, અન્તર્માં ઉદ્યોત. ૯
આત્મયોગી જે સુખ લહે, હોય ન તે સુખ ક્યાંય;
ઇન્દ્રાદિક પદવી લહે, તોપણ દુઃખની છાંય. ૧૦
જે પામ્યા તે ત્યાં રમ્યા, ભૂલ્યા પુદ્ગલ ભાન;
સુખ સઙ્ગ રઙ્ગ રમે, પ્રાપ્તિ શિવકર સ્થાન. ૧૧
મન ચઞ્ચલતા ત્યાં મટે, દર્શન સ્પર્શન યોગ;
ભોગી થઇ ત્યાં ભોગવે, અનન્ત સુખનો ભોગ. ૧૨
જડ પુદ્ગલના ભોગને, જાણ્યા મનમાં રોગ;
શાતશાતાવેદની, ટળિયા તેના શોગ. ૧૩
વિનાશિક પુદ્ગલ સહુ, તનધન મન્દિર પેખ;
અવિનાશી છે આત્મનો, ધર્મજ જ્ઞાને લેખ. ૧૪
પુદ્ગલ પ્રપઞ્ચ કારમા, ત્યાં શું સુખની આશ;
પર આશાથી પ્રાણિયા, થાવે જગના દાસ. ૧૫
અન્તરાત્મા ધ્યાનથી, સેવો સત્ય સદાય;
શક્તિ અનન્તિ જેહની, સ્મરતાં શિવસુખ થાય. ૧૬
રમતાં આત્મસ્વરૂપમાં, પામે યોગી સુખ;
પર પુદ્ગલમાં જે રમે, પામે તે મન દુઃખ. ૧૭
મન વચ કાયા ભિન્ન છે, આત્મતત્ત્વ સુખકાર;
રત્યત્રયીનું ધામ છે, શુદ્ધરૂપ નિર્ધાર. ૧૮
શુદ્ધરૂપ પરમાતમા, સત્તાથી પરખાય;
સેવો ધ્યાવો આતમા, વ્યક્તિભાવે થાય. ૧૯
પ્રેમ ભક્તિ વિશ્વાસથી, સેવો આતમ દેવ;
આતમ તે પરમાતમા, કીજે તેની સેવ. ૨૦
શુદ્ધરૂપમાં ચેતના, રમતી રહે નિશદિન,
તો પ્રગટે સુખ સન્તતિ, પરપુદ્ગલથી ભિન્ન. ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મસ્વભાવે રમણતા, સત્ય ચરણ અવધાર;
ગુણ સ્થાનક આરોહવા, પરપરિણતિ નિવાર. ૨૨
પરપરિણતિના નાશથી, સ્થિરતા ઘટમાં થાય;
અખણ્ડ ચિન્મય ચેતના, શુદ્ધરૂપતા પાય. ૨૩
સારસાર સહુ ગ્રન્થનું, સમ્યક્ ચેતન જ્ઞાન;
ચેત્યા તેમાં જે રમ્યા, પામ્યા શાશ્વત સ્થાન. ૨૪
અનુભવજ્ઞાને ઓળખે, જ્ઞાની શિવપુર પન્થ;
નિશ્ચય ચરણે તે રમ્યા; સત્ય થયા નિર્ગ્રન્થ. ૨૫
ભોગ પઙ્કમાં લેપતા, જ્ઞાની કદા ન પાય;
જલપઙ્કજવત્ ભિન્ન તે, અન્તર્માંહિ સદાય. ૨૬
અન્તર્વૃત્તિ આતમા, ઔદયિક ભાવે ભોગ;
ભોગવતાં પણ યોગી જે, ટાળે ભવભય રોગ. ૨૭
બાહ્યચરણ ચારિત્રમાં, એકાન્તે નહિ ધર્મ;
આત્મજ્ઞાન વિના કદિ, ટળે ન આઠે કર્મ. ૨૮
અન્તર્નું ચારિત્ર તે, ચક્ષુથકી ન જણાય;
દૃશ્ય વસ્તુ પુદ્ગલ સદા, ચેતો આતમરાય. ૨૯
અલ્પ સમયમાં સાધિયે, આત્મતત્ત્વ સુખકાર;
લહો ભવ્ય શુદ્ધાત્મને, પરમ તત્ત્વ અવતાર. ૩૦
સિદ્ધા સિદ્ધે સિદ્ધશે, કરી કર્મનો અન્ત;
તે સહુ આતમ જાણીને, ઈમ ભાખે ભગવન્ત. ૩૧
આત્મિક શુદ્ધ સ્વભાવના, ઉપયોગે છે ધર્મ;
બુદ્ધયબ્ધિ સુખ શાન્તિથી, પામે શાશ્વતશર્મ. ૩૨
અનુભવ બત્રિશી કહી, ગામ પોર દિન એક;
વિચરી આતમ દેશમાં, પામી સાચી ટેક. ૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " चार दिवसनुं चांदरणुं संसारनुं. "–पद.

(૧૫૪)

(ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ.)

ચાર દિવસનું ચાંદરણું સંસારનું;
બાજીગરની બાજી જેવું ફોકજો;
લક્ષ્મી સત્તાથી છાકયો શું માનવી,
પાછળ અન્તે પડશે તારી પોકજો. ચાર૦ ૧
છેલ છબીલા મોજી થઇ જે મ્હાલતા,
વેશ્યા સંગત કરતા દારૂ પાનજો;
ચશ્માં જૂતાં ગર્વ ધરીને ઘાલતા,
ઘોદી ઘાલ્યા ચાલ્યા કેઇ મશાણુજો. ચાર૦ ૨
મરડી મૂછો ચમચમ કરતા ચાલતા,
મગરૂરીમાં બોલે કડવા બોલજો;
રામ રમી ગ્યા પરરમણીના રાગમાં,
પાપ પુણ્યનો થાશે અન્તે તોલજો. ચાર૦ ૩
ખાતે હાથે જે ન ઉડાડે કાગડો,
કંજુસ એવા અન્તે ચાલ્યા જાયજો;
દાન પુણ્ય કરશે તે આવે સાથમાં,
અન્તે પામર પાપ કરી પસ્તાયજો. ચાર૦ ૪
બણી ઠણીને દર્પણમાં શું દેખતો,
મુખ છાયા મિષે મૃત્યુ દેખાયજો;
એવું જાણી ચેતો ચેતન ચિત્તમાં,
હાથે તે સાથે પરભવમાં થાયજો. ચાર૦ ૫
ડહાપણ તારૂં ધૂળમાં મળશે જીવડા,
કરજે દિલમાં દેવગુરૂ વિશ્વાસજો;
બુદ્ધિસાગર ધર્મ જગતમાં સાર છે,
ધર્મધ્યાનથી હોવે શિવપુર વાસજો. ચાર૦ ૬

(સાણંદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "चेती ले तुं प्राणिया." –पद.

(૧૫૫)

(વૈદરભીવનમાં વલવલે—એ રાગ.)

ચેતી લે તું પ્રાણિયા, આવ્યો અવસર જાય;
સ્વારથિયા સંસારમાં, હેતે શું હરખાય. ચેતી૦ ૧
જન્મ જરા મરણાદિકે, સાચો નહિ સ્થિરવાસ;
આધિ વ્યાધિ ઉપાધિથી, ભવમાં નહિ સુખવાસ; ચેતી૦ ૨
રામા રૂપમાં રાચીને, જોયું નહિ નિજરૂપ;
ફોગટ દુનીઆ ફંદમાં, સહેતો વિષમી ધૂપ. ચેતી૦ ૩
માત પિતા ભાઈ દીકરા, દારાદિક પરિવાર;
મરતાં સાથ ન આવશે, મિથ્યા સહુ સંસાર. ચેતી૦ ૪
ચિન્તામણિસમ દોહીલો, પામ્યો મનુ અવતાર;
અવસર આવ્યો નહીં મળે, તાર આતમ તાર. ચેતી૦ ૫
જેવી સંધ્યા વાદળી, ક્ષણમાં વિણશી જાય;
કાચકુંભ કાયા કારમી, દેખી શું હરખાય. ચેતી૦ ૬
માયા મમતા પરિહરી, ભજો શ્રી ભગવાન;
કરવું હોય તે કીજીએ, તપજપ પૂજા દાન. ચેતી૦ ૭
કેઈક ઘાલ્યા ઘોરમાં, બાળ્યા કેઇ મશાણ;
આંખમિંચાએ શૂન્યતા, પડતા રહેશે પ્રાણ. ચેતી૦ ૮
વૈરાગ્યે મનવાળીને, ચાલો શિવપુર વાટ;
બુદ્ધિસાગર માંડજો, ધર્મ રત્નનું હાટ. ચેતી૦ ૯

(સાણંદ.)

## श्री महावीर स्तवन.

(૧૫૬)

(વૈદરભી વનમાં વલવલે. એ રાગ.)

વીર જીનેશ્વર વન્દના, હોજો વારંવાર;
લળી લળી વિનવું પ્રેમથી, મારા પ્રાણાધાર. વીર જીનેશ્વર૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભટકયો ભવમાં ભૂલથી, વેઠયાં દુઃખ અપાર;
જન્મ જરા મરણાદિકે, સ્થિરતા નહીં લગાર. વીર૦ ૨
પુણ્યે મનુભવ પામિયો, મળ્યા ત્રિભુવન નાથ;
શરણ શરણુ સાચું ગ્રહ્યું, ઝાલો સેવક હાથ. વીર૦ ૩
સાચી સેવા સ્વામિની, બીજું આળપંપાળ;
તુજ દર્શન રાચી રહું, મેઘ ચાતક બાળ. વીર૦ ૪
બાળકના બહુ દોષને, ટાળે તાત કૃપાળ;
ત્રાતા મારા છો સદા, દોષો ટાળો દયાળ. વીર૦ ૫
બાળક માની આગળે, બોલે મનની વાત;
તુમ આગળ મુજ વીનતિ, માનો એ અવદાત. વીર૦ ૬
તારો બાપજી બાળને, સરશે સઘળાં કાજ;
સેવકને નહિ તારતાં, જાશે આપની લાજ. વીર૦ ૭
ચન્દન બાળા બાકુલે, લીધું શિવપુર રાજ;
અપરાધી કેઇ તારીઆ, કરજો સેવક સાજ. વીર૦ ૮
શરણાગત મુજ સાહિબા, સાચો તુજ વિશ્વાસ;
ચરણ કમળની સેવના, પૂરે સઘળી આશ. વીર૦ ૯
વીર વીર હૃદયે વસો, શરણું સાચું એક;
બુદ્ધિસાગર બાળને, વીર ભક્તિની ટેક. વીર૦ ૧૦
(સાણંદ.)

# શ્રી વીર સ્તવન.

(૧૫૭)

( ઓધવજી સંદેશો કહેશો સ્યામને. એ રાગ. )

પરમ કૃપાળુ પુરૂષોત્તમ પરમાતમા,
વીર જીનેશ્વર ત્રિશલાનન્દન દેવજો;
સિદ્ધ બુદ્ધ ત્રાતા જ્ઞાતા સહુ વસ્તુના,
પરમ ભક્તિથી પ્રેમે કરૂં હું સેવ જો. પરમ કૃપાળુ૦ ૧
ક્ષાયિકભાવે પામ્યા સિદ્ધિ સ્થાનને,
સેવક ભમતો દુઃખદાયી સંસારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ અરૂપી સેવક રૂપી કર્મથી,
નિર્મોહી તુમ સેવક મોહી ધારજો. પરમ કૃપાળુ૦ ૨
કામાદિક શત્રુ જીત્યા તેં ધ્યાનથી,
પીડે કામાદિક સેવકનું ચિત્તજો;
આશા તૃષ્ણા વારી આપ સ્વભાવથી,
આશા તૃષ્ણા દુઃખ દેછે મુજ નિત્યજો. પરમ કૃપાળુ૦ ૩
પર પુદ્ગલમાં મનડું મારૂં મ્હાલતું,
બંધાણી સંસારે સુખની આશજો;
કરૂણાસિંધુ કરૂણામૃતથી સિંચજો,
ઠરશે ઠામે જીનજી તારો દાસજો. પરમ કૃપાળુ૦ ૪
ધન કીર્તિમાં મમતા ભાવે માચીઓ,
પ્રેમી મનડું પ્રમદા દેખી થાયજો;
જાણો જીનજી એ સહુ દુઃખની વારતા,
દીન દયાળુ દર્શાવો ઉપાયજો. પરમ કૃપાળુ૦ ૫
ચિત્તની ચગ-ચળતાનું ઔષધ આપજો,
થાપો સ્વામી સેવક માથે હાથજો;
શાનો ભય સેવકને સ્વામી સાહ્યથી,
માથે ગાજે ત્રણ ભુવનના નાથજો. પરમ કૃપાળુ૦ ૬
સાચી વીનતિ સેવકની એ સાંભળી,
જો જો કરૂણાદૃષ્ટિથી સુખદાયજો;
બુદ્ધિસાગર અવસર પામી તારજો,
પ્રણમું પ્રેમે નિશ દિન તારા પાયજો. પરમ કૃપાળુ૦ ૭

## कक्कावलि. २

### (૧૫૮)

કપટી કપટી શું કહો છો, કપટ ન જાણે કોય;
કર્મની સાથે કપટ કરો તો, સાચા કપટી સોય;
સુણજો વાત હમારી લોક, શાને મનમાં ફૂલો ફોક. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાખી ખાખી શું કહો છો, સહુની થાશે ખાખ;
સાચા ખાખી અન્તર્ના જે, જાણે માયા રાખ. સુણજો૦ ૨
ગાંડો ગાંડો શું કહો છો, ગાંડા સહુ કહેવાય;
ભેદ છેદ આતમના જ્ઞાને, સમજુ તેહ ગણાય. સુણજો૦ ૩
ધારી ધારી શું કહો છો, ધારી સમતા લેખ;
સમતા સ્વાદે સુખિયા સન્તો, અન્તર્માં તે પેખ. સુણજો૦ ૪
ચાકર ચાકર શું કહો છો, ચાકર નર ને નાર;
કરે ચાકરી પરમાતમની, સાચો ચાકર ધાર. સુણજો૦ ૫
છાનું છાનું શું કહો છો, છાનું સત્ય ન કયાંય
માયાથી છાનો છે આતમ, શાને મન હરખાય. સુણજો૦ ૬
જાતિ જાતિ શું કહો છો, જાત ન ભાત ન કોય;
જન્મીને જન્મે નહીં જે જન, જાતિ તેની જોય. સુણજો૦ ૭
ઝાઝ ઝાઝ એમ શું કહો છો, સાચું નહીં છે ઝાઝ;
દેહ છાઝ પરગટ પેખો આ, પામો શિવપુર રાજ. સુણજો૦ ૮
ટેં ટેં ટેં ટેં શું કરો છો, ટળવળતા સહુ જાય;
સ્થિરતા આતમમાં જેની છે, ટેંટેં તસ નહિ થાય. સુણજો૦ ૯
ઠોઠ ઠોઠ એમ શું કહો છો, સહુને એછે છાપ;
અન્તર્માં પરમાતમ પરખે, નહિ તે ઠોઠ અપાપ. સુણજો૦ ૧૦
ડાહ્યા ડાહ્યા શું કહો છો, ડાહ્યા ગાંડા સર્વ;
નિર્લેપી નિર્મોહી ડાહ્યા, કદિ ન કરતા ગર્વ. સુણજો૦ ૧૧
ઢઠ્ઠા ઢઠ્ઠા શું કહો છો, સહુ ઢઠ્ઠા શિરદાર;
ભૂલ્યા મોહ માયામાં જે જન, સાચા ઢઠ્ઠા ધાર. સુણજો૦ ૧૨
ઢોલ ઢોલ એમ શું કહો છો, સહુ છે ફૂટયા ઢોલ;
ઢમ ઢમ વાગી ઢોલ કહે છે, સહુની વર્તે પોલ. સુણજો૦ ૧૩
અભિમાનના તોરે ફૂલે, છે તે સાચા ઢોલ;
જેના દિલમાં વાત ન ટકતી, બોલે નિન્દા બોલ, સુણજો૦ ૧૪
ઢમ ઢમ વાગી ઢોલ કહે છે, અન્તર્ દૃષ્ટિ ખોલ;
ઢોલ પોલના જેવી દુનિયા, કરજે તેનો તોલ. સુણજો૦ ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢુંઢી ઢુંઢી ઢુંઢો સઘળું, ઢૂંઢવું હોય તે ઢૂંઢ;
અન્ધારે અજવાળું ઘેર્યું, એ અન્તરનું ગૂઢ. સુણજો૦ ૧૬
મારૂં તારૂં શું કરે છે, ફોગટ લે અવતાર;
નહિ છે તારૂં ચેતન ચેતો, પોતાને તું તાર. સુણજો૦ ૧૭
સ્થાવર સ્થાવર શું કહે છે, જગમાં તું છે સ્થિર;
સ્થિરતા સેવો સાચી સમજી, પામો ભવજલ તીર. સુણજો૦ ૧૮
દાતા દાતા શું કહો છો, દાતા જગના દાસ;
દાન કરે અન્તરના ગુણનું, છોડી સઘળી આશ. સુણજો૦ ૧૯
ધર્મી ધર્મી શું કહો છો, ધર્મી સહુ કહેવાય;
વસ્તુ સ્વભાવે આતમ ધર્મે, વિરલા સમજે ભાય. સુણજો૦ ૨૦
નાગો નાગો શું કહો છો, નાગા જન્મે સર્વ;
નાગો નગુરા જનને સેવે, કરતો દિલમાં ગર્વ. સુણજો૦ ૨૧
નક્ફટ નક્ફટ શું કહો છો, નક્ફટનો નહીં પાર;
સમજી ધર્મને પાપ કરે તે, સાચો નક્ફટ ધાર. સુણજો૦ ૨૨
નિર્મલ નિર્મલ શું કહો છો, નિર્મલ કોઇ કહેવાય;
કૂડ કપટથી ન્યારો વર્તે, સુમતિ સહું સદાય. સુણજો૦ ૨૩
ન્યાયી ન્યાયી શું કહો છો, ન્યાયીમાં અન્યાય;
પરમાત્માને પ્રેમે પરખે, ભેદ દૃષ્ટિથી ન્યાય. સુણજો૦ ૨૪
નીચ નીચ તું શું કહે છે, નીચા સન્ત સદાય;
જુઓ તાડ છે ઉંચાં કેવાં, પર્વત જો પેખાય. સુણજો૦ ૨૫
નીચ ઉંચનો ન્યાય જુબાને, જૂઠ સત્ય આચાર;
નીચા ઉંચાં કુળથી માને, તે જગનો વ્યવહાર. સુણજો૦ ૨૬
પ્રેમી પ્રેમી શું કહો છો, પ્રેમ પછી છે દુઃખ;
સુખ વર્તે છે પ્રેમી દિલમાં, ભાગે સઘળી ભૂખ. સુણજો૦ ૨૭
પામર પામર શું કહો છો, પામરના શિરદાર;
આશા દાસીના જે વશમાં, તે પામર નર નાર. સુણજો૦ ૨૮
પણ્ડિત પણ્ડિત શું કહો છો, પણ્ડિત પરખે સાર;
પરભાવે રમતો જે રહેવે, ફોકટ તસ અવતાર. સુણજો૦ ૨૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાજી પાજી શું કહો છો, પાજી પોતે પેખ;
અન્તર્ ગુણનું દાન કરે નહીં, સાચો પાજી લેખ. સુણજો૦ ૩૦
ફૂલણ ફૂલણ શું કહો છો, મન ફૂલે ફૂલાય;
ફૂલે નહિ જેનું મન ફંદે, ફૂલણ નહીં કહેવાય. સુણજો૦ ૩૧
બળીયો બળીયો શું કહો છો, બળીઆ ગયા મશાણ;
રાવણ પાંડવ કૈરવ યોદ્ધા, રહ્યાં નહીં નિશાન. સુણજો૦ ૩૨
ભૂંડો ભૂંડો શું કહો છો, ભૂલ્યા તે તો ભૂણ્ડ;
પ્રભુ ભજનમાં ભાવ ન વર્ત્તે, તે ભવ જલધિ ઝુણ્ડ. સુણજો૦ ૩૩
ભૂલ્યો ભૂલ્યો શું કહો છો, ભૂલ્યા ભણીને વેદ;
જ્ઞાની ધ્યાની તપી જપીને, માયા આપે ખેદ. સુણજો૦ ૩૪
ભટક્યા ભટક્યા શું કહો છો, ભટકે રણનું રોઝ;
ભટક્યા નહીં તે જગમાં જોગી, કીધી આતમ ખોજ. સુણજો૦ ૩૫
ભોળા ભોળા શું કહો છો, ભોળા જન ભરમાય;
પર સ્વભાવે જે જન રમતા, ભોળા તેહ ગણાય. સુણજો૦ ૩૬
યાચક યાચક શું કહો છો, યાચક ઇંદ્ર ગણાય;
પરપુદ્ગલ ભીખની આશામાં, સહુ દુનિયા ભટકાય. સુણજો૦ ૩૭
યાચક સાચા આતમ ધનને, યાચે તેહ ગણાય;
જ્ઞાની ધ્યાની યોગી સાધુ, ધન ધન યાચક રાય. સુણજો૦ ૩૮
રામા રામા શું કહો છો, રામા ભવનું મૂળ;
રામા રાગે રામ ન મળશે, અંતે ધૂલંધૂલ. સુણજો૦ ૩૯
રામ રામ જપતાં જે જાગે, હોવે જન તે રામ;
આતમ તે પરમાતમ રૂપે, સાચા જાણે રામ. સુણજો૦ ૪૦
રાગી રાગી શું કહો છો, જૂઠા જગના રાગ;
આતમ રાગે જે રઙ્ગાયા, ધન ધન તે સૌભાગ્ય. સુણજો૦ ૪૧
લાલચ લાલચ શું કરો છો, લાલચનો નહિ અન્ત;
લાલચ ત્યાગી રાગી જગમાં, શોભે સાચા સન્ત. સુણજો૦ ૪૨
વૈરી વૈરી શું કહો છો, વૈરી આપોઆપ;
વૈર સમાવે સમતા આવે, નાસે સહુ સન્તાપ. સુણજો૦ ૪૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ્યા વેશ્યા શું કરો છો, કુમતિ વેશ્યા દિલ;
વિકાર વેશ્યા વૈર ઝેરને, ક્ષણમાં આતમ!!! પીલ. સુણજો૦ ૪૪
શાન્તિ શાન્તિ સહુ કહે છે, શાન્તિ જાણે કોય;
શાન્તિ જગની ભ્રાન્તિ હરતી, કદી ન દુઃખડાં હોય. સુણજો૦ ૪૫
સેવા સેવા શું કરો છો, સેવા કરતા સર્વ;
પરમાતમ ગુરૂ જનની સેવા, ટાળે સઘળા ગર્વ. સુણજો૦ ૪૬
સાધુ સાધુ શું કહો છો, સાધુ સાધે ધર્મ;
પઞ્ચમહાવ્રત પ્રેમે પાળે, ટાળે આઠે કર્મ. સુણજો૦ ૪૭
સાચું સાચું શું કહો છો, સાચું આતમ સુખ;
પરમાં સુખની આશા રાખે, પામે ભવમાં દુઃખ. સુણજો૦ ૪૮
હાર્યા હાર્યા શું કહો છો, હાર્યા કામે વીર;
રાગાદિકને જીત્યા જગમાં, તીર્થંકર મહાવીર. સુણજો૦ ૪૯
જ્ઞાની જ્ઞાની શું કહો છો, જ્ઞાની ગોથાં ખાય;
રાગદ્વેષને જીતે જે જન, જ્ઞાની તેહ ગણાય. સુણજો૦ ૫૦
આવ્યા આવ્યા શું કહો છો, આવ્યા ચાલ્યા જાય;
ત્રણ લોકમાં કીર્તિ જેની, આવ્યા તે સુખદાય. સુણજો૦ ૫૧
બેઠા બેઠા શું કહો છો, બેઠા ઉઠે ભ્રાત;
બેઠા ક્ષાયિકભાવે સિદ્ધો, ધન તેના અવદાત. સુણજો૦ ૫૨
ઉઠયા ઉઠયા શું કહો છો, જોને ઉઠે જીવ;
ઉઠયા આતમ ભાવે સન્તો, જાણી જીવને શીવ. સુણજો૦ ૫૩
જોગી જોગી શું કહો છો, જોગી સાધે જોગ;
અલખ ખલકમાં સચ્ચા સમજી, ભોગવતા નહિ ભોગ. સુણજો૦ ૫૪
જૂઠું જૂઠું શું કહો છો, જૂઠી જગ જંઝાળ;
જૂઠામાં મારૂં જે માને, તે જન જગમાં બાળ. સુણજો૦ ૫૫
ભક્તિ ભક્તિ સેવો સજ્જન, ભક્તિ સુખનું મૂળ;
દેવગુરૂની ભક્તિ વીણુ તે, કિરિયા જાણો ધૂળ. સુણજો૦ ૫૬
મઙ્ગલ મઙ્ગલ જિનવર જાપે, ગણજો સહુ નવકાર;
ચૌદ પૂર્વમાં મઙ્ગલ મોટું, ઉતરશો ભવપાર. સુણજો૦ ૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુર્જર દેશે સાણંદ ગામે, ઓગણિશ ત્રેસઠ સાલ;
અષાડ સુદિ સાતમ સાંજે, સ્તવના મઙ્ગલ માલ. સુણજો૦ ૫૮
સમજી ગણજો શ્રીનવકાર, તેથી ઉતરશો ભવપાર;
ભણશે ગણશે જે જન ભાવે, તેહ લહે સુખસાર. સુણજો૦ ૫૯
બુદ્ધિસાગર અવસર પામી, ધર્મ હૃદયમાં ધાર;
સમજી ગણજો શ્રીનવકાર, તેથી ઉતરશો ભવપાર. સુણજો૦ ૬૦

( સાણંદ. )

## सद्गुरु स्तुति पद.

(૧૫૯)

સદ્ગુરૂની શિક્ષા સારીરે, વિચારી જોજો,
તારે નરને નારીરે, વિચારી જોજો;
ગુરૂ જ્ઞાનિની સેવા, સાચા છે સુખના મેવા,
ગુરૂ સમજાવે દેવારે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૧
ગુરૂની સાચી વાણી, શિવપુરની છે નિશાની;
તરશ્યાને જેમ પાણીરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૨
માથે ગુરૂજી ગાજે, તેની શોભાતો છાજે;
તેથી કુમતિ લાજેરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૩
ગુરૂની ભક્તિ પ્રીતિ, નાસે છે તેથી ભીતિ;
એ ઉત્તમ જનની રીતિરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૪
ગુરૂગમની બલિહારી, જગમાંહિ ઉપકારી;
સદ્ગુરૂની વાતો ન્યારીરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૫
બુદ્ધિસાગર દીવો, સદ્ગુરૂ ચિરંજીવો;
ગુરૂ વચનામૃત પીવોરે. સદ્ગુરૂ૦ ૬

( સાણંદ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# समाधि पद.

( ૧૬૦ )

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ. )

અન્તર્ના અલબેલા સાહિબ રીજશે,
ત્યારે મારાં સઘળાં કારજ સિદ્ધજો;
અષ્ટ સિદ્ધિ ઘટમાં પ્રગટે છે ધ્યાનથી,
દાન ગુણોનું પોતાને પરસિદ્ધજો. અન્તર્૦ ૧
યમ નિયમ આસનને પ્રાણાયામથી,
શરીર શુદ્ધિ થાશે ચિત્ત પવિત્રજો;
પદ્માસન સિદ્ધાસન વાળી બેસજો,
સુષુમ્ણા ભેદક આસનની રીતજો. અન્તર્૦ ૨
પ્રત્યાહારે ચિત્તની સ્થિરતા સમ્પજે,
ધારણાથી ધારો અન્તર્ દેવજો;
ધ્યાનભેદ સમજીને ધ્યાને ધ્યાઇએ,
અન્તર્ આતમ પરમાત્મની સેવજો. અન્તર્૦ ૩
નિર્વિકલ્પ સમાધિરૂપે સમ્પજે,
સુખનો દરિયો ગુણથી ભરિયો પૂરજો;
અલખ દશાની અવિચલ રટના લાગતાં,
નિર્મલ નિરખે નયણે આતમ નૂરજો. અન્તર્૦ ૪
સહજસમાધિ મોટી મનમાં માનીએ,
વળજો એની વાટે વ્હેલા વીરજો;
ડગે મેરૂ પણ ચિત્ત ચઞ્ચલતા નવી હુવે,
ધ્યાનદશા એવી વર્તેતો ધીરજો. અન્તર્૦ ૫
અનેકાન્તદૃષ્ટિથી આતમ ઓળખી,
પૂજો ધ્યાવો ગાવો શ્રી ભગવાન્ જો;
નિર્નામી પણ અનેક નામો એહનાં;
ષડ્ દર્શનમાં સહુ ધ્યાવે છે ધ્યાનજો. અન્તર્૦ ૬
સાતનયોથી સ્વરૂપ સમજો આત્મનું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાપેક્ષે ષડ્ દર્શન આત્મ સમાયજો;
સ્યાદ્વાદ સત્તાથી પૂરણ પામીએ,
ભેદભાવ ઝઘડો ત્યારે દૂર થાયજો. અન્તર્૦ ૭
અન્તર્ સ્વામી સમજ્યા ત્રિણ શું સેવના,
શ્રદ્ધા ભક્તિ પ્રીતિથી પરખાયજો;
શબ્દ સૃષ્ટિ વિકલ્પ શમ્યા નિજ શુદ્ધિમાં,
બુદ્ધિસાગર અન્તર્યામી ગાયજો. અન્તર્૦ ૮

( સાણંદ. )

## "सहु शक्तिना स्वामी आतम माहरा."–पद.

( ૧૬૧ )

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ. )

સહુ શક્તિના સ્વામી આતમ માહરા,
તારો મહિમા દીઠો અપરંપારજો;
કેવલજ્ઞાને જાણે લોકાલોકને,
ધ્યાતા પણ તું ધ્યેય સ્વરૂપી ધારજો. સહુ૦ ૧

કુમતિસંગે રમતાં આ સંસારમાં,
પામી દુઃખો ભટક્યો વારંવારજો;
ગુરૂપ્રતાપે શુદ્ધ સ્વરૂપ નિહાળતાં,
ધન્ય દીવસને ધન્ય ઘડી અવતારજો. સહુ૦ ૨
ચમત્કાર વિદ્યા લબ્ધિનું સ્થાન તું,
ગુરૂગમયુક્તિભકિત અર્પે સર્વજો;
પૂજા ભકિત ધ્યાનાશ્રય છે આતમા,
તત્ત્વજ્ઞાનથી નાસે મિથ્યા ગર્વજો. સહુ૦ ૩
ચેતન શકિત ચેતન ભાવે દેખીએ,
જડની શકિત જડ સ્વભાવે જાણજો;
અનન્ત સુખનું સ્થાનક આતમ જાણીએ,
અનુભવયોગે પ્રગટે તેનું ભાનજો. સહુ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખણ્ડ ઉપયોગે તું ઘટમાં જાગજે;
દુઃખમય જાણી સઘળો આ સંસારજો;
વક્તા ધ્યાતા ધ્યેય તત્ત્વની એકતા,
દ્રવ્યાર્થિકનયથી મનમાં નિર્ધારજો. સહુ૦ ૫
આતમ કર્ત્તા કર્મ કરણ પણ આતમા,
સંપ્રદાનને અપાદાન પણ એહજો;
અધિકરણ પણ આતમને અવલોકીએ,
પર્યાયાર્થિકનયથી હોવે તેહજો, સહુ૦ ૬
સમજી સાતનયોથી આત્મસ્વરૂપને,
ટાળો મિથ્યા વિષય વાસના રાગજો;
બુદ્ધિસાગર અવસર પામી ચેતજો,
અન્તરૂથી કરજો સહુ માયા ત્યાગજો. સહુ૦ ૭

( સાણંદ. )

## "ज्ञानानन्दी तत्त्व स्वरूपी आतमा."–आत्मपद.

( ૧૬૨ )

( ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ. )

જ્ઞાનાનન્દી તત્ત્વસ્વરૂપી આતમા,
અન્તર્યામી પુરૂષોત્તમ ભગવાનજો;
બ્રહ્મા વિષ્ણુ શંકર ને ગોપાળજી,
અનેક નામે શોભે તું ગુણવાનજો. જ્ઞાનાનન્દી૦ ૧
અન્તર્ દૃષ્ટિ દર્શન કીજે આત્મનું,
નાસે તેથી ભવભય ભ્રાન્તિ ભર્મજો;
સગુણ નિર્ગુણ આતમ તું સાપેક્ષથી,
અનેકાન્ત સ્વભાવી તારો ધર્મજો. જ્ઞાનાનન્દી૦ ૨
ત્હારી ભક્તિ સ્થિરતા શાન્તિ આપતી,
સ્વપર પ્રકાશક નિરાધાર નિર્ધારજો;
સંયમ પુષ્પે પૂજો આતમરાયને,
તેથી પામો ભવસાગરનો પારજો. જ્ઞાનાનન્દી૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષથી અહિરાતપદ જાણીને,
કરજો તેનો જ્ઞાનદૃષ્ટિથી નાશજો;
સ્થિરોપયોગે જાગો તત્ત્વ સ્વરૂપમાં,
અસંખ્યપ્રદેશે ક્ષાયિકભાવે વાસજો. જ્ઞાનાનન્દી૦ ૪
સામગ્રી પામીને આતમ ચેતજે,
મોહમાયાનો કરજે નહિ વિશ્વાસજો;
વિષયવિકારો વિષની પેઠે જાણજે,
પરપુદ્‌ગલની છોડી દેજે આશજો. જ્ઞાનાનન્દી૦ ૫
અખણ્ડ અવિનાશીની વાટે ચાલજે,
ષડ્‌દર્શનમાં સહુજન તુજને ગાયજો;
બુદ્ધિસાગર આવિર્ભાવ જગાવવા,
સત્સઙ્ગમ ઉદ્યમ કરજો હિત લાયજો. જ્ઞાનાનન્દી૦ ૬
(સાણંદ.)

## " चिदानन्द चेतनजी वहेलो जागजे. "–पद.

(૧૬૩)

(ઓધવજી સન્દેશો કહેજો શ્યામને.—એ રાગ.)

ચિદાનન્દ ચેતનજી વહેલો જાગજે,
ભરનિદ્રામાં આયુ નિષ્ફળ જાયજો;
ઊંઘે ઉંઘણુ ચોરો લૂંટે ચેતજે,
વૈરણુ નિદ્રાવશથી દુઃખડાં થાયજો. ચિદાનન્દ૦ ૧
કાલ અનાદિ ઉંઘ્યો મિથ્યારાત્રીમાં,
પરસ્વભાવે લેતો શ્વાસોચ્છ્વાસજો;
સર્વવિઘાતક નિદ્રા દુઃખની ખાણ છે,
શું કરવો ત્યાં સુખબુદ્ધિ વિશ્વાસજો. ચિદાનન્દ૦ ૨
ભવિતવ્યતાયોગે સદ્‌ગુરૂ સઙ્ગથી,
જાગંતાં ઘટ દેખ્યો અનુભવ ભાણજો;
સ્વતઃ પ્રકાશી ઝળકી જ્યોતિ આત્મની,
ઉઠયો ચેતન આળસ છાંડી જાણજો. ચિદાનન્દ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખની ધારા પ્રગટી સહજસમાધિથી,
શમ્યા વિકલ્પો પામી સ્થિરતા બોધજો;
વિષય વાસના આશા તૃષ્ણા પૂજના,
નાઠા દોષો મોહમાયાને ક્રોધજો. ચિદાનન્દ૦ ૪
અનુભવયોગે તાળી લાગી ધ્યાનની,
બાહ્યભાવનું ભૂલાયું સહુ ભાનજો;
આતમ રાગે રંગાણી છે ચેતના,
સેવે ઘટમાં શુદ્ધ બુદ્ધ ભગવાનજો. ચિદાનન્દ૦ ૫
શ્વાસોચ્છ્વાસે સમરો શાન્ત કૃપાળુને,
કરશે કરૂણા પ્યારો આપો આપજો;
હરતાં ફરતાં ખાતાં પીતાં પહેરતાં,
ધંધો કરતાં સુરતાની છે છાપજો. ચિદાનન્દ૦ ૬
દેહી પણ વિદેહી પોતે એકલો,
ન્યારો અન્તરથી કરતો સહુ કામજો;
ક્ષયોપશમ ઉપશમ ભાવે છે સાધના,
દેશે દર્શન દીન દયાળુ રામજો. ચિદાનન્દ૦ ૭
સેવો ધ્યાવો બુઝો આતમરામને,
એનાથી સમજે છે જીવો સર્વજો;
જીવ શિવનો ભેદભાવ ઝઘડો ટળ્યો,
બુદ્ધિસાગર નાઠો મિથ્યા ગર્વજો. ચિદાનન્દ૦ ૮
( સાણંદ. )

## “ स्वामीने सेवक तुं प्यारा आतमा. ”–पद.

( ૧૬૪ )

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. )

સ્વામીને સેવક તું પ્યારા આતમા,
અવ્યાપક પણ જ્ઞાને વ્યાપક સર્વજો;
અવિનાશી પણ અનિત્ય તું પર્યાયથી,
તુજને જાણ્યાં નાઠો મિથ્યા ગર્વજો. સ્વામીને૦ ૧

૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમ ભાવે માયા અસતી જાણીએ,
જડ સ્વભાવે છતી માયાને પેખજો;
સંગ્રહની સત્તાથી એકજ આતમા,
અનેક વ્યક્તિ ભાવે આતમ દેખજો. સ્વામીને૦ ૨
નાક વિના શોભે નહિં મુખ સંસારમાં,
વર વિના શોભે નહીં જેવી જાનજો;
મીઠા વીણુ ભોજનની શોભા જેહવી,
જ્ઞાન વિના આતમનું એવું જાણજો. સ્વામીને૦ ૩
જ્ઞાન વિના સાધો શું આતમ સાધના,
આતમજ્ઞાને ટળશે કર્મ વિકારજો,
બુદ્ધિસાગર અવસર પામી ચેતીએ,
સદ્ગ્રન્થોને સત્ સદ્ગુરુ આધારજો. સ્વામીને૦ ૪

(સાણંદ.)

## "जीव आव्यो अवसर आ जाय छेरे."–पद.

(૧૬૫)

(જીવ જાણે મારે મરવું નથીજો, જેમ પીપળના પાનને ખરવું નથીજો.)—એ રાગ.

જીવ આવ્યો અવસર આ જાય છેરે,
શિદ માયામાં ગોથાં ખાય છેરે;
શાને જન્મ્યો જોને તું જીવડારે,
દેખ ઓલાઈ જાશે દીવડારે. જીવડા૦ ૧
માની મોટાઇ માનવ મહાલતોરે,
અણુધારે દિવસ થશે ચાલતોરે. જીવ૦
શું ફૂલ્યો ફરે છે સંસારમાંરે,
મળ્યો માનવ ભવ નહિ હારમાંરે. જીવડા૦ ૨
નામ ઠામ નિશાની રહે નહીંરે,
તારૂ આયુષ એળે જશે વહીરે. જીવ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠી વાણી બોલતાં ન આવડીરે,
બોલે કડવી વાણી જેવી ફાવડીરે. જીવડા૦ ૩
દાણા ઘંટીમાં દળાતા દેખતાંરે,
કાળ ઘંટી પીલાઈશ પેખતાંરે. જીવ૦
કર પ્રભુની ભક્તિ જ્ઞાન ધ્યાનથીરે,
ચિત્તવાળી જૂઠા અભિમાનથીરે. જીવડા૦ ૪
ચેત! કોઈ ન કહેવા આવશેરે,
મારૂં મારૂં કરી દુઃખ પાવશેરે. જીવ૦
કર પ્રભુ ભજન શ્વાસોચ્છ્વાસથીરે,
વદે બુદ્ધિસાગર વિશ્વાસથીરે. જીવડા૦ ૫

(સાણંદ.)

## "जगत्ना खेल छे खोटा."–पद.

(૧૬૬)

(પદ્મપ્રભુ પ્રાણસે પ્યારા—એ રાગ.)

જગત્ના ખેલ છે ખોટા, કદિ નહીં થાય મનમોટા. જગ૦ ૧
સદા છે દુઃખ માયામાં, સદા સુખ ધ્યાન છાયામાં;
પ્રભુનું નામ સુખ આપે, પ્રભુનું નામ દુઃખ કાપે. જગ૦ ૨
પ્રભુ ભક્તિ ન જો થાશે, તદા દિન દિન દુઃખ થાશે;
જીભલડી ગા જીનેશ્વરને, હૃદય તું દેવને ધરને. જગ૦ ૩
મુઆ જે મોજમાં માતા, તર્યા જે દેવને ગાતા;
જગતમાં જન્મ ધાર્યો તેં, ભજન વિણુ જન્મ હાર્યો તેં. જગ૦ ૪
છેવટની આંખ મિંચાશે, તદા તું ખૂબ પસ્તાશે;
હજી છે હાથમાં બાજી, કરી લે આત્મને રાજી. જગ૦ ૫
ગાદી ઘોડા ગમ્મત ગાડી, સુંદર શય્યા અને લાડી;
મળેલા ભોગ એ જાશે, પાછળથી કોઇ તે ખાશે. જગ૦ ૬
ગણી તું ફોક દુનિયાને, પ્રભુના ભવ્ય ગુણ ગાને;
બુદ્ધ્યબ્ધિ સન્તનો સઙ્ગી, ગ્રહે તે સુખ ગુણ રઙ્ગી. જગ૦ ૭

(ગોધાવી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "शाने तुं करे छे मायारे."–पद.

( ૧૬૭ )

( ચેતતો ચેતાવું તનેરે પામર પ્રાણી–એ રાગ. )

શાને તું કરે છે માયારે, નાહક પ્રાણી;
મરડી મૂછોને ચાલે, મગરૂરીમાંહિ મ્હાલે;
જવું પડે હાથ ઠાલેરે. નાહક૦ ૧
પ્રભુ નામ નહિ લીધું, સન્તને ન દાન દીધું;
કપટવિષ પ્રેમે પીધુંરે. નાહક૦ ૨
ભ્રાન્તિમાં ભૂલી ભારી, આખી ઉમ્મર હારી;
થાશે કોણ ગતિ તારીરે. નાહક૦ ૩
ખોદે તે પડે છે પહેલો, પરના બુરામાં ઘેલો;
મનમાં રહીને મેલોરે. નાહક૦ ૪
બીજાનું દેખીને સારૂ, મનમાં લાગે નઠારૂં,
ભલું થાશે કેમ તારૂં રે. નાહક૦ ૫
કપટથી કાળું થાશે, ધાર મન વિશ્વાસે;
પોતે તું તો છેતરાશેરે. નાહક૦ ૬
કપટ કળાને ત્યાગી, સદ્ગુરૂ શીખ માગી;
બુદ્ધિસાગર ઘટ જાગીરે. નાહક૦ ૭

( ગોધાવી. )

---

## "जीवडा प्रभु भजीलेरे."–पद.

(૧૬૮)

( ચેતાવું ચેતી લેજેરે—એ રાગ. )

જીવડા પ્રભુ ભજીલેરે, અવસર આવ્યો એળે જાશે;
પ્રભુ ભજંતાં દામ ન બેસે, કોટી કર્મ કપાશે. જીવડા૦ ૧
દુઃખ દાવાનળ ભવમાં ભમતાં, સુખ નીપજે નહીં સારૂં;
મોહ માયા ક્રોધે સપડાતાં, ભાગ્ય બગડશે તારૂં. જીવડા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૂઠી દુનિયાની બાજીમાં, મકલાઇ શું મ્હાલો;
કાળ પકડશે પલમાં આવી, સાચો મારગ ઝાલો. જીવડા૦ ૩
વજ્ર પેટીમાં પેસો તોપણ, મરણ કદિ નહિ મૂકે;
બુદ્ધિસાગર અવસર રૂડો, ચતુર થઈ શું ચૂકે. જીવડા૦ ૪
(ગોધાવી.)

## "गाफल गर्व करीनेरे."–पद.

( ચેતાવું ચેતી લેજેરે—એ રાગ. )

(૧૬૯)

ગાફલ ગર્વ કરીનેરે, મનમાં મોટાઇથી ફૂલ્યો;
પ્રભુ ભજ્યાવિણ પાપકર્મથી, ભવસાગરમાં ડૂલ્યો. ગાફલ૦ ૧
દગા પ્રપઞ્ચો પાપ કરીને, લક્ષ્મી ભેગી કીધી;
પરભવનું પસ્તાનું થાતાં, ખાશે કોઇક ઋદ્ધિ. ગાફલ૦ ૨
હું પંચાતી ડાહ્યો ડમરો, હું નૃપતિ અધિકારી;
હું હું કરતાં શ્વાસ ખસ્યાથી, ગતિ પકડશો ન્યારી. ગાફલ૦ ૩
હુંમાં માયા હુંમાં જાયા, હુંના જગ પડછાયા;
હુંને મારૂં મૂકી દેતાં, સન્તો સુખ બહુ પાયા. ગાફલ૦ ૪
કોટી કલ્પના કરો માનવી, કોઈ ન આવે સાથે;
બુદ્ધિસાગર ચેત્યા તે નર, જેને સદ્‌ગુરૂ માથે. ગાફલ૦ ૫
(સાણંદ.)

## "सुख दुःख आवे सहुना शीरे."–पद.

( ૧૭૦ )

( અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ. )

સુખ દુઃખ આવે સહુના શીરે, ભોગવ્યા વિણુ તે કદિ નહિ ટળે.
કોટિ જન્મનાં કરેલ પાપો, અવસર આવે ફળે;
ધીરજ હારી શોક કરીને, શિદને જીવડા બળે. ભોગવ્યા૦ ૧
સીતા સતી દ્રૌપદી દમયંતી, વનવાસે ટળવળે;
સુખ દુઃખ ભોગો આવે એણીપેરે, જેમ ગજેન્દ્ર કાંઠું ગળે. ભોગ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલંક પડયાં છે મહાસતીઓને, નામે મઙ્ગલ કરે;
શ્રીવીર પ્રભુના કાને ખીલા, ઠોકયા ગોપે અરે. ભોગવ્યા૦ ૩
જરાકુમારને હાથે મરણું, થયું કૃષ્ણનું અરે;
દુઃખ આવ્યાં જ્યારે વીરપ્રભુને, સાહાય્ય કોઈ નહિ કરે. ભોગ૦ ૪
કર્યાં કર્મ ભોગવવાં સહુને, કોઈનું કાંઇ ન વળે;
સુખ દુઃખમાં સમભાવ કરે તે, મુક્તિપુરીમાં ભળે. ભોગવ્યા૦ ૫
ચંદ્ર સૂર્ય જેવા પણ જગમાં, દેખો નજરે ફરે;
બુદ્ધિસાગર સમતા સેવે, રાગ દ્વેષ નહીં છળે;
જ્ઞાનિને સુખડાં, ઇણ વિધિ મળે. ભોગવ્યા૦ ૬

(સાણંદ.)

## "अमोने तमो समा जाति."—पद.

(૧૭૧)

(પદમ પ્રભુ પ્રાણસે પ્યારા—એ રાગ.)

અમોને તમો સમા જાતિ, અમોને તમો સમા જ્ઞાતિ;
પશુ પંખી અમારાં છે, અમારાં તે તમારાં છે; અમોને૦ ૧
નહિ કો કોઇનું વૈરી, નહિ કો કોઈનું ઝેરી;
સહુ જીવ મિત્ર મારા છે, મમત્વ ભાવ વિસાર્યા છે. અમોને૦ ૨
જીવોને પ્રેમથી ભેટું, અમારે કાંઈ નહિ છેટું;
અમારે સર્વથી હળવું, અમારે સર્વથી મળવું. અમોને૦ ૩
દયા ગઙ્ગા હૃદય વ્હેતી, અમોને પ્રેમથી કહેતી;
અમારામાં સદા ઝીલે, અનન્તાં સુખ તસ દીલે. અમોને૦ ૪
અમારી આંખમાં ચંદ્ર, અમારા નેત્રમાં ભદ્ર;
જગત આ ભાસતું મોટું, જગત આ ભાસતું ખોટું. અમો૦ ૫
અપેક્ષા જીવની સાચી, એકાન્તે વાત છે કાચી,
બુદ્ધયબ્ધિ જીવની સેવા, અમારે શુદ્ધ એ મેવા. અમોને૦ ૬

(સાણંદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "वेपारी उपर."–पद.

( ૧૭૨ )

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. )

વ્યાપારી વ્યાપારે મનડું વાળજે,
કરજે ઉત્તમ સદ્વસ્તુ વ્યાપારજો;
કપટ કરીને છેતરજે સહુ કર્મને,
છેતરવા નહિ જીવોને તલભારજો. વ્યાપારી૦ ૧
વિવેકદૃષ્ટિથી સહુ વસ્તુ દેખજો,
સુખકર સારી વસ્તુનો કર પ્યારજો;
દાન દયા સંયમ શીયલને સત્યતા,
સમતા આદિ વસ્તુનો સ્વીકારજો. વ્યાપારી૦ ૨
સોદાગર સદ્ગુરૂજી સાચા માનજે,
લોભાદિક ચોરોનો કરજે ખ્યાલજો;
લાભ મળે તે સાચવજે ઉપયોગથી,
અન્તર્દૃષ્ટિને કરજે રખવાળજો. વ્યાપારી૦ ૩
સ્યાદ્વાદદૃષ્ટિનાં કરજે ત્રાજવાં,
સહનશીલતા કાતર સારી રાખજો;
ગજ રાખો વ્યાપારી આતમ જ્ઞાનનો,
સ્થિરતા ગાદી બેશી સાચું ભાખજો. વ્યાપારી૦ ૪
પ્રતિક્રમણના રોજમેળથી દેખજે,
દિવસમાં શું મળિયો લાભાલાભજો;
બાહ્યલક્ષ્મીની ચચ્ચલતાને વારજે,
જલનું બિન્દુ પડિયું જેવું ડાભજો. વ્યાપારી૦ ૫
દુઃખને પણ સુખ માની હિમ્મત ધારજે,
પરપરિણતિ વેશ્યાનો સઙ્ગ નિવારજો;
ક્ષાયિકભાવે દાનાદિક ગુણ લાભથી,
જન્મ જરાનાં દુઃખ નાસે નિર્ધારજો. વ્યાપારી૦ ૬
માયાના વ્યાપારો ત્યાગી જ્ઞાનથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્તરના વ્યાપારે ધરજે ધ્યાનજો;
બુદ્ધિસાગર અનન્ત સુખડાં સમ્પજે;
આતમ થાવે સિદ્ધ બુદ્ધ ભગવાનજો. વ્યાપારી૦ ૭
(સાણંદ.)

## "जीवडा जरुर जावुंरे."–पद.

(૧૭૩)

(ચેતાવું ચેતી લેજેરે—એ રાગ.)

જીવલડા જરૂર જાવુંરે, ફોગટ માયામાં શું ફશિયો,
મરણતણો ભય મોટો માથે, કોઈ ન આવે સાથે;
હસતાં હરશે કાળ ઝપટમાં, કહ્યું ત્રિભુવન નાથે. જીવ૦ ૧
વૈદું કરજો સૈદું કરજો, કરજો લટપટ ચાળા;
આડી અવળી બાથભરો પણ, ભરવા પડે ઉચાળા. જીવ૦ ૨
ડાહ્યા ડમરા પરપંચાતે, કરજો કજીયા વાતે;
કાળ કાળીઓ હરશે લાતે, જાશો ખાણું ખાતે. જીવ૦ ૩
ચોરી ચુગલી નિંદા કીધી, પરને ગાળો દીધી;
મનમાં પાપ કરીને ભારી, નરકવાટ ઝટ લીધી. જીવ૦ ૪
પ્રભુ ભજનને ભૂલી ભોળા, દુનિયામાં કયાં દોડે;
બુદ્ધિસાગર માયા પથરે, સીદને માથું ફોડે. જીવ૦ ૫
(સાણંદ.)

## महावीर स्तवन.

(૧૭૪)

(દ્વારકાંના વાસીરે અવસરીએ વહેલા આવજોરેજી—એ રાગ)

ત્રિશલાના જાયારે મહાવીર સ્હાયે આવજોજી,
નહિ આવો તો થાશે સેવકના બેહાલ. ત્રિશલાના૦ ૧
દૈત્ય મહામોહરે વ્હાલા લાગ્યો પીડવાજી,
દીધાં દુઃખ કહેતાં ના આવે પાર. ત્રિશલાના૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામને અજ્ઞાનેરે સત્તા નિજ વાપરીજી,
બાળે ક્રોધ ઘડી ઘડી ક્ષણુમાંહિ. ત્રિશલાના૦ ૩
પન્થ પાખણ્ડ જાળેરે વિંટાયોછું વેગથીજી,
વિકાર વિષધરની લાગીરે ચોટ. ત્રિશલાના૦ ૪
પંચમકાળ પૂરોરે જમ જેવા બેસિયોજી,
સૂઝે નહીં ધર્મ માર્ગનીરે રીત. ત્રિશલાના૦ ૫
ગાંડા ઘેલો ત્હારોરે સેવક વ્હાલા માનીનેજી,
તારો તારો ભવસાગરનીરે તીર. ત્રિશલાના૦ ૬
ટળવળતો તારો વ્હાલારે સેવક હાથ ઝાલીનેજી,
નહિ તારો તો જાશે તમારીરે લાજ. ત્રિશલાના૦ ૭
તુંહિ તુંહિ સમરૂંરે દુઃખીનો બેલી આવજેજી,
શરણું એક બુદ્ધિસાગરને છે તુજ. ત્રિશલાના૦ ૮

(સાણંદ.)

## "भूली भव भ्रमणा झंझाळे."–पद.

(૧૭૫)

(રાગ મરાઠી સાખી.)

ભૂલી ભવ ભ્રમણા ઝંઝાળે, ફોગટ આયુ ગાળો;
માનો ઘર મહેલોને મારા, પણ ભરશો ઉચાળો;
અરે કયાંથીરે અક્કલ ઉંધી સુઝી, કદી વન્ધ્યા ગાય ન દુઝી. ૧
કયાં કજીયા કંકાસો કરતા, આડા અવળા ફરતા;
જન્મ્યા તેને મરવું માથે, મરવા જેવા ખરતા. અરે૦ ૨
કુટુમ્બ કબીલો મારો માની, સ્વારથમાં સપડાયો;
નીતિ ત્યાગી અવગુણ રાગી, લક્ષ્મીથી લલચાયો. અરે૦ ૩
લોભે લક્ષણ સઘળાં ખોયાં, અભિમાન બીજ બોયાં;
ધર્મવાત તલભાર રૂચે નહિ, કર્યાં કર્મ નહિ જોયાં. અરે૦ ૪
સાધુ દેખી છટકી જાતો, પાપીથી હરખાતો,
નિન્દા લવરી વૈર ઝેરની, કરતો નિશદિન વાતો. અરે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેતી લેને પામર પ્રાણી, સદ્ગુરૂ શરણું તારે;
બુદ્ધિસાગર સત્સંગમથી, ઉતરો પેલી પારે;
લેજો લ્હાવોરે માનવભવનો પ્રાણી. અરે૦ ૬

(સાણંદ.)

## "મારું મારું તમે શું કરોરે"–પદ.

(૧૭૬)

મારૂ મારૂ તમે શું કરોરે, સ્વપ્ન જેવો સંસારરે,
ઝાંઝવાના જલ જેહવો, સુખ નથી તલભારરે;
પ્રેમે પ્રભુ ગુણ ગાઈએ, કર્યું સાથે થનારરે,
ચેત્યા ચેતનને પામીયા, થયો જયજયકારરે. પ્રેમે પ્રભુ૦ ૧
ફૂલ્યો ફોગટ શું ફન્દમાંરે, ફૂલે તેટલાં ફોકરે;
ઠાઠમાઠે બંધાણી ઠાઠડી, પડે પાછળ પોકરે. પ્રેમે૦ ૨
માયામાં મુંજી શું મરોરે, બાળ મોટા મરનારરે;
મરનારાને રૂવે માનવી, રોનારાં જનારરે. પ્રેમે૦ ૩
સારૂં સારૂં જીવ શું કરેરે, નથી માયામાં સારરે;
જેવા ધૂમાડાના બાચકા, જેવો વેશ્યાનો પ્યારરે. પ્રેમે૦ ૪
રોફ રોબડ શું મારતોરે, જોને કસાઈનાં ઢોરરે;
જેવું જળોનું ફૂલવું, પૂંઠ જેવી છે મોરરે. પ્રેમે૦ ૫
લાખચોરાશિમાં ભમ્યોરે, વેઠયાં દુઃખ અપારરે;
પુણ્યે માનવભવ પામિયો, હજી હાથે ન હારરે. પ્રેમે૦ ૬
કેઇક ઘલાણા ઘોરમાંરે, કેઈ બાળ્યા મસાણરે;
જોનારાની ગતિ એહવી, જીવ જૂઠું ન જાણરે. પ્રેમે૦ ૭
સદ્ગુરૂ સેવા સાધનારે, ધરો ધર્મથી પ્યારરે;
બુદ્ધિસાગર ગુરૂદેવનો, ખરો મોટો આધારરે. પ્રેમે૦ ૮

(માણંદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "भक्ति करो भगवन्तनीरे."–पद.

( ૧૭૭ )

ભક્તિ કરો ભગવન્તનીરે, મન લાવીને પ્યારરે,
પ્રેમે પ્રભુપદ પૂજીએ, તજી વિરૂવા વિકારરે;
ભક્તિ જગતમાં દોહિલી, સહુ શાસ્ત્રનું સારરે,
કટે કોટી જન્મની કલ્પના, સુખ શાન્તિનું દ્વારરે. ભક્તિ૦ ૧
રણમાં ચઢયો વીર વેગથીરે, કરે પાછો ન પાયરે;
ઝુઝે ધડથી કપાતાં શીર તે, એવો ભક્તિનો ન્યાયરે. ભક્તિ૦ ૨
બળી જવાને ચાલતીરે, સતી હર્ષે હરખાયરે;
પડે તે ચ્હેમાં પ્રેમથી, ગુણ તેના ગવાયરે. ભક્તિ૦ ૩
પપૈયો પિયુ પિયુ બોલતોરે, કર્યો મેઘશું નેહરે;
અન્ય પાણી નહિ આભડે, પડે તોપણ દેહરે. ભક્તિ૦ ૪
તન ધન જૂઠું જાણીનેરે, દિલ લાવીને રાગરે;
સાચા સાહિબને આદરો, ધરી શ્રદ્ધા વૈરાગ્યરે. ભક્તિ૦ ૫
કાયર થઈ નહિ કંપીએરે, લડો કર્મની સાથરે;
કરી કેશરીયાં જીતીએ, ઝાલો મુક્તિનો હાથરે. ભક્તિ૦ ૬
સ્હેલ રાધાવેધ સાધવોરે, પણ ભક્તિ મુશ્કેલરે;
બુદ્ધિસાગર ગુરૂસઙ્ગથી, જોતાં લાગે છે સ્હેલરે. ભક્તિ૦ ૭

( સાણંદ. )

# "परमपद परमातम गुण गावुं."–पद.

( ૧૭૮ )

( ઝીંઝોટી–નાથકેસે ગજકો બંધ છોડાયો—એ રાગ. )

પરમપદ પરમાતમ ગુણ ગાવું, પ્રેમે નિશદિન ધ્યાવું. પરમ૦ ૧
સાર શુદ્ધ સિદ્ધાંત સકળનું, આતમ તત્ત્વ પ્રકાશ્યું;
ધ્યાતા ધ્યેય ધ્યાન એકત્વે, સિદ્ધ સમું સુખ ભાસ્યું. પરમ૦ ૨
આતમ પરમાતમ વિવેચન, દુઃખ મમતા હરનારૂં;
અન્તર્યામી સાખ પૂરે છે, લાગ્યું તે મન પ્યારૂં. પરમ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિ ધ્યાન ઉપાસન યોગે, સાચો સાહિબ સેવું;
પૂર્ણ તત્ત્વ સ્વરૂપે ખેલું, નિજશક્તિ નિજ દેવું. પરમ૦ ૪
શુષ્ક જ્ઞાનથી કાજ ન સિદ્ધે, રહેણીથી ઘટ રીઝું;
અન્તર્યામિસેવા સાધુ, ખળથી કાંઈ ન ખીજું. પરમ૦ ૫
ક્ષયોપશમથી બાહ્યરમણુતા, ભવમાંહિ ભટકાવે;
ક્ષયોપશમથી અન્તર્ રમતાં, સમભાવે શિવ થાવે, પરમ૦ ૬
ભૂલું ભાન જગતનું જ્યારે, જાગે અનુભવ ત્યારે;
ક્ષાયિકભાવે સર્વ પ્રકાશક, ઉતરે પેલી પારે. પરમ૦ ૭
અવિહડરાગે મન રંગાણું, અવિહડ રટના લાગી;
બુદ્ધિસાગર ધ્યાનદશાથી, અન્તર્જ્યોતિજાગી. પરમ૦ ૮

( સાણંદ. )

## "जागीने जो तुं जीवडा."–पद.

( ૧૭૯ )

( વૈદરભી વનમાં વલવલે—એ રાગ. )

જાગીને જો તું જીવડા, કોણ છે તું શું કર્મ;
ક્યાંથી આવ્યો ક્યાં જાવશે, મૂર્ખ સમજ્યો ન મર્મ. જાગીને૦ ૧
મિલ્કતમાં શું મોહિયો, જૂઠું જગનેરે જાણ;
દેહી પણ નહિ દેહ છે, પરખો દેહ પ્રમાણ. જાગીને૦ ૨
કૂડ કપટમાં કાઢતાં, ભૂંડા જીવતર ભાઈ;
અન્તે એકીલો આતમા, સાચી ધર્મ સગાઈ. જાગીને૦ ૩
મુંઝયો શું માયા માનમાં, કદી મૂકે ન કાળ;
લાખ લાખોપતિ લોભમાં, બન્યા અન્તે બેહાલ. જાગીને૦ ૪
અથડાતો શું આશમાં, આવે આશા ન અન્ત;
ચતુર વિવેકી ચેતીને, સેવ સદ્ગુરૂ સન્ત. જાગીને૦ ૫
કાચ કુંપ કાયા કારમી, ઠાલી મૂકી દે ઠાઠ;
ભજી લે પ્રભુને ભાવથી, અરે પહોર તું આઠ. જાગીને૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવતર ચાલ્યું જાય છે, જેવું નદીઓનું નીર;
ધર્મ ધરો ધરી ધ્યાનને, વાટે વળજોરે વીર. જાગીને૦ ૭
આવ્યો અવસર આતમા, ભોળા ભૂલ મા ભૂલ;
બુદ્ધિસાગર બાહ્યમાં, અંતે ધૂળની ધૂળ. જાગીને૦ ૮

(સાણંદ.)

## "पामर प्राणी न पारखे."–पद.

(૧૮૦)

(રાગ ઉપરનો)

(ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો—એ રાગ.)

પામર પ્રાણી ન પારખે, આવ્યો હીરોરે હાથ;
કાપી અરે કલ્પવૃક્ષને, ભરે બાવળીએ બાથ. પામર૦ ૧
રાસભ સાકર શું કરે, જેને વિષ્ટાશું રાગ;
દ્રાક્ષ લુંબને શું કરે, કાળો કપટીરે કાગ. પામર૦ ૨
લાલચથી લલચાય છે, પ્રમદા દેખીરે પ્રેમ;
વિરૂવા વિષયમાં વ્હાલ છે, નથી નીતિ ને નેમ. પામર૦ ૩
દાન દેવામાં દીનતા, પ્રભુ પૂજ્યામાં પંગ;
શૂરો છે નિજ સ્વાર્થમાં, ઢોલ જેવા કુઢંગ. પામર૦ ૪
આશાના આધીન છે, દયા દેવ ન દિલ;
સદ્ગુરૂ સન્ત ન સેવતો, જેવો વનનોરે ભિલ્લ. પામર૦ ૫
કસ્તૂરીમૃગ ગન્ધને, લેવા મારેરે દોટ;
કસ્તૂરી છે નાભિમાં, જેની વર્તે ન ખોટ. પામર૦ ૬
ભૂલ્યો પામર પ્રાણિયો, પ્રભુ પરખ્યા ન પ્રેમ;
અન્તર્ના અજ્ઞાનથી, હાર્યો હીરો નેમ. પામર૦ ૭
સદ્ગુરૂ શરણ કર્યા વિના, જાય જન્મારો ફોક;
બુદ્ધિસાગર મોહ બાજીમાં, ફૂલે દુનિયા ફોક. પામર૦ ૮

(સાણંદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "सेवो सद्गुरु प्राणिया."—पद.

(૧૮૧)

(વૈદરભી વનમાં વલવલે—એ રાગ.)

સેવો સદ્ગુરૂ પ્રાણિયા, સન્ત સેવ્યાથી સુખ;
કોટી જન્મની કલ્પના, ટળે કર્મનાં દુઃખ. સેવો૦ ૧

આદિત્યવાર ઉપાસીએ, રૂડા આતમરામ;
સોમે સમતા શાન્તિથી, કરિએ ધર્મનાં કામ. સેવો૦ ૨

શુદ્ધ બુદ્ધ પરમાતમા, બુધવારે સેવ;
ગુરૂવારે ગુણ ગાઇએ, જય જય ગુરૂદેવ. સેવો૦ ૩

શુક્રવાર સોહામણો, સુણો સૂત્ર સિદ્ધાન્ત;
જાગે જ્યોતિ જ્ઞાનની, ટળે ભવની ભ્રાન્ત. સેવો૦ ૪

શૂરા થઇએ જ્ઞાનમાં, કીજે સન્તનો સાથ;
શનિવારે શુભ આતમા, કીજે હીરો હાથ. સેવો૦ ૫

કહેણી રહેણી રાખીએ, રટો આતમરાય;
બુદ્ધિસાગર ભાવથી, લાગો સદ્ગુરૂ પાય. સેવો૦ ૬

(સાણંદ.)

---

## "सन्त उपर."—पद.

(૧૮૨)

(વૈદરભી વનમાં વલવલે—એ રાગ.)

સન્ત સમાગમ દોહીલો, દોષો સહુ હરનાર;
સુધરે ક્ષણમાં આતમા, પામો ભવજલ પાર. સન્ત૦ ૧

નાખો અગ્નિમાં લાકડાં, તુરત ભસ્મ થનાર;
સન્ત સમાગમ અગ્નિથી, બળે કર્મ વિકાર. સન્ત૦ ૨

સ્વપ્નદશા કોટી વર્ષની, જાગતાં તે જાય;
ગંગાજળથી નિર્મલા, સદ્ગુરૂજીનો ન્યાય. સન્ત૦ ૩

સ્પર્શમણિના સ્પર્શથી, લોઢું સોનું થાય;
રવિ ઉદયે જગમાં જુઓ, સર્વત્ર જણાય. સન્ત૦ ૪

ઇઅળ ભમરી સઙ્ગથી, ભમરી પદપાય;
બુદ્ધિસાગર સદ્ગુરૂ, સઙ્ગમ મહિમાય. સન્ત૦ ૫

(સાણંદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "जाय छे जाय छे जाय छेरे."–पद.

(૧૮૩)

જાય છે જાય છે જાય છેરે, આ જુવાની ચાલી જાય છે;
પાણીનો રેલો સમુદ્રની ભરતી, આયુષ્ય ઘટતું થાય છેરે. આ જુ૦ ૧
આકાશે જેવી વાદળીયો, જેવો વિજળી ચમકાર છેરે. આ જુ૦ ૨
મનમાં જાણે થાઉછું મોટો, મનમધ્યે મલકાય છેરે. આ જુ૦ ૩
રમણિય રામા તન ધન દેખી, મૂરખ મન ભરમાય છેરે. આ જુ૦ ૪
ફૂલી ફરે ફૂલણજી પેઠે, રોફમાંહિ રંગડાય છેરે. આ જુ૦ ૫
મનમાં જાણે મારા સરખો, જગમાં ન કોઈ જણાય છેરે. આ જુ૦ ૬
ખટપટ લટપટ ઝટમાં કરતો, જમના પાસ પકડાય છેરે. આ જુ૦ ૭
શું લેઈ આવ્યો શું લેઈ જાઈશ, ફોગટ શું ફૂલાય છેરે. આ જુ૦ ૮
સદ્ગુરૂ દેવને ધર્મ ભજીલે, બુદ્ધિસાગર સુખ થાય છેરે. આ જુ૦ ૯

(વિજાપુર.)

# "नमिजिन स्तवन

(૧૮૪)

(પ્રભુજી તારો વ્હાલો લાગે છે દેદાર—એ રાગ

નમિ જીન બાળા નમે છે આવાર, પાર ઉતારો, પાર ઉતારો;
તારો તારો તારો તારો તારો પ્રભુજી આવાર. નમિ૦ ૧
લાખ ચોરાશિ જીવાયોનિ, ભટકયો વાર અનન્ત;
પુણ્યે માનવ ભવ પામીને, શરણ ગ્રહ્યું ભગવન્ત;
પાર ઉતારો, પાર ઉતારો, તારો તારો તારો તારો તારો. પ્રભુ નમિ૦ ૨
ચાર અતિશય જન્મ થકી છે, ઓગણિશ દેવના કીધ;
કેવલ પ્રગટે એકાદશ સહુ, ચોત્રીશ અતિશય સિદ્ધ;
પાંત્રીશવાણી પાંત્રીશવાણી, સુણી સુણી સુણી સુણી સુણી,
લહો ભવપાર, પાર ઉતારો તારો તારો. પ્રભુ નમિ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદને ચાહે ચાતક પક્ષી, બાળ ચાહે જેમ માય;
તેમ પ્રભુ તુમ દર્શન ચાહુ, બુદ્ધિ કહે જીનરાય;
બાળ ઉગારો, બાળ ઉગારો, પ્યારા પ્યારા પ્યારા પ્યારા પ્યારા.
નમિ જીનરાય. નમિ૦ ૪

(વિજાપુર.)

## "सिद्धाचल स्तवन."–पद.

(૧૮૫)

(અબ તો પાર ભયે હમ સાધુ.)

શ્રી સિદ્ધાચલ નયણે નિરખી, સિદ્ધાચલ મુજરૂપ લહ્યુંરી;
ભવ ભય ભ્રમણા ભ્રાન્તિ ભાગી. શત્રુંજયગિરિ નામ ગ્રહ્યુંરી.
શ્રી સિદ્ધાચલ૦ ૧

કર્માષ્ટક શત્રુ ભય ભંજન, વિમલાચલ મનમાંહિ વસ્યોરી;
હું તું ભેદ ભાવ દૂર જાતાં, ધ્યાતાથી નહિ દૂર ખસ્યોરી.
શ્રી સિદ્ધાચલ૦ ૨

સ્થિરપણે તું હૃદયે ભાસ્યો, તુજ દર્શનથી હર્ષ ભયોરી;
અજરામર દુઃખ વારક દર્શન, કરતાં મોહ તે દૂર ગયોરી.
શ્રી સિદ્ધાચલ૦ ૩

સર્વ તીર્થનો નાયક તારક, કર્મ નિવારક સિદ્ધ ખરોરી;
આજ અવિનાશી શુદ્ધ શિવંકર, વિશ્વાનન્દ શુભ નામ ધર્યોરી.
શ્રી સિદ્ધાચલ૦ ૪

અનહદ આનંદ દાયક નિર્મલ, તુજ પરદેશો શાસ્ત્ર કહ્યારી;
જે દેખે તે તુજથી ન જૂદો, આપો આપ સ્વભાવ રહ્યારી.
શ્રી સિદ્ધાચલ૦ ૫

સ્થાવર તીરથ નિશ્ચય તું છે, ત્રસ પ્રાણી તુજ દર્શ કરેરી;
સ્થાવર તીરથ પોતે કૌતુક, સઙ્કેત તેહવું રૂપ ધરેરી.
શ્રી સિદ્ધાચલ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઙ્ગમ તીરથ ગુરૂ મુખ વાણી, સુણતાં મહાતમ ચિત્ત અહ્યોરી;
નિશદિન તુંહિ તુંહિ રટણ કરૂ હું, મન મન્દિરમાં તુંહિ રહ્યોરી.
શ્રી સિદ્ધાચલ૦ ૭

તીરથ તીરથ કરતો ભટકયો, પણ નહિ આતમ શાન્ત થયોરી;
મુક્તિરાજ શાશ્વત ગિરિ દેખી, ભવદાવાનલ દૂર ગયોરી.
શ્રી સિદ્ધાચલ૦ ૮

પાપી અભવી દૂરભવી પ્રાણી, દર્શન સ્પર્શન કદિ ન કરેરી;
સહજાનન્દ તીરથ એ ફરશી, ભવપાથોધિ ભવ્ય તરેરી.
શ્રી સિદ્ધાચલ૦ ૯

દ્રવ્ય ભાવથી તીરથ સમજી, સેવો ભાવો ધ્યાન ધરીરી;
સિદ્ધાચલ આદીશ્વર પૂજી, બુદ્ધિસાગર શાન્તિ વરીરી.
શ્રી સિદ્ધાચલ૦ ૧૦
( મેહેસાણા. )

---

# ગુંહલી.

## ( ૧૮૬ )

જીરે પરવ પજુસણ આવીયાં, તમે ધર્મ કરો નરનાર;
ગુરૂવાણી સુણો એકચિત્તથી, જેથી પામો ભવ જલપાર. જીરે૦ ૧
દેવ દર્શન ટંક દો કીજીએ, પ્રભુ પૂજા કરીએ સાર;
પાપારંભનાં કામો ટાળીએ, કરો ધર્મતણો વ્યાપાર. જીરે૦ ૨
આઠ દિવસ પુણ્યે પામતાં, કરો શકિતપણે ઉપવાસ;
શીલ પાળીએ શુભ ભાવથી, કદી જૂઠું ન બોલીએ ખાસ. જીરે૦ ૩
પડિક્કમણું દો ટંકનું કરો, નહીં રમીએ પાપી જુગાર;
વારંવાર પજુસણ નહિ મળે, લહી માનવનો અવતાર. જીરે૦ ૪
જેવું કરશોજ તેવું પામશો, જાણો આ સંસાર અસાર;
જીવ એકલો આવ્યો એકલો, જશે પરભવમાં નિર્ધાર. જીરે૦ ૫
પાપકર્મ કરી ધન મેળવ્યું, તે તો સાથ ન આવે લગાર;
ચેત ચેત ચેતાવું જીવડા, તને સાન ન આવે લગાર. જીરે૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘડી લાખ ટકાની વહી જશે, નહિ મળશે ટાણું ગમાર;
રૂડું પરમ પજુસણ સેવતાં, બુદ્ધિસાગર જય જયકાર;
સહુ સઙ્ઘમાં હર્ષ અપાર. જીરે૦ ૭

( મેહેસાણા. )

## " देखो देहदेरासरमांहि परमदेव आतमा."—पद.

( ૧૮૭ )

( શામળીયાની પાઘડી—એ રાગ. )

દેખો દેહદેરાસરમાંહિ પરમદેવ આતમા,
વન્દો વન્દોરે ભવિક સુજાણ, ઉઠી પરભાતમાં;
દેહદેરાસર દીપતુંરે, તીર્ચ્છો લોક મઝાર;
લોકાકાશની પેઠે તેનો, વર્તે છે આકાર. પરમ૦ ૧
મતિશ્રુત દો આંખે કરીરે, દેખો સમકિતદ્વાર;
પેસંતાં તેમાં ભલારે, દીઠા દેવ જયકાર. પરમ૦ ૨
બે કર જોડી વન્દીએરે, વીર્યોલ્લાસ વધન્ત;
અષ્ટ પ્રકારી પૂજનારે, કીજે મન એકન્ત. પરમ૦ ૩
ઉપશમજલ કલશે ભરીરે, પ્રેમે કરો પખાલ;
અકિન્ચનતા કેશરેરે, પૂજો પરમ દયાલ. પરમ૦ ૪
ઉદાસીનતા પુષ્પનીરે, ગુંથી માળ ચઢાવ;
ધ્યાન ધૂપ પ્રગટાવીનેરે, મોહ અશુચિ હઠાવ. પરમ૦ ૫
જ્ઞાનદીપ પ્રગટાવીએરે, હોવે મહા ઉદ્યોત;
સંયમના શુદ્ધ સ્વસ્તિકેરે, મળશે જ્યોતિમાં જ્યોત. પરમ૦ ૬
અનુભવરસનૈવેદ્યથીરે, પામો સુખ અનન્ત;
શિવફલ પૂજન સેવનારે, જે કરશે તે મહન્ત. પરમ૦ ૭
રૂપારૂપી સ્વરૂપથીરે, શકિત અનન્ત સહાય;
વૈખરીથી ગાવતાંરે, વચન અગોચર થાય. પરમ૦ ૮
પુષ્ટાલમ્બન જાણીએરે, સૂત્રસિદ્ધ સુખકાર;
જિનપ્રતિમા જિનવર સમીરે, પૂજો ધરી વ્યવહાર. પરમ૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્ત કારણ સેવતાંરે, ઉપાદાન શુદ્ધ થાય;
નયસાપેક્ષે માનતાંરે, જિનશાસન જયકાર. પરમ૦ ૧૦
ઉપાદાન સમરે યદારે, આપોઆપ પૂજાય;
બુદ્ધિસાગર સુખ લહેરે, ચિદાનન્દ ગુણગાય. પરમ૦ ૧૧
( મેહેસાણા. )

## " भया अनुभव रङ्ग मजीठारे."–पद.

( ૧૮૮ )

( લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ. )

ભયા અનુભવ રંગ મજીઠારે, ઉસકી બાત ન બચને થાતી;
વીરરસનો તો અનુભવ જાને, મર્દજનોકી છાતી.
પતિવૃતા પતિવૃતકું જાણે, કુલટા લાતો ખાતી. ભયા૦ ૧
શાબ્દિક તાર્કિક પણ્ડિત છાકે, તે પણ વહાં જઈ થાકે;
શબ્દતીર પણ જ્યાં નહિ પહોંચે, શબ્દવેધીનાં તાકે. ભયા૦ ૨
ગર્ભમાંહિ તો બોલતાને, બહિર જન્મ તબ મૂગે;
મૂગે ખાયા ગોળ ઉસકી, બાત કછુ ન કરૂંગે. ભયા૦ ૩
જાણે સો તો કછુ ન કહેવે, પરમારથ તસ સચ્ચા;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સઙ્ગે, પક્કા રહો નહિ કચ્ચા. ભયા૦ ૪
( માણસા. )

## " शूरानी गति शूरा जाणेरे."–पद.

( ૧૮૯ )

( લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ. )

શૂરાની ગત શૂરા જાણેરે, ત્યાં તો કાયર થરથર કંપે;
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જંપે;
પરમારથ પામે સો પૂરા, નહીં વળે કંઇ ગપ્પે. શૂરાની૦ ૧
અવિહડ પ્રીત પતિથી લાગી, નિદ્રા ગઇ અબ જાગી;
જલ વણ મીન રહે ન વિખૂટું, રાગ ગયો પણ રાગી. શૂરાની૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાન આંખ બિન મારો વાલ્હમ, સુણતો ને વળી નિરખે;
રૂપાતીત પણ મ્હારો સ્વામી, રૂપારૂપીને પરખે. શૂરાની૦ ૩
સહજસ્વભાવે અનુભવ રસને, પીતાં ચઢે ખુમારી;
બુદ્ધિસાગર કોટિ પ્રયત્ને, ઉતરે નહીં ઉતારી. શૂરાની૦ ૪
(માણસા.)

## "भिक्षुक होकर करी भवाइरे."–पद.

(૧૯૦)

(લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.)

ભિક્ષુક હોકર કરી ભવાઇરે, ઠેર ઠેર આશા કીધ સગાઈ;
ભટકત ભટકત ભૂલો પડિયો, ઠામ સ્થિર નહિ ઠરીયો;
રાજા પોતે ભિક્ષુક ભ્રમણા, બુદ્ધિ દુઃખનો દરિયો. ભિક્ષુક૦ ૧
માગે તેને કદિ ન મળશે, મળશે તે નવી રહેશે;
આપ આપકા ખોજે ઘટમાં, આનન્દ અનહદ લેશે. ભિક્ષુક૦ ૨
ધ્યાન સમાધિ ઘટમેં લાગે, ક્ષુધા પિપાસા ભાગે;
રંગાઓ તે કદિ ન રાગે. શ્વાસોચ્છ્વાસે જાગે. ભિક્ષુક૦ ૩
આશા તૃષ્ણા જોર હઠાવી, ચિત્ત નિજપદમાં રાખે;
બુદ્ધિસાગર ભિક્ષુક સચ્ચા, અનુભવ અમૃત ચાખે. ભિક્ષુક૦ ૪
(માણસા.)

## "घट खोज्या बिन पार न आवेरे."–पद.

(૧૯૧)

(લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.)

ઘટ ખોજ્યા બિન પાર ન આવેરે, દોડત દોડત મનની દોટે;
પુસ્તક શોધ્યા વાયુ રોધ્યા, પડી ખબર નહિ ઘરકી;
સદ્ગુરૂ સંગે રહો ઉમંગે, લહો ખબર અન્દરકી. ઘટ૦ ૧
જ્યાં ત્યાં માથું મારીનેરે, ભૂલ્યો ભમે પરઘેર;
પરમાં નિજને શોધવોરે, અહો મહા અન્ધેર. ઘટ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃગલો કસ્તુરીની ગન્ધે, આડો અવળો દોડે;
ભ્રમણાએ ભૂલ છે તે મોટી, તોડે સો નિજ જોડે. ઘટ૦ ૩
પરનો કર્ત્તા પરનો હર્ત્તા, નિજગુણ સહેજે ધર્તા;
આપ સ્વરૂપે આપ પ્રકાશે, સમજે સો જન તરતા. ઘટ૦ ૪
આતમ રૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડો તાળુ,
બુદ્ધિસાગર અવસર પામી, નિજ ઘરમાં ધનભાળુ. ઘટ૦ ૫
( માણસા. )

## " सुण निज देशी बचन हमारारे."–पद.

( ૧૯૨ )

( લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ. )

સુણ નિજ દેશી બચન હમારારે, શાથી ભમતો તું પરદેશે;
પરદેશે ગાળે દિન કલેશે, ઘડી ન સુખ વિશ્રામા;
તડકે છાંયે સુખ નહિ ક્યાંયે, ઠરતા નહિ એક ઠામા. સુણ૦ ૧
સગાં સંબંધી નિજ ઘર ભૂલ્યો, પરઘર દુઃખમાં ડૂલ્યો;
દુઃખમાં સુખની આશ ધરીને, ફોગટ ફૂલણ ફૂલ્યો. સુણ૦ ૨
નિજ ઘર નારી રોતી ભારી, તેને તેં વિસારી;
દુઃખમાં દિવસ ગાળે ગરીબડી, ગઇ અક્કલ ક્યાં તારી. સુણ૦ ૩
લાખ ચોરાશિ બજારમાંહિ, ભમીશ ઘાટોઘાટે;
બુદ્ધિસાગર અવસર પામી, વળજે નિજ ઘર વાટે. સુણ૦ ૪
( માણસા. )

## " गुरु महिमा."–पद.

( ૧૯૩ )

( લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ. )

ગુરૂ વિના કોઈ જ્ઞાન ન પાવેરે, વાંચો પુસ્તક પોથી પાનાં;
ગુરૂની શ્રદ્ધા ગુરૂની ભક્તિ, ગુરૂ આજ્ઞા દિલ રાખે;
કુગુરૂનો ભરમાવ્યો ભમે નહિ. સો અનુભવ રસ ચાખે. ગુરૂ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી ગુરૂ નામ ધરાવે, મનમાં નહિ વિશ્વાસા;
આપમતિથી મનમાં મ્હાલે, તે નહિ ગુરૂકા દાસા. ગુરૂ૦ ૨
માથાસાટે માલ જેવી, ગુરૂની ભક્તિ કરતા;
ગુરૂ વચનામૃત પીતાં પ્રાણી, અનુભવ સુખડાં વરતા. ગુરૂ૦ ૩
કાલાદિક સામગ્રીએરે, વર્તે સજજન પ્રાણી;
બુદ્ધિસાગર કોઇક વિરલા, સમજે ગુરૂની વાણી. ગુરૂ૦ ૪

( માણસા. )

## "शुष्कज्ञान शुं करी शकेरे."—पद.

( ૧૯૪ )

( લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ. )

શુષ્કજ્ઞાન શું કરી શકેરે, પાંખો બિન ચાલે નહિ પંખી;
તર્ક્ક વિતર્ક્કે વાદ વિવાદે, આપમતિને થાપે;
અન્ધારે અથડાણા લોકો, શુદ્ધ માર્ગ ઉથ્થાપે. શુષ્ક૦ ૧
સત્યમાર્ગ નહિ દિલમાં સૂજે, ગુરૂ વચને નહિ બૂજે;
બ્રહ્મની વાતો કરતા મિથ્યા, પક્ષ તાણમાં ઝૂઝે. શુષ્ક૦ ૨
પરમારથ હેતુ નવી જાણે, શકું'થી મન ડોળે;
ગહન વાતને સત્ય જ્ઞાનની, યુક્તિથી કોઇ તોળે. શુષ્ક૦ ૩
કરવાનું તે ચિત્ત ન ધરતા, બ્રહ્મજ્ઞાની થઇ ફરતા;
જેમ સોનાથી જાણે જાડો, તેમ નિજને અનુસરતા. શુષ્ક૦ ૪
પુરૂષાર્થને પ્રેમે પકડે, નહિ પ્રીતિ જસ ઝઘડે;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, પોતાનું નહિ બગડે. શુષ્ક૦ ૫

( માણસા. )

## "कोइ निज गुरु घटमां बुजे."—पद.

( ૧૯૫ )

(કોઇ ભેદ અગમરા બુજે, વાકું પરમબ્રહ્મ ઝટ સુઝેરે હેજી—એ રાગ.)

કોઇ નિજ ગુરૂ ઘટમાં બુજે, વાકું અગમ પન્થ ઝડ સુજેરે, હેજી
સદ્ગુરૂ સાહેબ ઘટમાં સમજી, લેના ઉસકા નામા;
અનામિકા કોઇ નામ ન જાણે, સો પરમાતમ રામા. કોઇ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વાસોચ્છ્વાસે નિશદિન સમરો, રહી ધ્યાને ગુલ્તાના;
અલખ નિરઞ્જન નિર્ભયદેશી, દેખે સો મસ્તાના. કોઈ૦ ૨
લગી સમાધિ મિટગઇ વ્યાધિ, જ્યોતિ જ્યોત મિલાયા;
રત્નત્રયિની સ્થિરતા છાજે, સોહિ ચરણ પરખાયા. કોઇ૦ ૩
ગગન મણ્ડલમેં નોબત બાજે, જલધર નભજ્યું ગાજે;
તાળી અનુભવ રસની લાગી, તખતે સ્વયં બિરાજે. કોઈ૦ ૪
સ્થિરતા સુખમાં હંસા ખેલે, ભેદ તસ વિરલા લેતા;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, દશા લહે તે ચેત્યા. કોઈ૦ ૫

( માણસા. )

## "आतम तत्त्व अनादिरे."–पद.

( ૧૯૬ )

આતમ તત્ત્વ અનાદિરે, આદિ સિદ્ધપણે તસ પાઉ;
નિશ્ચયનયથી નિર્લેપી જે, આપ સ્વરૂપે ગાઉ. આતમ૦ ૧
ભૂલ્યો પણ તે નહીં ભૂલાએ, ચિદાનન્દપદવાસી;
કાશી જમના ગઙ્ગા ઘટમાં, મટી મહા ઉદાસી. આતમ૦ ૨
જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન ત્રિપુટી, નિત્યપણે પ્રકાશી;
જન્મ મરણની દુગ્ધા મિટ ગઇ, દિલવર્તી ઉદાસી. આતમ૦ ૩
સહુ ઋદ્ધિ મુજ ઘટમાં ભાસી, કોને દઉ સાબાશી;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, મિટે સકલ દુઃખ રાશિ. આતમ૦ ૪

( માણસા. )

## ॥ श्री वीर स्तवन ॥

( ૧૯૭ )

( ઋષભ જીનેશ્વર પ્રીતમ માહરોરે–એ રાગ. )

અનન્ત અનુપમ ગુણમય મૂરતિજી, શ્રી મહાવીર જીણંદ;
સ્થાપનનિક્ષેપે ગુણ સ્મૃતિ હુવેજી, વાચક વાચ્ય સંબંધ. અનન્ત૦ ૧
વાચ્ય લક્ષ્ય અર્થે ગમ કેમ પડેજી, જો નહિ શબ્દનો વૃન્દ;
શબ્દ શક્તિ વાચ્યાર્થે માનતાંજી. સ્થાપન સિદ્ધ સંબંધ. અનન્ત૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામ અરિહંત અક્ષર સ્થાપનાજી, મૂર્તિ પણ લેખાય;
પ્રતિમા અરિહન્ત શબ્દે સામ્યતાજી, ત્યાગ ગ્રહણ કેમ થાય? અનન્ત૦ ૩
ભાવ જીનેશ્વર ભાવી વન્દીએરે, શ્રી લોગસ્સ મઝાર;
ઋષભાદિક વારે જીન દ્રવ્યથીરે, આરોપણ સુખ સાર. અનન્ત૦ ૪
કારણ કાર્યપણે અવલોકીએજી, ભાવ નિક્ષેપા હેત;
કારણ વિણ કારજ કહો કેમ હુવેજી, વાચક વાચ્ય સકેંત. અનન્ત૦ ૫
સદ્વસ્તુ ચઉ નિક્ષેપે ખરીજી, પુષ્ટાલમ્બન હોય;
ઉપાદાન શુદ્ધિ પ્રતિમાથકીજી, કરો ન સંશય કોય. અનન્ત૦ ૬
મનોવૃત્તિ જેવી મનની હુવેજી, તેવી ફળની આશ;
ઉપાદાન શુદ્ધિ ભવિ જીવનીજી, નિમિત્ત કારણ ખાસ. અનન્ત૦ ૭
નામ નામ શ્રી વીરનું માહરેજી, આલમ્બન સુખકાર;
બુદ્ધિસાગર જીનવર ભક્તનેજી, જીન પ્રતિમા આધાર. અનન્ત૦ ૮

(ખેરવા.)

---

# अवळी वाणी पद.

(૧૯૮)

પીપળાના ઝાડપર બેઠાં પંખી દોયરે,
તેમાં ગુરૂ ચેલો એક જ્ઞાનથી જોયરે; જીજીજી૦ ૧
અગ્નિમાંથી જળપ્રગટયું, નભ પહોંચ્યાં પાણીરે;
ગાયની કુખેથી મોટી, સિંહણ વીઆણીરે. જીજીજી૦ ૨
દોનારીને ખીલો દુવે, ભેંસ બેઠી રૂવેરે;
સતી તો વેશ્યાને ખાટે, જુગારીથી સુવેરે. જીજીજી૦ ૩
રાજા તો પ્રજાથી બીવે, અન્ધારૂં તો દીવેરે;
અજવાળું તો અન્ધ દેખે, સઇને સોય સીવેરે. જીજીજી૦ ૪
તિલોતો ઘાણીને પીલે, ઉલટી એ વાણીરે;
બુદ્ધિસાગર ત્યાં શું જાણે, દુનિયા દીવાનીરે. જીજીજી૦ ૫

(માણસા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "लुंटातो धोळे दहाडेरे."–पद.

( ૧૯૯ )

લુંટાતો ધોળે દહાડેરે, ચોટા વચ્ચે રાજા ખરો,
જુએ છે અન્ધ આંખેરે, સ્વામિજીની વ્હારે ચઢો;
ક્રૂર લુંટાયા શૂર લુંટાયા, રંક અને શ્રીમાન્,
પેટ ભરીને શેઠ લુંટાયા, નાગર ને નાદાન;
મારો સ્વામી ભોળોરે, પીડા એની દૂર કરો. લુંટાતો૦ ૧
બિલ્લી પાછળ ઉંદર ધાયો, ઘાસ ઢોરને ખાય,
શિલા ધોબીને ધુવે ત્યાં, આરો કૌતુક પાય;
ભૂમિપર મીન ચાલેરે, અગ્નિએ બળે પાણી ઝરો. લુંટાતો૦ ૨
શિષ્ય ગુરૂને નિત્ય ભણાવે, વાનર ભણતો વેદ,
નાટકિયાને દુનિયા પૂજે, મોટાને મન ખેદ;
બુદ્ધિસાગર સમજીરે, માયામહોદધિ તરો. લુંટાતો૦ ૩

( બોરીયા આજોલ. )

# "अजपा जापे सुरतारे चाली."–पद.

( ૨૦૦ )

( અલખ દેશમે બાસ હમારા—એ રાગ. )

અજપા જાપે સુરતારે ચાલી, ચઢી ગગન ગઢ ઠેરાણી,
ઝળહળ ઝળહળ જ્યોતિરે ઝળકી;
દુગ્ધા ભવકીરે વિસરાણી. અજપા૦ ૧
અવઘટ ઘાટે અવળી વાટે, ચડી ડુંગરપર જા બેઠી;
અસંખ્યપ્રદેશી શિવનાં દર્શન, કરવા દેવળમાં પેઠી. અજપા૦ ૨
નિરાકાર નિઃસઙ્ગી નિર્મલ, આતમ (ખુદા) દેવકું વ્હાં દીઠા;
સિદ્ધસનાતન નિર્ભય દેશી, શુદ્ધ સ્વભાવે જે મીઠા. અજપા૦ ૩
અસંખ્યપ્રદેશી પરમાતમ સો, વીતરાગ જિનપદધારી;
પરમેષ્ઠિમય પરગટ પોતે, તખતેરે બેઠો નિર્ધારી. અજપા૦ ૪
નામ કહું તો નામ ન તેનું, બહુનામી જગમાં ભાળું;
ગુરૂ સંગસેં અનુભવ પાયા, ઉઘડ્યું માયાનું તાળું. અજપા૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકાલોકનો ભાનુ ઝળકયો, નાઠું માયા અન્ધારૂં,
બુદ્ધિસાગર જોતાં જાગી, શું જગ મારૂં ને તારૂં. અજપા૦ ૬
(માણસા.)

## "आतमारे मन प्यारा लागीरे तारा प्रीतडी वैरागी."

(૨૦૧)

(વાણીયારે મન માયા લગાડી મત જાજોરે વેપારી—એ રાગ.)

આતમારે મન પ્યારા લાગીરે તારી પ્રીતડી વૈરાગી,
યોગીરે યતિજન તને શોધતારે આતમા;
ગુણો અવિનાશી કેરા ગાયરે વૈરાગી. આતમા૦ ૧
સાત નયોનું દુર્બીન કરીરે આતમારે;
તેથી દેખુંરે ગુણ ધામરે વૈરાગી. આતમા૦ ૨
રત્ન ભરેલી પેટી પારખીરે આતમા;
તાળાં ખોલીને ધન દેખિયું વૈરાગી. આતમા૦ ૩
ઉગ્યોરે સૂરજ જ્ઞાન દીપતોરે આતમારે;
માયા અન્ધારૂં નાઠું દૂરરે વૈરાગી. આતમા૦ ૪
જાગોરે યોગીજન મુનિ ચિત્ત ધરીરે આતમારે;
ત્યાગી સંન્યાસી ફકીરરે વૈરાગી. આતમા૦ ૫
માયાના સાગરને જાઓ તરીરે આતમારે;
બુદ્ધિસાગર પેલે પારરે વૈરાગી. આતમા૦ ૬
(વિજાપુર-વિદ્યાપુર.)

## "आतम दृष्टि निजगुण सृष्टि."—पद.

(૨૦૨)

આતમ દૃષ્ટિ નિજગુણ સૃષ્ટિ, પ્રગટી વિઘટી માયા;
છાયા ત્યાં તક સાથ રહે છે, જબતક વર્તે કાયા. આતમ૦ ૧
આત્મા અસંખ્ય પ્રદેશી પોતે, આપોઆપ નિહાળું;
શુદ્ધ નિરંજન આતમરાયા, હું પોતાને તારૂં. આતમ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ત્યાં ગોતે પરને પોતે, ભવ ભ્રમણામાં ભૂલી;
સદ્ગુરૂ કરૂણા દૃષ્ટિ થાતાં, અન્તર્ ચક્ષુ ખૂલી. આતમ૦ ૩
પોતાનાથી ભિન્ન ન પોતે, ભિન્નાભિન્ન સ્વરૂપી;
રૂપારૂપી જ્ઞેયથી ન્યારો, છે સ્યાદ્વાદ સ્વરૂપી. આતમ૦ ૪
શ્રદ્ધા સત્યસ્વરૂપે ભાસી, નિજને પરપ્રકાશી;
ક્ષાયિકભાવે શિવ સુખદાયક, ઘટમાં ગઙ્ગાકાશી. આતમ૦ ૫
નિજ ઉપયોગે ગુણનો ભોગી, નહિ રાગીને રોગી;
પરને પોતાનું માનીને, કેમ બનું હું શોગી. આતમ૦ ૬
જાતિ ભાત ન લિઙ્ગ ન વેદી, શબ્દથકી હું ન્યારો;
બુદ્ધિસાગર અવસર પામી, ભવી આતમને તારો. આતમ૦ ૭

( માણસા. )

---

# सिद्धाचल स्तवन.

(૨૦૩)

( આજ મારાં નયણાં સફલ થયાં—એ રાગ. )

મનના મનોરથ સવી ફળ્યા, શ્રી સિદ્ધાચલ દેખી;
અનુભવ આનંદ ઉછળ્યો, અન્ધ શ્રદ્ધા ઉવેખી. મન૦ ૧
સહજાનન્દ શ્રીનાથજી, વિશ્વાનન્દ વખાણો;
શત્રુઞ્જય શાશ્વતગિરિ, ત્રણ્ય ભુવનનો રાણો. મન૦ ૨
મુક્તિરાજ વિજયીસદા, અજરામર સુખવાસી;
વિમલાચલને વન્દતાં, મટે સકલ ઉદાસી. મન૦ ૩
પાપી દુરભવિ પ્રાણિયા, દેખે નહિ શુદ્ધ સ્થાન.
ગુરૂ ભક્તિવંત પ્રાણીઆ, પામે અમૃતપાન. મન૦ ૪
દૃષ્ટા દૃશ્યપણું વરે, થાય પૂજક પોતે;
રત્ન ચિન્તામણિ હસ્તમાં, કયાં તું પરમાં ગોતે. મન૦ ૫
દર્શન દુર્લભ તાહરાં, વિરલા કોઈ પામે;
બુદ્ધિસાગર ધ્યાવતાં, મળિયા નિશ્ચય ઠામે. મન૦ ૬

( આજોલ. )

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री शान्तिनाथ स्तवन.

( ૨૦૪ )

( અજિતજિણંદશું પ્રીતડી—એ રાગ. )

શાન્તિ જિણેસર વંદના, પૂર્ણાનંદીહો સાસય સુહઠાણ;
અપ્પડિહય શાસણધરા, શિરે ધરતાહો તિહુઅણ જણ આણ. શાન્તિ. ૧
નિયસત્તા પ્રગટી કરી, પરસત્તાહો નિજથી કરી દૂર;
સાઇ અણંત અખ્ખયઠિઇ, શુદ્ધ લછછીહો ભોગી ભરપૂર. શાન્તિ. ૨
કમ્મઠયની વગ્ગણા, નાસંતાંહો નિમ્મલ નિવ્વાણ;
કેવલનાણ દિવાયરૂ, જ્યોતિજ્યોતેહો મળીયા ગુણખાણ. શાન્તિ. ૩
મનમંદિર મેળાપથી, મુજસત્તાહો તુજ સરખી થાય;
બુદ્ધિસાગર સેવના, સાધ્યસિદ્ધિહો સાધક પરખાય. શાન્તિ. ૪

( માણસા. )

# आत्म पद.

## " भला जग कोइक मुजकुं ध्यावे."

( ૨૦૫ )

( રાગ—મારૂ જંગલો. )

ભલા જગ કોઈક મુજકું ધ્યાવે. કોઈ૦ ભલા૦
કોઈક ગાવે કોઇક ધ્યાવે, મુજઘર કોઇક આવે. ભલા૦ ૧
નાચ નચાવે કોઇક મુજકું, ભિક્ષા કોઇ મગાવે;
કોઇક મ્હારી યાદ ન પાવે, ગમનાગમન કરાવે. ભલા૦ ૨
જાપ જપે કોઈ મ્હારે હેતે, કોઈક ટીલાં તાણે;
મતવાદી મતવાદમાં તાણે, તાણે પણ નહિ જાણે. ભલા૦ ૩
શાબ્દિક તાર્કિક પણ્ડિત મોટા, તેપણ મુજને શોધે;
મત મતાન્તર ઝઘડે પડિયો, વિરલા કોઈક બોધે. ભલા૦ ૪
નિરપેક્ષાએ વ્યાપક માને, વ્યક્તિથી તે ભૂલે;
અણુસમ આતમ કોઈક માને, તે પણ ભવમાં ઝૂલે. ભલા૦ ૫
કર્મ સહિત ને કર્મ રહિત એમ, સ્યાદ્વાદથી લેખે;
અષ્ટપક્ષે અસંખ્યપ્રદેશી, જ્ઞાને જ્ઞાની દેખે. ભલા૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યક્તિથી નહિ વ્યાપક આતમ, દેહ પ્રમાણે જાણે;
જ્ઞાને વ્યાપક સાપેક્ષે સહુ, જ્ઞાની મનમાં આણે. ભલા૦ ૭
વાણી કાયાથી હમ ન્યારા, પઞ્ચભૂત નહીં મારા;
બુદ્ધિસાગર અન્તર્ શોધે, ગ્રહી ગુરૂગમ આધારા. ભલા૦ ૮
(માણસા.)

# योग पद.

## "कोइ एक योगियो विचारेरे आतम अमर छेरेजी.

(૨૦૬)

(કોઇ એક ભુમીઆંને ભાવેરે આંબો અમર છેજી—એ રાગ.)

કોઈ એક યોગિયો વિચારેરે, આતમ અમર છેરેજી,
જરા વિચારી દેહનગરીમાં જુવો ત્યારે,
અનુભવ આતમ જડશેરે હેજી;
અસંખ્યપ્રદેશી તખતે બેઠો,
જ્ઞાનિજન હાથમાંહિ ચડશેરે. આતમ૦ ૧
કાયા મન વાણીથકી જુદો પાડી ધરો ઘટ,
ધ્યાન સદા સુખવાસીરે, હેજી૦
ગંગા યમુના તીર્થ સરસ્વતી, અન્તર્ પ્રગટે કાશીરે. આતમ૦ ૨
દિલ દરિયામાં જુવો અમર દીવો છે ભાઇ,
કબહુ ન કાળે ઓલવાયોરે. હેજી૦
તીનભુવન જસ અન્દરભાસે, તેહિ તું અલખ લખાયોરે. આ૦ ૩
નહિ નામ રૂપ જેનાં, જ્યોતિ રૂપ તેતો સહિ,
નિજમાં નિજ પરખાયોરે. હેજી૦
નિર્ભય દેશી શુદ્ધ પ્રદેશી, જ્ઞાનિજન સોહિ બતલાયોરે. આતમ૦ ૪
ધરી ધ્યાન એકતાન લહી નિજઘર ભાન,
સોહિ ગુરૂને સોહિ ચેલારે. હેજી૦
બુદ્ધિસાગર અહો ધન્ય મનુષ્યભવ,
સમજે તેની છે આ વેળારે. આતમ૦ ૫
(વિજાપુર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "अध्यात्म क्षेत्रनुं पद."

### " असंख्यप्रदेशी क्षेत्र तारुं."

( ૨૦૭ )

અસંખ્યપ્રદેશી ક્ષેત્ર તારૂં, ઉપદેશ વૃષ્ટિ ધાર, આતમ;
હાંરે વીરા આજનો દિન રળિયાત. હેજી૦ ૧
ક્રિયાની કરી કોદાળી ને વિવેક બાંધો પાળ. આતમ૦
હાંરે વીરા કુબુદ્ધિનાં ઝાંખરાં કાઢ. હેજી૦ ૨
શુદ્ધ જ્ઞાન ને ધ્યાનનું ત્યાં, રૂડું હળતો જોડ. આતમ૦
હાંરે વીરા અલખનાં બીજ વવરાવ. હેજી૦ ૩
વાડ કરો સમકિતની ત્યાં, સદ્ગુરૂ ટોચો મેલ. આતમ૦
હાંરે વીરા નગુરાં પંખી ઉડાડ. હેજી૦ ૪
અનુભવરસની પુષ્ટિ થાતાં, પાકી ખેતી પૂર. આતમ૦
હાંરે વીરા સઘળી ફળી તબ આશ. હેજી૦ ૫
આત્મધર્મની ખેતી પાકી, ભાગી ભવની ભૂખ. આતમ૦
હાંરે વીરા ચુકવ્યાં દેવાં તેણીવાર. હેજી૦ ૬
આપસ્વભાવે થઇ ગયો ત્યાં, જીવ તે શિવ સ્વરૂપ. આતમ૦
હાંરે વીરા બુદ્ધિસાગર ગુણ ગાય. હેજી૦ ૭

(પેથાપુર.)

## " अलख लहेरो लागीरे "–योगपद.

( ૨૦૮ )

( રાગ ધોરાના પદનો. )

અલખ લહેરો લાગીરે, અગમ રૂપ દર્શાયું;
માયાનાં તાળાં ખૂલ્યાંરે, અન્તર્ધન પરખાયું. અલખ૦ ૧
નાભિ કમલમાં નિરખી નયણે, ઝળહળ ઝગમગ જ્યોત;
ચડી શિખરપર જોતાં જોતાં, થયો મહા ઉદ્યોત;
અન્ધારે અજવાળુંરે, બ્રહ્મ ગુફામાં જણાયું. અલખ૦ ૨
દૂધમાં દૂધ પાણીમાં પાણી, જોતાં જાણી જુદાઇ;
પઞ્ચભૂતથી ન્યારો આતમ, જૂઠી દેહ સગાઈ;
તલમાંથી તેલ કાઢ્યુંરે, ઘાણીની સર્ડો કચરાયું. અલખ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલે હાલે ખાવે પીવે, કબુ ન ભૂલે ભાન;
વ્યવહારે વ્યવહરતો દીસે, અન્તર્માં સુલતાન;
અન્ધા ન દેખે આંખેરે, બહેરાની આગળ બહુ ગાયુ. અલખ૦ ૪
ઘૂકબાલને દિવ્યદૃષ્ટિ થઇ, દિવાકર દેખાય;
કુટુમ્બ આગળ સત્ય કહે પણ, ગાંડુ તેહ ગણાય;
બુદ્ધિસાગર તેવુંરે, મારા તો મન સમજાયું. અલખ૦ ૫

સ્વટિપ્પણ.

શિખરપર (બ્રહ્મરંધ્રમાં આત્મોપયોગ ધારા).
નાભિકમલમાં (ત્રાટક).
ઝલહળ જ્યોત (આત્મઉપયોગ). (લીંબોદરા.)

---

## योग पद.

### " अवघट घाट ओळंगी हमने."

(૨૦૯)

(અલખ દેશમે વાસ હમારા—એ રાગ.)

અવઘટ ઘાટ ઓળંગી હમને, બ્રહ્મગુફામેં વાસ કીયા;
માયા મમતા સબ પરહરકે, દેશ અમારા જીત લીયા. અવઘટ૦ ૧
ત્રિવેણીના તીરે નાઇ, પાપ પંક સબ ડાર દીયા;
ભેદી છટ્ચક્રોકા મારગ, ધર્મ રત્ન ઉપાય લીયા. અવઘટ૦ ૨
મેરા મારગ સબસેં ન્યારા, પણ શિવ મારગ નહિ ન્યારા;
વીતરાગકા બચન પ્રમાણે, સમજે તો જગકું પ્યારા. અવઘટ૦ ૩
સચ્ચા હમ કહેતેહે છાના, સમજે જ્ઞાની મસ્તાના;
મસ્તાનાકા મારગ મુક્તિ, શું જાણે તે દીવાના. અવઘટ૦ ૪
તીર્થંકરકી બાણી દોરી, પકડ ચઢો મુક્તિમેલે;
મારગ સચ્ચા સાહિબસચ્ચા, વિશ્વાસા તું ધર દીલે. અવઘટ૦ ૫
સત્ય સુનાયા જે હમ પાયા, ગુરૂગમતા લેજો પ્રાણી;
સમકિતી સદ્ગુરૂ પ્રતાપે, બાત રહે નહિ કો છાની. અવઘટ૦ ૬
ધન ધન જગમાં એવા સન્તો, સઙ્ગત તેની બહુ સારી;
બુદ્ધિસાગર ચઢતે ભાવે, હું જાઉ તસ બલિહારી. અવઘટ૦ ૭

(પેથાપુર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# योग पद.

"गगन तख्तपर झगमग जागी."

(૨૧૦)

ગગન તખ્તપર ઝગમગ જાગી, જ્યોત જરૂર જયકારીરે હેજી.
ઝરમર ઝરમર મેહુલા વરસે, ચમકી વિજળી સારીરે. હેજી૦
સન્તો મારો અલખ યોગીશ્વર જાપ, જપે જ્યાં;
સોઽહં સમોવડ ભારીરે. હેજી૦
જુગો જુગકી ધૂન લગાઈ, આસન આશા મારીરે; હેજી૦
કર્મ લાકડાં સર્વ જલાકર, ભસ્મ શરીરપર ડારીરે હેજી. સન્તો૦
અન્તર્ આતમ પરમાતમકી, ભાંગ ઘૂટકર પ્યારીરે; હેજી૦
મન પ્યાલામેં ભરકર પીતાં, ઘટમાં ચઢી ખુમારીરે. હેજી સન્તો૦
સબસે ન્યારા સબ હમમાંહિ, માયા હમસેં ન્યારીરે; હેજી૦
દુનિયાદારી દુઃખ કરનારી, ત્યાગી સબકી યારીરે; હેજી સન્તો૦
ધ્યાનગુફામેં નિશદિન રહેના, કોઇકું કાંઇ ન કહેનારે હેજી૦
અનુભવ અમૃત ક્ષણુ ક્ષણુ પીના, કાંઇ ન લેના દેનારે. હેજી સન્તો૦
નિર્ભયદેશે આવો મારા સન્તો, આનન્દકી તૈયારીરે હેજી.
બુદ્ધિસાગર સન્તો ખેલે, ધ્યાનદશા ગ્રહી સારીરે. હેજી સન્તો૦

સ્વટિપ્પણુ.

ગગનતખ્ત (આત્માના અસંખ્ય પ્રદેશ). જ્યોતિ. (ક્ષયોપશમજ્ઞાન)
ઝરમર ઝરમર મેહુલા વરસે (આનંદની ધારા).
ચમકી વિજળી-(સ્વસ્વરૂપોપયોગ) અલખ યોગી (આત્મા).

(પેથાપુર.)

---

# श्री सीमन्धर स्तवन.

(૨૧૧)

શ્રી સીમન્ધર સ્વામી વિનતિ સાંભળો,
ભરતક્ષેત્રમાં ધર્મવૃક્ષ છેદાયજો;
કેવલજ્ઞાનિવિરહે જિનની વાણીમાં,
સંશય પડતાં મત મતાન્તર થાયજો. શ્રી સીમન્ધર૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિન્હવ પ્રગટયા હઠકદાગ્રહ જોરથી,
કરી કુયુક્તિ થાપ્યા નિજ નિજ પક્ષજો;
અલ્પ બુદ્ધિથી નિર્ણય કો ન કરી શકે,
નિરપક્ષી વિરલા કોઈ હોવે દક્ષજો. શ્રી સીમન્ધર૦ ૨

કેઈક મતિમાં આવે તેવું માનતા,
પચ્ચાડુંનો કરતા કોઇક લોપજો;
દૃષ્ટિરાગમાં ખુચ્યા કોઈક બાપડા,
પચ્ચ વિષનો વ્યાપ્યો છે મહાકોપજો. શ્રી સીમન્ધર૦ ૩

આભિનિવેશિક જોરે જૂઠું બોલતા,
થાપે મોહે વ્યાપ્યા નિજનિજ પન્થજો;
સંઘ ચતુર્વિધમાંહિ ભેદ ઘણા પડયા,
ઉથ્થાપે કેઈ અધુના નહિ નિર્ગ્રન્થજો. શ્રી સીમન્ધર૦ ૪

કેઇક ક્રિયાવાદી જડ જેવા થયા,
કેઇક રાખે અધ્યાતમીનો ડોળજો;
ગ્રહે એકાન્તે જ્ઞાન ક્રિયાના પક્ષને,
પાખણ્ડે ચલવે કોઇ મોટી પોલજો. શ્રી સીમન્ધર૦ ૫

ભદ્રબાહુ સ્વામી આદિ શ્રુત કેવલી,
પરમ્પરાથી આવે જે શ્રુત જ્ઞાનજો;
પરમ્પરા ઉત્થાપક લોપે તેહને,
કરીને વિરૂદ્ધ ભાષણ વિષનું પાનજો. શ્રી સીમન્ધર૦ ૬

ઇત્યાદિક જાણો છો જિનજી જ્ઞાનથી,
કરજો સ્વામી દુઃષમ કાળે સ્હાયજો;
આપ ભક્તિશક્તિ સ્ફૂર્ત્તિ મતિની થતાં,
તરતમયોગે શિવમારગ પરખાયજો. શ્રી સીમન્ધર૦ ૭

સહસ્ર એકવિશ પર્યંત વીરના શાસને,
સંઘ ચતુર્વિધ અવિચ્છિન્ન વર્તાયજો;
યુગપ્રધાનો થાશે આત્માર્થી ઘણા,
કારણયોગે કાર્ય સિદ્ધિ સુહાયજો. શ્રી સીમન્ધર૦ ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાચક યશોવિજયજી વચને ચાલવું,
ગુરૂ પરંપર ધર્મ ક્રિયા આચારજો;
અનેકાન્ત મારગ શ્રદ્ધા સાચી ગ્રહી,
બુદ્ધિસાગર આશા શિવ સુખ સારજો. શ્રી સીમન્ધર૦ ૯
(સાણંદ.)

# श्री वीर स्तवन.

(૨૧૨)

ચરમ જિનેશ્વર શાસન નાયક વિનવું,
ચોવીસમા તીર્થંકર ત્રિશલાનન્દજો;
જ્ઞાન પુત્ર મહાવીર પ્રભુજી વન્દના,
ભાવ દયાના સાગર સત્ય ભદન્તજો. ચરમ૦ ૧
કેવલજ્ઞાનિવાણી સાચી ધારતાં,
કરી પરીક્ષા મતિ શક્તિ અનુસારજો;
પ્રગટી શ્રદ્ધા ષડ્દ્રવ્યાદિક વસ્તુની,
જાણી વાણી પ્રગટયો અન્તર્ પ્યારજો. ચરમ૦ ૨
પરમ્પરાગમ અનુસરીને ચાલવું,
પટ્ટ પરમ્પર સુવિહિતસૂરિ આમ્નાયજો;
એવી શ્રદ્ધા વાસિત મન મારૂં સદા,
બુદ્ધિસાગર આજ્ઞા ધર્મ કથાયજો. ચરમ૦ ૩
(સાણંદ.)

# "अवधूत पक्षपात केम कीजे."—पद.

(૨૧૩)

(અબધુ સો જોગી ગુરૂ મેરા—એ રાગ.)

અબધૂત પક્ષપાત કેમ કીજે, શું સાહિબ કયું રીજે. અબધૂત૦
પક્ષપાતમાં જગ બંધાણુ, સહુ પોતાનું તાણે,
જ્યાં ત્યાં જઈ જોઇ પુછીએ તો, અનુભવ એહ પ્રમાણે. અબધૂત૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણ બ્રહ્મા વિષ્ણુ વખાણે, બ્રહ્માએ જગ કીધું;
સ્વામિનારણીયા સહજાનન્દે, મન પોતાનું દીધું. અબધૂત૦ ૨
સારી આલહમદે ખુદા દેવકી, મુલ્લાં યું સમજાવે;
કહેતા ક્રીસ્તિ પાદરીઓ એમ, ઈશ્વર જગ નિર્માવે. અબધૂત૦ ૩
અદ્વૈતવાદી દ્વૈત ન ભાસે, કહેતા ઉલટ આણી;
ક્ષણિક આતમ સૌગત માને, મત પોતાનો તાણી. અબધૂત૦ ૪
સપ્તનયોકા જ્ઞાનવિના જગ, પક્ષપાત બંધાયા;
અનેકાન્ત મારગ જબ દેખે, તબ નિર્પક્ષ ઠરાયા. અબધૂત૦ ૫
અલખ નિરઞ્જન પરમાતમ સો, દુનિયા નહીં નિપજાવે;
વિષ્ણુ તો નહીં આવે જાવે, કયું અવતાર ધરાવે. અબધૂત૦ ૬
ખુદા પ્રભુતો કર્મ રહિત છે, દ્વૈતપણું જગ ભાસે;
નિત્ય આતમા જન્માન્તરમાં, આપસ્વરૂપ પ્રકાશે. અબધૂત૦ ૭
કાલ અનાદિ જગ એ જાણો, એક સ્વભાવ પ્રમાણો;
આપો આપ સ્વરૂપે ખેલો, મન શઙ્કા મત આણો. અબધૂત૦ ૮
રાગદ્વેષકો ત્યાગ કરીને, દેખો સહુજન સરખા;
બુદ્ધિસાગર આતમ ધ્યાને, પરમમાતમ પદ પરખા. અબધૂત૦ ૯

(મેહેસાણા.)

## "हमतो दुनियासें न डरेंगे."–पद.

(૨૧૪)

(અબધુ સોજોગી ગુરૂમેરા—એ રાગ.)

હમતો દુનિયાસેં ન ડરેંગે, આતમ ધ્યાન ધરેંગે. હમતો૦
નિન્દકખાંતે નિન્દા કરશે, ભક્તજનો ગુણ ગાશે;
દુનિયાદિવાની ગાંડા કહેશે, કોઈક મારણ ધાશે. હમતો૦ ૧
કિરિયાવાદી કપટી લેખે, જ્ઞાનવાદી મન ઘહેલો;
ભોગી લેખે ઓ ભિખારી, છટકી કહે છટકેલો. હમતો૦ ૨
દુનિયાદારી નહિ હે હમારી, જ્ઞાન દશા ચિત્ત ધારી;
ડાક ડમાલા મૂરખ ચાળા, એ સબ ખટપટ વારી. હમતો૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્યાદ્વાદ મારગ મનમાંહિ, શ્રદ્ધા જીનની સાચી;
અવલમ્બ્યો મારગ એ મોટો, કલિકાલે પણ રાચી. હમતો૦ ૪
ચિત્ત હમારા જ્યાં રંગાયા, ત્યાં હમ રંગે રહીશું;
યોગ્ય જીવની આગળ અન્તર્, તત્ત્વની વાતો કહીશું. હમતો૦ ૫
વાડામાંહિ બકરાં રહેશે, મૃગપતિ વનમાં ચરશે;
વિષ્ટાભોજન રાસભ મૌક્તિક, ચારો હંસ તે ચરશે. હમતો૦ ૬
ચિદ્દ્ઘન આતમ અન્તર્ ખોજે, સ્થિરદૃષ્ટિ ચિત્ત ધારી;
બુદ્ધિસાગર શાશ્વત શિવપદ, પામી લહે સુખ ભારી. હમતો૦ ૭
(મેહેસાણા.)

## "हितशिक्षा"-पद. गुंहली.

(૨૧૫)

(ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ.)

સુખદાયક હિત શિક્ષા સાચી સાંભળો,
ધરજો મનમાં હેત ધરી નરનારજો;
પ્રભુ ભક્તિ શ્રદ્ધાથી સુખડાં પામશો,
હરતાં ફરતાં ગણજો મન નવકારજો. સુખ૦ ૧
નિન્દા ચાડી ચુગલી કરવી વારજો,
દ્વેષ કરો નહિ શત્રુપર તલભારજો;
આળ ન દેવું પરના ઉપર વૈરથી,
પેટ ભરીને કરશો નહિ આહારજો. સુખ૦ ૨
નિજ શક્તિ અનુસારે લક્ષ્મી ધર્મમાં,
વાપરવી લહી માનવ ભવ અવતારજો;
હળી મળી સંપીને ઘરમાં ચાલવું,
ઘરમાં કરવો નહિ ખટપટથી ખારજો. સુખ૦ ૩
દીન દુઃખી અન્ધાપર કરૂણા કીજીએ,
પર ઉપકારે પાપ કર્મનો નાશજો;
મનમાં પણ બુરૂં નહિ પરનું ચિન્તવો,
સારામાં સારૂં છે ધર વિશ્વાસજો. સુખ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખની વેળા ભાગ્યથકી જો સમ્પજે,
ત્યારે મનમાં કરવો નહિ અહંકારજો;
દુઃખની વેળા દિલગીરીને ત્યાગીએ,
એક અવસ્થા રહે નહીં સંસારજો. સુખ૦ ૫
જુગારીની સઙ્ગત કીજે નહીં કદી,
કુમિત્રોની સોબત દુઃખ દાતારજો;
કડવી પણ હિતશિક્ષા મનમાં ધારવી,
પરનારી વેશ્યાનો ત્યજજો પ્યારજો. સુખ૦ ૬
માતપિતાની ભક્તિ કરીએ ભાવથી,
સઙ્કટ પડતાં કરવી પરને સાહાય્યજો;
નાતજાતના સામા પડીએ નહિ કહિ,
નિત્ય સવારે લાગો ગુરૂને પાયજો. સુખ૦ ૭
વચન વિચારી બોલો બહુ મીઠાશથી,
મોટા જનનું સાચવવું બહુ માનજો;
ગમ્ભીર મનના થાજો સુખડાં સમ્પજે,
સદ્ગુરૂ ગુણનું કરવું જગમાં ગાનજો. સુખ૦ ૮
સમયસૂચકતા સમતા રાખી ચાલીએ,
ધર્મશાસ્ત્રનો ધરજો મન આચારજો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સઙ્ગત કીજીએ,
પામો તેથી ભવસાગરનો પારજો. સુખ૦ ૯
(સાણંદ.)

## पतिवृता स्त्री विषे-गुंहली.

(૨૧૬)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

પતિવૃતા પ્રમદાના ધર્મો સાંભળો,
પ્રભાત કાલે વ્હેલી ઉઠે નારજો;
મહામન્ત્ર પરમેષ્ઠિનો મનમાં ગણે,
દિન કૃત્યોનો ક્રમથી કરે વિચારજો. પતિવૃતા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિદિવસ લઘુતાથી વિનયે વર્તતી
પ્રેમે પડતી સાસુ સસરા પાયજો;
ગૃહનાં કાર્ય કરે યતનાથી દેખીને,
વૃદ્ધબાલને ખવરાવીને ખાયજો. પતિવૃતા૦ ૨

નણંદ જેઠાણી જેઠ દીયરને દાસીઓ,
વર્તે સદાચરણથી સહુની સાથજો;
ઠપકા મ્હેણાં સહન કરે સહુ પ્રીતથી,
નવરાશે ભજતી તે ત્રિભુવન નાથજો. પતિવૃતા૦ ૩

બાલક બચ્ચાંને જાળવતી પ્રેમથી,
કદિ ન કરતી કુટુમ્બ સાથે ખારજો;
મોટું પેટ કરીને સહુનું સાંભળે,
પરપુરૂષથી કદિ કરે નહિ પ્યારજો. પતિવૃતા૦ ૪

મીઠા વચને બોલે સહુની સાથમાં,
સુખ દુઃખ વેળા મન રાખે સમભાવજો;
ઘરની વાતો દ્વેષી આગળ નહીં કરે,
ધર્મ કર્મનો કરતી મનમાં લ્હાવજો. પતિવૃતા૦ ૫

નહિ પંજેળે પતિને હઠીલી થઇ કદિ,
સઙ્કટ પડતાં પતિને કરતી સ્હાયજો,
આફત આવે પતિને ધીરજ આપતી,
આળ ચડે તેવા સ્થાને નહીં જાયજો. પતિવૃતા૦ ૬

છેલ છબીલી બનીઠણીને નહિ ફરે,
લોક વિરૂદ્ધ વર્તે નહીં કણ્ઠે પ્રાણજો;
લાજ ધરે મોટાની કુલવટ સાચવી,
પતિ આજ્ઞા લોપે નહિ સુખની ખાણજો. પતિવૃતા૦ ૭

દેવ ગુરૂને વન્દન કરતી ભાવથી,
સદ્ગુરૂ વચનામૃત સાંભળતી પ્રેમજો;
ગ્રહ્યાં વ્રતોને પ્રાણાંતે પણ પાળતી
સતીવ્રતોને સાચવતી ધરી નેમજો. પતિવૃતા૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મકર્મમાં સર્વ જનોને જોડતી,
બાલક બાલીકાને દેતી બોધજો;
ઠપકો પતિ આપે તે સર્વે સાંભળે,
પતિના સામું બોલે ન ધરે ક્રોધજો. પતિવૃતા૦ ૯
સુલસા ચન્દન બાલા સીતા રેવતી,
દમયન્તી સુભદ્રા શુભ અવતાર જો;
બુદ્ધિસાગર સતીઓ એવી શોભતી,
પાળો શીયળ કુળવન્તી શુભ નારજો. પતિવૃતા૦ ૧૦
(સાણંદ.)

## सट्टाविषे हितशिक्षा.

(૨૧૭)

(ઓધવજી સંદેશો કહેશો શ્યામને—એ રાગ.)

સટ્ટામાં બટ્ટો છે સજ્જન સાંભળો,
ચિન્તાતુર મનડું રહેવે નિશ દીનજો;
આશા તૃષ્ણા વૃદ્ધિ દુઃખડાં સમ્પજે,
કુવ્યાપારે મૂરખ પર આધીનજો. સટ્ટામાં૦ ૧
લોભતણો નહિ થોભ જુગારે જાણીએ,
ઘડી ઘડીમાં રંગ ઘણા બદલાયજો;
બીજો ધંધો સૂજે નહિ સટ્ટાથકી,
સર્વે વાતે પૂરો વ્યસની થાયજો, સટ્ટામાં૦ ૨
મળે નહિ શાન્તિ એ સટ્ટા સંગથી,
જળો અવસ્થા સટ્ટાની અવધારજો;
જોષ જુએ કોઈ સટ્ટાના વ્યાપારમાં,
ભિક્ષા હાંલ્લુ સીંકે ચઢે નહિ યારજો. સટ્ટામાં૦ ૩
ચઞ્ચલ લક્ષ્મી સટ્ટાના વ્યાપારથી,
સમજો સમજુ મનમાં નરને નારજો;
ત્યજો વ્યસન સટ્ટાનું સમજી સત્યને,
કરો પ્રતિજ્ઞા ગુરૂ પાસે નિર્ધારજો. સટ્ટામાં૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભી લક્ષ્મી લાલચથી કૂટાયછે,
ત્યાગો જૂગટું સટ્ટાના વ્યાપારજો;
બુદ્ધિસાગર ન્યાયોપાર્જિત વિત્તથી,
ધર્મબુદ્ધિ પ્રગટે સુખ મઙ્ગલ માલજો. સટ્ટામાં૦ ૫
(સાણંદ.)

# " पतिवृता स्त्रीविषे हितशिक्षा. "

(૨૧૮)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

સાચી શિક્ષા સમજુ સ્ત્રીને સાનમાં,
કદી ન કરવો પ્રાણપતિ પર ક્રોધજો.
સાસુ સસરાની હિતશિક્ષા માનવી,
પુત્ર પુત્રીને કરવો સારો બોધજો. સાચી૦ ૧
પતિ આજ્ઞાએ કારજ સહુ ઘરનું કરે,
નિન્દા લવરી કરે નહીં તલભારજો;
પર પુરૂષની સાથે પ્રીતિ નહીં કરે,
પતિ દુઃખે દુઃખી શીલવન્તી નારજો. સાચી૦ ૨
પુત્ર પુત્રીઓ પ્રેમે પ્રમદા પાળતી,
લડે નહીં ઘરમાં કોઇની સાથજો;
નિત્ય નિયમથી ધર્મ કર્મ કરતી રહે,
સમરે પ્રેમે ત્રણ ભુવનના નાથજો. સાચી૦ ૩
લજ્જા રાખી બોલે મોટા આગળે,
લક્ષ્મી જેવી તેવું ભોજન ખાયજો;
લોક વિરૂદ્ધ વર્તે નહિ કુળવટ સાચવી,
કુલટા સ્ત્રીની સાથે કયાંઇ ન જાયજો. સાચી૦ ૪
સમતા રાખે સહુ કારજ કરતાં થકાં,
શિક્ષા દેતાં કદિ નહીં અકળાયજો;
ગંભીરતા રાખી વર્તે સંસારમાં;
એવી સ્ત્રીના સદ્ગુણ સર્વે ગાયજો. સાચી૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ ગુરૂને ધર્મે ભક્તિ જેહની,
સઙ્કટ આવે પતિને કરતી સાહાય્યજો;
બુદ્ધિસાગર શીયળ પાળે પ્રેમથી,
શીયળવન્તી નારી સુખડાં પાયજો. સાચી૦ ૬

(સાણંદ.)

# સ્ત્રીધર્મ વિષે હિતશિક્ષા.

(૨૧૯)

(ઓધવજી સંદેશા કહેજો શ્યામને—એ રાગ.)

શાણી સ્ત્રીને શિખામણ છે સહજમાં,
શીયળ પાળો ધારી મનમાં ટેકજો;
શ્રદ્ધા ભક્તિ વિનય વિચારે ચાલવું,
સત્યાસત્યનો મનમાં કરી વિવેકજો. શાણી૦ ૧
દયાદાન આભૂષણને કણ્ઠે ધરો,
ક્રોધાવેશે કદિ ન દેવી ગાળજો;
દેરાણી જેઠાણી સાથે સમ્પીને,
વર્તે કરતી કુટુમ્બની સંભાળજો. શાણી૦ ૨
ફૂળ લક્ષ્મીથી ફૂલી થાય ન ફાળકો,
પ્રાતઃકાળે પડતી સાસુ પાયજો;
અભક્ષ્ય ભક્ષણ પ્રાણાન્તે પણ નહીં કરે,
દેવ ગુરૂનાં દર્શન કરીને ખાયજો. શાણી૦ ૩
રડવું રોવું નિર્લજ વાણી ભાખવી,
કરતી તેનો સત્યટેકથી ત્યાગજો;
સારી સ્ત્રીની સોબત કરતી પ્રેમથી,
વીતરાગ ધર્મે વર્તે મન રાગજો. શાણી૦ ૪
પાડોશીની સાથે વર્તે પ્રેમથી,
પરપુરૂષની સાથે હાસ્ય નિવારજો;
મિષ્ટવચન સમતાથી હરખે બોલતી,
ધન ધન એવી સ્ત્રીનો જગ અવતારજો. શાણી૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિન્દા ઝઘડા વેર ઝેરથી વેગળી,
સહુના સારામાં મનડું હરખાયજો;
બુદ્ધિસાગર બાળક ગુરૂણી માત છે,
સારી આથી કુટુંબ સુખિયું થાયજો. શાણી૦ ૬
(સાણંદ.)

# पुत्रीने मानी शिखामण.

(૨૨૦)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

શિક્ષા બાલીકાને માતા આપતી,
સઙ્ગત સારી બાલીકાનો રાખજો;
કરો વિનય મોટાંનો હરખી હેતથી,
દુર્ગુણોને મનથી કાઢી નાખજો. શિક્ષા૦ ૧
ભણવી વિદ્યા ચીવટ રાખી વ્હાલથી,
કદિ ન રાખો ગાળ દેવાની ટેવજો;
વ્હેલાં ઉઠી અભ્યાસે મન વાળવું,
માત પિતાની કરવી પ્રેમે સેવજો. શિક્ષા૦ ૨
માત કહે તે કાર્યો કરતી પ્રેમથી,
માત પિતાને કરજો નિત્ય પ્રણામજો;
નવરાં આથડવું નહિ પરના આઙ્ગણે,
દેવગુરૂનાં સ્મરવાં પ્રાતઃ નામજો. શિક્ષા૦ ૩
રોવું રીસાવું નહિ હઠથી દીકરી,
જૂઠું ચોરી ચૂગલી કરજે ત્યાગજો;
વિદ્યાની ખામીથી મૂર્ખી સહુ કહે,
કરજે સાચો ધર્મમાર્ગથી રાગજો. શિક્ષા૦ ૪
નિત્ય નિયમથી સહુ કૃત્યો કરવાથકી,
હળવે હળવે કાર્યો સર્વે થાયજો;
બુદ્ધિસાગર શિક્ષા માની માનતાં,
દિકરી ગુણિયલ કુટુંબમાંહિ ગણાયજો. શિક્ષા૦ ૫
(સાણંદ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुत्रने पितानी शिखामण.

(૨૨૧)

(ઓધવજી સંદેશો કહેશો શ્યામને—એ રાગ.)

પિતા કહે છે પ્રેમપાત્ર નિજ પુત્રને,
કરજોડીને સાંભળજે મુજ પુત્રજો;
કૂળ દીપક થાવાને વિદ્યા શિખવી,
ધર્મ નીતિથી સાચવવું ઘર સૂત્રજો પિતા૦ ૧
વિદ્યા ધન મોટામાં મોટું જાણજે,
એક ચિત્તથી કર તેનો અભ્યાસજો;
નિન્દા લવરી જૂઠું ચોરી ત્યાગજે,
ગુરૂ વચનનો મનમન્દિરવિશ્વાસજો. પિતા૦ ૨
વિનયવન્તને સર્વે વિદ્યા સાંપડે,
વિનયમન્ત્રથી વૈરી વશમાં થાયજો;
માતપિતાને પાયે લાગો પ્રેમથી,
હરખી વ્હેલો શાળામાંહિ જાયજો. પિતા૦ ૩
હળીમળીને ચાલો સહુની સાથમાં,
કહિ ન કરવો ક્રોધે કડવો કલેશજો;
સગાં સંબંધી મિત્રાદિકની સાથમાં,
રીસાવાની ટેવ ન રાખો લેશજો. પિતા૦ ૪
રમત ગમતમાં ફોગટ કાળ ન ગાળવો,
માતપિતાને પૂછી કરવાં કામજો;
સડેલ શઠ મિત્રોની સોબત ત્યાગવી,
વાપરજો નહિ આડે રસ્તે દામજો, પિતા૦ ૫
ભવિષ્યનીઆબાદી દોલત દેશની,
દેશોદય નિશાની બાલક ધારજો;
શ્રદ્ધાભક્તિ દેવગુરૂમાં રાખજે,
ધરજે દિલમાં ધર્મ કર્મનો પ્યારજો. પિતા૦ ૬
ધર્મસૂત્ર સદ્ગુરૂની પાસે શિખવાં,
દેવગુરૂને વન્દન કર ત્રિકાલજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેફી વસ્તુ દારૂ માંસ નિવારજે,
સહુની સાથે કરજે સાચું વ્હાલજો. પિતા૦ ૭
ક્રોધ માન માયાને ત્યાગી ટેકથી,
સદ્‌ગુણમાલા કણ્ઠે ધરજે સારજો;
બુદ્ધિસાગર એવા પુત્રો પાકશે,
ત્યારે થાશે દેશોદય ઉદ્ધારજો. પિતા૦ ૮
(સાણંદ.)

# शिष्यने सद्‌गुरुनी शिक्षा.

(૨૨૨)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

સદ્‌ગુરૂ દેછે શિક્ષા શિષ્ય પ્રતિમુદા,
નમન કરીને શિષ્ય સુણે કર જોડજો;
સર્વ જીવની સાથે મૈત્રી ભાવના,
કદિ ન કરજે યોગી યતિથી હોડજો. સદ્‌ગુરૂ૦ ૧
સુખ દુઃખમાં સમભાવે આયુષ્ય ગાળવું,
વન્દક નિન્દક ઉપર સરખો ભાવજો;
સદુપદેશે હિત સઘળાનું સાધવું,
ભવજલધિને તરવા શરીર નાવજો. સદ્‌ગુરૂ૦ ૨
શુદ્ધ ક્રિયાથી કર્મ કલઙ્ક વિદારવું,
દોષીના દોષોનો કરવો નાશજો;
પ્રાણાન્તે પણ જીવદયાને પાળજો,
સત્યદેવ સદ્ધર્મે ધર વિશ્વાસજો. સદ્‌ગુરૂ૦ ૩
ગુરૂની આજ્ઞા કોઇ ન કાળે ત્યાગવી,
સત્યધર્મમાં કદિ ન કરવો સ્વાર્થજો;
વિનયવંત શિષ્યો સદ્‌ગુણને પામતા,
પડે પિણ્ડ પણ છોડો નહિ પરમાર્થજો. સ ગુરૂ૦ ૪
મહાવ્રતોને ધારી આતમ ધ્યાનમાં,
રમજો જેથી જાગે અન્તર્ જ્યોતજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્તર્યામી પરમાતમની પ્રાપ્તિથી,
હોવે કેવલજ્ઞાને સત્યોદ્યોતજો. સદ્ગુરૂ૦ ૫
અનેકાન્તદર્શનથી આતમ ઓળખે,
અન્તર્મુખતા વૃત્તિની તબ હોયજો;
આત્મસ્વરૂપે ખેલે શુદ્ધસ્વભાવથી,
તત્ત્વરમણથી નડે ન કોને કોયજો. સદ્ગુરૂ૦ ૬
ગુરૂ વચનામૃત પામે શિષ્ય સુપાત્ર જે,
ગુરૂ ભક્તિથી શક્તિ પ્રગટે સર્વજો;
સદ્ગુરૂગમથી જ્ઞાન સફલતા જાણીએ,
નાસે તેથી વિષયવાસનાગર્વજો. સદ્ગુરૂ૦ ૭
ગુરૂદ્વેષી ગુરૂ નિન્દક પાપી પ્રાણીઆ,
ધિક્ ધિક્ તેનો માનવ ભવ અવતારજો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ દર્શન દોહીલું,
પામી પ્રાણી ઉતરે ભવની પારજો. સદ્ગુરૂ૦ ૮
(સાણંદ.)

## पुरुषना धर्म विषे.

(૨૨૩)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

સમજુ નરને શિખામણ છે સાનમાં,
કરે નહિ પરલલના સાથે પ્યારજો;
હાંસી ઠઠ્ઠા પરસ્રીસાથે નહિ કરે,
કામી નરનો ધિક્ક ધિક્ક અવતારજો. સમજુ૦ ૧
છેલ છબીલો કૂલ કલંકી નહિ હુવે,
વિચારીને બોલે સારા બોલજો;
કહેતો જેવું તેવું મનથી પાળતો,
એવા નરનો જગમાં વધતો તોલજો. સમજુ૦ ૨
મદિરાપાની લમ્પટ સઙ્ગત નહિ કરે,
કુલવટથી ચલવે જગમાં વ્યવહારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયવૃત્તિથી ધંધો કરતો સત્યથી,
ન્યાય લક્ષ્મીના ભોજનથી આહારજો. સમજુ૦ ૩
સહુની સાથે વર્તે મૈત્રીભાવથી,
માત પિતાને નમન કરે હિત લાયજો;
મોટા જનનું માન કરે તે પ્રેમથી,
કલઙ્કી આળ ચઢે ત્યાં કદિ ન જાયજો. સમજુ૦ ૪
આડે રસ્તે લક્ષ્મી ખરચે નહિ કદિ,
જ્ઞાત જાતિનો કરે તેહ ઉદ્ધારજો;
દુઃખી દીનને સ્હાય શક્તિથી આપતો,
કુટુમ્બજનની સાથે રાખે પ્યારજો. સમજુ૦ ૫
પૂજ્યગુરૂને વન્દન કરે બહુભાવથી,
સદ્ગુરૂ શિક્ષા શ્રવણ કરે હિત લાયજો;
વૈયાવચ્ચ કરે શ્રી સદ્ગુરૂરાયનું,
સાધર્મીને દેખી મન હરખાયજો. સમજુ૦ ૬
પુત્ર પુત્રીને સમજણ આપે પ્રેમથી,
ગમ્ભીર મનથી વર્તે સહુની સાથજો;
નવરાશે વાંચે છે પુસ્તક ધર્મનાં,
ભજે જીનેશ્વર ત્રણભુવનનાનાથજો. સમજુ૦ ૭
કુટુમ્બ જનમાં ક્લેશ વધારે નહિ કદિ,
ભાઇ બેનની સાથે રાખે પ્રેમજો;
ગ્રહ્યાં વ્રતોને પ્રાણાન્તે ત્યાગે નહીં,
દયા ધર્મથી જીવપર રાખે રહેમજો. સમજુ૦ ૮
મિથ્યા કુગુરૂ સઙ્ગત વારે જ્ઞાનથી,
જીનેશ્વરના ધર્મે વર્તે ટેકજો;
લોક વિરૂદ્ધને દેશવિરૂદ્ધને ત્યાગતો,
જૈન ધર્મથી વિરૂદ્ધ ત્યાગ વિવેકજો. સમજુ૦ ૯
ક્રોધ કરીને પ્રમદા માર ન મારતો,
પ્રાણાન્તે પણ વેશ્યા ઘેર ન જાયજો;
મુનિનિન્દા અપમાન કરે નહિ સ્વપ્નમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ જનને દાન કરે હિત લાયજો. સમજુ૦ ૧૦
આય પ્રમાણે ખર્ચ કરે વિવેકથી,
કુટુમ્બ જનને કરે નીતિનો બોધજો;
જુગટું સટ્ટા ચોરી વ્યસનો ત્યાગતો,
ઘડી ઘડીમાં કરે નહિ તે ક્રોધજો. સમજુ૦ ૧૧
ધર્મ કરંતાં વારે નહિ નિજ નારીને,
સુખ દુઃખમાં સમભાવે કાઢે કાળજો;
નિન્દા લવરી અદેખાઈને ત્યાગતો,
સજ્જન મુખથી કદુ ન દેવે ગાળજો. સમજુ૦ ૧૨
ધર્મોદ્ધારક દીન દયાળુ થાવશે,
જિન શ્રદ્ધાલુ જીવ દયા પ્રતિપાલજો;
બુદ્ધિસાગર પુરૂષ એવા પાકશે,
ત્યારે થાશે જૈનધર્મ ઉદ્ધારજો. સમજુ૦ ૧૩
(સાણંદ.)

## "लक्षाधिपतियोने हितशिक्षा."

(૨૨૪)

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

હે લક્ષાધિપતિયો જગમાં શું રચ્યા,
ક્યાંથી આવ્યાને ક્યાં જાશો ભવ્યજો;
શાને માટે જન્મ્યા જાગી જાણજો,
સમજો જગમાં શું સારૂ કર્ત્તવ્યજો. હે લક્ષા૦ ૧
શેર એક દારૂનો નિશો જે ચઢે,
લાખોપતિને તેવું ધનનું ઘેનજો,
ધનના ઘેને ઘેરાયો અહંકારમાં;
એવા નરને સમતાનું નહિ ચેનજો. હે લક્ષા૦ ૨
ગાડી વાડી લાડીમાં ગુલ્તાન છે,
પૈસા માટે પાપ કરે નિશદિનજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરાગ્યે મન વાળો ક્યાંથી પ્રાણિયા,
વ્યાપારે વર્તે વૃત્તિ લયલીનજો. હે લક્ષા૦ ૩
પૈસાને પરમેશ્વર માન્યો પ્રેમથી,
સ્ત્રીને ગુરૂ માની કરતા તસ સેવજો,
રાતદિવસ લોભે લલચાયો લાલચુ;
એક ચિત્તથી સેવે નહિ જિનદેવજો. હે લક્ષા૦ ૪
ધર્મ કર્મને મૂકી ક્યાં અથડાઓ છો,
પદવીપુચ્છે મળતું શું ઉપમાનજો;
દુનિયાના માને શું મન મકલાઓ છો,
લક્ષ્મી દેખી શું થાવો ગુલતાનજો. હે લક્ષા૦ ૫
મરતાં લક્ષ્મી સાથ ન આવે જાણજો,
હાય હાય કરતો જાઇશ તું એકજો;
લક્ષ્મીલાલચ લોભ વધે છે સોગણો,
સત્યાસત્યનો દિલમાં કરો વિવેકજો. હે લક્ષા૦ ૬
લક્ષાધિપતિયોની રાખો થઇ ઘણી,
મરતાં તેવી રાખ તમારી થાયજો;
ચેતો ચેતો વૈરાગી થઈ જાગજો,
નહિ ચેતે તો પાછળથી પસ્તાયજો. હે લક્ષા૦ ૭
સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચો ભાવથી,
દુઃખી જનનો કરજો ઝટ ઉદ્ધારજો;
ફોગટ લક્ષ્મી ખર્ચો નહીં કુક્ષેત્રમાં,
પુણ્ય કર્યાથી સ્વર્ગાદિક અવતારજો. હે લક્ષા૦ ૮
શરીર ન્યારૂં લક્ષ્મી ન્યારી છેવટે,
એકીલો જીવ જાશે કોઈ ન સાથજો;
ધર્મ કરી લ્યો સદ્ગુરૂગમથી પ્રાણિયા,
સેવો શ્રી કરૂણાળુ જિનવર નાથજો. હે લક્ષા૦ ૯
ધર્મ કરંતાં સુખિયા જગમાં પ્રાણિયા,
શાશ્વત સુખડાં સહેજે તેથી થાયજો;
બુદ્ધિસાગર અવસર પામી ચેતજો,
પામો જલ્દી શિવસમ્પદ સુખદાયજો. હે લક્ષા૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "श्रावकनुं वर्तन.-पद."

( ૨૨૪ )

**( ઓધવજી સંદેશા કહેજો શ્યામને—એ રાગ. )**

શ્રદ્ધાળુ ગંભીર શ્રાવક સુજાણુ છે,
જીવ દયાળુ ઘટમાં સત્ય વિવેકજો;
નવ તત્ત્વાદિક સમજે ગુરૂગમજ્ઞાનથી,
જૈન ધર્મની સાચી મનમાં ટેકજો. **શ્રદ્ધાળુ૦ ૧**
જીનવર દેવ ગ્રહ્યાથી તેહ સનાથ છે,
અનાથ નહિ કહેવાતો શ્રાવક પુત્રજો;
કરે કમાણી ન્યાયવૃત્તિ સંસારમાં,
સન્તોષે ચલવે છે ઘરનું સૂત્રજો. **શ્રદ્ધાળુ૦ ૨**
મુનિની પાસે વ્રત ઉચ્ચરતો ભાવથી,
લીધાં તેવાં વ્રત પાળે ગુણવાનજો;
સાધર્મીને દેખી મન હરખાય છે,
ભક્તિથી કરતો તેનું બહુમાનજો. **શ્રદ્ધાળુ૦ ૩**
સત્ય મનોરથ મુનિવ્રતના દિલમાં કરે,
કારાગૃહ સમ જાણે આ સંસારજો;
જલ પઙ્કજવત્ ન્યારો અન્તરથી રહે,
ધન્ય ધન્ય તેવા શ્રાવક અવતારજો. **શ્રદ્ધાળુ૦ ૪**
વ્યવહારે સમકિતની શ્રદ્ધા સાચવે,
જૈન ધર્મની વૃદ્ધિમાં લયલીનજો;
સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચે ભાવથી,
સઙ્કટ પડતાં કદિ ન થાવે દીનજો. **શ્રદ્ધાળુ૦ ૫**
સદ્ગુરૂ મુનિને ખમાસમણ દે ભાવથી,
ગુરૂ સાક્ષીએ કરતો પ્રત્યાખ્યાનજો;
પ્રતિક્રમણ સામાયિક સમજીને કરે,
ધર્મ કર્મમાં નિશદિન રહે ગુલતાનજો. **શ્રદ્ધાળુ૦ ૬**
નિન્દા લવરી ચાડી ચુગલી નહિ કરે,
પ્રિય સાચથી બોલે રૂડા બોલજો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરી જારી પાપ કરે નહિ સ્વપ્નમાં,
જૈન ધર્મનો વધતો તેથી તોલજો. શ્રદ્ધાળુ૦ ૭
જીન પ્રતિમા પૂજે જે બહુ માનથી,
જીનની આણાએ સમજે તે ધર્મજો;
દાન દિયે મુનિવરે જે બહુમાનથી,
એવા શ્રાવક પામે શાશ્વત શર્મજો. શ્રદ્ધાળુ૦ ૮
તન મન ધનથી જૈનધર્મવૃદ્ધિ કરે,
ગુરૂ આણાએ ધર્મ કરે સુખકારજો;
બુદ્ધિસાગર શ્રાવક એવા પાકશે,
ત્યારે થાશે જૈન ધર્મ ઉદ્ધારજો. શ્રદ્ધાળુ૦ ૯

## "व्यवहारधर्माराधन विषे.–पद."

( ૨૨૫ )

સાચી શિક્ષા સાંભળજો સહુ વ્હાલથી,
નય વ્યવહારે ધરવો ધર્માચારજો;
પુષ્ટાલમ્બન નિમિત્ત કારણ સેવના,
એહિજ વ્યવહારે વર્તો સુખકારજો. સાચી૦ ૧
દેવગુરૂની શ્રદ્ધા સાચી રાખજો,
ધર્મ ક્રિયાથી નિર્મલ આતમ થાયજો;
સમજો હેતુ ધર્મ ક્રિયાના ભાવથી,
ધર્મ ક્રિયામાં અભ્યાસી સુખ પાયજો. સાચી૦ ૨
ઉદ્યમની બળવત્તા સાચી માનજો,
ધર્મોદ્યમથી સફલ થતો અવતારજો;
શૂરા થઈને આળસ ત્યાગી સેવીએ,
જૈનધર્મને ભવોભવમાં સુખકારજો. સાચી૦ ૩
ભવિતવ્યતા માનંતાં એકાન્તથી,
આલસનું ઘર બનશો સજ્જન ભવ્યજો;
સેવો ઉદ્યમ સમજો સાચા તત્ત્વને,
સંયમ પુષ્ટિ સુન્દર છે કર્તવ્યજો. સાચી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નય વ્યવહારે શાસન ચાલે વીરનું,
જંગમ તીર્થોન્નતિ વ્યવહારે થાયજો;
શ્રાવક સાધુ ધર્મે પણ વ્યવહાર છે,
પૂજા ભક્તિ વ્યવહારે જયકારજો. સાચી૦ ૫
નિશ્ચયનય જાણી તજતાં વ્યવહારને,
હોવે તેથી ધર્મ તીર્થ ઉચ્છેદજો;
બે નય માને ધર્મ કર્મની સાધના,
નાસે તેથી જન્મ મરણના ખેદજો. સાચી૦ ૬
દુનિયાના વ્યવહારે વર્તો ભાવથી,
ધર્મતણા વ્યવહારે શઙ્કા થાયજો;
તે પણ મિથ્યા ભ્રમણા જાણી ત્યાગજો,
નય વ્યવહારે ઉદ્યમથી સુખ પાયજો. સાચી૦ ૭
બે નય માને અનેકાન્તની સિદ્ધિ છે,
જ્ઞાનક્રિયાથી શાશ્વત મુક્તિ થાયજો;
બુદ્ધિસાગર અન્તર્માં અધ્યાત્મથી,
વર્તો બાહિર્ વ્યવહારે હિત લાયજો. સાચી૦ ૮

## मूर्खविषे पद.

( ૨૨૬ )

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો—એ રાગ. )

મૂર્ખની સઙ્ગત કોઇ ન કાળમાં છે સારી, આપે છે દુઃખ બહુ ભારીરે.
મૂર્ખ૦

વિનય વિવેકનું નામ ન જાણે, પોતાનો મત તાણે;
બોલ બોલ્યામાં કંઇ ન સમજે, કાળ ઉચિત નહિ જાણેરે. મૂર્ખ૦ ૧
મૂર્ખ મિત્ર ન સારો જગત્માં, અરિ પણ પણ્ડિત સારો;
મૂર્ખ શીરે કંઈ શૃંગ ન ઉગે, લક્ષણથી અવધારોરે. મૂર્ખ૦ ૨
વાત વાતમાં લડી પડે છે, વિવાહની વરશી તે વાળે;
ભોળપણે ભરમાવ્યો ભમે છે, ચાલે છે ડાકડમાલેરે. મૂર્ખ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીસાય છે રૂડી વાત કહ્યાથી તે, પોતાની હઠ નહીં મૂકે;
માને પોતાને ડહાપણુ દરિયો, પરઉપકારમાં તે ભૂંકેરે. મૂર્ખ૦ ૪
દારૂપાની સડેલ શઠને, મૂઢની સઙ્ગત ખોટી;
ખરા રઙ્ગમાં તો ભઙ્ગજ પાડે, સમજો વાત આ તો મોટીરે. મૂર્ખ૦ ૫
વન વગડામાં વાસજ સારો, મૂઢનો સઙ્ગત વારો;
બુદ્ધિસાગર અવસર જ્ઞાતા, જ્ઞાનિસઙ્ગત દિલ ધારોરે. મૂર્ખ૦ ૬

## "अवळो शुं चाले चेतन चाल निज वाटे." पद.

(૨૨૭)

(હવે મને હરિનામશું નેહ લાગ્યો–એ રાગ.)

અવળો શું ચાલે. ચેતન ચાલ નિજ વાટે, તત્ત્વસ્વરૂપ હિત માટેરે.
અવળો૦
માયાના પાશમાં નિશદિન ઝૂલ્યો, ભણી ભણતરને શું ભૂલ્યો;
માયાના ફંદમાંરે ફોગટ ફૂલ્યો, ડહાપણુના દરિયે શું ડૂલ્યોરે.
અવળો૦ ૧
અલખ સ્વરૂપી આતમરાયા, નિર્ભયદેશ સુહાયા;
બુદ્ધિસાગર ધ્યાન ધર્યાથી, અનુભવ આનન્દ પાયારે. અવળો૦ ૨

## "मुसाफर जीवडा कायानो महेल नथी तारो."–पद.

(૨૨૮)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

મુસાફર જીવડા કાયાનો મહેલ નથી તારો,
માને શું મોહે મારો મારોરે. મુસાફર૦
લાખ ચોરાશિમાં દેહ ધર્યા બહુ, જન્મ જરા દુઃખ પામી;
માનવભવ એળે ચૂક ન જીવડા, ભજી લેને અન્તર્યામીરે. મુસાફર૦ ૧
કાયા મહેલનો કાંઈ ન ભરૂસો, જલમાં ઉઠેલ પરપોટો;
અમૂલ્ય શ્વાસોચ્છ્વાસ વહે છે, મૂરખ વાળ નહિ ગોટોરે. મુસાફર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કળા કરો કાયા માટે કરોડ પણ, તારી ન થાય કોઇ કાળે;
ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નિજ, પડ નહિ મોહની જંઝાળેરે.
મુસાફ૨૦ ૩
આરે જગતમાં જન્મીને જીવડા-શું ? ધર્મ સાધન તેં તો સાધ્યું;
ક્ષણુ ક્ષણુમાં ભૂલ્યો ભાન પોતાનું, મનડું તો મોહમાંહિ વાધ્યુંરે.
મુસાફ૨૦ ૪
વિષયવાસનાના અવળા જે ઘાટો, ઓળંગી ચાલજેરે વાટે;
બુદ્ધિસાગર ખેલ નથી બાળકનો, શિવ સુખ છે શીર સાટેરે.
મુસાફ૨૦ ૫

## "शूरवीर साधु व्रत पाळे छे ते उपर."–पद.

( ૨૨૯ )

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ. )

મુક્તિના પન્થે શૂરવીર ચાલશેરે જાગી,
કાયર તો જાય ત્યાંથી ભાગીરે. મુક્ત૦
સુભટનો વેષ પહેરી પવૈચો રણમાં તો, ચાલે છે સહુનીરે આગે;
ખરાખરીનો જ્યારે ખેલ આવે ત્યારે, મૂઠીવાળીને ભીરૂ ભાગેરે.
મુક્તિ૦ ૧
સતીનો ડોળ ભલે રાખો સહુ નારિયો, પતિની સાથ સતી બળશે;
ભક્તિયું તેલ માગે ખરા ભક્તની, ભક્તિ તે ભાવમાંહિ ભળશેરે.
મુક્તિ૦ ૨
દીક્ષા લેઇને, સાધુ કહાવે સહુ, વિરલા સંયમથી વિચરતા;
કરી કેશરીયાં મોહ હઠાવી, જય લક્ષ્મી કેઇ વરતારે. મુક્તિ૦ ૩
લીધો વેષ તેને ભજવે છે શૂર જન, બોલે છે બોલ તેવું પાળે;
બુદ્ધિસાગર શૂરવીર સાધુઓ, શિવપુર સન્મુખ ચાલેરે. મુક્તિ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " आत्म पद. "

## "परख्याथी प्रेमी सुरतामां लय मने लागी."

( ૨૩૦ )

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ. )

પરખ્યાથી પ્રેમી સુરતામાં લય મને લાગી,
મિથ્યા ભ્રમણાઓ ભાગીરે. પરખ્યા૦
કડવા લીંબડાના જેવું છે ભવસુખ, તેમાં ન ચેન કાંઇ પડતું;
વિષય વાસના વિષ સમ જાણી, મનડું ઉદાસીન ઠરતું રે. પરખ્યા૦ ૧
ભોગો તે રોગ જેવા કુટુમ્બ જાળ જેવું, દેખું ન ક્યાંઇ સુખ આશા;
મારૂં તારૂં આ સારૂંને ખોટું, એ સહુ દુનિયા તમાસારે. પરખ્યા૦ ૨
ઝળ હળ ઝગમગ જ્ઞાનની જ્યોતિ, સત્ય આતમને પ્રકાશે;
ઝરમર ઝરમર ઉપશમ ધારા, મનડું અન્યત્ર ન વાસેરે. પરખ્યા૦ ૩
અનુભવ અમૃત સ્વાદ લહીને, આત્મસ્વભાવમાંરે રહીશું;
બુદ્ધિસાગર અવિહડ રટનાથી, ધ્યાન સમાધિ લય લહીશુંરે. પરખ્યા૦ ૪
(સાણંદ.)

---

# "चेतनजी चेतो जूठी आ दुनियानी बाजी."–पद.

( ૨૩૧ )

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ. )

ચેતનજી સમજો જૂઠી આ દુનિયાની બાજી,
રહ્યો શું તેમાં રાચી માચીરે. ચેતન૦
અજ્ઞાને અન્ધ થઇ જોયું ન જીવડા, આત્મસ્વરૂપ જેહ સાચું;
હસતાં હેં હેં કરતાં ઓ માનવી, ફાટી જાશે તારૂં ડાચુંરે. ચેતન૦ ૧
મહેલ ચણાવ્યા બાગ બનાવ્યા, લક્ષ્મીના લોભમાં તણાયા;
એક દિન અણધાર્યો ઉઠીશ દેહથી, કોઈ ન જાણે ક્યાંથી આયારે. ચેતન૦ ૨
મનમાં આવે તેવું માની લે માનવી, અંતે તો કાંઇ નથી તારૂં;
ચેતન ચાલે ગંદીરે કાયા, મિથ્યા માને મારૂં મારૂંરે; ચેતન૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેતન પણ જડ જેવો બનીને, કાંઇ ન મનમાં વિચાર્યું;
ગણકાર્યું નહિ ગુરૂનું બોલવું, મોહે આયુષ્ય સહુ હાર્યુંરે. ચેતન૦ ૪
સમજ સમજ દિલમાંહિરે જીવડા, ધર્મે ઉદ્યમ ચિત્ત ધારો;
બુદ્ધિસાગર સદ્ગુરૂજીના શરણે, રહી આતમ ઝટ તારોરે. ચેતન૦ ૫

(સાણંદ.)

## " जोइने जोयुं सगपण दुनियानुं काचुं. "–पद

( ૨૩૨ )

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ. )

જોઇને જોયું સગપણ દુનિયાનું કાચું,
મોહ માયામાં શિદ રાચુંરે. જોઇને૦
અસંખ્યપ્રદેશી આતમરાયા, જ્ઞાન દર્શન ગુણધારી;
ચારિત્ર ગુણથી શોભેરે આતમ, તે હું પોતે સુખકારીરે. જોઇને૦ ૧
કાયા પુદ્ગલ યોગ લેશ્યાથી ન્યારો, શકિત અનન્તનો છું સ્વામી;
બ્રહ્મા શઙ્કર શિવ વિષ્ણુ છે આતમ, નામ રહિત હું અનામીરે. જોઇને૦ ૨
શબ્દ ભેદનો ઝઘડો ચૂકાવી, અર્થથી તત્ત્વ મેં તાણ્યું;
કાશે ભરમાયાં દુનિયામાં દર્શન, સાત નયોથી મેં તો જાણ્યુંરે. જોઇને૦ ૩
ધન્ય ગુરૂ જેણે ભેદ બતાવીને, અન્તરની શકિત જણાવી;
બુદ્ધિસાગર હવે ભૂલું ન ભવમાં, પામીને તક રૂડી આવીરે. જોઇને૦ ૪

## " आत्मस्वरूप कृष्णनुं गान. "–पद.

૨૩૩ )

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ. )

રમજો રંગે કૃષ્ણજી ( ચેતનજી ) રંગમાંરે રાચી,
સમજીને વાત આતો સાચીરે. રમજો૦
અસંખ્યપ્રદેશી આર્ય ક્ષેત્રમાં, સુમતિ યશોદાના જાયા;
વિવેકનન્દના તનુજ સોહાયા, સમતા વ્રજદેશે આયારે. રમજો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિરતા રમણુતા રાધાને લક્ષ્મી, તેહના પ્રેમમાં રહ્યાયા.
ધારણા દ્વારકામાં વાસ કર્યો રૂડો, ચરણ વસુદેવ રાયારે. રમજો૦ ૨
ભાવદયા દેવકીનારે છોરૂં, આકાશ ઉપમાથી કાળા;
અનુભવ દૃષ્ટિ મોરલીના નાદે, લય લાગી લટકાળારે. રમજો૦ ૩
સાતનયોના વાકયોની મટકી, વેચે મહિયારણ સારી;
ક્ષયોપશમ જ્ઞાનવૃત્તિ આહીરણ, આત્મજ્ઞાન દધિ ધારીરે. રમજો૦ ૪
ભેદ જ્ઞાન દૃષ્ટિ લકુટીથી ભાગી, તત્ત્વામૃત દહી ચાખ્યું;
ગિર્વાણીના ધારી ગિરધારી, જ્ઞાનીએ ભાવથી એ ભાખ્યુંરે. રમજો૦ ૫
આતમધ્યાનનો રાસ રમાડીને, આનન્દ વૃત્તિયોને આપે;
રાગદ્વેષાદિક મોટા જે રાક્ષસ, તેહને મૂળમાંથી કાપેરે. રમજો૦ ૬
નિશ્ચય વિષ્ણુ વ્યવહારે કૃષ્ણ, અવતારી જીવ પોતે;
આતમ કૃષ્ણ ને આતમ વિષ્ણુ, બીજે શીદને તું ગોતેરે. રમજો૦ ૭
અધ્યાતમથી કૃષ્ણ છે આતમ, ઔદયિક જલધિ નિવાસી;
પરભાવ નાગરાજ જીતીને ઉપર, પોઢયા છે વિષ્ણુ વિલાસીરે. રમજો૦ ૮
નિજગુણ કર્ત્તા પરગુણ હર્ત્તા, આતમ કૃષ્ણ કહેવાયો;
સમજ્યા વિણ તાણાતાણ કરીને, અન્તર્ ભેદ કો ન પાયોરે. રમજો૦ ૯
આતમ કૃષ્ણને ભાવોને ગાવો, લેજો માનવભવ લ્હાવો;
બુદ્ધિસાગર હરિ આતમરાયા, અન્તર્દૃષ્ટિથી ધ્યાવોરે. રમજો૦ ૧૦

(સાણંદ.)

## "चेतनजी चेतो कोइ न दुनियामां तारुं."–पद.

(૨૩૪)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

ચેતનજી ચેતો કોઈ ન દુનિયામાં તારૂં,
મિથ્યા માને છે મારૂં મારૂંરે. ચેતનજી૦
લાખ ચોરાશિમાં વાર અનન્તિ, દેહ ધર્યા દુઃખ પામી;
મળીયો માનવ ભવ હાર ન આતમ, ઉદ્યમમાં રાખ નહિ ખામીરે. ચેતન૦ ૧
કાયારે બડુંલો મુસાફર જીવડો, જોજે તું આંખને ઉઘાડી;
ઉચાળો અણધાર્યો ભરવોરે પડશે, પડયાં રહેશે ગાડીવાડીરે. ચેતન૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામ રાવણને પાણ્ડવ કૌરવ, મૂકી ચાલ્યા સહુ માયા;
બણીઠણી શું ફૂલી ફરે છે, પડતી રહેશે તારી કાયારે. ચેતન૦ ૩
માયા મમતાને આળસ છાંડી, ધ્યાન ધરો સુખકારી;
બુદ્ધિસાગર સદ્ગુરૂના પ્રતાપે, પામો જીવ ભવપારીરે. ચેતન૦ ૪
(સાણંદ.)

## पद.

(૨૩૫)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો—એ રાગ.)

હવે હું સમજ્યો જિનવર નામ એક સાચું,
સાચું જિન નામ બીજું કાચુંરે. હવે૦
માતપિતા ભાઇ દીકરાને દીકરી, લલના કુટુમ્બ નહિ મારૂં;
મારૂં મારૂં કરી મમતાથી હાર્યો, જાણ્યું હવે સહુ ન્યારૂંરે. હવે૦ ૧
જન્મીને જાણ્યું ન તત્ત્વ સ્વરૂપ મેં, ફોગટ ફન્દમાં હું ફૂલ્યો;
લક્ષ્મીસત્તાની ઘેનમાં ઘેરાયો, ભણતર ભણીને હું તો ભૂલ્યોરે. હવે૦ ૨
કાયા મન વાણીથી ન્યારો હું આતમ, અલખસ્વરૂપી સુહાયો;
ધ્યાન ધરીને જોયું સ્વરૂપ તો, આનન્દ અતિશય પાયોરે. હવે૦ ૩
ભેદુગુરૂએ મને ભેદ બતાવીને, વિષયવાસનાથી વાર્યો;
બુદ્ધિસાગર ધન્ય ધન્ય ગુરૂજી, આપ તર્યાને મને તાર્યોરે. હવે૦ ૪

## प्रातः मङ्गलम्.

(૨૩૬)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો—એ રાગ.)

શ્રી સંખેશ્વર પાર્શ્વજી તારજોરે વ્હાલા,
બાલ કરે છે કાલાવાલારે૦ શ્રી સંખેશ્વર૦
ધરણેન્દ્ર પદ્માવતી દેવી, શાસન સાનિધ્યકારી;
વિઘ્નાપહારી, મઙ્ગલકારી, સાહાય્ય કરે સુખકારીરે. શ્રી સંખેશ્વર ૧
શ્રી ચિન્તામણિ પાર્શ્વ મંત્રનો, જાપે જગ જયકારી;
દર્શન દેઇને દુઃખડાં ટાળે, મહિમા જગત્માંહિં ભારીરે. શ્રી૦ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવ અમૃત જ્ઞાનની ધારા, બાલક આપનાંરે પામે;
સંઘ ચતુર્વિધ શાસન ઉન્નતિ, થાશે આપનાજ નામેરે. શ્રી૦ ૩
શાંતિ તુષ્ટિ પુષ્ટિનાં કર્ત્તા, પાપ પાખંડ સહુ હર્તા;
પાર્શ્વપ્રભુ નામ મન્ત્રના ધ્યાને, ભવસાગર જીવ તરતારે. શ્રી૦ ૪
આત્મસમાધિના દાતાને જ્ઞાતા, અરજી આ ઉરમાં સ્વીકારો;
ગાંડો ઘેલો પણ બાલ તુમારો, દયા લાવીને ઝટ તારોરે. શ્રી૦ ૫
નિરાકાર ને સાકારવાદની, તાણાતાણે કેઈ ઝૂલ્યા;
ભેદુની પાસે ભેદ લહ્યાવિણુ, ભણતરમાં ભ્રાન્તિથી ભૂલ્યારે. શ્રી૦ ૬
નિરાકારને સાકાર તું પ્રભુ, સાપેક્ષે સહુ સાચું;
સ્યાદ્વાદદર્શનજ્ઞાનવિના પ્રભુ, જાણ્યું હવે સહુ કાચુંરે. શ્રી૦ ૭
કપટે કોટિ યત્નો કરો કોઈ, જૂઠું તે સહુ જાણું;
સ્યાદ્વાદ દર્શન આતમસ્પર્શને, આત્મપ્રદેશે રંગાણુંરે. શ્રી૦ ૮
ઇષ્ટદેવ ને ગુરૂ સુખસાગર, ધર્મગુરૂ ઉપકારી;
બુદ્ધિસાગર જયજય બોલો, જિનદર્શન બલિહારીરે. શ્રી૦ ૯

# पद.

## ( ૨૩૭ )

### ( શામળીઆની પાઘડી—એ રાગ. )

તારૂં નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા,
તારી શકિત અનંત કહાય. અલખ૦
જ્ઞાનાદિક તુજ સંપદારે, કર્માચ્છાદિત થાય;
પરભાવ રંગી ચેતનારે, કર્મ ગ્રહણકો ઉપાય. અલખ૦ ૧
ધૂમાડા બાચક ભરેરે, હાથ કશું નહિ આય;
પર પોતાનું માનતાંરે, જન્મ મરણ દુઃખ પાય. અલખ૦ ૨
દેખે તે તારૂ નહીંરે, તાહરૂ તાહરી પાસ;
પોતાને રંક માનીનેરે, કયાં કર તું પર આશ. અલખ૦ ૩
કાલ અનંતો ઉંઘીયોરે, મિથ્યા રયણી મઝાર;
સદ્ગુરૂએ ઉઠાડીયોરે, સફલ થયો અવતાર. અલખ૦ ૪
વિનય ભકિત કરૂણા ગ્રહીરે, ભાવ અપૂર્વ ગ્રહાય;
ચિદ્દઘન સંગે ખેલતાંરે, કર્મ કલંક કટાય. અલખ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ સ્વરૂપી ચેતનારે, દો ભેદે વર્તાય;
દેહાતીત થઇ આતમારે, જ્યોતિ જ્યોત મિલાય. અલખ૦ ૬
શુદ્ધ સ્વરૂપે આતમારે, સત્તાએ સહુ હોય;
બુદ્ધિસાગર ધ્યાવતાંરે, આપ સ્વરૂપે જોય. અલખ૦ ૭
(મેહેસાણા.)

# " श्रीवीर स्तवनम्. "

(૨૩૮)

શ્રીવીર પ્રભુ ચરમ જિનેશ્વર, વંદી વીનતિ કીજીએ;
પ્રભુસમ થાવા આત્મિક અનુભવ, રસના પ્યાલા પીજીએ
પ્રભુ તુજ મુજ વચ્ચે અન્તર્ મોટું, પણ ધ્યાનથકી લાગ્યું છોટું;
આત્મિક અનુભવિ મન તે ખોટું. શ્રી વીર૦ ૧
સિદ્ધશાશ્વતપદ સુખના રસીયા, અક્ષય સ્થિતિ સિદ્ધશિલા વસીયા;
મુજ મનમન્દિરથી નવી ખસીયા. શ્રી વીર૦ ૨
પ્રભુ કર્મ સંગ દૂરે ટાળી, આત્મિક રૂદ્ધિને અજુવાળી;
વર્યા મુક્તિ વધુ ઝટ લટકાળી. શ્રી વીર૦ ૩
જ્ઞાનદર્શન ચરણ એ રત્નત્રયી, વ્યાપિ સિદ્ધ વ્યક્તિ ગુણમયી;
મિથ્યાત્વ દશા સબ દૂર ગઈ. શ્રી વીર૦ ૪
મુખ વીર વીર એમ ઉચ્ચારૂ, પણ વીર ગુણ નવી સંભારૂ;
કહો આતમને કેમ કરી તારૂં. શ્રી વીર૦ ૫
હું ક્રોધી કપટીને દ્વેષી, મોહી રોગી ભોગી કલેશી;
હું ભવ અટવીમાં રહ્યો બેશી. શ્રી વીર૦ ૬
નિરાગીથી કેમ રાગ કરૂં, જો રાગ દશા ઝટ પરિહરૂં;
તો ભવ જલધિ હું સહેજે તરૂ. શ્રી વીર૦ ૭
પ્રભુ ધ્યાન દશા જો ચિત્ત જાગે, તો તુજ મુજ અંતર ઝટ ભાગે
એમ સેવક ગુણ ગાવે રાગે. શ્રી વીર૦ ૮
ધ્યાતા જો ધ્યેયસ્વરૂપ થાવે, તો ધ્યાન દશા લેખો આવે;
બુદ્ધિસાગર એમ ગુણ ગાવે. શ્રી વીર૦ ૯
(વિજાપુર.)

ॐ शान्तिः शान्तिः शान्तिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "श्री आनंदघनजीकृत श्री वीरजिन स्तवनम्."

(૩૩)

વિર જિનેશ્વર પરમેશ્વર જયો, જગજીવન જિન ભૂપ;
અનુભવ નિત્તે ચિત્તે હિત કરી, દાખ્યો જાસ સરૂપ. વીર૦ ૧
જેહ અગોચર માણુસ વચનને, જેહ અતીન્દ્રિયરૂપ;
અનુભવ મિત્તે વીગતે શક્તિસ્યું, ભાખ્યો તાસ સ્વરૂપ. વીર૦ ૨
નય નિક્ષેપે જેહ ન જાણીએ, નવી જીહાં પ્રસરે પ્રમાન;
શુદ્ધ સ્વરૂપે બ્રહ્મ તે દાખવે, કેવલ અનુભવ ભાણ. વીર૦ ૩
અલખ અગોચર અનુપમ અર્થનો, કુણ કહી જાણે ભેદ;
સહજ વિશુદ્ધશું અનુભવ વયણજે, શાસ્ત્ર તે સઘળાં ખેદ. વીર૦ ૪
દીસી દેખાડી શાસ્ત્ર સવે રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહીત એ, અનુભવમિત્ત વિખ્યાત. વીર૦ ૫
અહો ચતુરાઈ અનુભવ મિત્તની, અહો તસ મિત્ત પ્રતીત;
અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્તશું રીત. વીર૦ ૬
અનુભવ સંગેરંગે પ્રભુ મીલ્યા, સકલ ફલ્યા સવીકાજ;
નિજપદ સંપદ જે તે અનુભવે, આનંદઘન મહારાજ. વીર૦ ૭

---

## "श्री आनंदघनकृत पार्श्वजिन स्तवनम्."

(૩૪)

પ્રણમું પદ પંકજ વાસના, જસ વાસના અગમ અનુપરે;
મોહે મન મધુકર જેહથી, પામે નિજ શુદ્ધ સ્વરૂપરે. પ્રણમું૦ ૧
પંક પલંક શંકા નહીં, નહીં ખેદાદિક દુઃખ દોષરે;
ત્રીજા અવંચક જોગથી, લહે અધ્યાતમ સુખ પોષરે. પ્રણમું૦ ૨
દુરીત દશા દૂરે ટળે, ભજે મુદિતા મૈત્રી ભાવરે;
વરતે નિત્ય ચિત્ત મધ્યસ્થતા, કરૂણામય શુદ્ધ સ્વભાવરે. પ્રણમું૦ ૩
નિજ સ્વરૂપ સ્થિર કર ધરે, ન કરે પુદ્ગલની ખંચરે;
સાખી હોઈ વરતે સદા, ન કદા પરભાવ પ્રપંચરે. પ્રણમું૦ ૪
સહજદશા નિશ્ચય જગે, ઉભગે અનુભવ રસરંગરે;
રાચે નહી પરભાવસ્યું, નિજભાવસ્યું રંગ અભંગરે. પ્રણમું૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજ ગુણમેં સબ ગુણ લખે, ન ચખે પુદ્ગલની રેખરે;
ખીર નીર વિવરો કરે, એ અનુભવ હંસ સુપેખરે. પ્રણમું૦ ૬
નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવ અનુભવની પ્રીતરે;
અવર ન કબહુ લખી શકે, આનન્દઘન પ્રીતપ્રતીતરે. પ્રણમું૦ ૭

## "श्री आनन्दघन पदम्."

( ૩૫ )

ક્યારે મુને મળશે મારો સંત સનેહી;
સંત સનેહી સુરિજન પાખે, રાખે ન ધીરજ દેહી. ક્યારે૦ ૧
જગ જન આગળ અંતર ગતની, વાતલડી કહું કેહી;
આનંદઘન પ્રભુ વૈદ્ય વિયોગે, કિમ જીવે મધુમેહી. ક્યારે૦ ૨

## "श्री यशोविजयजीकृत पदम्."

( ૩૬ )

દેખો ભાઈ મહાવિકલ સંસારી, દુખિત અનાદિ મોહકે કારણ,
રાગદ્વેષ ભ્રમ ભારી—દેખો૦ ૧
હિંસારમ્ભ કરત સુખ સમજે, મૃષાબોલ ચતુરાઈ;
પરધન હરત સમર્થ કહાવે, પરિગ્રહ વધત બડાઈ. દેખો૦ ૨
વચન રાખે કાયા દ્રઢ રાખે, મિટે ન મન ચપલાઈ;
યાતે હોત ઓરકી ઓર, શુભ કરણી દુઃખદાઇ. દેખો૦ ૩
જોગાસન કરે પવન નિરોધે, આતમદૃષ્ટિ ન જાગે;
કથની કથત મહન્ત કહાવે, મમતા મૂલ ન ત્યાગે. દેખો૦ ૪
આગમવેદ સિદ્ધાન્ત પાઠ સુણે, હિયે આઠમદ આણે;
જાતિ લાભ કુળ બલ તપ વિદ્યા, પ્રભુતા રૂપ બખાને. દેખો. ૫
જડશું રાચે પરમપદ સાધે, આતમશક્તિ ન સુજે;
વિનય વિવેક વિચાર દ્રવ્યકો, ગુણ પર્યાય ન બુજે. દેખો૦ ૬
જસવાલે જસ સુની સન્તોષે, તપવાલે તપ શોષે;
ગુનવાલે પરગુણકું દોષે, મતવાલે મત પોષે. દેખો૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ ઉપદેશ સહજ ઉદયાગત, મોહ વિકલતા છૂટે;
શ્રીનયવિજય સુજસવિલાસી, અચલ અક્ષયનિધિ છૂટે. દેખો૦ ૮

# પદ.

## ( ૨૩૯ )

આશા ઓરનકી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે. આશા૦ ટેક.
ભટકત દ્વાર દ્વાર લોકનકે, કુકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસીયા, ઉતરે ન કબહુ ખુમારી આશા૦ ૧
આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા,
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આશા૦ ૨
મનસા પ્યાલા પ્રેમ મશાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાટી અવટાઇ પીએ કસ, જાગે અનુભવ લાલી. આશા૦ ૩
અગમ પીઆલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા.
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા. આશા૦ ૪

# પદ.

## ( ૨૪૦ )

અબ મેં સાચો સાહિબ પાયો, યાકી સેવા કરત હું યાકો;
મુજ મન પ્રેમ સોહાયો. અબ મેં૦ ૧
વાકું ઓરન હોવે અપનો, જો દીજે ઘરમાયો;
સંપતિ અપની ક્ષણમે દેવે, વય તો દીલમેં ધ્યાયો. અબ મેં૦ ૨
ઓરનકી જન કરતહે ચાકરી, દૂર દેશ પાઊ ઘાસે;
અંતરજામી ધ્યાને દીસે, વયતો અપને પાસે. અબ મેં૦ ૩
ઓર કબહુ કોઇ કારણ કોપ્યો, બહોત ઉપાય ન તુસે;
ચિદાનન્દમેં મગન રહતુહે, વેતો કબહુ ન રૂસે. અબ મેં૦ ૪
ઓરનકી ચિંતા ચિત્તે ન મિટે, સબ દીન ધંધે જાવે;
થીરતા સુખ પુરણ ગુણ ખેલે, વયતો અપને ભાવે. અબ મેં૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાધીન હે ભોગ ઓરકો, યાતે હોત વિજોગી;
સદા સિદ્ધસમ સુખવિલાસી, વચતો નિજગુણ ભોગી. અબ મેં૦ ૬
ભાવ એકહિ સબ જ્ઞાનીકો, મૂરખ ભેદ ન ભાવે;
અપનો સાહિબ જો પિછાને, સો જસ લીલા પાવે. અબ મેં૦ ૭

# પદ.

## ( ૨૪૧ )

ચેતન અબ મોહે દર્શન દીજે, તુમ દર્શન શિવસુખ પામીજે,
તુમ દર્શન ભવ છીજે.—ચેતન૦ ૧
તુમ કારણ તપ સંજમ કિરીયા, કહો કાંહાંલો કીજે;
તુમ દર્શન બિન યા સબ જુઠી, અંતર ચિત ન રીજે. ચેતન૦ ૨
ક્રિયા મૂઢમતિ હે જનકે, જ્ઞાન ઓરકું પ્યારો,
મિલત ભાવરસ દોઉ ન ચાખે, તું દોનુથી ન્યારો. ચેતન૦ ૩
સબમેં હે ઓર સબમેં નાહિ, તું નટરૂપ એકેલો;
આપસ્વભાવે વિભાવે રમતો, તુંહિ ગુરૂ તું ચેલો. ચેતન૦ ૪
અકલ અલખ પ્રભુ તું સબરૂપી, તું અપની ગતિ જાને;
અગમરૂપ આગમ અનુસારે, સેવક સુજસ પ્રમાને. ચેતન૦ ૫

# પદ.

## ( ૨૪૨ )

અબધુ પિયો અનુભવરસ પ્યાલા, કહેત પ્રેમ મતિવાલા. અબધુ૦ ૧
અંતર સપ્તધાત રસ ભેદી, પરમ પ્રેમ ઉપજાવે;
પૂરવભાવ અવસ્થા પ્રગટી, અજબ રૂપ દર્શાવે. અબધુ૦ ૨
નખ શિખ રહત ખુમારી, જાકી સજલ સઘન ઘન જયેસી;
જિણ એ પ્યાલા પિએ તિણકુ, ઓર કેફ રતિ કયેસી. અબધુ૦ ૩
અમૃત હોય હલાહલ જાકું, રોગ સોગ નવિ વ્યાપે;
રહત સદા ઘર ગાય નશ્યામે, બંધન મમતા કાપે. અબધુ૦ ૪
સત સંતોષ હૈયામાં ધારે, જનમનાં કાજ સુધારે;
દીન ભાવહી હિરદે નહિ આણે, અપનો બિરૂદ સંભારે. અબધુ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ દયા રણુથંભ રોપકે, અનહદ તુર બજાવે;
ચિદાનંદ અતુલી બલરાજા, જીત અરિઘર આવે. અબધુ૦ ૬

# પદ.

## (૨૪૩)

### રાગ તોડી.

ચેતન મમતા છાંડ પરીરી, પર રમણીશ્યુ પ્રેમ ન કીજે;
આદર સમતા આપ વરીરી. ચે૦ ૧
મમતા મોહ ચંડાલકી બેટી, સમતા સંજમ નૃપ કુમરીરી;
મમતા મુખ દુર્ગંધ અસતી, સમતા સત્ય સુગંધભરીરી. ચે૦ ૨
મમતાસે લરતે દીન જાવે, સમતા નહીં કોઉ સાથ લરીરી;
મમતા હેતુ બહુતહે દુશ્મન, સમતાકો કોઉ નાહી અરિરી. ચે૦ ૩
મમતાકી દૂરમતીહે આલી, ડાયણ જગત અનર્થ કરીરી;
સુમતાકી શુભમતિહે આલી, પરઉપગાર ગુણસે ભરીરી. ચે૦ ૪
મમતા પુત ભયે કુલ ખંપણ, શોક વિજોગ મહા મછરીરી;
સમતા સુત હોયગા કેવલ, રહેગો દીવ્ય નીસાન ઘુરીરી. ચે૦ ૫
સમતા મગન હોયગો ચેતન, જો તું ધારીશ શીખ ખરીરી;
સુજસ વિલાસ લહેગો તો તું, ચિદાનંદ ઘન પદવી વરીરી. ચે૦ ૬

# પદ.

## (૨૪૪)

અકલ કલા જગજીવન તોરી. અકલ૦
અંત ઉદધિથી અનંત ગુણો તવ,
જ્ઞાન મહા લઘુ બુદ્ધિ જ્યું મેરી. અકલ૦ ૧
નય અરૂ ભંગ નિક્ષેપ બિચારત,
પૂર્વધર થાકે ગુણ હેરી;
વિકલપ કરત થાગ નવી પાએ,
નિરવિકલ્પતે હેત ભયેરી. અકલ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતર અનુભવ બિનુ તુમ પદમે,
જુક્તિ નહીં કોઉ ઘટત અનેરી;
ચિદાનંદ પ્રભુ કર કીરપા અબ,
દીજે તે રસ રીજ ભલેરી. અકલ૦ ૩

## पद.

( २४५ )

સાધુભાઈ સોહે જૈનકા રાગી, જાકી સુરત મૂલ ધૂન લાગી. સાધુ૦
સો સાધુ અષ્ટ કર્મસુ ઝગડે, શૂન્ય બાંધે ધર્મશાળા;
સોહં શબ્દકા ધાગા સાંધે, જપે અજપા માળા. સાધુ૦ ૧
ગંગા જમના મધ્ય સરસ્વતી, અધર વહે જલધારા;
કરિય સ્નાન મગન હોય બેઠે, તોડયા કર્મ દલ ભારા. સાધુ૦ ૨
આપ અભ્યંતર જયોતિ બિરાજે, બંકનાલ ગ્રહે મૂલા;
પશ્ચિમ દિશાકી ખડકી ખોલે, તો બાજે અનહદ તુરા. સાધુ૦ ૩
પંચ ભૂતકા ભર્મ મિટાયા, છઠ્ઠામાંહિ સમાયા;
વિનય પ્રભુસુ જયોત મિલીજબ, ફિર સંસાર ન આયા. સાધુ૦ ૪

## पद.

( २४६ )

( રાગ કાફી. )

જૌં લૌં અનુભવ જ્ઞાનરે, ઘટમેં પ્રગટ ભયો નહીં.
જૌં લૌં. એ આંકણી.
તો લૌં મનથિર હોત નહીં છિન, જિમ પીપરકો પાન;
વેદ ભણ્યો પણ ભેદ વિના શઠ, પોથી થોથી જાણુરે. ઘટ૦ ૧
રસ ભાજનમેં રહત દ્રવી નિત્ય, નહિ તસ રસ પહિચાન;
તિમ શ્રુત પાઠી પંડિતકું પણ, પ્રવચન કહત અજ્ઞાનરે ઘટ૦ ૨
સાર લહ્યા વિણુ ભાર કહ્યો શ્રુત, ખર દૃષ્ટાંત પ્રમાણ;
ચિદાનંદ અધ્યાતમ શૈલી, સમજ પરત એકતાનરે. ઘટ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पद.

## ( ૨૪૭ )

### ( રાગ કાફી. )

અલખ લખ્યા કિમ જાવેહો, એંસી કોઈ જુગતિ બતાવે. અલખ૦
તન મન વચનાતીત ધ્યાન ધર, અજપાજાપ જપાવે;
હોય અડોલ લોલતા ત્યાગી, જ્ઞાન સરોવર ન્હાવેહો. એસી૦ ૧
શુદ્ધ સ્વરૂપમેં શક્તિ સંભારત, મમતા દૂર વહાવે;
કનક ઉપલ મલ ભિન્નતા કાજે, જોગાનલ ઉપજાવેહો. એસી૦ ૨
એક સમય સમશ્રેણી આરોપી, ચિદાનંદ ઇમ ગાવે;
અલખ રૂપ હોઇ અલખ સમાવે, અલખ ભેદ એમ પાવે હો. એસી૦ ૩

# पद.

## ( ૨૪૮ )

### ( રાગ આશાવરી તથા ગોડી. )

અબધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઇ. અબધૂ૦
સમરસ ભાવ ભલા ચિત્તજાકે, થાય ઉથાપ ન હોઈ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેંગે નર સોઇ. અબધૂ૦ ૧
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણી કો નહી પરિચય, તો શિવમંદિર દેખે. અબધૂ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમે જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે. અબધૂ૦ ૩
ચંદ્રસમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિસમ શુચિધારા. અબધૂ૦ ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જિમ ન્યારા;
ચિદાનંદ એંસા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અબધૂ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पद.

## ( ૨૪૯ )

### રાગ ગોડી.

સોઽહં સોઽહં સોઽહં સોઽહં, સોઽહં સોઽહં રટના, લગીરી. સોઽહં૦
ઇંગલા પિંગલા સુખમના સાધકે, અરૂણપતિથી પ્રેમ પગીરી;
બંકનાલ ખટ્ચક્ર ભેદકે, દશમે દ્વાર શુભ જ્યોતિ જગીરી. સોઽહં૦ ૧
ખુલટ કપાટ ઘાટ નિજ પાયો, જનમ જરા ભયભીતિ ભગીરી;
કાચ શકલદે ચિંતામણિ લે, કુમતા કુટિલકું સહજ ઠગીરી. સોઽહં૦ ૨
વ્યાપક સકલ સ્વરૂપ લખ્યો ઇમ, જિમ નભમેં મગ લહત ખગીરી;
ચિદાનંદ આનંદમય મૂરતિ, નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી. સોઽહં૦ ૩

# पद.

## ( ૨૫૦ )

### રાગ ધનાશ્રી.

સંતો અચરિજ રૂપ તમાસા, સંતો૦—એ આંકણી.
કીડીકે પગ કુંજર બાંધ્યો, જલમેં મકર પીયાસા. સંતો૦ ૧
કરત હલાહલ પાન રૂચિધર, તજી અમૃત રસ ખાસા;
ચિંતામણિ તજી ધરત ચિત્તમેં, કાચ સકલકી આશા. સંતો૦ ૨
બિન બાદર બરખા અતિ વરસત, બિન દિગ વહત બતાસા;
વજ્ર ગલત હમ દેખ્યા જલમે, કોરા રહત પતાસા. સંતો૦ ૩
વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત સગાસા;
ચિદાનંદ સોહિ જન ઉત્તમ, કાપત યાકા પાસા. સંતો૦ ૪

# पद.

## ( ૨૫૧ )

### ( રાગ ગોડી. )

નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ. નિશાની.
રૂપી કહુંતો કછુ નહીરે, બંધે કૈસે અરૂપ;
રૂપારૂપી જો કહું પ્યારે, એસે ન સિદ્ધ અનુપ. નિશાની૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ સનાતન જો કહું રે, બંધ ન મોક્ષ વિચાર;
ન ઘટે સંસારી દિશા પ્યારે, પુણ્ય પાપ અવતાર. નિશાની૦ ૨
સિદ્ધ સનાતન જો કહું રે, ઉપજે વિનસે કૌન;
ઉપજે વિનસે જો કહું પ્યારે, નિત્ય અબાધિત ગૌન. નિશાની૦ ૩
સર્વાંગી સબનય ધનીરે, માને સબ પરમાન;
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કરે લરાઇ ઠાન. નિશાની૦ ૪
અનુભવ અગોચર વસ્તુહેરે, જાનવો એ હીરે લાજ;
કહન સુનનકો કછુ નહિ પ્યારે, આનંદઘન મહારાજ. નિશાની૦ ૫

## પદ.

### ( ૨૫૨ )

### ( રાગ સારંગ )

ચેતન શુદ્ધાતમકું ધ્યાવો. પરાપરચે ધામ ધૂમ સદાહે;
નિજ પરચે સુખ પાવો. ચેતન૦ ૧
નિજ ઘરમેં પ્રભુતાહે તેરી, પરસઙ્ગ નીચ કહાવો;
પ્રત્યક્ષરીત લખી તુમ એસી, ગહિયે આપ સુહાવો, ચેતન૦ ૨
યાવત્ તૃષ્ણા મોહહે તુમકો, તાવત્ મિથ્યા ભાવો.
સ્વસંવેદ જ્ઞાન લહી કરવો, છંડો ભ્રમક વિભાવો. ચેતન૦ ૩
સુમતા ચેતન પતિકુ ઇણ વિધ, કહે નિજ ઘરમેં આરો;
આતમ ઉચ્ચ સુધારસ પીયે, સુખ આનંદ પદ પાવો. ચેતન૦ ૪

## પદ.

### ( ૨૫૩ )

અબધૂ સોજોગી ગુરૂ મેરા, ઇન પદકા કિરેરે નિવેડા. અબધૂ૦
તરૂવર એક મૂલબિન છાયા, બિન પુલે ફલ લાગા;
શાખા પત્ર નહી કછુ ઉનકું, અમૃત ગગને લાગા. અબધૂ૦ ૧
તરૂવર એક પંછી દોઉ બેઠે, એક ગુરૂ એક ચેલા;
ચેલેને જુગ ચુણ ચુણ ખાયા, ગુરૂ નિરંતર ખેલા. અબધૂ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગગન મંડળમેં અધવિચ કૂવા, ઉહાંહે અમીકા વાસા;
સુગુરા હોવેસો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા. અબધૂ૦ ૩
ગગન મંડળમેં ગઉઆં વિહાની, ધરતી દૂધ જમાયા;
માખણ થાસો વિરલા પાયા, છાશ જગત ભરમાયા. અબધૂ૦ ૪
થડબિનું પત્ર પત્રબિનું તુંબા, બીન જીભ્યા ગુણગાયા;
ગાવન વાલેકા રૂપ ન રેખા, સુગુરૂ સોહી બતાયા. અબધૂ૦ ૫
આતમ અનુભવ બીન નહી જાને, અંતર જ્યોતિ જગાવે;
ઘટ અંતર પરખે સોહે મૂરતિ, આનંદઘનપદ પાવે. અબધૂ૦ ૬

## પદ.

(૨૫૪)

(રાગ આશાવરી.)

અબધૂ રામ રામ જગ ગાવે, વિરલા અલખ લખાવે. અબધૂ૦
મતવાલા તો મતમેં માતા, મઠવાલા મઠરાતા,
જટા જટાધર પટા પટાધર, છતા છતાધર તાતા. અબધૂ૦ ૧
આગમ પઢી આગમધર થાકે, માયાધારી છાકે;
દુનીયાદાર દુનીસે લાગી, દાસા સબ આશાકે. અબધૂ૦ ૨
બહિરાતમ મૂઢા જગ જેતા, માયાકે ફંદ રહેતા;
ઘટ અંતર પરમાતમ ભાવે, દુર્લભ પ્રાણી લેતા. અબધૂ૦ ૩
ખગપદ ગગન મીન પદ જલમેં, જો ખોજે સો બૌરા;
ચિતપંકજ ખોજેસો ચિન્હે, રમતા આનંદ ભૌરા. અબધૂ૦ ૪

## પદ.

(૨૫૫)

બેહેર બેહેર નહી આવે અવસર, બેહેર બેહેર નહી આવે;
જ્યું જાણે ત્યું કરલે ભલાઈ, જનમ જનમ સુખ પાવે. અવ૦ ૧
તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમેં જાવે. અવસર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તન છુટે ધન કૌન કામકો, કાયકૂં કૃપણ કહાવે. અવસર૦
જાકે દિલમેં સાચ વસતહે, તાકૂં જૂઠ ન ભાવે. અવસર૦
આનંદઘનપ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણ ગાવે. અ૦

## पद.

(૨૫૬)

સમજપરી મોહે સમજપરી, જગમાયા અબ જુઠી મોહે
સમજપરી—એ આંકણી.
કાલ કાલ તું કયાકરે મૂરખ, નાહીં ભરૂસા પલ એકઘરી. સ૦ ૧
ગાફીલ છિનભર નાંહી રહો તુમ, શિરપર ઘૂમે તેરે કાલ અરિ. સ૦ ૨
ચિદાનંદ એ બાત હમારી પ્યારે, જાણોમિત્ત મનમાંહે ખરી. સ૦ ૩

## पद.

(૨૫૭)

અબ એસો જ્ઞાન બિચારી, વામે કોણ પુરૂષ કોણ નારી. અબધૂ૦
બમ્મનકે ઘર ન્હાતી ધોતી, જોગીકે ઘર ચેલી;
કલમા પઢ પઢ ભઈરે તુરકડી તો, આપહીઆપ અકેલી. અબ ૦ ૧
સસરો હમારો બાલો ભોળો, સાસુ બાલ કુંવારી;
પીયુજી હમારો પોઢે પારણીએતો, મેહું ઝુલાવનહારી. અબધૂ૦ ૨
નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણાવનહારી;
કાલીદાઢીકો મેં કોઈ નહી છોડયો તો,હજુએ હું બાલ કુંવારી. અબધૂ૦ ૩
અઢીદ્વીપમેં ખાટ ખટૂલી, ગગન ઉશીકું તલાઈ;
ધરતીકો છેડો આભકી પિછોડી, તોય ન સોડ ભરાઈ. અબધૂ૦ ૪
ગગન મંડલમેં ગાય વીઆણી, વસુધા દૂધ જમાઈ;
સઉરે સુનો ભાઈ વલોણું વલોવેતો, તત્ત્વ અમૃત કોઈ પાઈ. અબધૂ૦ ૫
નહીં જાઉ સાસરીયેને નહીં જાઉં પીયરીયે, પીયુજીકી સેજ બીછાઇ;
આનંદઘન કહે સુનોભાઈ સાધુ તો, જ્યોતસેં જ્યોત મિલાઈ. અબધૂ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પદ.

(૨૫૮)

(રાગ વેલાવલ.)

જીય જાને મોરી સફલ ઘરીરી. જીય૦ એ આંકણી.
સુત વનિતા ધન યૌવન માતો, ગર્ભ તણી વેદન વીસરીરી. જીય૦ ૧
સુપનકો રાજ સાચ કરી માચત, રાચત છાંહ ગગન બદરીરી;
આઇ અચાનક કાલ તોપચી, ગ્રહે જ્યું નાહર બકરીરી. જીય૦ ૨
અતિહી અચેત કછુ ચેતત નાહિ, પકરી ટેક હારિલ લકરીરી;
આનંદઘન હીરોજન છંડી, નર મોહ્યા માયા કકરીરી. જીય૦ ૩

## પદ.

(૨૫૯)

કિન ગુન ભયોરે ઉદાસી, ભમરા. કિન૦ એ આંકણી.
પંખ તેરી કારી મુખં તેરા પીરા, સબ ફુલનકો વાસી.
ભમરા૦ કિન૦ ૧
સબ કલીયનકો રસ તુમ લીના, સો ક્યું જાય નિરાસી;
ભમરા૦ કિન૦ ૨
આનંદઘન પ્રભુ તુમારે મિલનકું, જાય કરવત લ્યું કાશી.
ભમરા૦ કિન૦ ૩

## પદ.

(૨૬૦)

(રાગ વેલાવલ.)

જોગ જુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાવે;
રમાપતિ કહે રંકકૂ, ધન હાથ ન આવે. જોગ૦ ૧
ભેખ ધરી માયા કરી, જગકુ ભરમાવે;
પૂરણ પરમાનંદકી, સુધી રંચ ન પાવે, જોગ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન મુંડયા વિણુ મુંડકું, અતિ ઘેટ મુંડાવે;
જટાજુટ શિર ધારકે, કોઉ કાન ફરાવે. જોગ૦ ૩
ઉર્ધ્વબાહુ અધોમુખે, તન તાપ તપાવે;
ચિદાનંદ સમજ્યા વિના, ગિણુતિ નવિ આવે. જોગ૦ ૪

## पद.

### ( ૨૬૧ )

સાધુ ભાઈ અપના રૂપ જબ દેખા. સાધુ૦
કરતા કૌન કૌન કુની કરની; કૌન માગેગા લેખા; સાધુ૦ ૧
સાધુ સંગતિ અરૂ ગુરૂકી કૃપાતેં મિટ ગઈ કુલકી રેખા;
આનંદઘનપ્રભુ પરચો પાયો, ઉતર ગયો દીલ ભેખા. સાધુ૦ ૨

## पद.

### ( ૨૬૨ )

### ( રાગ આશાવરી. )

અબધૂ વૈરાગ્ય બેટા જાયા, વાને ખોજ કુટુંબ સબ ખાયા;
અબધૂ૦
જેણે મમતા માયા ખાઇ, સુખ દુઃખ દોનો ભાઇ;
કામ ક્રોધ દોનોકું ખાઈ, ખાઇ તૃષ્ણા બાઈ. અબધૂ૦ ૧
દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખતહી મૂઆ;
મંગલરૂપી બધાઇ બાંચી, એ જબ બેટા હુવા. અબધૂ૦ ૨
પુણ્ય પાપ પાઢોશી ખાયે, માન કામ દોઉ મામા;
મોહ નગરકા રાજા ખાયા, પીછેંહી પ્રેમ તે ગામા. અબધૂ૦ ૩
ભાવનામ ધર્યો બેટાકો, મહિમા વરણ્યો ન જાઇ;
આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટઘટ રહ્યો સમાઇ. અબધૂ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only